શ્રીમંત સરકાર મહારાજા સાહેબ સયાજીરાવ
ગાયકવાડ સેનાખાસખેલ સમશેર
બાહાદુર એમના ઉદાર
આશ્રયથી.

प्राचीनकाव्यमाळा.

ग्रंथ १४

प्रेमानंदकृत

सुभद्राहरण

અને

रुक्मिणीहरण.

સંશોધન કરી ટીકા સહિત પ્રસિદ્ધ કરનાર
હરગોવિંદ દ્વારકાદાસ કાંટાવાળા
અને
નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી.
વડોદરા.

સંવત ૧૯૪૬-૪૭ સન ૧૮૯૦-૯૧.

કીમત ૦-૧૨-૦

અમદાવાદ "આર્યોદય"
તથા
વડોદરા "વીરક્ષેત્રમુદ્રાલય"માં છાપ્યું.

Under the liberal patronage of

His Highness Maharaja

SAYAJI RAO GAEKWAR

Sena Khaskhel Samsher Bahadur

Baroda.

PRACHIN KAVYA MALA

or

Old Gujarati Poetical Series,

Vol. XIV.

POET PREMANAND'S SUBHADRA HARANA AND RUKMINI HARANA.

Published with annotations

By

Hargovind Dwarkadas Kántáválá

and

Nathashankar Pujashankar Shastri.

A. D. 1890-91.

Price Re 0-12-0

પ્રસ્તાવના.

યથાર્થ રાજ્યધર્મ જાણનાર વિવેકી રાજ્યકર્ત્તા પોતાની પ્રજાનું અનેક પ્રકારે કલ્યાણ કરવું એજ ઇશ્વરકૃપાથી પોતાને પ્રાપ્ત થયેલા સર્વોપરિ પદનું સાર્થક થવું માને છે. તે કલ્યાણ કરવાના વિવિધ પ્રકાર છે. વસુંધરા (પૃથિવી)નો જે પ્રદેશ પોતાનો છે તેમાં અન્નફળાદિ ઉત્પન્ન કરવાની શક્તિ છે તેનો, તથા તેમાં ધારણ થયેલ વસુ (ખનિજ ધન રત્નાદિ)ને બહિર કઢાવી તેનો, પોતાની પ્રજાની સુખવૃદ્ધિને અર્થે, ઉપયોગ કરે છે, પ્રજાની સુખશાન્તિમાં ભંગ ન થતાં તેનો વધારો થવા અનેક પ્રકારની યોજના કરે છે; નિર્મળ જળાશય, સુગમ માર્ગ, ઔષધાલય આદિથી શરીરની સુખાકારીનાં સાધન નિર્માણ કરે છે; તથા વિદ્યાલય, પુસ્તકાલય, ગ્રંથવૃદ્ધિ આદિ મનની સુખશાંતિનાં સાધન આપે છે. ન્યાયથી, નીતિથી, પ્રીતિથી, સમભાવથી, ઉદારતાથી, પ્રજાને સ્વપ્રજાતુલ્ય ગણી પિતાવત્ સર્વનું પાલન તથા હિત કરવું એજ ધર્મ તથા સ્વાર્થ માની અન્વર્થ જે રાજા પ્રજાનું રંજન કરવા પ્રવર્ત્તે છે, તેની પ્રજા સુખી થાય છે, તથા તેના મનોરથ સફળ થઇ, તે અક્ષય કીર્ત્તિને પામે છે, એ આદિ અનુભવસિદ્ધ થયેલા પ્રમાણિક સિદ્ધાન્તો છે.

શ્રીવડોદરા રાજ્યના વિદ્વાન્, શક્તિમાન્ અને પરમ પવિત્ર મહારાજાધિરાજ શ્રીમન્ત સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બાહાદુર એમનો પૂર્વોક્ત ઉદાર વિચારો અને સિદ્ધાન્તો પર બહુ ભાવ, તથા તેવા ઉત્તમ વિચારોને આચારમાં આણી પ્રજાનું કલ્યાણ કરવાનો તેમનો મહાન્ પ્રયત્ન, એ સાંપ્રતકાળમાં સર્વ સ્થળે પ્રશંસનીય ગણાતાં દૃષ્ટાંતરૂપ થઇ પડ્યાં છે.

શ્રીમંત મહારાજાધિરાજના એ ઉદાર ભાવથી ઉત્તેજાઇ તા. ૮ મે સન ૧૮૮૯ ની એક સ્મરણી તેઓ નામદારની સેવામાં રજુ કરવામાં આવી હતી. તેનો આશય એ હતો કે વડોદરા રાજ્યમાં થઈ ગયેલા ગુર્જર કવિઓના અપ્રસિદ્ધ ગ્રંથો પ્રસિદ્ધિમાં આવે તેવી યોજના રાજ્યઆશ્રયથી થાય તો સારૂં.

પ્રાચીનકાવ્યસંગ્રહ એ નામનાં ગુજરાતી કવિતાનાં પુસ્તક વડોદરા રાજ્યના ડાઈરેકટર ઑફ્ વર્નાક્યૂલર ઈન્સ્ટ્રકશન, રાવસાહેબ હરગોવિંદદાસ દ્વારિકાદાસ તથા વડોદરાનિવાસી શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકર એમની તરફથી પ્રસિદ્ધ થવાનો આરંભ થઇ ચૂકેલો હતો, અને તે સારૂ ઘણા સ્તુતિપાત્ર પ્રયત્નથી હસ્તલિખિત ગ્રંથનો સારો સંગ્રહ તેમણે કર્યો હતો. વડોદરા રાજ્યનું દેશી કેળવણીખાતું મારી દેખરેખ નીચે સુપરત થયા પછી આ સંગ્રહ બાબત મેં તપાસ કરી. તે ઉપરથી જોવામાં આવ્યું કે રત્નાદિ ધનના ભંડાર દટાઇ રહ્યા હોય છે તેમ અનેક વિષયો પર રચેલી કવિતાના ભંડાર દટાઈ પડી રહ્યા હતા, અને તે ભંડારને પ્રજાના ઉપયોગ સારૂ બાહ્ય લાવી તે દ્વારા સદ્‌વિચારને પુષ્ટિ આપવી એ લાભકારક થશે એમ લાગ્યું. આ કવિઓમાં પ્રેમાનંદ, રત્નેશ્વર, વલ્લભ, ભાલણ, દયારામ, હરિદાસ, ભોજાભક્ત, ધીરોભક્ત, ગિરિધર, આદિ બહુ પ્રસિદ્ધ અને લોકપ્રિય કવિઓ આવી જાય છે. **રાધાબાઇ** તથા **દીવાળીબાઈ** નામની બે સ્ત્રી કવિઓની કવિતા પણ મળી આવી છે. અને બાપુસાહેબ ગાયકવાડ એ નામના પ્રસિદ્ધ થયેલા ઇશ્વરભક્તની કવિતાનો પણ સારો સંગ્રહ છે. આ સર્વ કવિતા શોધી અને ટીકા સાથે છપાવતાં ત્રણ વર્ષ લાગશે એમ અજમાયશ થઈ છે. એ કામ પૂર્ણ કરવા શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમણે રૂ. ૧૨૦૦૦) બાર હજારની રકમ મંજુર કરી કીમતી આશ્રય આપ્યો છે અને તેથીજ આ પુસ્તકો પ્રસિદ્ધિમાં આવી શકશે. આ ઉદાર અનુજ્ઞાથી ગુર્જરપ્રજા અને સર્વ ગુર્જરવાસી ઉપર ઉપકાર થયો છે. એમ સર્વ સમજુ જનોને લાગ્યા વિના રહેશે નહિ.

કવિતા વિષે એક ઇંગ્રેજ કવિ લખે છે કે:—

Poetry is itself a thing of God;
He made his prophets poets, and the more
We feel of poesy do we become
Like God in love and power.

BAILEY

કવિતા સ્વતઃ ઈશ્વરની એક વસ્તુ છે. ઈશ્વરે કવિઓનેજ પોતાના ભવિષ્યદ્વાદી કર્યા છે. અને કવિતાને જેમ આપણે અધિક અનુભવીએ છીએ તેમ આપણે સ્નેહમાં અને શક્તિમાં ઇશ્વર પેઠે થઇએ છીએ.

કવિ વિષે વર્ડ્ઝવર્થ કહે છે કેઃ—

Blessings be with them, and eternal praise,
Who gave us nobler loves, and nobler cares,
The Poets, who on earth have made us heirs,
Of truth and pure delight by heavenly lays.

WORDSWORTH.

જેઓએ આપણુને શ્રેષ્ઠતર પ્રેમ તથા શ્રેષ્ઠતર ઉત્કંઠા આપ્યાં છે તે કવિઓ ઉપર આશિર્વાદ તથા અનંત પ્રશંસા હો; જેમણે દિવ્ય કાવ્યવડે આ જગત્ ઉપર આપણુને સત્યના અને સ્વચ્છ આનંદના ઉત્તરાધિકારી કર્યા છે.

આપણા દેશમાં તો કવિને રવિ સમ ગણી તેની બહુ પ્રકારે પ્રશંસા કરવામાં આવે છે તે પ્રસિદ્ધ છે.

સ્વદેશમાં કોટ, રાજમહાલય, ધર્મશાળાઓ, દેવાલય, જળાશય, વિશ્રામસ્થાન, આદિ કીર્તિસ્થંભ પૂર્વના રાજા કે ધર્માત્મા ગૃહસ્થો કરાવી ગયા હોય છે, તેનો જીર્ણોદ્ધાર કરવો એ મહાપુણ્યનું કાર્ય છે, એમ ધર્મ-શાસ્ત્રોમાં કહ્યું છે. અને સારા રાજાઓ તેમ કરાવે છે પણ ખરા. અને તેથી સર્વ પ્રજાના સુખભોગમાં વૃદ્ધિ થઇ તેમનો આશિર્વાદ મેળવે છે.

કવિના દ્રવતા અન્તઃકરણમાં ઉત્પન્ન થઇ સહૃદયજનોના અંતઃકરણમાં પ્રવેશી ત્યાં વસી સુખાનંદ દેનાર કવિતા તેનો જીર્ણોદ્ધાર પણ પ્રશંસનીય અને પુણ્યપ્રદ છે. બાળકથી વૃદ્ધ-રંકથી શ્રીમાન્ સુધી સર્વને દુઃખમાં વિશ્રામસ્થાન અને સુખને અધિક કરનાર કવિતા એ પણ સાધન છે. એવા એક સુખપ્રદ સા-

ધનનો જીર્ણોદ્ધાર પ્રજાના કલ્યાણસારૂ શ્રીમંત મહારાજાધિરાજ કરાવે છે એ તેમના પ્રજારંજન કરવાના ઉચ્ચ ભાવમાંનું એક સુચિન્હ છે.

વડોદરા રાજ્યમાં થઇ ગયેલા કવિઓની અપ્રસિદ્ધ પ્રાચીન કવિતા સંભાળથી પ્રસિદ્ધિમાં લાવવાના હેતુથી નીચે પ્રમાણે કમિટિ નીમવામાં આવી છે.

પ્રમુખ.

દિવાન બાહાદુર મણિભાઈ જશભાઈ.

મેમ્બરો.

રાવબાહાદુર અંબાલાલ સાકરલાલ. એમ. એ. એલ. એલ. બી.
ખાનબાહાદુર જમસેદજી અરદેસર દલાલ. એમ. એ. એલ. એલ. બી.
રાવસાહેબ પીતાંબરભાઇ જેઠાભાઈ.
રાવસાહેબ હરગોવિંદદાસ દ્વારકાદાસ.

દરેક ગ્રંથની બનતા સુધી અનેક પ્રતો મેળવી તેને શોધી અને ટીકા શબ્દાર્થ આપી વિશેષ ઉપયોગી કરવી વગેરે સર્વ કામ રાવસાહેબ હરગોવિંદદાસની સંભાળ નીચે શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકર તથા કવિ છોટાલાલ નરભેરામ આદિ લાયક માણસનાર્થી ચલાવવામાં આવ્યું છે. પુસ્તકો સંબંધી સર્વ વ્યવસ્થા અને જવાબદારી આ કમિટિ તરફ છે. કમિટિમાંથી કોઈનું ખાનગી હિત કે સ્વાર્થ આ સંબંધમાં ન છતાં માત્ર લોકહિતાર્થે કામ જાણી કમિટિએ આ કામ માથે લીધું છે.

વડોદરા રાજ્ય નિવાસી કવિઓની કવિતા ઉપરાંત ગુજરાતના બીજા પ્રસિદ્ધ કવિઓની અપ્રસિદ્ધ કવિતાનો ઘણો જથો રાવસાહેબ હરગોવિંદદાસ તથા શાસ્ત્રી નાથાશંકરની પ્રશંસનીય શોધથી એકઠો થયેલો છે. અને વધારે જથો એકઠો કરવા પ્રયત્ન કમિટિ તરફથી જારી રાખવો એમ ધારણા છે. આ સર્વ કવિતા પણ પ્રસિદ્ધિમાં લાવવા યોજના તૈયાર થાય છે, અને તે ઉદ્યમ સફળ થવા ઈશ્વર પાસે પ્રાર્થના છે.

આશા છે કે આ પ્રાચીન ગુર્જર કવિઓની સુંદર તથા બોધક કવિતાથી વાંચનારનું જ્ઞાન તથા સદ્ગુણ, રસજ્ઞતા, રૂચિ, રસિકતા, સહૃદયતાદિ ઉચ્ચ પ્રકારનાં થઈ વૃદ્ધિ પામશે, અને ગુર્જરવાસી અન્ય સમર્થ કવિઓની કવિતાની પણ તીવ્ર યાચના થઇ પ્રકટ થશે.

આ પ્રાચીન કાવ્યમાળાને, કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના રાજ્યકર્ત્તાઓ તરફથી તથા બીજા ઘણા સદ્ગૃહસ્થો તરફથી ઉદાર આશ્રય મળ્યોછે, તેમાટે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવેછે.

વડોદરા
સંવત ૧૯૪૬ ના વૈશાખ
સુદી ૧, તા. ૨૦ એપ્રિલ સન
૧૮૯૦, રવિવાર.

મણિભાઈ જશભાઈ.

ग्रंथविवेचन.

सुभद्राहरण.

મહાકવિ પ્રેમાનંદનું જન્મચરિત્ર આ કાવ્યમાળાના દ્રૌપદીહરણ નામે પ્રથમ પુસ્તકમાં વિસ્તારથી આપ્યું છે માટે તે અહીં ફરીને ન આપતાં માત્ર તેના રચેલા સુભદ્રાહરણ અને રૂકિમણીહરણ નામે ગ્રંથનું વિવેચન આપિયે છીએ. અત્યાર સુધીમાં કાવ્યમાળાના તેર ગ્રંથો પ્રકટ થયા તેમાં મહાકવિ પ્રેમાનંદનાં બે મહાકાવ્યો આવી ગયાં છે અને તેટલા ઉપરથી વાંચનારે જોયું હશે કે પ્રેમાનંદ કોઇ સાધારણ કવિ નહોતા પણ પ્રાસાદિત કવિ હતા. તેમણે કાવ્યો, મહાકાવ્યો, નાટકો, અને ચંપૂ વગેરે લખીને ગૂજરાતી ભાષાને શોભાવી છે એટલુંજ નહિ, પણ લોકોને નીતિ, રીતિ તથા ઇશ્વરપ્રીતિ શીખવવાની સાથે તેમને પુરાણની કથાઓની માહિતી મળે, અને કવિની ગૂઢ વાણીને ન સમજી શકનારને પણ જલદી અર્થાવગમ થાય માટે ઘણાંક આખ્યાનો પણ લખ્યાં છે. નળાખ્યાન, ઓખાહરણ, સુધન્વાખ્યાન, વગેરે તેનાં ઉત્તમ આખ્યાનો લોકોમાં પ્રચલિત છે. તેવાજ પ્રકારનાં આ બે આખ્યાનો છે. સાહિત્યદર્પણકાર કહે છે કેઃ—

" अस्मिन्नार्षेपुनःसर्गाभवंत्याख्यानसंज्ञकाः " મહાકાવ્ય જો ઋષિપ્રણીત હોય તો તેના સર્ગને " આખ્યાન " એવું નામ આપવામાં આવે છે. મહાભારત નામે ઇતિહાસરૂપ કાવ્ય મહાઋષિ વ્યાસ મહાત્માનું રચેલું છે અને તેમાં અનેક આખ્યાન સમાયલાં છે. તેમાંથી અમુક આખ્યાનનો વિષય ગ્રહણ કરીને પ્રાકૃતમાં પદ્યબંધ કરનાર કવિઓ તેને તેનું અસલનું આખ્યાન નામજ આપે છે. તેમ મહાકવિ પ્રેમાનંદે રચેલા સુભદ્રાહરણ વગેરેને પણ આપણે આખ્યાન નામ આપીએ છીએ. આ આખ્યાનોમાં જો કે પાત્રવર્ણના, રસની જમાવટ, ભાવવ્યંજના, અંગી અને અંગભૂત રસવ્યંજના, રણપ્રયાણ, ઉપયમ (લગ્નપ્રસંગ), સંભોગ વિપ્રલંભ શૃંગાર, વગેરે મહાકાવ્યના ગુણો છે, તથાપિ બીજા મહાકાવ્યોમાં જે કવિતા સંબંધી ચમત્કૃતિ હોય છે તેવી આમાં ન હોવાથી અમે તેને મહાકાવ્યનું નામ આપવું દુરસ્ત ધારતા નથી. આખ્યાનમાં

બહુધા કવિ વસ્તુસંકલના ઉપર વિશેષ ધ્યાન આપે છે, અને તેમાં જે કવિ સ્ખલિત થતો નથી તેનું આખ્યાન પ્રશંસા પામે છે, આ મહાકવિને વિષે એવું સ્ખલન હોવું અથવા હશે એમ ધારવું એ સાહસ કહેવાય; કેમકે તેનાં અપૂર્વ કાવ્ય અને આખ્યાનોએ રસજ્ઞ શ્રોતાઓને દિંગ કરી નાખ્યા છે ! તથાપિ કોઈ પણ ગ્રંથ જે અમે પ્રકટ કરીએ છીએ તેમાં શો વિષય સમાયલો છે, ક્યાં ક્યાં કેવા કેવા ચમત્કાર કે દોષ છે, અને અમારો તે ગ્રંથવિષે કેવો અભિપ્રાય છે તે જાણવાનું સાધન વાચક વર્ગને આપવાનો જો અમે રિવાજ રાખ્યો છે તો તેને અનુસરીને આ બે આખ્યાનોનું પણ યથામતિ વિવેચન કરીએ છીએ. સુભદ્રાહરણમાં કુલ કડવાં બત્રીશ છે, એની પેહેલી પ્રત જે અમારા હાથમાં આવી તે ઘણી અશુદ્ધ તથા અપૂર્ણું હોવાથી તે પ્રકટ કરવાનો વિચાર અમે માંડી વાળ્યો હતો, પણ પાછળથી ઘણે પ્રયાસે એની બીજી બે પ્રતો મળી, જેના આધારથી આ આખ્યાન સંપૂર્ણ પ્રકટ કરવાનું બની આવ્યું છે, મહાભારતના આદિ પર્વમાં અધ્યાય ૨૧૯ થી ૨૨૧ સુધી ત્રણ અધ્યાયમાં સુભદ્રાહરણ વ્યાસે વર્ણવ્યું છે, તે આખ્યાનનો આરંભ કરતાં સંબંધ મેળવવાને અર્થે કવિ મંગળાચરણ કર્યા પછી ભારતની ઉત્પત્તિથી માંડીને સંક્ષેપમાં કથારંભ કરે છે. પાંડવ અને કૌરવોની ઉત્પત્તિ, પાંડવોનો લાક્ષાગૃહમાં દાહ, ત્યાંથી નાશી છૂટીને દ્રૌપદીના સ્વયંવરમાં જવું, મત્સ્યવેધ કરીને દ્રૌપદીને વરવું તથા રાજકાજમાં નિપુણ કુંતીમાતાની આજ્ઞાથી પાંચે ભાઇએ તેને પત્ની રૂપે ગ્રહણ કરવી, અર્જુનનો બાર વરસ વનવાસ અને તીર્થયાત્રા પ્રસંગ, વનવાસમાં ઉલૂપી નાગકન્યા તથા ચિત્રાંગદાને વરવું અને વનવાસ સંપૂર્ણ થતાં દ્વારકા જઇને સુભદ્રાનું હરણ કરી લાવવું, એટલી કથા પેહેલા કડવામાં સંક્ષેપે કહી છે. પ્રેમાનંદ કવિ બહુધા બધાં આખ્યાનોમાં એવી રીતેજ પેહેલા કડવામાં શ્રોતાને ઉન્મુખ કરવાને તથા આખ્યાનનો સંબંધ સમજાવવાને એમજ કરે છે.

બીજા કડવામાં દ્રૌપદીને પરણી આવ્યા પછીનું વર્ણન છે. નારદના ઉપદેશથી પાંચે ભાઇઓ માંહોમાંહે પ્રતિજ્ઞા કરેછે કે એક એક જણે અમુક સમય સુધી દ્રૌપદી સાથે રહેવું, અને એકના વારામાં બીજા કોઈએ દ્રૌપદીના અંતઃપુરમાં કોઇ પણ કારણસર પ્રવેશ કરવો નહિ. જો કદાચ કોઇનાથી તેમ બની જાય તો તેણે બાર વરસ વનમાં રહેવું.

આવી પ્રતિજ્ઞા થયા પછી એક બ્રાહ્મણની ગાયને ચોર લેઈ જાય છે તેથી તે રાત્રે અર્જુન પાસે રક્ષણ માગવા આવે છે. અર્જુનનાં શસ્ત્ર દ્રૌપદીના ઓરડામાં હતાં અને મોટાભાઇ યુધિષ્ઠિરનો વારો હોવાથી ત્યાં જવું એ પોતાની પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ હતું. તેમ ગાયને અર્થે બ્રાહ્મણ રક્ષણ માગવા આવે અને તે ન આપવું એ પણ ક્ષત્રિયધર્મને યોગ્ય નહોતું આવા બ્રહ્મ સંકટમાં પડેલા શૂરવીર અર્જુને બાર વરસ વનવાસ કરવો પડે તો કરવો પણ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તો થવુંજ એવો નિશ્ચય કરીને હથિયાર લેવા દ્રૌપદીના અંતગૃહમાં પ્રવેશ કર્યો અને બ્રાહ્મણનું રક્ષણ કર્યું. પૂર્વના રાજાઓ આવી રીતે પ્રજા પાલન માટે પોતાના સુખનો ત્યાગ કરતા હતા અને ગમે તેવા સંકટોનો અંગીકાર કરતા હતા તે આ કથા દ્વારા કવિએ સારી રીતે બતાવી આપ્યું છે.

સુભદ્રાહરણને ક્રમમાં લાવવા માટે અર્જુનવનવાસનો પ્રસંગ કવિએ આણી મેળવ્યો. હવે અર્જુન તીર્થ યાત્રા કરવા જાય છે. મહાભારતના આદિ પર્વમાં કથા છે કે ઇંદ્રની આજ્ઞાથી એક મુનિને છળ કરવાને ગયેલી પાંચ અપ્સરાઓને મુનિએ શાપ દીધો કે તમે પાંચે ઝૂડ થઇ જાઓ. આ શાપથી ભય પામેલી અપ્સરાઓ શોકથી ચિંતન કરવા લાગી કે હવે અમારો શાપમાંથી કોણ ઉદ્ધાર કરશે. એવામાં નારદ મુનિએ તેમને કહ્યું કે તમે અમુક પાંચ તીર્થ છે તેમાં જઇને વસો. અર્જુન જ્યારે બાર વરસના વનવાસમાં આવશે ત્યારે તમે તેનો સ્પર્શ કરશો એટલે તમને તમારૂં અસલ રૂપ પ્રાપ્ત થશે. એ કથાનો ઇસારો કરીને પછી અર્જુને ઉલૂપી નામે નાગકન્યાનું લગ્ન કર્યું તથા મણિપુરના રાજા ચિત્રાંગદની પુત્રી ચિત્રાંગદા (જેનો પુત્ર બભ્રુવાહન થયો) સાથે લગ્ન કર્યું તેનું સંક્ષેપમાં કથન કર્યું છે. હવે અર્જુનના વનવાસનો અવધિ પૂરો થવાથી તે દ્વારકામાં જઈ કૃષ્ણને મળી આવવાનો વિચાર કરેછે.

ત્રીજા કડવામાં અર્જુન અને કૃષ્ણનો રસ્તામાં મેળાપ વર્ણ્યો છે. અર્જુન અને કૃષ્ણ સાથે સાથે સોરઠનાં તીર્થોમાં ફરેછે, તેવામાં કૃષ્ણ પોતાની બેન સુભદ્રા અર્જુનને પરણાવવાનો વિચાર કરી તે વિચાર અર્જુનને ન જણાવતાં તેને અવધૂતનું રૂપ લેવાની સૂચના કરેછે અને અર્જુન તેટલા ઉપરથી પોતાને સુભદ્રા મળશે એમ અનુમાન કરેછે.

અત્યાર સુધી વ્યાસે મહાભારતમાં વર્ણેલી કથાને સંક્ષેપ વિસ્તારમાં કથન કરતા કવિએ આખ્યાનની વસ્તુને ક્રમવાર ગોઠવી દીધી. સુભદ્રા હરણની ખરેખરી શરૂઆત હવે થાય છે. ચોથા કડવામાં અર્જુનનું અદ્‌ભુત અવધૂતનું રૂપ વર્ણ્યું છે. આ મહાકવિની શ્રોતાના મનમાં વર્ણ્યે વસ્તુનું ચિત્ર પાડવાની શક્તિ જોવાની જેને ઈચ્છા હોય તેણે આ કડવું વાંચી જોવું. અર્જુનને અવધૂતનું રૂપ અપાવ્યા પછી તેનો સુભદ્રાસાથે મેળાપ કરાવવાને જે ક્રમ ગોઠવવો જોઇએ તેમાં પણ આ મહાન્ કવિએ લગા પણ ઠોકર ખાધી નથી ! પ્રથમ અવધૂતનું ભવ્ય તેજ જોઇને દ્વારકાના લોકોની તેના ઉપર શ્રદ્ધા ચોટે છે, પણ અવધૂત તો પરવા વિનાના હોયછે માટે આ અવધૂત પણ લોકોની સેવાની દરકાર ન રાખતાં તથા આબાલ-વૃદ્ધને વિષે સમાન દયાર્દ્ર દૃષ્ટિ બતાવતા બતાવતા જાદવોના વાસ ભણી નીકળી પડેછે. જાદવો આ મહાયોગીને જોઇને તેમને પગે લાગેછે અને અન્ન માત્રના અતિથિ તથા મંત્ર તંત્રના જાણનાર, રિદ્ધિ સિદ્ધિના દાતાર, શાપ વરદાન આપવાને સમર્થ અને અદ્‌ભુત પ્રયોગોમાં પ્રવીણ આ અતીતને તેઓ મહાશ્રદ્ધાથી પૂજેછે. અવધૂતનું ચમત્કારિક મિલનસાર વર્તન જોઈને તેઓ તેની સાથે પ્રીતિ બાંધેછે. અવધૂતની ચાર માસ ગોમતી સંગમમાં રહેવાની ઇચ્છા જોઈને તેમને માટે ગૃહસ્થ જાદવો સત્વર એક નવીન મઠ બંધાવે છે. કેટલાક લાલચુ જાદવો તેની પાસે કીમીઓ શીખવાની આશા રાખેછે. અવધૂતનાં વચન ફળેછે અને તે વાંઝણીઓને પુત્ર આપે છે. આવું જોઇને બ્રહ્મનિષ્ઠામાં તથા હરિ ભક્તિમાં એકતાન થએલા અવધૂતની વૃદ્ધ જાદવો, જુવાનીઆઓ, બાળકો અને સ્ત્રીઓ આસ્થા રાખીને સેવા કરવામાં કસર રાખતાં નથી. એવી રીતે અવધૂતપ્રતિ લોકોનો અત્યંત પ્રેમ વધેછે અને તેથી અવધૂતની કીર્ત્તિ ઘેર ઘેર ફેલાયછે.

પાંચમાથી તે આઠમા કડવા સુધી ઉપર કહ્યું તે વર્ણન કરી કવિ શ્રોતાની ખાત્રી કરી આપેછે કે અર્જુનને ખરેખરા અવધૂત રૂપે જાદવો માને અને તેના તરફ લેશ પણ શંકા ન લાવે એ કેવળ બનવા જેવું છે. નવમા કડવામાં અવધૂત આવવા વિષેની બળરામને ખબર થયાનું વર્ણનછે. એવા સર્વમાન્ય મહાત્માને ભોળા અને શ્રદ્ધાળુ બળરામ પોતાને ઘેર એકવાર ભોજન કરવાને બોલાવે એ પણ સીધો ક્રમ છે. બળરામની

તેવી ઇચ્છાને જો કૃષ્ણ તરતજ માન્ય કરે તો કદાચ એમાં કૃષ્ણનું કપટ હશે એમ શંકા આવે અથવા પરિણામે કૃષ્ણને માથે કપટ કર્યાનો આરોપ મોટાભાઈ મૂકે, તેમ ન થવા દેવાની પણ કવિએ સરસ યુક્તિ કરીછે. તે કહેછે કે, એવા જોગીનો મને વિશ્વાસ નથી; જો એવો મહાત્માછે તો શા માટે વનમાંજ નથી બેશી રહેતો, વગેરે. પોતે માન આપેલા અતીતને કૃષ્ણ નિંદેછે તે બળરામને ગમતું નથી અને કૃષ્ણને નિંદક ઠરાવી ઠપકો દે છે. વળી ફરીને એક વાર કૃષ્ણ રામની શ્રદ્ધાની પરીક્ષા કરી ભર્યું પોચું જોવા માટે અવધૂતની યુક્તિ પુરઃસર નિંદા કરેછે જેથી રામ ગુસ્સે થાય છે. કૃષ્ણે જાણ્યું કે મોટાભાઇ હવે શ્રદ્ધાના પાશમાં સપડાયા છે, ત્યારે તે મોટાભાઈને માત્ર રાજી કરવાની ખાતર તેની સાથે જતા હોય તેમ અવધૂતને તેડવા જવાની હા પાડે છે. અને એવી રીતે કૃષ્ણનો બચાવ દૃઢ કરી કવિ દશમું કડવું પૂરૂં કરે છે.

અગિયારમા કડવામાં કૃષ્ણ અને રામ અવધૂતને તેડવા જાયછે તેનું વર્ણનછે. રામ બાવાજીને પોતાને ઘેર ભોજન કરવાને પધારવા વિનતિ કરેછે પણ બાવાજી હા ના કરે છે. બાવાજી કહેછે કે રાજાને ઘેર યોગીએ ન જવું જોઈએ; કેમકે તેના ધરની શોભા અને વૈભવ જોઇને યોગીનું મન લોભાય તેથી તેનું મન કદાચ સંસાર તરફ આકર્ષાય. યોગીનાં આવાં અને એવાંજ બીજાં વિશ્વાસ ઉપજાવનાર વચનો સાંભળીને બળરામ અતિ શ્રદ્ધાળુ બની જાય છે અને વિશેષ આગ્રહ કરેછે. અતિશ્રદ્ધાળુ બળરામનું યોગી માનતા નથી તેથી જાણે તેને ઠપકો આપતા હોય તેમ કૃષ્ણ યોગીને બે વચન કહેછે તે વર્ણવતાં કવિ લખે છે કેઃ—

“ બળભદ્રનું મન રાખવા, શ્રીકૃષ્ણ વદછે વાણી;
ઊઠો અવધૂત આવો મંદિર, પરમ સેવક આ જાણી.
આવડા કાલાવાલા વિનય, કાં કરાવો બાવા !
અતીતને મન સર્વે સરખા, ઊઠો મંદિર જાવા. ”

એ વચનો બાવાનું પોગળ જાણનાર શ્રદ્ધાહીન પુરૂષના મુખનાં છે એ છેલ્લી બે લીટીઓથી રસજ્ઞને જણાઈ આવે એવું છે. અને એમ વચનાદિદ્વારા મનુ-

ધ્યના અંતઃકરણનો ચિતાર આપવામાં કવિના કૌશલ્યની પરિસીમા છે, તે બતાવવાને એ લીટીઓ અહીં લખી બતાવી છે.

કૃષ્ણનું વચન સાંભળીને તેના કહેવાનો મર્મ બાવા સમજી ગયા કે હવે અતિશય તાણવાનો વખત નથી, તેથી તે હવે પોતાનું કાર્ય સિદ્ધ કરે એવી યુક્તિ રચેછે. અવધૂત બળરામને કહે છે કે, હું આટલો આગ્રહ કરાવું છું તેનું એક કારણ છે; તે એકે ગૃહસ્થને ઘેર પરણ્યા વિનાની કુમારિકાને હાથે પીરસાવીને ભોજન કરવાનું મારે વ્રત છે. પણ એવો યોગ સર્વત્ર બનતો નથી માટે જ્યાં તે ન બને તેમ હોય ત્યાં હું ભોજન કરવા જતો નથી. આ સાંભળતાં બળદેવ હર્ષ પામીને કહે છે કે, અહો ! એજ છેની ! મારી બેન સુભદ્રા આપને પીરસશે, માટે ચાલો. શ્રવણ પૂર્વ રાગના ઉદ્દીપન તરિકે કવિ પોતાની સ્વાભાવિક રમૂજી વાણીમાં અહીં લખે છે કેઃ—

" બળભદ્ર પ્રણીપત કરીને, એવાં વધ્યા વચન;
સુભદ્રા નામ સાંભળીને, બાવો થયા પ્રસન્ન."

કામી પુરૂષને પોતાની ઇચ્છિત પ્રિયાનું નામ સરખું પણ કેવો હર્ષ ઉપજાવે છે તેનું આ નિદર્શન છે.

એ પ્રમાણે બારમું કડવું પણ પૂરૂં થયા પછી તેરમા કડવામાં બાવાના મોહક સ્વરૂપનું સરસ વર્ણન કર્યું છે તથા અર્જુનના રતિ ભાવના ઉદ્દીપન રૂપે રાજભુવનની મનોહર રચનાનું પણ ઉત્તમ વર્ણન કર્યું છે.

ચૌદમા કડવામાં બાવાનો બળદેવે કરેલો સત્કાર વર્ણ્યો છે બાવાનું સ્વરૂપ જોઇને સુભદ્રા મોહ પામે છે. સુભદ્રાના રતિ ભાવનું ઉદ્દીપન સંભવિત થવા માટે કવિ વર્ણે છે કેઃ—

" આવ્યા સ્વજન ઘરના સર્વ, જોઇ રૂપ તજે છે ગર્વ;
સહુ નમે બાવાને પાય, જાણે જન્મ કૃતારથ થાય.
એમ અતીતને સહુ નમતા, બાવોજી સહુને મન ગમતા;
બાળક યૌવન વૃદ્ધ અપાર, નારી માત્ર કરે નમસ્કાર.

સહુ પરસ્પર એમ બોલે, નહિ કોઈ અતીતને તોલે;
જાણે અનંગતણો અવતાર, મોહ્યો રૂપ દખી પરિવાર"

ઇત્યાદિ વર્ણનમાં બાવાના મોહકરૂપની કવિ વારંવાર પુનરાવૃત્તિ કરીને શ્રોતાના મનમાં એમ ઠસાવવા ઈચ્છે છે કે એવા રૂપવાન્ બાવાને દેખીને સુભદ્રા તરતજ મોહ પામી તેની સાથે જવાને તૈયાર થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ કોઇ કુળવાન રાજકુમારી, જેને કુળધર્મનું સારૂં શિક્ષણ મળ્યું હોય તે એમ વગર ઓળખ્યે રૂપમાત્રથી મોહિત થઈને તેની સાથે જવાનો નિશ્ચય કરી બેસે એ સંભવિત લાગતું નથી. શ્રોતાના મનમાં આ જગોએ સંદેહ ઉપજે છે કે કાંતો યાદવકુળનું શિક્ષણ સારૂં નથી એમ બતાવવાની કવિની ઇચ્છા છે, કે કાંતો સુભદ્રાઅર્જુનનો પરસ્પર શ્રવણ પૂર્વરાગ વર્ણવવો કવિ વીસરી ગયા હશે. શ્રોતાના મનમાં આવી શંકા સેહેજ ઉપજશે એ વાત કવિના જાણવા બાહાર નહોતી, એ તો તેનું બાવાના રૂપ સંબંધીનું વારંવાર કથનજ કહી આપે છે. પણ તેટલા કથન માત્રથી પૂર્વોક્ત દોષનો પરિહાર બની શકતો નથી. યાદવકુળને જો કવિ હીનત્વ આપવા ઈચ્છે તો તે કુળમાં જન્મેલી સુભદ્રા જે ગ્રંથની નાયકા છે તેને દોષ લાગે છે, અને અર્જુનસુભદ્રાનો શ્રવણ પૂર્વરાગ વર્ણવવાનો તો વસ્તુ ઘટનામાં અવકાશજ નથી; એટલે સાધારણ દૃષ્ટિએ તો એ દોષ ઊભોજ રહે છે. કવિ એવું શું વર્ણન કરે કે જે મૂળ આખ્યાયિકાથી વિરૂદ્ધ ન હોઇને પ્રસ્તુત વર્ણનને નિર્દોષ કરી શકે? કવિએ અહીં એક અપૂર્વ ધ્વનિવાળું વચન કહીને રસજ્ઞ શ્રોતાના મનના સંદેહને ધકેલી પાડયો છે. તે લખે છે કે:-

"શ્રીકૃષ્ણ સર્વશુ અનુસરતા, બાવાની સેવામાં ફરતા."

એનો ઉપલક અર્થ એવો છે કે કૃષ્ણ જો કે બાવાને આ અર્જુન છે, એમ જાણતા હતા તથાપિ બીજાં તે વાતથી અજાણ્યાં મનુષ્યોની પેઠે પોતે પણ બાવાની સેવામાં તત્પર રહેતા હતા. ધ્વનિ એ છે કે, કૃષ્ણ ઉપર ઉપરથી તો બધાની પેઠે બાવાની ભોજનાદિ સેવામાં ફરતા હતા, પણ અંદરખાનેથી તો બાવાને સુભદ્રા કેવી રીતે પ્રાપ્ત થાય તે ઘાટમાં ફરતા હતા. "સર્વશુ અનુસરતા" એનો અર્થ અહીં "સર્વના અંતર્યામી થઇને પોતે પ્રચ્છેલા કાર્યને અનુકૂળ સર્વની મનોવૃત્તિ થાય તેમ કરતા" એવો કરવો જોઇએ. એજ અર્થ આગળ યોગ્ય જગોએ કવિ સ્પષ્ટપણે જણાવશે

ત્યારે સમજાશે કે સુભદ્રાની મનોવૃત્તિ એકાએક બાવા ઉપર વળી જવાનું કારણ કૃષ્ણ ભગવાનની ઇચ્છા એજ હતું.

બળદેવને ઘેર ભોજન માટે ગયા પછી બાવાજી બળરામ સાથે બાવાને ઘટે તેવી વાતચિત કરે છે અને ભોળા બળદેવ તેની સાથે વિનય કરે છે. પછી સુભદ્રાનું દર્શન થતાં તેનું રૂપ જોઇને અર્જુન વિસ્મય પામે છે તેમ અર્જુનને સ્નાન કરતાં જોઇને સુભદ્રા પણ મોહ પામે છે અને તેને વરવાનો નિશ્ચય કરે છે, વગેરે વર્ણન કરી આ કડવું સમાપ્ત કર્યું છે.

પંદરમા કડવામાં પ્રસ્તુત ભાવવર્ણનાને ઉપયોગી થોડુંક ભોજનનું વર્ણન કરી કવિ સુભદ્રાના દર્શનથી થયેલો અર્જુનનો ચિત્ત વિભ્રમ વર્ણે છે. ભારત ચંપૂના કર્ત્તા અનંત ભટ્ટે પણ એના જેવો પ્રસંગ વર્ણવ્યો છે. તે કહે છે કે અવધૂતને બળરામે ઘણા દિવસ સુધી પોતાના ઘરમાંજ મુકામ આપ્યો હતો તથા સુભદ્રાને તેમની સેવામાં યોજી હતી. એક વખતે સઘળા ગુરૂજનો બેઠા હતા તેવામાં સુભદ્રા આવીને બાવાજીનો ચરણ સ્પર્શ કરી તેમને પગે લાગીને બેઠી સુભદ્રાના હાથનો સ્પર્શ થતાંમાં બાવાજીનાં રૂવાં ઊભાં થયાં, નેત્ર મીંચાઇ ગયાં, અંગ કંપી ઉઠ્યું, મુખનો વર્ણ બદલાઇ ગયો, અને એવા એવા સાત્વિક ભાવ પ્રકટ થયા. એ ભાવને જોઇને પોતાનું શૃંગારી મન કોઇ જાણી ન જાય માટે બાવાએ શું કર્યું, તે વિષે કવિ કહે છે કે,—

"हरेहरेमाधवमाधवेतिहरिस्मृतेरन्यथयांचकार" અર્થ–બાવો જાણે ભક્તિ રસમાં લીન થવાથી એવા સાત્વિક ભાવ પ્રકટ્યા હોય તેમ, હરે! હરે! નારાયણ! નારાયણ! એવો ઉચ્ચાર કરીને પોતાના મનની વાતને પલટાવી નાખી. સુભદ્રા અને અર્જુનનું મન મળવાને અનંતભટ્ટે કરેલી રચના વધારે સારી છે.

અર્જુનના મનના ભાવ એકલી સુભદ્રા જાણી જાયછે, કેમકે "સાપના પગ સાપ જાણે!" અને તે અર્જુનને સાનમાં સમજાવે છે કે, હું તમને તમારા મુકામ પર રાત્રે મળીશ. યોગીના ગયા પછી સુભદ્રાને ઉદાસ જોઇ રોહિણીમાતા તેનું કારણ પૂછે છે અને સુભદ્રા તેને જણાવે છે. યોગીનાં સામુદ્રિક લક્ષણ રોહિણીના જોયામાં આવ્યાં હતાં તેથી તે તેને

કોઈ ગુપ્ત વેષમાં આવેલો રાજા છે એમ અનુમાનથી જાણતી હતી, માટે તેણે પુત્રીને અનુમતિ આપી કે ઠીક ત્યારે, રાત્રે તેની પાસે જઇ નક્કી કરી વેહેલી આવજે; પણ ભાઇ ન જાણે તેમ કરજે. રોહિણીના મનમાં માત્ર અનુમાન ઉપરથી પોતાની પુત્રી આ રૂપાળા બાવાની સાથે નસાડી મૂકવાનું આવ્યું, તેનું કારણ પણ કવિ ભગવાનની ઇચ્છાજ કલ્પે છે. તે કહેછે કેઃ—

"મહિમા મધુસૂદનનો મોટો, સહુને ગમે મન વાતજી."

સુભદ્રાના મનની વાત જાણી તેને સંકેત બતાવવાનું કૃષ્ણને બની આવે માટે સુભદ્રા રાત્રે અર્જુન પાસે જાય છે એવું વર્ણન કરવું પડ્યું છે. માની શીખામણ પ્રમાણે સુભદ્રા રાતે અર્જુનના મઠ ભણી જવા નીકળે છે અને માર્ગમાં કૃષ્ણને ઊભેલા જોઇને ત્રણ વાર પાછી વળી જાય છે. પરંતુ ચોથી વાર કૃષ્ણ તેને રોકે છે અને તેના મનની વાત કઢાવે છે. કૃષ્ણ તેને પોતાના રથમાં બેશી રેવતાચળની જાત્રાએ જવાનું શીખવે છે એટલે સુભદ્રા પાછી વળી જઇને માતાને સર્વ હકીકત નિવેદન કરે છે. કૃષ્ણના મેળાપ પછી માદીકરી ખાત્રી પૂર્વક જાણે છે કે બાવાજી એ અર્જુનજ છે, અને તેની સાથે સુભદ્રાએ જવું એ સર્વથા ઠીક છે. બળરામનો વિચાર સુભદ્રાને દુર્યોધનના પક્ષમાં પરણાવવાનો હતો, પણ કૃષ્ણનો વિચાર પાંડવપક્ષમાં સુભદ્રાનું લગ્ન કરવાનો હોવાથી કૃષ્ણે આ યુક્તિ ઊભી કરી હતી.

રાત્રે સુભદ્રાને મળ્યા પછી કૃષ્ણ અર્જુન પાસે જાય છે. અર્જુને સુભદ્રાને જોયા પછી તેનું ચિત્ત તેનામાંજ લાગી રહેલું હતું. તેને ચેન પડતું નથી કે ઊંઘ પણ આવતી નથી. સુભદ્રાએ રાત્રે આવવાનું વચન આપ્યું હતું. તે હમણા આવશે એમ તેને ભણકારા વાગતા હતા. એવામાં કૃષ્ણ આવી બારણું ઠેલે છે, એટલે સુભદ્રા આવી એમ જાણીને અર્જુન હાંફ્લો ફાંફ્લો ઊઠે છે, પણ કૃષ્ણને જોઇ લજવાઈ જાય છે. કૃષ્ણ તેના ગભરાટ અને લજ્જા ઉપર થોડાં વિનોદ વચન બોલીને પછી તેને સંકેત બતાવે છે. રેવતાચળની જાત્રામાં પોતાના રથ ઉપર બેશીને આવતી સુભદ્રાનું તારે હરણ કરી જવું, એમ કહી કૃષ્ણ પોતાને ઠેકાણે જઈ સૂઇ જાય છે, અને કવિ સોળમું કડવું પૂરૂં કરે છે.

સત્તરમાથી બાવીસમા કડવા સુધી રેવતાચળની જાત્રાનું વર્ણન છે. અર્જુન તીર્થ જવા તૈયારી કરી સંકેત સ્થળમાં ઊભો રહે છે, અને જાદવો

રેવતાચળની જાત્રાએ જાયછે તેમને જુએછે. જાત્રા જતાં જુવાનીઆ જાદવોનું વર્ણન થઈ રહ્યા પછી નગરની સ્ત્રીઓની જાત્રા જવાની તૈયારી વર્ણવી છે. એ બે વર્ણન શ્રોતાના હૃદયમાં જાત્રાનો યથાવત્ ચિતાર આપે એવાં છે તથા સુભદ્રાના જાત્રાગમનને ક્રમમાં આણનારાં છે માટે સુઘટિત છે. જાદવસ્ત્રીઓને જાત્રા જતી જોઈને સુભદ્રા પણ જાત્રા જવાની હઠ લે છે તથા કૃષ્ણના રથની માગણી કરે છે. બળદેવ બેનની હઠ જાણીને કૃષ્ણનો રથ માગવા જાયછે. અહીં પાછો કવિએ પેહેલાંના જેવોજ પ્રસંગ આણ્યો છે. એટલે, કૃષ્ણ રથને આળીગાળો કહીને આપવાની ના પાડે છે, ત્યારે બળદેવ તે લેવાનો આગ્રહ કરે છે અને કૃષ્ણને ઠપકો આપેછે. ભાઈને ખોટું ન લાગે માટે કૃષ્ણ રથ આપેછે પણ કાંઈ વિઘ્ન કે અનર્થ ન થાય માટે સાવધ રહેવાનું કહીને આપેછે. બળભદ્ર કહેછે કે તારા રથને કોઈ ખાઇ જવાનું નથી ! માટે નિશ્ચિંત રહેજે, એમ કહી કૃષ્ણની એવી કુટેવ ઉપર ટીકા કરતા કરતા જાયછે. હવે સુભદ્રા જાત્રા જવા તૈયાર થાયછે. સુભદ્રાનું ખરે ખરૂં વર્ણન કવિએ અહીંજ કર્યું છે, માતા દીકરીને વેહેલી આવજે એમ કહીને વિદાય કરે છે. કવિ સુભદ્રાને કૃષ્ણના રથમાં બેસાડી દારૂક સારથી સહિત નગરની બાહાર લાવે છે અને પછી શ્રોતાને પાધર મેદાન તથા તેમાં ઘોડા, રથ, વગેરેની સરતો, દોડમદોડા, અને કેટલેક દૂર રસ્તામાં હાથમાં ઝુંડો લેઇને ઊભેલા અતીતને બતાવે છે. દારૂકને રથમાંથી નીચે ઉતારવાને સુભદ્રા પગમાંનું ઝાંઝર રસ્તામાં પાડી નાખી દારૂકને તે લેઇ આવવા કહે છે. કેટલીક આનાકાની કર્યા પછી ઘોડાને મજબૂત પકડવા-નું કહી દારૂક નીચે ઉતરી ઝાંઝર લેવા જાય છે. એ ઉપરથી શ્રોતાના જાણ-વામાં આવે છે કે આ રાજકુમારીના રથની સાથે દાસ દાસી કોઇ હતું નહિ. હોવાં તો જોઇએ, પણ સુભદ્રાએ ખાસ કારણસર તેમના વિના નભાવી લેવું ઉચિત ગણ્યું હશે. જો સાથે એકાદ દાસી રાખત, તો તે ઝાંઝર આણી આપત, ત્યારે પછી કવિની યુક્તિ બરબાદ જાત અને સુભદ્રાહરણમાં વિઘ્ન આવત, માટે દાસ દાસી સાથે નથી રાખી એજ ઠીક થયું છે.

દારૂક ઉતરી ગયા પછી ઘોડા સુભદ્રાના હાથમાં રહેતા નથી. સુભદ્રા ચાબુક મારે છે અને લગામ ઢીલી મૂકે છે. ઘોડા દોડી જાય છે. બગધ્યાની અતીત વાટ જોઇનેજ ઊભા રહ્યા હતા તે પોતાનો વેષ પડતો નાખીને રથ-માં ચઢી બેસે છે અને સુભદ્રાહરણની હાક વાગે છે !

ત્રેવીશમા કડવામાં રામના કોપવર્ણનદ્વારા શ્રોતાને રૈદ્રરસમાં મગ્ન કર્યા છે. ચોવીશમામાં અર્જુન યાદવોનું યુદ્ધ વર્ણ્યું છે તથા પચીશમામાં જાદવોનો પરાજય વર્ણીને અર્જુનનો યુદ્ધ સંબંધી ઉત્સાહ વર્ણ્યો છે અને શ્રોતાને વીરરસના આનંદનો અનુભવ કરાવ્યો છે.

જાદવો હાર્યા પછી કૃષ્ણ બળરામને અર્જુનનું ઓળખાણ આપેછે અને તેમના ક્રોધને શાંત કરેછે. કવિએ અહીં નારદાદિદ્વારા અર્જુનનું ઓળખાણ અપાવ્યું હોત તો પૂર્વે વર્ણેલા કૃષ્ણના પ્રસંગને વધારે ઘટમાન થાત, પરંતુ અમે ધારીએ છીએ કે એમ ન કરાવતાં કૃષ્ણને મોઢેજ અર્જુનનું ઓળખાણ અપાવવામાં કવિનો કોઇ ઉત્તમ હેતુ હશે. અર્જુનપ્રતિ પોતાનો પક્ષપાત જોઈ કદાચ બળરામ પણ તેમ કરે એવો હેતુ હોય તો કોણ જાણે.

છવીશમા કડવામાં જાદવો પેહેરામણી લેઇને અર્જુનની પાછળ જાય છે તથા ઇંદ્રિપ્રસ્થમાં જઈને સુભદ્રાને અર્જુન સાથે વિધિવત્ પરણાવે છે. મહાભારતમાં વ્યાસે ધર્મમર્યાદા સાચવવાના હેતુથી એમ વર્ણ્યું છે કે સુભદ્રાનું હરણ કરવાનો વિચાર થતાંજ અર્જુને તેમ કરવા વિષે મોટા ભાઇની આજ્ઞા મગાવી હતી, પણ પ્રેમાનંદે તે બાબતને સ્પર્શ કર્યો નથી. પ્રેમાનંદ જેવો કુશળ કવિ એ બાબતને ભૂલી ગયો હશે એમ તો કોઇ માનશે નહિ પરંતુ પ્રકૃત રસનું પોષણ કરવામાં જે જે બાબતો ઉપયોગી ન હોય તે તે બાબતો ગમે તો ઐતિહાસિક દૃષ્ટિએ ગંભીર હોય તથાપિ કવિઓને મતે તે તુચ્છ છે; અને જે બાબતો પ્રકૃત રસનું પોષણ કરનારી હોય તે બાબતો ગમે તેવી નિર્જીવ જણાતી હોય પણ કવિ તેને રત્ન જેવી મોંઘી ગણીને મોખરે આણે છે. એવુંજ કારણ અહીં પણ સમજવું.

એક રીતે તો સુભદ્રાહરણ અહીં પૂરું થાય છે. પણ આમ હરણ કરી આણેલી પત્ની વડેજ પાંડવોનો વંશ રહ્યો છે માટે અમોએ વર્ણેલું સુભદ્રાહરણ સફળ છે એ એક વાત, તથા બાવાને જોઇને મોહી ગયેલી સુભદ્રા સ્વયંવરમાં વરેલી દ્રૌપદી કરતાં અધમ નથી એ શ્રોતાને સમજાવવું

એ બીજી વાત, એ બે બાબતો એમ પડી મૂકી શ્રોતાને સંદેહમાં રાખી મૂકવા આ વિનોદી કવિને પસંદ ન હોવાથી કવિ હવે વિશેષ પ્રસંગ વર્ણે છે.

સત્તાવીશમા કડવામાં અર્જુન ઘેર આવ્યાની ખબર પડવાથી દ્રૌપદી તેને વધાવી લેવાને પૂજા સામગ્રી લેઈને સામી જવા તૈયાર થાયછે એટલામાં એક દાસી તેની પાસે આવી પહોચે છે. એ દાસીને પૂર્વે ઘણા વરસપર અર્જુને એક લપડાક મારી હશે તેનું વેર લેવાનો વિચાર કરી તે દ્રૌપદીને કહેવા લાગી કે "બાઈ તમે તો અર્જુનને પૂજવા ચાલ્યાં અને અર્જુને તો સુભદ્રા પરણી આણીછે. હવે તમારો ભાવ કોણ પૂછે છે?" રામાયણમાં વર્ણેલી મંથરા દાસી જેવો આ પ્રસંગ છે. દ્રૌપદી દાસીના મુખમાંથી સુભદ્રાની વાત સાંભળતાં ક્રોધાવિષ્ટ થઇ જાયછે અને અર્જુનને શાપ દેવાને હાથમાં પાણી લેછે.

કવિએ આ પ્રસંગ આમ વર્ણ્યો છે ખરો પણ ઇંદ્રપ્રસ્થમાં થયેલાં સુભદ્રાનાં લગ્નથી ત્યાંજ રહેનારી દ્રૌપદી શી રીતે અજાણ રહી હશે તે સમજાતુ નથી. દાસીએ ખબર આપ્યા પૂર્વે તો તે જાણતીજ નહોતી એતો તેના તાત્કાલિક ક્રોધથી સ્પષ્ટ થાયછે. વળી દ્રૌપદી જેવી રાજનીતિને જાણનારી, નમ્ર, શાંત, પતિસેવામાં તત્પર અને સતી સ્ત્રી અર્જુન જેવા પોતાના વાહાલા અને પરાક્રમી પતિને આટલાજ કારણસર શાપ દેવાને તત્પર થઈ જાય એ પણ ઠીક જણાતું નથી. ક્ષત્રિયો એક કરતાં વધારે સ્ત્રી કરે તેથી તો કોઈ સામાન્ય સ્ત્રી પણ કોપાવિષ્ટ થતી નથી તો દ્રૌપદીને વિષે કોપ ઉપજવો એ તો કેવળ અસંભાવ્ય છે. એમ છતાં કવિએ તો વર્ણ્યુંજ છે ત્યારે આપણે એમ માની લઈએ છીએ કે સુભદ્રા કૃષ્ણની બેહેન હોવાથી પોતાની બેહેનને પટરાણી પદી મળે માટે કૃષ્ણે કપટ કરીને આ ઘાટ ઉઠાવ્યો છે અને ભવિષ્યમાં અર્જુન કૃષ્ણનો દોરવાયો દોરવાઈને પોતાનું માન ખંડિત કરશે પણ ખરો, એવી રીતે પોતાપ્રતિ કપટ થયેલું જોઇને તથા ભાવિ માનખંડન તરફ નજર કરીને દ્રૌપદી ક્રોધાવિષ્ટ થઇ ગઈ. દ્રૌપદીનો ક્રોધ અંતર્યામી કૃષ્ણના જાણવામાં આવવાથી તેણે તેણીના શાપમાંથી અર્જુનને બચાવી લેવાની એક યુક્તિ કરી. એ યુક્તિ કવિએ

અઠ્ઠાવીશમા કડવામાં વર્ણી છે. સુભદ્રાને બોલાવીને કૃષ્ણે શીખવ્યું કે તારે પ્રથમ દ્રૌપદીને પગે લાગવું. તેથી પ્રસન્ન થયેલી દ્રૌપદી તને વરદાન આપશે ત્યારે તારે આમ આમ માગી લેવું, વગેરે.

હવે કૃષ્ણ, અર્જુન તથા પાછળ સુભદ્રા, એ ત્રણ જણ દ્રૌપદીના મંદિરમાં પ્રવેશ કરે છે. સુભદ્રા દ્રૌપદીને પગે લાગીને પ્રસન્ન કરે છે એટલે દ્રૌપદીનો ક્રોધ નાશ પામે છે. ઉદાર દ્રૌપદીનું એ વર્ણન કવિએ ઘણું સરસ કર્યું છે. છેવટે જ્યારે સુભદ્રા પોતાનો પુત્ર રાજ્યનો વારસ થાય એવું વરદાન માગે છે ત્યારે કુશળ દ્રૌપદી સમજે છે કે કૃષ્ણનાં શીખવેલાં વચનથીજ સુભદ્રા બોલી છે ને તેથી તે કૃષ્ણને શાપ દે છે કે મારો નિર્વંશ કરવાનું તે ચાહ્યું ત્યારે તારો પણ નિર્વંશ થજો. ઓગણત્રીસમું કડવું એ પ્રસંગની સમાપ્તિ સાથે પૂરૂં થાય છે.

ત્રીસમા તથા એકત્રીસમા કડવામાં સુભદ્રા અને દ્રૌપદીનો સહવાસ વર્ણ્યો છે. એક વખત દ્રૌપદીએ સુભદ્રાને પૂછ્યું કે તું શી રીતે અર્જુનને પરણી? તેના જવાબમાં ભોળી સુભદ્રાએ જે બન્યું હતું તે કહ્યું. તે સાંભળીને દ્રૌપદીએ મર્મ વચનથી મસ્કરી કરી કે ત્યારે એમજ કહેની કે તું તો બાવાનું રૂપ જોઇને તેની સાથે નીકળી ગઇ! આ વચન રૂપી બાણથી સુભદ્રાનું હૃદયમર્મ વીંધાઇ ગયું તથા તેણે તે વાત અર્જુનને વિદિત કરી. અર્જુને દ્રૌપદીનો ગર્વ ટાળવાને અને તેને મેહેણું દેતી ખાળવાને પોતે અલૌકિક યોગીનું સ્વરૂપ લેઇ દ્રૌપદીની ગૃહવાડીમાં છાનામાના પ્રવેશ કર્યો અને ત્યાં એક ઝાડતળે તે મોટા ડોળથી બેઠો. કેટલીક વારે દ્રૌપદી વાડીમાં ગઇ ત્યારે આ અદ્ભુત રૂપવાળા યોગીંદ્રને જોઇને તે ચકિત થઇ ગઇ! યોગીને પૂછતાં યોગીએ જણાવ્યું કે દેવલોકમાં મારો નિવાસ છે; મૃત્યુ લોકની લીલા જોવાને અંતરિક્ષ માર્ગે હું અહીં આવી બેઠો છું, પણ અમારા અમર વૈભવ આગળ મૃત્યુ લોકોનો વૈભવ કાંઇ ગણનામાં નથી; અમારે ત્યાં જરા નથી, મરણ નથી, દુઃખ નથી, શોક નથી, ભય નથી, ચિંતા નથી, ક્ષુધા નથી, તૃષા નથી, પણ સદૈવ ઈચ્છામાં આવે તેવા સુખભોગ છે. આ સાંભળીને તથા વિશેષે કરીને આ બાવાના મોહક સ્વરૂપથી મોહ પામીને દ્રૌપદીએ પોતાને તેની સાથે લેઇ જવાને પ્રણીપત કરી, પણ બાવે તેના અર્જુનાદિ વીર પતિઓ સંભારી આપી ના કહી. પતિઓની દરકાર ન કરતાં પણ હું આવવા તૈયાર છું, એવું દ્રૌપદીનું

વચન સાંભળતાં અર્જુને બાવાનો વેષ તજી પોતાનું અસલ રૂપ ધારણ કર્યું એટલે દ્રૌપદી શરરમાઈને ઘરમાં પેશી ગઇ. અને એ દિવસથી સુભદ્રાને મેહેણું દેવાનું તે ભૂલી ગઈ !

સુભદ્રા વગર ઓળખ્યે અર્જુનને પરણી એ પાત્રવર્ણના અસંગત જણાતી હતી તેને સંગત કરવાને આ પ્રસંગ વર્ણ્યો છે એ આપણે પાછળ કહી ગયા છીએ અર્થાત્ અર્જુનમાં રૂપનું અલૌકિકત્વ આણીને સુભદ્રાના દોષનો પરિહાર કર્યો છે. તથાપિ તેમ કરતાં દ્રૌપદી સરખી સતીને ચલાયમાન કરવા જેવું વર્ણવવું ઉચિત નથી. અથવા,

* कन्या वरयतेरुपं, मातावित्तं पिताश्रुतम् ।
बांधवाः कुलमिच्छान्ति मिष्टान्नमितरेजनाः ॥

એ ન્યાયને આગળ કરીને રૂપનો મહિમા વર્ણ્યો હોય તો કોણ જાણે. બત્રીસમા કડવામાં ગ્રંથ લખાયાની મીતિ તથા તે ક્યાં લખાયો વગેરે બતાવી ઉપસંહાર કર્યો છે. એકંદરે જોતાં આ ગ્રંથ વાંચવા જેવો છે. મનુષ્યના સ્વભાવનાં જૂદી જૂદી દશાનાં ચિત્ર આપવાની સાથે કેટલાંક સંસારી ચિત્રો પણ એમાં અતિ રમણિક આપેલાં છે. આખા ગ્રંથમાં અદ્‌ભુત એ પ્રધાન રસ છે. હાસ્ય, રૌદ્ર, વીર, શૃંગાર, એ અંગભૂત રસો છે. સુભદ્રા નાયકા અને અર્જુન નાયક છે. કૃષ્ણ નાયકનો સાહાય છે. અતીતનો વેષ, વગેરે અદ્‌ભુતનાં ઉદ્દીપન છે. તથા જૂદી જૂદી જગોએ વર્ણેલા જૂદા જૂદા ભાવોમાંના કેટલાક અનુભાવ અને કેટલા ભાવો વ્યભિચારીક છે. કોઇસ્ત્રી આવી રીતે બાવા સાથે જતી રહે ત્યારે આપણે તેને નીકળી ગઇ કહીને નિંદવા તૈયાર થઈશું પણ તેવુંજ વર્ણન કરી તેની આપણી પાસે પ્રશંસા કરાવે એ તો કવિજ કરાવી શકે ! કવિ ધારેલી અસર કરવાને કેટલા સમથ હોય છે તેનો કાંઇક ભાસ આ ઉપરથી થાય એમ છે.

---

*કન્યા રૂપને માતા વિત્તને, પિતા વિદ્વતાને, બાંધવો કુળને, અને બીજા લોકો ખાવા પીવાને, પસંદ કરે છે.

रुक्मिणीहरण.

આ પુસ્તકમાં રૂકિમણીહરણ આખ્યાન એજ કવિનું રચેલું દાખલ કરેલું છે. શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના એકાવનમાં અધ્યાયમાં કુંડિનપુરના રાજા ભીષ્મની રૂકિમણી પુત્રીનું હરણ કૃષ્ણે કર્યું તેની કથા છે. એ કથા ઉપરથી તથા હરિવંશ અને કૃષ્ણજન્મખંડ માંની કથાના આધારથી આ આખ્યાન પ્રેમાનંદે લખ્યું છે. દશમસ્કંધનું ગુજરાતી પદ્યબંધ કરતાં પ્રેમાનંદે લગભગ પોણું રૂકિમણીહરણ લખ્યું છે અને પછી તેનો બાકી રહેલો ભાગ તેના શિષ્ય સુંદરદાસે પુરો કર્યો છે. તે ઉપરથી સમજાયછે કે આ રૂકિમણીહરણ કવિએ તેનાથી પેહેલાં લખેલું છે. તેમ છતાં ભાગવતમાં ક્રમે આવેલી કથા ત્યાં વર્ણવવી જોઇએ માટે ત્યાં પણ નવીન રચેલું છે. એકજ કવિના એકજ વિષય પર રચેલા બે ગ્રંથો આપણને આવી રીતે મળી આવ્યા છે તથાપિ તેમાં સરસ નરસની પરીક્ષા કરવી એ કોઈ વિરલ રસજ્ઞનું કામ છે એમ માની અમે તે વાત બાજુપર રાખી છે. અમે તો જે રૂકિમણીહરણ આ પુસ્તકમાં દાખલ કર્યું છે તેનુંજ વિવેચન સંક્ષેપમાં કરીએ છીએ. રીતિ પ્રમાણે મંગળાચરણ કરીને કવિ, મથુરામાં જરાસંધથી જાદવો નાઠા અને તેમણે દ્વારકા વસાવી તે વખતથી કથાનો આરંભ કરે છે. બળભદ્ર પરણ્યા સિવાય કૃષ્ણનું લગ્ન વર્ણાય એ લોકવ્યવહારથી ઉલટું છે, માટે સંક્ષેપમાં રેવતી સાથે બળરામના વિવાહનું પણ કથન કરી પેહેલું કડવું સમાપ્ત કર્યું છે.

બીજા કડવામાં કવિ આખ્યાનનો ઉપક્રમ કરેછે. પ્રથમ રૂકિમણી કોણ છે તે શ્રોતાને વિદિત કરી સંક્ષેપમાં તેનું રૂપ, લક્ષણ અને તેનો અંબિકા પૂજવાનો અભ્યાસ વર્ણે છે. એક વખત નારદ ભીષ્મક રાજાને ઘેર આવેછે અને તે ભીષ્મકની પુત્રી પરણાવવાની ચિંતા જોઈ કૃષ્ણનું વર્ણન કરેછે. તે ઉપરથી ભીષ્મક નારદ મુનિને નાળિયેર આપીને કૃષ્ણનો વિવાહ કરવામોકલે છે. કૃષ્ણના ગુણવર્ણનથી મોહિત થયેલી રૂકિમણી પણ ઋષિ સાથે એક છાનો સંદેશો કાહાવે છે. મુનિ દ્વારકામાં જઈ કૃષ્ણને મળે છે, નાળિયેર આપેછે અને રૂકિમણીનો સંદેશો તેમને કહેછે. મુનિએ ધાર્યું હતું કે હું વિવાહ કરવા આવેલોછું માટે શ્રી લોભી કૃષ્ણ મને બહુ માન

પુરઃસર પૂજશે પણ કૃષ્ણ તો જાણતા હતા કે રૂકિમણી એ લક્ષ્મીજીનો અવતાર છે અને તેથી મારી અર્ધાંગના છે, માટે મુનિનાં વચન સાંભળીને તેમને કાંઇ વિસ્મય થયેલો ઋષિના જોવામાં આવ્યો નહિ; પણ ઉલટું, કૃષ્ણ તો રૂકિમણીનાંજ વખાણ કરવા મંડી ગયા. પોતાનો આમ અનાદર થયેલો જોઇને મુનિ રીસાયા અને કૃષ્ણનો વિવાહ ફોક કરીને એક મોટો જંગ મચાવી તેની મઝા જોવાનું પસંદ કર્યું.

બીજા કડવામાં નારદ મુનિએ જે કાર્ય કર્યું તેનું વર્ણન છે. રીસાયલા ઋષિ ગંધર્વનું રૂપ લેઇને કુંડિનપુર ગયા અને ભીષ્મકના પુત્ર રૂકમીને ભમાવીને કૃષ્ણના શત્રુ શિશુપાળ સાથે રૂકિમણીનો વિવાહ કરાવવાનો વિચાર કર્યો પણ રૂકમી મોસાળ ગયો હતો માટે મુનિ પણ તે તરફ વળ્યા. માર્ગમાં રૂકમીને આવતો જોઇને તેમણે શિશુપાળના ગુણનો રાગ આલાપ્યો. રૂકમી તેથી ભમ્યો અને નારદ મુનિ સાથે શિશુપાળને નાળિયેર મોકલ્યું. ઘેર આવેલા રૂકમીએ જ્યારે જાણ્યું કે બાપે જાદવોમાં વિવાહ કર્યો છે ત્યારે પોતે બાપનો કરેલો વિવાહ ફોક કરવાને જાદવોનાં ભૂડાં બોલવા લાગ્યો અને એવી રીતે બાપ દીકરા વચ્ચે કજિયો થયો. આખરે પોતાની સ્ત્રીના કહેવાથી હારેલા ભીષ્મકે પોતાની હઠ છોડી દીધી અને રૂકિમણી સંબંધી બધો કારભાર રૂકમીને સોંપી દીધો.

ચોથા કડવાથી કવિએ સ્ત્રીઓને ગાવા લાયકના વિવાહના રાગ પંસદ કર્યા છે. શિશુપાળને ખબર મોકલ્યા પછી રૂકમી મંડપ રચાવે છે અને ચીતરાવેછે પણ તેમાં વિઘ્નરાજ ગણપતિને ભૂલી જાય છે. આગળ થનાર વિઘ્નનું આ પ્રમાણે બીજ રોપીને કવિ મંડપનું વર્ણન કરેછે તથા જુલમી રાજાના વિવાહમાં ગરીબ રૈયતનો કેવો મરો થાય છે તેનું સ્વરૂપ ચીતરે છે.

ભાઇએ પોતાને અણગમતા શિશુપાળ વેરે વિવાહ કર્યો જાણીને રૂકિમણી ચિંતાગ્રસ્ત થાય છે તથા એક હરિભટ નામે વૃદ્ધ બ્રાહ્મણ જે પોતાને અંબાપૂજન કરાવવા આવતો હતો તેને છાનો પત્ર લખી આપીને દ્વારકા મોકલે છે.

હરિભટ દ્વારકા જવા નીકળે છે તે વર્ણન પાંચમા કડવામાં છે. ભાગવતમાંના રૂકિમણીહરણમાં હરિભટનું વર્ણન રમુજી છે. હરિભટ થોડેક સુધી

જઇને થાકી જાયછે અને એક વૃક્ષ તળે ઊંઘી જાય છે. ત્યાંથી કૃષ્ણ યોગમાયાના બળથી તેને દ્વારકામાં આણે છે. યોગમાયાના બળથી એમ અચિંત્ય કાર્ય બનેછે તેના પૂરાવા તરિકે અહીં કવિએ બીજાં પણ દ્રષ્ટાંતો આપ્યાં છે. દ્વારકામાં ગયેલા હરિભટ જાગેછે. કવિએ અહીં હરિભટનો વિસ્મય સંક્ષેપમાં વર્ણ્યો છે. હરિભટને હરિનો મેળાપ થાયછે તથા તે તેમને શિશુપાળ વગેરેની સઘળી હકિકત વિદિત કરી રૂકિમણીનો પત્ર આપે છે.

હરિભટની મુલાકાત હરિએ ગુપ્ત રીતે કરી હતી પણ બળરામની સ્ત્રી રેવતી ભીંતમાંના એક જાળિયામાંથી સઘળું જોતી હતી. છઠ્ઠા કડવામાં રૂકિમણીનો પત્ર છે. આ પત્ર વાંચવા જેવો છે એમાં ભગવાનના અવતારોનું વિનય પૂર્વક વર્ણન કરી 'તે તે અવતારોમાં હું તમારી સાથે હતી અને હવે આજ કેમ સંભારતા નથી' એમ વર્ણવ્યું છે, તેના બદલામાં પ્રથમ નારદે હરિને તેજ વાત કેવા રૂપમાં કહી હતી તે આ પત્ર વાંચ્યા પછી નારદે કહેલો સંદેશો વાંચવાથી માલમ પડશે. રૂકિમણી લખે છે કે,—

" જળમાં તે મત્સ્ય દેહ ધરી, હું નાથ નાવ શિર કરી;
બે મળીને બીજ રાખિયું, ફરી ખાટું તૂરૂં નવ ચાખિયું;
તે પ્રીતિ કેમ ગયા વીસરી.

ઇત્યાદિ. ઇત્યાદિ. ઈત્યાદિ.

ત્યારે નારદે શું કહ્યું તે જુઓ; તે કહેછે કે,—

" કાવ્યું છે તુજ નારીએ, તું મચ્છ કચ્છ વરાહ વામન !!
પરશુરામ શ્રીરામ પ્રભુ, વિઠલ વેગે કરોની સા'ય " ઇ૦.

કવિએ નારદને મિતાર્થ ભાષી દૂત જેવા કાંઈક વર્ણ્યા છે અને હરિભટને નિસૃષ્ટાર્થ દૂત જેવા વર્ણ્યા છે. પત્રમાં ગૂઢ અર્થની રચના કરી છે. પોતાનું નામ હરિને જણાવવાને રૂકિમણી લખે છે કે,—

" ઋષિકેશમાંથી બે કરી, તે અર્ધ શિર મૂકો મણિ;
તે મણિને ચિંતા ઘણી, તું ચપળ ચોંપે કર પરી;
તે પ્રીતિ કેમ ગયા વીસરી" !!

અર્થાત્ રૂક્મિણીની ચિંતા દૂર કર. એજ પ્રમાણે પોતાનું હરણ કરવાનું, હરણ કરવાનું સ્થાન અને સમય સુદ્ધાં પણ પત્રમાં સૂચવ્યું છે. જેમ,—

" ગજરાજ મુખે મોદક ધરે, પછે શ્વાન પૂઠળ શો એક શું કરે;
તે પ્રીતી કેમ ગયા વીસરી."

" વૈશાખ સુદી હરિ પર્વણિ, ગુરૂવાર કૃપા અંબાતણી;
ત્યાં જુગતે શું ભેળાં ભળી, જાયે હંસસુ હંસાવળી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. "

ઇત્યાદિ. પત્ર વાંચીને હરિ છાનામાના હરિભટને લેઇને રથ જોડાવી કુંડિનપુર તરફ નીકળી પડેછે. રેવતી આ વાત બળદેવને ખબર કરેછે તે ઉપરથી બળદેવ સેના લેઈને પાછળ જાયછે. નર્મદા કાંઠે કૃષ્ણને મળેછે તથા ત્યાંથી સર્વ કુંડિનપુર જઈને રૂકમીની રંગવાડીમાં ઉતરે છે.

આઠમા કડવામાં કવિએ હરિભટના ગયા પછી રૂક્મિણી લગાર સ્વસ્થ થઈ એવું વર્ણન કર્યું છે. લગ્ન દિવસ નજીક આવ્યો તથાપિ હરિભટ પાછા ન આવ્યા તેથી રૂક્મિણીને ઘણી ચિંતા થાયછે. એવામાં હરિભટ આવે છે અને અધીરી રૂક્મિણીને થોડે થોડે હકીકત આપેછે. છેવટે બધી હકીકત મળવાથી રૂક્મિણી ખુશી થાય છે.

નવમા કડવામાં શિશુપાળની સેનાનું તથા તેની સેનાથી ભીષ્મકના નગરના થતા અનાડતું વર્ણન છે. દસમા કડવામાં ભીષ્મક યાદવોનું સન્માન કરવા જાયછે તેનું વર્ણન છે. ભીષ્મક કૃષ્ણની સ્તુતિ કરેછે ત્યારે રૂકમી તેમને આવ્યા જાણીને તેનો તિરસ્કાર કરેછે. અગિયારમા કડવામાં શિશુપાળને સ્ત્રીઓ કલવો ખવરાવવા જાયછે તેનું વર્ણન છે.

એક પાસથી શિશુપાળને કલવો જાય છે ત્યારે બીજી પાસથી રૂક્મિણી અંબિકાને પૂજવા જાય છે. કવિ અહીં રૂક્મિણીના રૂપનું મોહક વર્ણન કરે છે. રૂક્મિણીનું યાદવોથી રક્ષણ કરવાને રૂકમી ઘણીક સેના સાથે મોકલે છે તથા સાવધ રહેવાની સખત તાકીદ કરે છે. રૂક્મિણી અંબિકાના

દેવળમાં જઇને માતાજીની બહુ આતુરતાથી પ્રાર્થના કરે છે ત્યારે માતાજી તેને એક યુક્તિ બતાવે છે.

તેરમા કડવામાં માતાજી દાસી રૂપ ધરીને રૂકિમણીનો સોનાનો થાળ લેઇને જાણે હાસ્યવિનોદ કરતી હોય તેમ નાસે છે અને રૂકિમણી તેની પાછળ પડે છે. બીજી સખીઓ કોણ હારે છે અને કોણ જીતે છે તે જોવામાં મગ્ન થઇ ઊભી થઈ રહે છે. રક્ષકો પણ આ ગમત જોવામાં તથા રૂકિમણીના દોડતી વખતે ઉઘાડા થયેલા રૂપમાં મગ્ન થઈ જઇને તેને અટકાવતા નથી. એવામાં ભારે વંટોળિયો ચઢી આવે છે તેથી બધાંનાં નેત્ર પૂરાઇ જાય છે તથા સઘળે અંધકાર થઈ રહે છે. એ વંટોળિયામાં કૃષ્ણનો રથ આવી પોહોચે છે અને રૂકિમણીનું હરણ થાય છે.

ભાગવતમાં માત્ર સુંદરદાસે એટલુંજ લખ્યું છે કે રૂકિમણીના રૂપથી રક્ષકો મોહ પામી ગયા તેથી કૃષ્ણ હરણ કરી ગયા પણ તેગણે જાણ્યું નહિ. તેના કરતાં પ્રેમાનંદે આ વર્ણન ઘણું સંભવિત અને ઘટે તેવું કર્યું છે. અંબિકાએ દાસી વેષ લીધો એમ કહેવાને બદલે પ્રથમથી સાધી રાખેલી કોઇ દાસીએજ તેમ કર્યું, એમ વર્ણવ્યું હોત તો પણ ચાલત. જે ઊણપ સારા સારા આખ્યાન લખનારા મટાડી શકયા નથી તે આમ પ્રેમાનંદે ઘણી અદ્દભુત યુક્તિથી દૂર કરી છે !

ઘણીવારે રૂકિમણીને પાછી ન આવી તેમ જોઇને તથા દૂર કૃષ્ણનો રથ જોઇને રૂકિમણીનું હરણ થયું એમ રક્ષકો સમજે છે અને તેથી તેઓ બૂમો પાડતા નગરમાં જાય છે. શિશુપાળ તો આ વાત સાંભળીને મૂર્ચ્છા પામી જાય છે, પણ જરાસંધ વગેરે રાજાઓ યાદવો સાથે યુદ્ધ કરીને પણ રૂકિમણી આણી આપવાનું કહી તેને શાંત કરે છે.

ચૌદમા કડવામાં શિશુપાળના યોધ રંગવાડીને ઘેરી લે છે અને યાદવો સાથે યુદ્ધ કરે છે, તેનું વર્ણન છે. પંદરમામાં બળરામના વિશ્વરૂપનું વર્ણન છે. આ જગોએ કવિએ વીરરસ વર્ણ્યો છે તથાપિ વીર કરતાં તેને રૌદ્ર કહેવો વધારે ઠીક લાગે એવું વર્ણ છે. દ્રૌપદીહરણમાંના જયદ્રથ-પાંડવોના યુદ્ધની પેઠે અહીં પણ રણભૂમિમાં રૂધિરની નદીનું એક સર-

સ રૂપક વર્ણ્યું છે. જાદવોનો જય થયા પછી કેટલાક આપ વડાઈ કરનાર જાદવ પોતે પરાક્રમ કર્યું એમ કહી ફૂલે છે તેમને માટે બળરામ એક અદ્ભુત યુક્તિ કરે છે કે જેથી તેમનું પાણી જણાઈ આવે છે. બળરામ કહે છે કે હજી તો ભારે સંગ્રામ થવાનો છે માટે શૂરવીર હોય તે આગળ પડો. એ સાંભળીને યાદવો મોટાઈ મૂકીને ધીમા પડે છે.

સોળમા કડવામાં શિશુપાળના શોકનું તથા તેના મિત્રોએ કરેલા સાંત્વનનું વર્ણન છે. શિશુપાળની નેવુ અક્ષૌહિણી સેના મારી ગઇ અને પાંચ અક્ષૌહિણી માત્ર બાકી રહી તે લેઇને પોતાને તે ઘેર ચાલ્યો જાય છે, પણ હજી રૂકમીનો ક્રોધ સમાતો નથી તેથી તે પોતાની સેનાને પાછળ મૂકી-એકલો કૃષ્ણના રથની પાછળ દોડે છે અને કૃષ્ણના રથને પકડી પાડી તેને તિરસ્કારનાં વચન કહેવા લાગે છે. કૃષ્ણ તેને સામા તેવાજ ઉત્તર આપે છે. કૃષ્ણ અને રૂકમીનાં પરસ્પરનાં મેંહણાંનું વર્ણન આ વિનોદી કવિએ રમૂજી ભાષામાં કરેલું છે, અને તે વાંચનારને બહુ ગમ્મત આપે તેવું છે. છેવટે રીસે ભરાયલા રૂકમી અને કૃષ્ણનું યુદ્ધ થાય છે તેમાં કૃષ્ણ રૂક્મિણીની વિનંતિ સાંભળીને રૂકમીને ન મારતાં બાંધે છે અને તેની અનેક પ્રકારે હેલના કરે છે. છેવટે રૂક્મિણીના અશ્રુપાતથી તથા બળદેવ આવી પોહોચ્યા તેના કહેવાથી તેને માથે તરવારવતે પટા પાડી તેને જતો મૂકે છે. રૂકમીએ પ્રતિજ્ઞા કરી હતી કે બેનને પાછી ન વાળી લાવું તો નગરમાં પેસવું નહિ માટે તે નવું નગર વસાવીને ત્યાં રહે છે.

સત્તર અને અઢાર કડવાં એમ પૂરાં થઇ ગયા પછી ઓગણીસમા કડવામાં કૃષ્ણ દ્વારકામાં ગયા તેનું તથા કૃષ્ણના વરઘોડાનું વર્ણન છે. વર માંયરામાં આવ્યા પછી કન્યા પધરાવવાનો વખત થાય છે તે વખતેનું વર્ણન કરતાં કવિ લખે છે કે,—

" આવી સુભદ્રાજી બોલિયાં, આનંદ શુ રે;
વહુજી ક્યાંરે વિસાર્યો બાપ, વિવાહ ગોવિંદશુ રે.
વળી તમને કેડે તે કોણ બેસારશે, આનંદશુ રે;
ભાઇનો મૂકોને અભિલાષ, વિવાહ ગોવિંદશુ રે. "

નણંદનાં આ વચન સાંભળીને રૂકિમણીને બહુ ઓછું આવે છે તથા તેની આંખમાંથી આંસુ આવે છે. તે કહે છે કે જ્યારે બીજો બાપ ને ભાઇ કરીશ ત્યારે મંડપમાં આવીશ. એમ થવાથી સહુ સુભદ્રાને ઠપકો આપવા માંડે છે અને લગ્નનું કામ અટકી પડે છે.

વીસમા કડવામાં કવિ તરતજ તેનો તેની હમેશની ચમત્કાર ઉપજાવે એવી યુક્તિથી આ અડચણનો નિકાલ કરી દે છે. રૂકિમણીના ખેદનું કારણ બ્રહ્મલોકમાં જણાઇ જાય છે તેથી જગત્પિતા બ્રહ્મદેવ અને જગત્માતા સાવિત્રી દોડી આવે છે. કવિ આ પ્રસંગનું વર્ણન સ્ત્રીઓની મધુરી ભાષામાં અને છટામાં એવું સરસ કરે છે કે એકાદ પાષાણુ પણ તેથી પીગળી જાય! રૂકિમણી સાવિત્રીને જોઇને તેને પગે લાગી વિનતિ કરે છે તે વર્ણવતાં કવિ લખે છે કેઃ-

" મારૂં મૈયર વિદર્ભ દેશ રે,
પ્રભુ મને ધૂતી લાવ્યા પરદેશ રે;
જે કો માત તાતને મૂકી જાશે રે,
તે નારી ઘણું લા'ણે લેવાશે રે.
માતા મારી પુત્રી કહીને બોલાવો રે,
તમે કો'ને બ્રહ્માજી પાસ કે'વડાવો રે;
સાવિત્રીએ લીધી હૃદયા સાથે રે,
પુત્રી પો'ચી આશા સાહી નાથે રે. ઇત્યાદિ."

લગ્નનો વિધિ પૂરો થયા પછી એકવીશમા કડવામાં કૃષ્ણે જાન જમાડી તેનું વર્ણન છે. અન્નપૂર્ણાને તે કામ હરિ સોંપેછે. કૃષ્ણ જાંદરણીઓમાં પીરસવા જાયછે અને જાંદરણીઓ તેમની સાથે વિનોદ વચન બોલેછે. સત્રાજિતની પુત્રી સત્યભામા તે વખતે કુંવારી હતી તે પણ જાંદરણીઓમાં જમવા આવી હતી. તે રૂપગર્વિતા હતી માટે કૃષ્ણે તેની સાથે હાસ્યવિનોદ કરતાં તેનો ગર્વ મટે એવાં વચન કહી તેને પરણવાનું વચન આપ્યું. એ પછી જાન વિદાય થયાનું વર્ણન છે.

બાવીસમા કડવામાં કવિએ રૂપક, ઉત્પ્રેક્ષા, અને અપન્હુતિ, વગેરે અલંકારોનો જાણે ભંડાર ભર્યો છે. હરિ પરણીને આવેછે તેનું નગરની

સ્ત્રીઓ દ્વારા કવિએ વર્ણન કર્યું છે ત્યાં એ રચના કરીછે. એક બે ઉદાહરણ અમે અહીં આપત પણ વિસ્તાર ભયથી વાંચનારને તે ગ્રંથમાંથીજ જોવાની ભલામણ કરીએ છીએ.

ત્રેવીશમા કડવામાં કાંકણ દોરા છોડવાનું વર્ણન અને તે સંબંધી સ્ત્રીઓનાં ગીત કહેલાં છે, સ્ત્રીઓ ગાતાં ગાતાં કૃષ્ણને ગોપીઓનો સ્નેહ સંભારી આપે છે તે સાંભળીને કૃષ્ણને મૂર્ચ્છા થાય છે. ચોવીશમા કડવામાં સગાંવાહાલાંનો ગભરાટ અને માનતા ઉપચાર વગેરે લૌકિક રૂઢી વર્ણવી છે. છેવટે રેવતી મૂર્ચ્છાનું ખરૂં કારણ સમજીને દિયરને બોધ કરે છે. કૃષ્ણ સાવધ થઇને બળભદ્રને ગોકુળ મોકલવાનો ઠરાવ કરી નિવૃત્ત થાય છે.

પચીશેમા કડવામાં રૂક્મિણીના થોડાક આચાર બતાવી કવિ તે દ્વારા સ્ત્રીઓને ઉત્તમ વર્તનનું સૂચન કરે છે. એ જરૂર સ્ત્રીઓએ વાંચવા જેવા છે. કવિ લખે છે કે:—

"પ્રાતઃકાળે ઉઠી પદ્મિની, ગોમતી જળમાં ના'ય જી;
અંબાજીનું પૂજન કરીને, શિવદર્શનને જાય જી.
ગુરૂસેવા વિપ્રને દક્ષિણા, આપવું અતીતને અન્ન જી;
ઘરનાં કામ કરે થાય તેવાં, સાચવે સાસુનું મન જી.
પિયુ સાથે પતિવ્રતા રહેવું, નિત્ય જેઠને પાવલે નમવું જી;
ઘરડાંની મર્યાદે રે'વું, આજ્ઞા માગીને જમવું જી. ઇત્યાદિ.

છેવટે રૂક્મિણીના રૂપનું વર્ણન. અને પતિપત્નીના સુખવિલાસ વગેરે સાહિત્ય શાસ્ત્રાનુસાર વર્ણીને ગ્રંથ સમાપ્ત કર્યો છે.

આ બન્ને આખ્યાનોમાં વર્ણનના અનેક પ્રસંગ છે, જેમાંના કેટલાક પ્રસંગો તો ખરેખરા રસમય વર્ણાયા છે. કોઇ કોઇ જગોએ વસ્તુ સંકલનામાં કવિનું સ્ખલન દેખાય છે પણ તે પુરાણો પર આપણે દૃષ્ટિ ન કરીએ ત્યારેજ દેખાય છે.કેમકે પુરાણોને અનુસરીને આ આખ્યાન લખાયલાં છે. પ્રેમાનંદ મહાકવિના ગ્રંથોને વખાણવા એ સૂર્યના પ્રકાશને બતાવવાને દીવો ધરવા જેવું છે તથા વખોડવા એ સૂર્યની ખામી કાઢનારા ઘૂડ થવા બરોબર છે, માટે તેના ગ્રથનો નિષ્કર્ષ ઉપર આણી અમે રસજ્ઞોની આગળ નિવેદન કર્યો છે.

श्रीजगदीश्वरायनमः

प्रेमानंदकृत

सुभद्राहरण.

કડવું ૧ લું.

રાગ કેદારો.

શ્રીગણપતિ અને ગુરૂ રાય, હું સ્તવું સુત ગિરિજાય;
જેથી વિઘ્નરહિત વાણી મળે રે. ૧

હંસવાહની હે સરસ્વતી ! દેવી ટાળો મારી દુર્મતિ;
મુજ મૂઢપણું તમથી ટળે રે. ૨

---

૧ સ્તવું—સ્તુતિ કરૂં. સુત ગિરિજાય—ગિરિજા(પાર્વતી)ના સુત—ગણપતિને. સ્તવન કરવાનું કારણ કહે છે: જેથી ૪૦—સ્પષ્ટ છે. ગણપતિને સઘળાં વિઘ્નોના રાજા માનીને કવિઓ તેમને વિઘ્નરાજ નામે દેવ કહે છે અને તે કારણથી કોઇ પણ કાર્ય નિર્વિઘ્ન સમાપ્ત થવાગાટે વિઘ્નરાજ ગણપતિની સ્તુતિરૂપ મંગળાચરણ કરવામાં આવે છે. પ્રત ૨ જીમાં આ પ્રમાણે છે:—" શ્રી ગુરૂ ગણપતિના ગુણ ગાય, સ્તવન કરૂં ગિરિજાપતિ રાય; વિદ્યા વાણી તમથી જડે રે. " અર્થ સ્પષ્ટ છે.

૨ ગણપતિની સ્તુતિ કર્યા પછી વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની પ્રાર્થના કરે છે: હંસવાહની ૪૦—સ્પષ્ટ છે. મુજ ૪૦—ઇચ્છુંછું માતા મૂઢમતિ, તમો લાડ લડાવો રે " (પાઠાંતર. પ્ર. ૨)

ઢાળ.

મૂઢપણું તમવડે ટળશે, કરો મુજને સાર;
દીન જાણી દયા આણી, મુજને ઉતારો પાર. ૩
હંસવાહની હસિતવદની, આદ્ય તારૂં સ્મર્ણ;
શુદ્ધ કૃપા સરસ્વતી કરો તો, કહું સુભદ્રાહર્ણ. ૪
મહાભારતે આદિપર્વ છે, જેમાં પાંડવનાં ચરિત્ર;
શ્રોતા શુદ્ધ મને સાંભળો તો, દેહ થાય પવિત્ર. ૫
રાય જનમેજયે યજ્ઞ કર્યો, ત્યારે વર્યા ત્યાં દ્વિજરાય;
રાયહત્યા અષ્ટાદશ લાગી, આવી વળગી કાય. ૬
ત્યારે મા'રાજાએ મન વિચાર્યું, આ તો થયો અધર્મ;
દ્વિજહત્યા મારે શિર બેઠી, એ છૂટીશ ક્યાં કર્મ. ૭
એવું વિચારી સર્વેને પૂછી, પાપ ગયાની પેર;
વૈશંપાયન આવીઆ, એવે જનમેજયને ઘેર. ૮
પરીક્ષિત્‌પુત્રે પગ પખાળી, આપ્યું પવિત્રાસન;
અર્ઘ્ય પાદ્યે કરી પૂજા, બોલ્યા ભૂપ વચન. ૯
મહામુનિ મેં માઠું કીધું, જે માર્યા બ્રહ્મઋષિરાય;
તે પાપ મારૂં સર્વે નાસે, તેવો કરો ઉપાય. ૧૦
જનમેજયનાં વચન સુણી, ઋષિ વદે તેણી વાર;
મહાભારત સાંભળતાં રાજા, ઉતરશો ભવપાર. ૧૧

---

૩ સાર—અર્થાત્ સાહાય. પ્રત ૨ જીમાં " તમવડે ઇચ્છું છું માતા મારી, (તે) કરો મુજને સાર; દીન જાણી દયા આણી, (મુજને) આપો એ આધાર. " એવો પાઠ છે.

૪ હસિતવદની—હાસ્યયુક્ત મુખવાળી. પ્ર ૨ જીઃ—હસિત હરિવદની—હાસ્યયુક્ત ચંદ્રજેવા મુખવાળી. (હરિ—ચંદ્ર). ૮ વૈશંપાયન—વ્યાસના શિષ્ય. ૯ પરીક્ષિત્‌પુત્ર—જનમેજય.

વેદવ્યાસની વાણી ઉત્તમ, જેનાં પર્વ અઢાર;
તે તુજને સંભળાવું મહીપતિ, થાયે તુજ ઉદ્ધાર. ૧૨
પ્રથમ આદિપર્વ કથા છે, જેમાં વંશાવળિ વિસ્તાર;
સોમ સૂરજ વંશી રાજા, વર્ણવ્યા વિવિધ પ્રકાર. ૧૩
(પછે) તુજ પૂર્વજ પાંડવ જે પ્રકટયા, વળી કૈરવનો પરિવાર;
પ્રથમ કથા તે કહી વિસ્તારી, રાયને સભા મોઝાર. ૧૪
પછે કૈરવે તુજ પૂર્વજને, લાક્ષાગૃહમાં બાળ્યા;
ભક્ત ભગવંતના તે માટે, ત્યાંથી પ્રભુએ પાળ્યા. ૧૫
પછે ત્યાંથી મહાવનમાં ગયા, યુધિષ્ઠિર રાજન;
કુંતા માતા નકુલ સહદેવ, સાથે ભીમ અર્જુન. ૧૬
પછે પરાક્રમ બહુ કીધાં, પ્રતાપ વાધ્યો અનંત;
કૈરવે કપટ ઘણું કીધું પણ, રાખ્યા શ્રીભગવંત. ૧૭
એમ કરતાં દ્રુપદ રાજાના, સ્વયંવરની સુણી ભાળ;
કન્યા દ્રૌપદી વરવા અર્થે, ત્યહાં ગયા ભૂપાળ. ૧૮
શ્રીકૃષ્ણ દેવની દયાથકી ત્યાં, મત્સ્ય વેધ્યો અર્જુન;
પાંચે પાંડવ વર્યા દ્રૌપદી, કુંતા માતવચન. ૧૯

---

૧૨ થાયે ઇ૦—સ્પષ્ટ છે. પ્ર. ૨ જીમાં, "તે કહું તમને ઉદ્ધાર" એવો પાઠ છે, પણ 'કહુ' અને 'સંભળાવુ' એ બેનો એકજ કર્ત્તા હોવાથી એ પાઠ ઠીક લાગતો નથી.

૧૩ સોમ ઇ૦—જેમાં સોમવંશી અને સૂરજવંશી રાજાઓ વિવિધ પ્રકારથી વર્ણ્યા છે, એ અન્વય. ૧૪ કહી—પ્ર. ૨ જીમાં 'કહુ' છે. ૧૫ તુજ પૂર્વજને—પાંડવોને. લાક્ષાગૃહ—લાખ વગેરે જ્વાળાગ્રાહી પદાર્થોથી બનાવેલું ઘર. પાળ્યા—બચાવ્યા.

૧૯ મત્સ્ય ઇ૦—આકાશમાં ટાંગેલી મત્સ્યાકૃતિને જળમાં પ્રતિબિંબ જોઇને જે વીંધે તે દ્રૌપદીને પરણે એવી દ્રુપદની પ્રતિજ્ઞા પ્રમાણે અર્જુને

પે'રામણી ઘણી કરી દ્રુપદ, હરખ્યો કુટુંબ પરિવાર;
પાંડવ પ્રકટ થઇને આવ્યા, હસ્તિનાપુર મોઝાર. ૨૦
પછે અર્જુન ફરી વન ગયા, આરાધવા અશરણશરણ;
વનમાં વશિયા ત્યાર પછે, કર્યું સુભદ્રાહરણ. ૨૧
એવાં વૈશંપાયનનાં વચન સાંભળી, રાય જનમેજય પૂછે;
સુભદ્રાનું કયમ હરણ હવું, કહોને કારણ શું છે. ૨૨
રામ કૃષ્ણની ભગિની કા'વે, જેને જાદવ સરખા સા'ય;
ત્યાં જઇ હરણ કરે કયમ અર્જુન, મુજ મન વિસ્મય થાય. ૨૩
તે કથા કહો વિસ્તારી, આદ્ય અંત મહિમાય;
પરાક્રમ સુણવા પૂર્વજ કેરૂં, મુજ મન છે ઇચ્છાય. ૨૪

વલણ.

ઇચ્છા છે મન અતિ ઘણી, એમ કહી લાગ્યો ચરણ રે;
વદે વિપ્ર પ્રેમાનંદ વર્ણવું, એ સુભદ્રાનું હરણ રે. ૨૫

કડવું ૨ જું.

રાગ કેદારો.

ઋષિ વૈશંપાયન ઉચરે, રાય જનમેજય શ્રવણે ધરે;
સૌથી ઉત્તમ પ્રશ્ન મુને પૂછિયું રે. ૧

મત્સ્ય વીંધ્યો. કુંતા ઇ૦—કુંતા માતાના વચનથી એક સ્ત્રીને પાંચે ભાઇ પરણ્યા. કૌરવોની સામે થવાને પાંચે ભાઇમાં સદાકાળ સંપ રાખવાના હેતુથી રાજમાતા કુંતીએ એવો ઠરાવ કર્યો હશે. પાંડવ–પ્ર. ૨જી માં 'બાંધવ' છે.

૨૦ પ્રકટ ઇ૦—લાક્ષાગૃહમાંથી નાઠા પછી દ્રૌપદીને પરણતાં સુધી કૌરવોથી છાના ફરતા હતા તે.

૨૧ અશરણશરણ—જેને કોઇ શરણે ન રાખે તેને શરણે રાખનાર—હરિ. વનમાં ઇ૦—"વનમાં વનિતા ચાર કરીને" એવો પણ પાઠ છે. ૨૩ કયમ—શી રીતે ? મુજ ઇ૦–" એ વાત આશ્ચર્ય થાય " (પાઠાંતર પ્ર. ૨).

ઢાળ.

ઉત્તમ પ્રશ્ન પૂછ્યું તે રાજા, તેનો કહું મહિમાય;
પરાક્રમ (તુજ) પૂર્વજનાં સુણતાં, પાપી પાવન થાય. ૨
જવ પાંડવ વરિયા દ્રૌપદી, પછે પુરમાં આવ્યા;
તવ નગર લોક સર્વે આનંદ્યા, મુક્તા કુસુમ વધાવ્યા. ૩
નિજ ધામ મધ્યે જઇ બેઠા બાંધવ, પાંચે મળિયા ભાઇ;
અંતરિક્ષ માર્ગે આવ્યા એવે, નારદ મહા ઋષિરાઇ. ૪
નારદજીએ કથા કહી, દ્રુપદતનયાની ત્યાંય;
પરસ્પર પછી અવધિ કરીને, રહ્યા તે ઘર માંય. ૫
કોઇ કોઇના ઘરમાં નવ આવે, પ્રતિજ્ઞા કરી એહ;
બ્રહ્મચર્ય ધરી વનકુળ પે'રી, વન બાર વર્ષ રે' તેહ. ૬
પ્રથમ વારો વડ વીરતણો, જે ધર્મરાય સુજાણ;
એવે મધ્ય નિશાએ દ્વિજ એક આવ્યો, કરતો મહા બુંબાણ. ૭

---

૩ મુક્તા—મોતી. કુસુમ—ફૂલ. ૪ નિજ ઈ૦—" નિજધામ મધ્યે જઇ બેઠા બાંધવ, તે પાંચાલી જ્યાંય; અંતરિક્ષથી એવે આકાશ મારગ, આવિયા ઋષિ ત્યાંય. "(પાઠાંતર).

૫ કથા—દ્રૌપદી ગૌરીનું રૂપ છે અને પાંચ પાંડવ તે શિવનાં પાંચ રૂપ છે માટે તેમણે પ્રત્યેકે વારા ફરતી અમુક કાળ સુધી દ્રૌપદી સાથે રહેવું વગેરે. દ્રુપદતનયા—દ્રુપદ રાજાની તનયા (પુત્રી). અવધિ—કાળની મુદત.

૬ નારદના કહેવાથી અવધિ કરીને શી પ્રતિજ્ઞા કરી તે કહે છે: કોઈ ઈ૦—જેની સાથે દ્રૌપદી રહેતી હોય તેના ઘરમાં બીજા ભાઇએ આવવું નહિ. પ્રતિજ્ઞા તોડનારને દંડ ઠરાવે છે: બ્રહ્મચર્ય ઈ૦—સ્પષ્ટ છે. વનકુળ—વલ્કલ—ઝાડની છાલનાં વસ્ત્ર.

૭ કથાનો આરંભ કરે છે: પ્રથમ ઈ૦—ઉપર કહેલો અવધિ ઠરાવ્યા પછી ભાઇઓના વયના અનુક્રમે વારા કરી પ્રથમ વડ વીરતણો (મોટા ભાઈનો) વારો ઠરાવ્યો. એમના વારામાં જે પ્રસંગ બન્યો તે કહે છે: એવે ઈ૦—સ્પષ્ટ છે.

ધાઓ ધાઓ રે ઋષિજી બોલે, રાજદ્વારે કરતો સોર;
મુજ મઠથકી ધેનુ લઇને, હમણા જાય છે ચોર. ૮
અર્જુને શ્રવણે સાંભળ્યો, તે મહામુનિનો સાદ;
ઋષિની રક્ષા કરવા જાઉં, જો ચોર કરે ઉપાધ. ૯
અર્જુને ત્યાં આયુધ જોયાં, તો તે અંતઃપુર મોઝાર;
યુધિષ્ઠિરઘર વિષે રહ્યાં, હવે કરવો કોણ પ્રકાર. ૧૦
દ્વાદશ વર્ષ વન મનમાં ઇચ્છી, શસ્ત્ર લેઇને ધાયો;
દડબડ દોટડી કાઢી રાજા, ચોર જઈ કર સા'યો. ૧૧
તસ્કર મારી ધેનુ લીધી, તે ઋષિને જઇ આપી;
પારથ મન પસ્તાયો પછીથી, જે અંગ અવિધા વ્યાપી. ૧૨
ભલું બ્રાહ્મણનું કાર્ય કર્યું છે, ક્ષત્રિયધર્મ વિભાગી;
એવું કહી વન જાવા અર્થે, સર્વની આજ્ઞા માગી. ૧૩
પછે પાર્થ વનમાં ચાલિયા, હર્ષ ધરીને મન;
ઋષિ મળ્યા હરિને વાટમાં, સાથે બહુ ઋષિજન. ૧૪
ભગવતકેરૂં સ્મરણ કરીને, ભગવાં ધરિયાં કાય;
વનમાં ફરતા તીર્થ કરતા, સાથે છે ઋષિરાય. ૧૫
એ પ્રકારે બહુ તીર્થ કીધાં, પૃથ્વીનો કાઢ્યો પાર;
ભવિષ્ય પદારથ વન વિષેથી, વનિતા વરિયા સાર. ૧૬

---

૯ ઉપાધ—ઉપાધિ. ૧૦ અંતઃપુર—સ્ત્રીઓને રહેવાનો ઓરડો. કોના અંતઃપુરમાં રહ્યાં તે કહે છેઃ યુધિષ્ઠિર ઇ૦—સ્પષ્ટ છે. ૧૧ દ્રૌપદી સહિત યુધિષ્ઠિર જે ઘરમાં રહેતા હોય ત્યાં જવાથી પૂર્વે કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થતાં બાર વર્ષ વનમાં જવું પડશે, એ વાત જાણતાં છતાં પણ અર્જુન ગોબ્રાહ્મણપ્રતિપાળ ક્ષત્રિયધર્મને પાળવા માટે અંતઃપુરમાં ગયો, તે કહે છેઃ દ્વાદશ ઇ૦—સ્પષ્ટ છે. ૧૨ અંગ—આજ (પાઠાંતર). ૧૪ હરિ—અર્જુન. ૧૫ ભવિષ્ય—થવાકાળ.

પંચ તીર્થની ગ્રાહ ઉદ્ધારી, શોક સમૂળો કાપ્યો;
ઉલૂપિશુ ચિત્રાંગદા વરીને, એક પુત્ર ત્યાં આપ્યો. ૧૭
શેષ નાગને શ્વશુર કરીને, ત્યાંથી થયા વિદાય;
તેર વર્ષ મારે વનમાં રે'વુ, એવું કહીને જાય. ૧૮
ગ્રાહ ઉદ્ધારી ત્યાં ફરી આવ્યા, વળી ગયા મણિપુર મોઝાર;
બભ્રુવાહન સુત પ્રગટ્યો ત્યાં, હર્ષ થયો રાજદ્વાર. ૧૯
આજ્ઞા માગી ત્યહાંથકી, અર્જુને તેણી વાર;
વળી તીર્થ અપરિમિત કર્યાં, કાઢ્યો પૃથ્વીનો પાર. ૨૦
વર્ષ વનમાં થયાં પૂરણ, કરી પ્રતિજ્ઞા જેહ;
વિદાય કીધા ઋષિ માત્રને, જે સાથે હુતા તેહ. ૨૧
આપ આપણે આશ્રમ ગયા, અર્જુનને દઇ આશિર્વાદ;
શુભ વચન ઋષિનાં સાંભળી, હરખ્યા મન કરી આલ્હાદ. ૨૨
અર્જુનના મનમાં ઉપન્યું છે, કૃષ્ણ મળ્યાનું કોડ;
દ્વાદશ વર્ષ રહ્યા વન પૂરણ, તે કૃપા શ્રીરણછોડ. ૨૩
નારાયણનું દર્શન કરવા, અર્જુન દ્વારકા જાય;
વૈશંપાયન વાણી વદે તું, સુણ જનમેજય રાય. ૨૪

વલણ.

સુણ જનમેજય રાય તું, પાર્થ વનવાસ પૂરણ થયો રે;
પછે દ્વારકા વિષે અર્જુન, કૃષ્ણને મળવા ગયો રે. ૨૫

---

૧૭ પંચ તીર્થ ઇ૦—મુનિના શાપથી ઝૂડ થયેલી પાંચ અપ્સરાઓ અર્જુનનો સ્પર્શ થવાથી પોતાના અસલ સ્વરૂપને પામી. (જુઓ મહાભારત, આદિપર્વ, અધ્યાય ૨૧૬). ઉલૂપિ ઇ૦–ઉલૂપિ સહિત મણિપુરના રાજા ચિત્રાંગદની પુત્રી ચિત્રાંગદાને પરણીને. ૧૮ શ્વશુર ઇ૦—(ઉલૂપિનો પિતા કૌરવ્ય ઐરાવત કુળનો નાગ હતો તેથી). મણિપુર—બભ્રુવાહનનું રાજનગર. ૨૦ અપરિમિત—માપ વગરનાં—અનેક. ૨૪ અર્જુન ઇ૦—" અર્જુનને ઇચ્છાય " (પાઠાંતર. પ્ર. ૧ લી.)

કડવું ૩ જું.

રાગ આશાવરી.

વૈશંપાયન વાણી વદે, તું સુણ જનમેજય રાય;
પાર્થ સ્મરણ કરે પ્રભુનું, રહી તે વન માંય. ૧
હર્ષે હરિનું સ્મરણ કરતાં, ચતુર્ભુજ ત્યાં આવ્યા;
અર્જુને અવિનાશી દીઠા, મનમાં મોહન ભાવ્યા. ૨
અન્યોઅન્ય મળ્યા અતિ હર્ષે, દેતા આલિંગન;
કર જોડી કરી પ્રદક્ષિણા, ભાવ ધરી અર્જુન. ૩
(ત્યારે)કુશળ વાર્તા અર્જુનને, પૂછતા પરબ્રહ્મ;
બાર વરસ વનવાસ રહીને, શાં કર્યાં તેં કર્મ. ૪
પછે પારથ વદે વળતા, જુગ્મ જોડી હાથ;
તમે જગતના મનની વાત જાણો, સ્વામી શ્રીજદુનાથ. ૫
તમારી કૃપાથી પ્રભુજી મેં, તીર્થ કીધાં જાણ;
અવતાર સાર્થક થયો મારો, સાંભળો શારંગપાણ. ૬
એમ કહીને સ્તુતિ કીધી, પાર્થે અપરમપાર;
સત્ય વચન સુણી અર્જુન કેરૂં, હરખ્યા વિશ્વાધાર. ૭
પછે ત્યાં થકી સંચર્યા, અર્જુનને અવિનાશ;
પ્રભાસપાટણ વિષે આવી, કર્યો સરસ્વતી નિવાસ. ૮
ત્યાં થકી પ્રભુ સંચર્યા, તીર્થ કરી જદુરાય;
અર્જુનને તીર્થ કરાવવા, ગિરિનાર ગઢ ભણી જાય. ૯

---

૨ ચતુર્ભુજ—ચાર હાથવાળા (કૃષ્ણ). ૪ ત્યારે ઇ૦—(આ કડી પ્ર. ૨ માં નથી). ૫ પછે ઇ૦—(આ કડી પ્ર. ૧ લીમાં નથી). જુગ્મ —બે. ૬ તમારી ઇ૦—" તમારી જ્યાં હોય ઈચ્છા, ત્યાં સદા હોય કલ્યાણ; અવતાર સાર્થક તેહનો," (પાઠાંતર પ્ર. ૨ જી) શારંગપાણ—શારંગ નામે ધનુષ્ય જેના હાથમાં છે એવા (કૃષ્ણ). ૮ સરસ્વતી નિવાસ— સરસ્વતીને કાંઠે નિવાસ.

ત્યાં તીર્થ કર્યાં રહ્યા, પાર્થશું ભગવાન;
દામોદરકુંડ વિષે જઇને, કર્યું અર્જુને સ્નાન. ૯
અર્જુનની અવધી પરિપૂર્ણ, થઇ તે સ્થળે નિર્ધાર;
તીર્થ સર્વ થયાં ત્યાં પૂરાં, વહી ગયાં વર્ષજ બાર. ૧૦
પ્રકટ થાવા પારથે, મન વિમાસ્યું તે ઠામ;
કૃષ્ણ કે' એક વર્ષ રે', આવી અમારે ગામ. ૧૧
ભગવંતના મન વિષે છે, ભગિની સુભદ્રાય;
અર્જુન તેને જો વરે, તો કારજ શુભ થાય. ૧૨
શ્રીકૃષ્ણજીના મન વિષે, વિવા' કર્યાનું મન;
અભિલાષ હરિને મન ઘણો, તે ન જાણે અર્જુન. ૧૩
પછી કૃષ્ણ અર્જુન સંચર્યા, જાવાને નિજગ્રામ;
વાટે જાતાં પાર્થ પ્રત્યે, વદે સુંદરશ્યામ. ૧૪
અર્જુન એક કહું હું તુજને, તે કરજે નિરધાર;
અવધૂત રૂપ ધરી અતીત થઈ, રહેજે નગર મોઝાર. ૧૫
રખે વાત પ્રકાશ કરતા, લોક માનશે ત્યાંના;
અવધૂત રૂપ ધરી તાપસનું, તમે રે'જો (ત્યાં) છાના. ૧૬
કાંઈ કાર્ય તમારૂં થશે, એમ કહે શ્રીનાથ;
અર્જુન મનમાં સમજિયા, એ સુભદ્રાની વાત. ૧૭
વાત કરતા દ્વારિકામાં, આવિયા જદુરાય;
અર્જુનકેરી આજ્ઞા માગી, પ્રભુ મંદિર જાય. ૧૮
ગામ પાદર રહ્યા પારથ, ધરશે અતીતનું રૂપ;
વૈશંપાયન વાણી વદે તું, સુણ જનમેજય ભૂપ. ૧૯

---

૧૪ નિજગ્રામ-દ્વારકા. ૧૫ અતીત—" અતિથિ. ".(પાઠાંતર પ્ર. ૨ ૭). ૧૬ માનશે—અવધૂત ગણીને માન આપશે. ૧૯ પાદર—"પધારી" (પાઠાંતર પ્ર. ૨ ૭).

વલણ.

ભૂપ સાંભળ એક ચિત્તે, પાર્થનાં પરાક્રમ બહુ રે;
ધનંજયે જે સ્વરૂપ લીધું, તે કથા માંડી કહું રે. ૨૦

કડવું ૪ થું.

રાગ સામેરી.

વૈશંપાયન વાણી વદે, સુણ જનમેજય રાજન રે;
પરબ્રહ્મ પુરમાં ગયા પછે, પાર્થ વિમાસે મન રે. ૧
હાવાં હું જાઉં સહી, પુરી દ્વારિકા મોઝાર રે;
પછી સ્વરૂપ સુંદર ધર્યું તાપસ, રાય તું અવિધાર રે. ૨
અદ્ભુત જોગી થયા અર્જુન, સંન્યાસી મહંત રે;
વિભૂતિ અંગે ચઢાવી, સાધુ શિરોમણિ સંતરે. ૩
બાવના ચંદન કર્યાં દ્વાદશ, તેજનો નહિ પાર રે;
જટા બાંધી મસ્તકે, વીંટ્યું પીતાંબર સાર રે. ૪
ભગવાં વસ્ત્રની ગાંઠડી, વ્યાઘ્રાંબર ગજચર્મ રે;
રૂદ્રાક્ષ જડી એક હેમમાળા, અંગે સોહે પર્મ રે. ૫

---

૨૦ ધનંજય—અર્જુન. ૨ અવિધાર—અર્થાત્ સાંભળ—ધ્યાનમાં લે. ૩ અદ્ભૂત—" અવધૂત " (પાઠાંતર પ્ર ૧ લી.) જોગીનું રૂપ વર્ણું છે: વિભૂતિ ઇ૦—સ્પષ્ટ છે. સાધુ ઇ૦–સાધુઓમાં શિરોમણિ સંતરૂપ અર્જુન.

૪ દ્વાદશ-બાર (જગોએ). કપાળ, હ્રદય, નાભિ, ગળું, બે ખભા, બે બાહુ, બે હાથ, પીઠ, માથું, એ બાર જગોએ તિલક કરવાનો સંપ્રદાય છે. વીંટ્યું ઇ૦—" વિદ્યુત "—વિજળીના જેવું. (પા૦ પ્ર૦ ૨ જી).

૫ ગાંઠડી—પોટલી. વ્યાઘ્રાંબર—વાઘનું ચામડું. ગજચર્મ—હાથીનું ચામડું. રૂદ્રાક્ષ જડી—રૂદ્રાક્ષ જેમાં જડેલી એવી.

પીતાંબરનો કાછ કછિયો, માળા મેખળા સાથ રે;
ભસ્મગોળા શંખ ઝોળી, માંહ્ય મૂકયા નાથ રે. ૬
વળી વસ્ત બીજી જોગીકને છે, જોગ માર્ગની જેહ રે;
પોથી પુસ્તક મુદ્રિકા કંકણ, ભર્યાં ઝોળી તેહ રે. ૭
હેમ કડાં કર વિષે કંઠે, માદળિયાંના હાર રે;
વિશાળ છાતી આંખ રાતી, અરૂણ રંગાકાર રે. ૮
હેમ વસ્ત્ર જરકશી મસ્તક, વીટયું છે ચોફેર રે;
કર્ણ ઉપર મૂકયાં છોગાં, રહી લટકતી જરસેર રે. ૯
જટામાં માળા ધરી છે, સૂત્રકેરી સોય રે;
અમર સહુ અંતરિક્ષથી, અર્જુનકૌતુક જોય રે. ૧૦
કર વિષે પીછાં ધરીને, બાવો તત્પર થાય રે;
શ્રીકૃષ્ણનું સ્મરણ કરીને, કરવડો કર સા'ય રે. ૧૧
પાવડી ઉપર ચઢયા પારથ, ગ્રહી છડી કર લાલ રે;
ત્રૈલોકયકેરૂં તેજ આવી, રહ્યું પારથ ભાળ રે. ૧૨
અવધૂત જોગી દેખીએ, જાણે અનંગનો અવતાર રે;
ત્રિપુણ્ડ્ર તિલક લલાટ ઝળકે, અર્ધ ચંદ્રાકાર રે. ૧૩
દ્વારકા ભણી સંચર્યા, પાર્થ કુંતીતન રે;
સ્વરૂપ જોઇ અતીતનું, સહુ અમર કે'તા ધન્ય રે. ૧૪

---

૬ ભસ્મ ઇ૦—ભસ્મનાગોળા અને શંખ ઝોળીમાં તે નાથે (અર્જુને) મૂકયા હતા, એ અન્વય.

૭ જોગી કને છે—" ઝોળી માંહી " (પા૦ પ્ર૦ ૨ જી). તે વસ્તુનાં નામ કહે છે: પોથી ઈ૦—સ્પષ્ટ છે. મુદ્રિકા—છાપો.

૮ અરૂણ ઈ૦—અરૂણોદયના રંગના જેવી. ૯ જરસેર—ઝવેરનીસેર-મોતીના તોરા. ૧૦ અમર—દેવ. અર્જુન કૌતુક—અર્જુનનું કૌતુક. ૧૩ અનંગ—કામદેવ. ત્રિપુણ્ડ્ર—આડી ત્રણ રેખાઓનું તિલક.

માણમાણે ચાલે બાવો, ભરે હળવાં ડગ રે;
માનવના શા આશરા, તે દેખી મોહ્યા ખગ રે. ૧૫
ગોવાળિયા ગૌ સહિત મોહ્યા, પશુ મોહ્યા હાર રે;
બાવાજીનું રૂપ દેખી, રહ્યા ચરતા ચાર રે. ૧૬
અર્જુન આવી ઊભા રહ્યા, નગરકેરે દ્વાર રે;
બાવાજીનું રૂપ દેખી, મોહ્યો સૌ સંસાર રે. ૧૭
પ્રજા સહુ કોઇ વિમાસે, કૈલાસનો એ ભૂપ રે;
કે ઈંદ્ર બ્રહ્મા વિષ્ણુએ, સર્વથા ધરિયું રૂપ રે. ૧૮
જે આવે તે ઊભો રહે, બાવાનું કરે દર્શન રે;
નર નારી આવે વધાવે, મુક્તા પુષ્પ પરજન્ય રે. ૧૯
ચિત્રની પેરે સહુકો જુએ, (પણ) મુખે કોણે ન બોલાય રે;
તમો ક્યાંથી આવ્યા ક્યાં જશો, એમ કોઈએ નવ પૂછાય રે. ૨૦

વલણ.

કોણે મુખ બોલાય નહિ, ત્યાં મળ્યા ઝાઝા લોક રે;
દર્શન કરવા બાવાજીનું, પ્રજા ઊભી થોકેથોક રે. ૨૧

કડવું ૫ મું.

રાગ ગોડી.

વૈશંપાયન વાણી વદે, જનમેજય અવિધાર રે;
પુરદ્વારે બાવોજી ઊભા, અતીત રૂપે સાર રે. ૧

---

૧૫ માણમાણે—અર્થાત્ અત્યંત ધીમા. ખગ—આકાશમાં ગમન કરનાર પક્ષી. ૧૬ હાર-હારાઢોર. ૧૮ વિમાસે—વિચાર કરે. કૈલાસનો ભૂપ—મહાદેવ.

૧૯ નર ઇ૦—પુરૂષ અને સ્ત્રી જે બાવાની પાસે આવે તે તેને મોતી અને પુષ્પથી વધાવે છે, તેથી મોતી અને પુષ્પનો પરજન્ય (વરસાદ) થવા લાગ્યો હતો. ૨૦ જોગીનું તેજસ્વીપણું વર્ણે છેઃ ચિત્રની ઈ૦—સ્પષ્ટ છે.

પ્રજા સહુકો જોવા ઊભી, બાળક ને નર નાર રે;
સર્વકો મોહ પામિયાં માનવ, દ્વારકા મોઝાર રે. ૨
જેણે જોયા તે સહુ મોહ્યા, જાદવના બહુ સાથ રે;
ચિત્રની પેરે ઊભા રહ્યા છે, સર્વકો જોડી હાથ રે. ૩
તેવામાં એક જાદવ આવ્યો, વૃદ્ધ છે તેની કાય રે;
તે કરજોડીને નમિયો, બાવાજીને પાય રે. ૪
પ્રદક્ષિણા કરી ફરી પગે લાગ્યો, હર્ષ ધરી મન સાથ રે;
સંન્યાસીએ ત્યારે સેવક શિરપર, અભયી મૂકયો હાથ રે. ૫
પછે બાવાને સર્વ કો નમ્યા, પરમેશ્વર રૂપ જાણી રે;
સુખી રહો સુખી રહો એમ, બાવો બોલ્યા વાણી રે. ૬
ચાર વરણ ચરણે જઇ લાગી, હર્ષ ધરીને મન રે;
પરસ્પરે સહુ કરે વાર્તા, ભાગ્ય આપણું ધન્ય રે. ૭
કો કહે એ જોગી જનમનો, કો કહે એ ભૂપ રે;
અથવા કોઇ અમરથી આવ્યો, ભૂતળ ધરી એવું રૂપ રે. ૮
વળતા વાણી જાદવ બોલ્યા, કર જોડીને ત્યાંય રે;
કહો બાવાજી કયાંથી આવ્યા, કયહાં જવા ઇચ્છાય રે. ૯
(કોણ)અભિધાન શું બાવાજીનું, કયાં કહો સ્વસ્થાન રે;
આ પુરમાં કેમ કૃપા કીધી, તે કહો શ્રીભગવાન રે. ૧૦
મધુર સ્વરે બાવોજી બોલ્યા, અતીતને શાં ધામ રે;
અવધૂત જોગી કે સંન્યાસી, બાવાજીનું શું નામ રે ! ૧૧

---

૫ અભયી—નિર્ભય કરનારો. ૮ અમરથી—દેવોમાંથી. ૧૧ લોકોના પ્રશ્નનો અવધૂત વેષધારી અર્જુન ઉત્તર આપે છેઃ અતીત ઇ૦–સ્પષ્ટ છે. અવધૂત ઇ૦—મારૂં નામ તમે પૂછો છો તો અવધૂત, જોગી કે સંન્યાસી, જે કહો તે મારૂં નામ; બાવાજીનું બીજું શું નામ હોય !

પ્રભાસપાટણથકી હું આવ્યો, તીર્થતણી છે ઇચ્છાય રે;
સર્વ તીર્થ કરવાં પૃથ્વીનાં, એવું મુજ મન થાય રે. ૧૨
આ ગોમતીસંગમ વિષે ના'તાં, સાંભળ્યું મેં નામ રે;
ઘણી ભાવિક પ્રજા અહીંની, અતીતનો વિશ્રામ રે. ૧૩
એમ સાંભળી હું આવ્યો અહિંયાં, રે'વા ચાતુર્માસ રે;
અભિલાષ મનમાં છે ઘણો, રહું ગોમતીજી પાસ રે. ૧૪
મોટા મઠ પુરી દ્વારકામાં, કર્યા છે બંધન રે;
ચાર માસ રહેવાની ઇચ્છા, ઇમ બાવો બોલ્યા વચન રે. ૧૫
એવી વાણી સાંભળી સહુ, લોક હરખ્યા મન રે;
એ સંન્યાસી પુરમાં રહે તો, ભાગ્ય આપણાં ધન્ય રે. ૧૬
સુખે રહો પુરમાં બાવાજી, સર્વ તમારાં ધામ રે;
અમ સેવકથી સેવા થાશે, તેવું કરશું કામ રે. ૧૭
ધન્ય ભાગ્ય દ્વારામતીનું પ્રભુ, જ્યાં તમો ધાર્યાં ચર્ણ રે;
દર્શન કરતાં તમારૂં થાશે, પવિત્ર ચારે વર્ણ રે. ૧૮
એવું કહીને ગયા તેડી, આગળ બાવો થાય રે;
લોક સઘળા સાથ છે, જદુ માત્રનો સમવાય રે. ૧૯
સેવામાં સહુ સજ થયા, મનમાં ભર્યા ઉમંગ રે;
દાસત્વ કરીને ચાલતા, કોઈ બાવાજીને સંગ રે. ૨૦
સમગ્ર જાદવ સાથ છે, આવ્યા તે નગર મોઝાર રે;
વાંકા વળી લોક નગરના, કરે બાવાને નમસ્કાર રે. ૨૧

---

૧૩ ઘણી ઇ૦—" ધન્ય ભાવિક જળ છે અહીંનું " (પાઠાંતર પ્ર. ૨૭). ૧૫ બંધન કર્યા છે—બંધાવ્યા છે. ૧૯ જદુ ઇ૦—યાદવ માત્રનો સંવાય—સમવાય—જથો.

જે જે શેરીએ ગયા યોગી, અવધૂત ચતુરસુજાણ રે;
નમે માનવ માત્ર સહુ કો, કહી બાવા જય નારા'ણ રે. ૨૨
એમ કરતાં આવિયા, જ્યાં જાદવનો નિવાસ રે;
અવધૂતનું સહુ રૂપ જોઈ, પામ્યા અતિ ઉલ્લાસ રે. ૨૩

વલણ.

ઉલ્લાસ સહુ કો પામિયાં, બાળક વૃદ્ધ નર નાર રે;
વિપ્ર પ્રેમાનંદ કહે કથા, બાવો રે'શે નગર મોઝાર રે. ૨૪

કડવું ૬ ઠું.

રાગ સારંગ.

વૈશંપાયન વાણી બોલ્યા, સુણ જનમેજય રાય જી;
બાવોજી પુર વિષે પધાર્યો, સેવા ઘણી ઘણી થાય જી. ૧
કોઈ એક જાદવ જળ લેઇ આવ્યા, કોઇ લાવ્યા આસન જી;
કો પુષ્પ પરમ વિધિનાં લાવ્યા, કો લાવ્યા ચંદન જી. ૨
જરકશીના જાજમ તકિયા, ગાલીચા પાથરતા જી;
અવધૂત જોગી બેઠા આસન, સેવક સેવા કરતા જી. ૩
પૂજા અરચા સર્વે કીધી, હર્ષ ધરીને મન જી;
ઘણી સ્વાગત કરી બાવાજીને, કરાવ્યાં ભોજન જી. ૪
ભોજન કરી બાવોજી ઊઠચા, આવ્યા ફરી આસન જી;
સંયુક્ત તાંબૂલ બીડી કરી લાવ્યા, આરોગીએ સ્વામીન જી. ૫
બાવોજી તાંબૂલ આરોગે, હૈડે હર્ષ ન માયજી;

---

૨૨ નારાણ—નારાયણ. ૨૪ વિપ્ર ઈ૦—" વૈશંપાયન કહે કથા, હવે રે'શે નગર મોઝાર રે " (પાઠાંતર પ્ર. ૨ જી.) ૫ સંયુક્ત ઈ૦—બે જોડેલાં પાનની બીડી.

સમગ્ર સેવક છે સેવામાં, જાદવ જે કહેવાય જી. ૬
કર જોડી કો આગળ ઊભા, પાન પાત્ર કો સા'ય જી;
શીતળ વાળાવિંજણા ગ્રહી, ઊભા નાખે વાયજી. ૭
પરસ્પર સહુ કરે વાર્તા, ભાગ્ય આપણાં ધન્ય જી;
એ પરમ મૂર્તિ આવ્યા પુરમાં, બાવા જોગી જન જી. ૮
જાદવ સહુની સેવા દેખી, અર્જુન હર્ષ ન માય જી;
આજ્ઞા માગી આપ આપણે, જાદવ મંદિર જાય જી. ૯
પ્રભાત કાળે સહુકો આવ્યા, બાવો મોહ લગાડે જ્યાંય જી;
મઠ બાવાને રે'વા બાંધી આપ્યો, જાદવ સર્વે ત્યાંય જી. ૧૦
વિશાળ મંડપ બાંધ્યો વારૂ, બેઠક કાઢી સાર જી;
થાપી લીપી ભીંત ચોગમથી, સેવક કરે તૈયાર જી. ૧૧
સામા સામી મૂકી બારણાં, મઠ વિષે કીધા માળજી;
બીજી શોભા કીધી સુંદર, અગ્નિકુંડ વિશાળ જી. ૧૨
જાજમ પાથરી તકિયા મૂક્યા, બેઠક કાઢી ત્યાંય જી;
જે જે વસ્તુ જોગીને જોઇએ, તે તે ભરી મઠ માંય જી. ૧૩
પછે બાવોજી તો મઢીની મધ્યે, બેઠા છે ગુણવંતજી;
જાદવ સહુ પગે લાગી કે', પધારિયે મહંત જી. ૧૪
તદાકાળ ત્યાં બાવો ઊઠ્યા, આવ્યા મઠને દ્વાર જી;
મઠતણી રચના દેખીને, હરખ્યા મન મોઝાર જી. ૧૫

---

૭ પાન પાત્ર—પાણી પીવાનું પાત્ર. વાળાવીંજણા—વીરણવાળાના પંખા. ૯ જાદવ ઇ૦—" નિશાએ જાદવ જાય જી "(પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૨ અગ્નિકુંડ—દેવતાનો કુંડ. (ચલમ ભરવા વગેરે માટે).

૧૪ બાવાજીને માટે મઠ તૈયાર થતો હતો ત્યાં સુધી તે કયાં રહેતા હતા તે પાછળ સ્પષ્ટ કહેવામાં આવ્યું નથી. તે હવે પ્રસંગાનુસાર કવિ કહી બતાવે છેઃ મઢીની ઇ૦-સ્પષ્ટ છે. એ ઉપરથી પ્રથમ એક સામાન્ય મઢીમાં રહેતા હતા ત્યાંથી હવે જાદવો નવા મઠમાં બાવાજીને લેઇ જાય છે, એમ સંબંધ સમજવો.

બાવાજી પેઠા મઠ માંહે, સાથે જાદવ વીર જી;
સર્વ મળી પછે વારા કીધા, ભોજનના મંદિર જી. ૧૬
એક એક દિવસ તે બાવાજીને, તેડી જાય ઘેર જી;
આગતાસ્વાગતા કરે અપરિમિત, ભોજન રૂડી પેર જી. ૧૭
ગોમતીસંગમ માંય અર્જુન, નિત્ય ના'વા જાય જી;
વેદ પાઠ ઉપનિષદ ભણતા, આવે દ્વારકા માંય જી. ૧૮

વલણ.

આવે ભણતા મઠવિષે, વિભૂતિ ભૂત અંગે કરી રે;
શ્રીકૃષ્ણજી તે સર્વ જાણે, સંતજન બોલો શ્રીહરિ રે. ૧૯

કડવું ૭ મું.

રાગ ગોડીની ચાલ લટકતી.

વૈશંપાયન કહે સુણરાય, પાર્થનો તને કહું મહિમાય;
બાંધ્યો મઠ દ્વારકા મોઝાર, રહ્યા અર્જુન તેણે ઠાર. ૧
જાદવનાં સ્થાનક છે જ્યાંય, જોગી થઇ અર્જુન રહ્યા ત્યાંય;
જાદવ સહુ કો સેવા કરે, વિવિધ વસ્તુ આણીને ધરે. ૨
નાના વિધ લાવે મેવાય, કો બાવાજીના ચાંપે પાય;
પ્રજા સર્વ અર્જુનને નમે, બાવાજી સહુને મન ગમે. ૩
બાળક યૌવન વૃદ્ધ અપાર, કરે બાવાને સૌ નમસ્કાર;
જોગી રૂપ જાણીને ધર્મ, સેવા બાવાની કરે પર્મ. ૪

---

૪ જોગી ઇ૦—તેમનો જોગીરૂપ (જોગીનો) ધર્મ જાણીને. પ્ર૦ ૨ જી માં " જોગીરૂપ જાણીને ઘરમાં, સેવા બાવાજીની કરી દાનમાં " એવો પાઠ છે. ઘરમાં—ઘેર બોલાવીને. દાનમાં—દાન આપીને.

કો મંત્ર જંત્રની કરે મન આશ, તે આવે ઘણું બાવાની પાસ;
કો મહામંત્ર વિદ્યા લેવાય, તે એક ચિત્તે કરે સેવાય. ૫
કોઇને છે મુક્તિની ઇચ્છાય, તે આગળથી અલગ ન થાય;
સિદ્ધરૂપ જાણીને નાથ, કો કે' મુજને મૂકો હાથ. ૬
કો પુત્રની કરે મન આશ, તે આવે અતીતની પાસ;
કોને કન્યા વરવા ઇચ્છાય, કોઈ લાગતી કન્યા પાય. ૭
બાવાજી આશિષ ઉચરે, તે વાયક પાછું નવ ફરે;
કોને વિદ્યા ભાણવાનું મન, તે આવે યોગીને આસન. ૮
કો મોહની શીખે વશીકરણ, બાવાજીને નમે જઈ ચરણ;
કો ધાતુ માર્યાની ઇચ્છે વિદ્યાય, કોને સોનું રૂપું કરવા મન થાય. ૯
કો રાજસભામાં જવા ઇચ્છે, મંત્ર વિદ્યા બાવાને પૂછે;
કોને ઇચ્છા કરવા વ્યાપાર, તે લાવી આસિકા મૂકે ભંડાર. ૧૦
એણી પેર લોક ઇચ્છા મન ધરે, ભાવે ભગવદી સેવા કરે;
સઘળા પુરમાં ચાલી વાત, સિદ્ધ રૂપ બાવો વિખ્યાત. ૧૧
બીધેલા રોગી હોય જેહ, લોક મઢી ભણી લાવે તેહ;
પુર વિષેના માંદા જાય, પીંછી નખાવતાં બેઠા થાય. ૧૨
વારૂ થઇ ચાલી ઘેર જાય, બાવાજીનો મહિમા ગાય;
શ્રીકૃષ્ણદેવ કૃપાએ સહી, દુઃખવંત જાયે વારૂ થઇ. ૧૩

---

૮ આસન—" આશ્રમ " (પાઠાંતર પ્ર. ૨ જી). ૧૦ આસિકા—આસકા—વિભૂતિ. (' આશિષ ' ઉપરથી આ શબ્દ થયો હશે). ભગવદી—ભગવાનના ભક્ત. ૧૨ શ્રદ્ધાનું ફળ વર્ણ્યું છેઃ પુર [ઇ૦—સ્પષ્ટ છે. ૧૩ વારૂ—સારા. લોકોને શ્રદ્ધા ઉપજવા યોગ્ય ફળ થવાનું કારણ કહે છે. શ્રીકૃષ્ણ ઇ૦—સ્પષ્ટ છે.

બાવો મંત્રીને દોરા કરે, પંચ જાતના જ્વરને હરે;
અતીત મંત્રી ચીઠી લખે, રાખે તે કો માદળિયા વિષે. ૧૪
બાવા કને કડાં મંત્રાવી સાર, હરખે ઘાલે હાથ મોઝાર;
તે રાખે ધૂપી ધૂપવડે, મૂઠ નજર તેને નહિ નડે. ૧૫
એવા ગુણી જાણી અવધૂત, સેવા સર્વ કરે અદ્દભુત;
ચારે વર્ણ મૂકીને ગર્વ, કરે આસનાવાસના સર્વ. ૧૬
નિત્ય નવાં ભોજન અતિ ઘણાં, શાં કહિયે પાખંડ અર્જુનતણાં;
નિત્ય નિત્ય વારા કર્યા છે ત્યાંય, જમે સાથ જાદવના માંય. ૧૭
પ્રાતઃકાળે ઊઠે અર્જુન, જાયે ગોમતી કરવા મજ્જન;
કમંડળ દંડ ગ્રહી કો હાથ, સેવામાં જાય સાધુની સાથ. ૧૮
મજ્જન કરી વિભૂતિ અંગે ધરી, આવે અવધૂત આશ્રમે ફરી;
મઠે નિત્ય આવે સર્વ પ્રજાય, બાવાજીનું દર્શન કરવાય. ૧૯
નાના વિધિની લાવે ભેટ, બાવાજીને સમરપે નેટ;
એમ સેવા બાવાની થાય, ચારે વર્ણ મઠે નિત્ય જાય. ૨૦
જ્યારથી બાવો પુરમાં રહ્યા, ત્યારથી કો દુઃખી નવ થયા;
પરમ સિદ્ધ જાણીને દેવ, પ્રજા સહુ પૂજે અવશ્યમેવ. ૨૧
એવું માન પામ્યા અર્જુન, તે કૃપા સહુ જગજીવન;
વૈશંપાયન કે' સુણ રાય, અર્જુનચરિત્ર કહ્યાં નવ જાય. ૨૨

---

૧૪ પંચ જાતના ઈ૰—સંતત, સતત, અન્યેદ્યુ, એકાંતરિયો અને ચોથિયો, એવા પાંચ પ્રકારના વિષમ જ્વર નિદાનમાં કહ્યા છે તે. ૧૭ શાં ઈ૰—"એવાં વાયક તે અર્જુનતણાં (પાઠાંતર પ્ર. ૨ જી). ૧૮ મજ્જન—સ્નાન. કમંડળ—" કરવડો " (પાઠાંતર). ૨૧ પરમ ઈ૰—પરમ સિદ્ધ અને દેવ ૧૫ જાણીને, એ અન્વય. અવશ્યમેવ—અવશ્યં એવ—જરૂરજ.

વલણ.

ચરિત્ર કહ્યાં ન જાય રાજા, વૈશંપાયન ઉચરે રે;
એક ચિત્તે સભા મધ્યે, જનમેજય શ્રવણે ધરે રે. ૨૩

કડવું ૮ મું.

રાગ રામગ્રી.

વૈશંપાયન કે' સુણ રાય જી, અર્જુનનો કહું મહિમાય જી;
પુરમાં વધ્યું ઘણું પાર્થમાનજી, બાવાજીને સર્વ જાણે ભગવાનજી. ૧

ઢાળ.

ભગવાન જાણી કરે સેવા, હૃદે ધરીને હેત;
માને સર્વે સાધુને, કુટુંબ વર્ગ સમેત. ૨
વર્ણ ચારે નિત્ય આવે, હર્ષ ધરીને મન;
બાવાજીનું દર્શન કરે, બેઠા તે અનુદિન. ૩
ખોડા લૂલા બધિર પાંગળા, મઠ વિષે સહુ જાય;
દર્શન કરતાં બાવાજીનું, જન્મ સાર્થક થાય. ૪

---

૨ માને—શ્રદ્ધાપૂર્વક માને. સમેત—સહિત. કુટુંબ ઇ૦—કુટુંબ અને વર્ગ (જ્ઞાતિ) સમેત અથવા કુટુંબના વર્ગ સમેત.

૩ પ્રજાનો મોહ વર્ણ્યો છેઃ બેઠા ઇ૦—તેઓ અનુદિન (નિત્ય નિત્ય) બેઠા બેઠા બાવાજીનું (અર્જુનનું) દર્શનજ કર્યા કરે.

૪ બાવાજીનો સિદ્ધિ ચમત્કાર વર્ણ્યો છેઃ ખોડા ઇ૦—સ્પષ્ટ છે. ખોડા—(પગે). લૂલા— (હાથે). બધિર—બહેરા. જન્મ સાર્થક— (ખોડાપણું વગેરે મટી જવાથી).

દદ્રુ કુષ્ટી ગલિત આવે, ક્ષુદ્ર જેહની કાય;
બાવાજીની વિભૂતિથી, સહુ રોગ દૂર પળાય. ૫
અતીતની આસિકા લઇને, આગે ચાલે તરત;
દેહનાં દુઃખ સર્વ વામે, સુખ પામે મરત. ૬
પાય મંત્રી પવિત્ર પાણી, દુઃખીને જથાજોગ;
બાવોજી જેને કોલ કરે, તેના સદ્ય નાસે રોગ. ૭
એવું દેખી પ્રજા માને, પરમેશ્વરની પેર;
ઉત્તમ વસ્તુ જે હોય તે, સહુ લાવે તેને ઘેર. ૮
વદે હો બાવાજી હો બાવાજી, પ્રજા થઇ છે લીન;
અતીત વિના અદઘડી ન ચાલે, જળ વિના જ્યમ મીન. ૯
બાવોજી સર્વને દુર્લભ, વૃદ્ધ યૌવન બાળ;
સ્વપ્નામાંથી ઝંખી ઊઠે, નિદ્રામાં તતકાળ. ૧૦

---

૫ દદ્રુ—દાદર. કુષ્ટી—કોઢિયો. ગલિત—ગળત કોઢવાળો અથવા અંગે ગળી ગયેલો. " કલિત " (પાઠાંતર પ્ર. ૨ જી) —કોઢથી કલિત—કોઢ રોગવાળો. ક્ષુદ્ર ઇ૦—જેમની કાય (શરીર) ક્ષુદ્ર (અધમ) છે. " ક્ષુદ્ર રોગ જેની કાય " (પાઠાંતર પ્ર. ૨ જી)—જેના શરીરમાં વાળ ધસાઈ જવા, તલના જેવા કાળા ડાઘ પડવા, ખીલ થવા, વગેરે નિદાનોક્ત સાઠ પ્રકારના ક્ષુદ્ર રોગમાંથી એકાદ રોગ હોય તે.

૬ આગે ઇ૦—આસિકા લેઈને તરત આગળ ચાલવા માંડે. " અંગ ચાલે પરત " (પાઠાંતર—પ્ર. ૨) અંગ પરત (પાછું) આલે—અર્થાત્ પાછા વળે. વામે—તજે. મરત—મર્ત્ય—મનુષ્ય. " તરત " (પાઠાંતર પ્ર. ૨ જી) સુગમ છે.

૭ પાય ઇ૦— " પાયે મંત્રી પાણી દુઃખ નિવારે જાયે રોગ; બાવાજીની સિફારશ કરે તેની સંગે નાસે રોગ " (પાઠાંતર પ્ર. ૧ લી). કોલ કરે—વચન આપે.

એમ લોક નિત્યે બહુ આવે, વિનય કરે અપાર;
ઇચ્છા આવે તે જાદવને, ઘેર જઇ કરે આહાર. ૧૧
વિનય કરતા બાળક આવે, બાવાજી અવિધારો;
આજ ભોજન કરવા બાવાજી, તમો મુજ મંદિર પધારો. ૧૨
કાલાવાલા સેવા કરતા, જાદવ મોહ્યા આવે;
બાવાજીને ભોજન કરવા, ઘેર પોતાને લાવે. ૧૩
આસન ચંદન પૂજન ભાવે, કૃષ્ણાગરૂના ધૂપ;
પંચામૃત ભોજન કરાવે, જાણી સિદ્ધ સ્વરૂપ. ૧૪
કુટુંબ ઘરનું સર્વ આવી, નમે અતીતને પાય;
આશિર્વચન દઇ આજ્ઞા માગી, બાવો મઢીએ જાય. ૧૫
માર્ગે જાતાં માણસ મળે તે, કરે સહુ નમસ્કાર;
અહો બાવાજી હો બાવાજી, બાળક બોલે વારોવાર. ૧૬
બાવાજી સહુને મન સરખા, સહુ સંઘાતે પ્રીત;
જોગીને જાદવ સર્વ માને, પરમેશ્વરની ભીત. ૧૭
એણીપેર રહ્યા દ્વારકાં પુરમાં, સેવા લોક કરે ઘણી;
સેવા સાધે ભવ શા જાણી, ભક્તિ કરે પારથતણી. ૧૮

---

૧૧ એમ ઈ૦—" એમ આમંત્રણ તે સહુ આવી, કરે બહુ પ્રકાર. " (પાઠાંતર પ્ર. ૨ જી). આમંત્રણ—નોતરૂં.

૧૪ કૃષ્ણાગરૂના—કાળા અગર ચંદનના. "ત્રૂઠયા ચંદન ધૂપ" (પાઠાંતર પ્ર. ૧લી). પંચામૃત—અર્થાત્ અતિશય સ્વાદવાળાં અથવા દૂધ, દહીં, છાશ, માખણ અને ઘી, એ પાંચ અમૃતથી બનેલા પદાર્થોનું.

૧૭ સહુ ઈ૦— " મન ગમતી સહુને પ્રીત " (પ્રાઠાંતર પ્ર. ૧ લી). ભીત ઈ૦—પરમેશ્વરના જેવો ભય રાખીને અથવા પરમેશ્વરની પેઠે.

૧૮ ભવ શા–શિવ સરખા. "એણી પેર રહ્યા છે જાદવ, દ્વારકાપુર માંય, સેવા લોક કરે ઘણી, સાધ જાણી ત્યાંય." (પાઠાંતર પ્ર. ૨ જી).

પ્રસન્ન મુખ ઘણું પ્રજા સર્વનું, હર્ષમાં દિન જાય;
બાવાજીની કૃપાથકી સહુ, લોક સુખિયા થાય. ૧૯

વલણ.

સુખિયા સેવક સર્વ કો, લોક હરખે મન રે;
કહે વિપ્ર પ્રેમાનંદ એમ, રહ્યા ત્યાં અર્જુન રે. ૨૦

કડવું ૯ મું.

રાગ સારંગીની ચાલ ટુંકડી.

વૈશંપાયન વાણી વદે, જનમેજય ધરજો હૃદે;
દ્વારકા રહ્યા અર્જુન રાય, ચારે વર્ણ કરે સેવાય. ૧
પ્રજા તેને પરમેશ્વર લહે, બાવાજી બાવાજી કહે;
જે દિવસના અર્જુન ત્યાં રહ્યા, ઘેલા લોક નગરના થયા. ૨
બાવાજીનો બહુ મહિમાય, ચારે વર્ણ માગે આજ્ઞાય;
સહુ કો હર્ષ ધરીને મન, આવે બાવાને આસન. ૩
ચારે દિશા પુરમાંની ધરી, જોગીજશ વાધ્યો દૃઢ કરી;
ઘેર ઘેર ને ગામ મોઝાર, કીર્ત્તિ બાવાની પામી વિસ્તાર. ૪
મોટા સાધુ વદે સહુ જાણ, અતીતનું ઘણું કરે વખાણ;
સર્વ લોક મુખ વદે સહી, એ સરખો કો બીજો નહિ. ૫

---

૩ માગે ઈ૦—શી આજ્ઞા છે ? એમ આજ્ઞા માગે. " પાયે (પ્ર. ૧-લી)—સુગમ છે. આસન—" સદન " (પાઠાંતર પ્ર. ૧ લી).

૪ ચારે ઈ૦-પુરમાંની ચારે દિશાને ધરીને (અર્થાત્ ત્યાં સુધી) જોગીનો જશ દૃઢ કરીને વાધ્યો, એ અન્વય. " ચારે દિશા પુરમાં નિરધાર, જોગીનો જશ વાધ્યો સાર. " (પાઠાંતર પ્ર. ૧ લી).

એને પ્રભુની પૂર્ણ કૃપાય, એમ (પરસ્પર) વાત કરે ઘેર જાય;
ઘણા દિવસ એમ કરતાં ગયા, બાવાજી ત્યાં સ્થિર થઇ રહ્યા. ૬
એમ બાવાજીની સઘળે ખ્યાત, ચાલી ગઇ રાજદ્વારે વાત;
વૃદ્ધ એક જાદવ નિરધાર, આવ્યો રામની સભા મોઝાર. ૭
તે બોલ્યો જોડીને હાથ, જાદવ કે' સાંભળીએ નાથ;
સ્વામીજી આપણા પુર માંય, અતીત એક આવ્યો છે આંય. ૮
તેનું રૂપ વરણન હું લહું, શા શા ગુણ વિસ્તારી કહું;
શકે દેવતા કો નિર્ધાર, થઇ આવ્યો જોગી આકાર. ૯
અથવા એ કોસલનો ભૂપ, કે બ્રહ્મા ઇંદ્ર અકળ સ્વરૂપ;
સત્ય વચન માનો તમે સોય, વસુધામાં એવો નહિ કોય. ૧૦
સાંભળો સ્વામી તમે સર્વથી, એવો અમો કો દીઠો નથી;
જાદવની એવી વાણી સુણી, વળતા રામ વદે આફ્રણી. ૧૧
કહોજી તે રહેછે કોણ ઠામ, કયમ આવ્યા તે આપણે ગામ;
એવો અતીત આવ્યો પુર વિખે, મેં તો વાર્તા જાણી આજ સુખે. ૧૨
બળભદ્રનાં સુણી વચન, વળતા બોલ્યા જાદવજન;
રાય સુણો જોગીછે જેહ, વન વિષેથી આવ્યો તેહ. ૧૩
પરિક્રમા પૃથ્વીની ફરવા, અહીં આવ્યો છે તીર્થ કરવા;
રૂપે હદ વાળી બ્રહ્માય, ગુણે છેહ વાળ્યો છે રાય. ૧૪

---

૬ એમ ઇ૦—"પરસ્પર વાર્તા થાય" (પાઠાંતર પ્ર. ૧ લી). ૯ તેનું ઇ૦—તેના રૂપનું વર્ણન હું લહું (અર્થાત્ કરૂં છું). "તેનું રૂપ વર્ણુવી મેં નવ લહ્યા, શા શા ગુણ વિસ્તારી કહ્યા" (પાઠાંતર પ્ર. ૧ લી). વર્ણુવી—વર્ણુવીને. લહ્યા—ઓળખ્યા. "તેનું રૂપ વર્ણુવી હું નવ લહું, શા શા ગુણ વિસ્તારી કહું" એમ હોય તો ઠીક. રૂપ વર્ણુવે છે: શકે ઇ૦—સ્પષ્ટ છે. ૧૦ વસુધા—પૃથ્વી. ૧૧ આફ્રણી—તત્કાળ. ૧૨ ગામ–'ધામ' (પ્ર. ૧ લી).

તેને માસ ચાર રહેવાની આશ, જાદવ સાથમાં કરવો વાસ;
મઠ બંધાવ્યો રૂડી પેર, વારા ફરતી ભોજન કરે ઘેર ઘેર. ૧૫
જાદવનાં એવાં સુણી વચન, હરખ્યા રામ રોહિણીતન;
કૃષ્ણ પ્રત્યે એમ વાણી કહી, અરે ભ્રાત તું સાંભળ સહી. ૧૬
કાલે આપણ તેડીશું તેને, લોક વખાણે છે જેને;
મારા મનમાં એવું ગમે, બાવોજી આપણે ઘેર જમે. ૧૭
ક્ષત્રી ધર્મ બોલું છૌં એવ, જતિ સંન્યાસીની કરવી સેવ;
તેમાટે તેને તો વીર, ભોજનને લાવો મંદિર. ૧૮
એવાં રામનાં સુણી વચન, વળતા બોલ્યા જગજીવન;
કૃષ્ણ કે' બાંધવ અવિધાર, એ મૂડ્યા માથાનો ન લહિયે પાર. ૧૯
ખટદર્શનમાં બહુ પાંખડ, કો સાધુ સંત ને કો હોય લંડ;
કો જ્ઞાની ને કો ધ્યાની હોય, કો લંપટ દાંભિક સોય. ૨૦

---

૧૯ મૂડયા માથાનો—અર્થાત્ ત્યાગીઓનો. પાર ઇ૦—અર્થાત્ તેમના મનનું રહસ્ય કાંઇ સમજવામાં આવે નહિ અથવા એ એટલા પાર વિનાના છે કે તેવાને આમંત્રણ કરવું પાલવે નહિ! " મૂઢ મિથ્યાનો " એવો પાઠ બરાબર નથી.

૨૦ તર્ક (કણાદ), ન્યાય (ગૌતમ), સાંખ્ય (કપિલ), યોગ (પતંજલિ), મીમાંસા (જૈમિની), અને વેદાંત (વ્યાસ), એ છ વેદને અનુસરનારાં ષડ્દર્શન કહેવાય છે અને લૈકાયતિક, શૂન્યવાદી, માધ્યમિક, યોગાચાર, સૌત્રાંતિક, અને જૈન, એ છ વેદ બાહ્ય ષડ્દર્શન કહેવાય છે. તેમના અનુયાયીઓને નામે ઘણાં પાખંડ ચાલે છે; તેમાં કેટલાક ખરા સાધુ હોય છે અને કેટલાક ઠગારા હોય છે. તેને ઉદ્દેશીને કૃષ્ણ કહે છેઃ ખટ ઇ૦-૨૫૯ છે. " ખટદર્શન તે પાખંડ " એવો પ્ર૦ ૧ લીનો પાઠ બરાબર નથી. બન્ને પ્રકારનાં ખટદર્શન તેમના આચારથી બતાવે છેઃ જ્ઞાની—(વેદાંતી). ધ્યાની— (પાતંજલના શિષ્ય યોગીઓ). લંપટ—(ચાર્વાક અથવા વામમાર્ગી). દાંભિક—બોદ્ધ અથવા સ્વકીય મતના હઠાગ્રહી).

કો જોગી સંસાર વખાણે, કો એક પરમેશ્વર જાણે;
કો સિદ્ધ ને કો અવધૂત, એવાં ખટદર્શન અદ્દભુત. ૨૧
તે માટે વિમાસી વાત, પછે ઘેર તેને તેડો ભ્રાત;
એમ જે વારે બોલ્યા હરિ, ત્યારે હળધરે વાણી ઉચરી. ૨૨
અલ્યા કૃષ્ણ તું કાંઇ ન જાણે, ઘેર બેઠો નિત્ય આપ વખાણે;
તારે મન આવેછે જેવો, તે અતીત નથી કાંઇ તેવો. ૨૩
એક દિવસ સુણો જગજીવન, મૃગયા અર્થે ગયો હું વન;
હું આવ્યો તે મારગ માંય, ત્યારે તે અતીત મેં દીઠો ત્યાંય. ૨૪
આપણા સાથમાં રહ્યો સમાય, જેનો વિસ્તર્યો ગુણ મહિમાય;
હું જોઉં જાદવને રામ ભાખે, સાધુ વિના કો ઊભો ન રાખે. ૨૫
તું કાં નિંદા કરે અપરાધ, તે જોગી દીસેછે સાધ;
તે જો આપણે ઘેર મૂકે પાગ, તો અપણા પિતૃનું ભાગ્ય. ૨૬
બાવોજી જેને ઘેર જાય, તેનો જન્મ કૃતારથ થાય;
તે જોગી આવે અપણે ઘેર, તો ભાગ્ય આપણે કરી જાણું મે'ર. ૨૭

---

૨૧ જોગી—સંજોગી (મીમાંસક). એક પરમેશ્વર જાણે- (કણાદ મતાનુયાયી તાર્કિક). સિદ્ધ—(ગૌતમ મતાનુયાયી). અવધૂત— (જૈન અથવા દત્તાત્રેયના અનુયાયી ત્યાગીઓ). ૨૩ બળરામની અતિ ધર્મશ્રદ્ધા અને ભોળાપણું વર્ણે છે: અલ્યા ૪૦—સ્પષ્ટ છે. ૨૪ બળરામ પોતાના વચનને પ્રતિપાદન કરી અતીતનો મહિમા વધારે છે: એક ૪૦—સ્પષ્ટ છે.

૨૫ શું જોયું તે કહે છે: આપણા ૪૦—સ્પષ્ટ છે. જાદવો ભોળા હશે. તો તેમ પણ નથી, તે કહે છે: હું ૪૦—સ્પષ્ટ છે. ૨૬ કૃષ્ણના વચનને નિંદા ઠરાવે છે: તું ૪૦—સ્પષ્ટ છે. ઉપસંહાર કરે છે: તે ૪૦—સ્પષ્ટ છે. ૨૭ અતીતનો મહિમા વર્ણે છે: બાવોજી ૪૦—સ્પષ્ટ છે. તો ૪૦—તો આપણા ભાગ્યે મેહેર કરી એમ જાણું, એ અન્વય.

આપણ કુળનો મહિમા સરે, સાધુ સંત કો ભોજન કરે;
માટે વિનય કરીને લાવું, ભોજન કરવા ને પધરાવું. ૨૮
જો જોગી આવે આ ઠામ, તો પવિત્ર થાય આપણાં ધામ;
પરમ સાધુ સંન્યાસી હોય, તે સરખો નહિ બીજો કોય. ૨૯
જો કોને આશિર્વચન દે સાર, તો તે પામે પદારથ ચાર;
ધર્મ અર્થ મોક્ષ ને કામ, એવી વાણી બોલ્યા રામ. ૩૦

વલણ.

એવી વાણી રામની તે, કૃષ્ણે સહુ શ્રવણે ધરી રે;
પ્રતિઉત્તર તેણે સમે, પછે હળધરશું બોલ્યા હરિ રે. ૩૧

કડવું ૧૦ મું.

રાગ સામેરી.

વૈશંપાયન વાણી વદે, સુણ જનમેજય ભૂપાળ;
બળભદ્ર પ્રત્યે વચન બોલ્યા, સ્વામી શ્રીગોપાળ. ૧
અહો ભ્રાત હું કહું તમને, એ સંન્યાસીનું ગાત;
ભેખમાં સહુ કો સમાયે, ન જાણીએ કોણ જાત. ૨
એવા પાખંડી દંડી, ઘણા આવે જોગી;
જાય ઘેરથી શીશ મુંડાવી, અન્ન આહારના ભોગી. ૩
ઘેર ઉદરપોષણ થાય નહિ, પછે હોય અતીત;

---

૨૮ અતીતને ભોજન કરાવવાના ફળરૂપ હેતુ વર્ણ્યુ છે: આપણા ઈ૦-૨૫૪૯ છે. " આપણાં બાવન કુળ તરે " (પાઠાંતર પ્ર૦ ૨ જી). અતીત સાથે કેમ વર્તવું તે બતાવે છે: વિનય કરીને ઈ૦—૨૫૪૮ છે. ૩૦ ચાર પદાર્થ કહે છે: ધર્મ ઈ૦—૨૫૪૮ છે. ૨ ગાત (ગાત્ર—શરીર) — અર્થાત્ કુળ. ૩ દંડી —દંડ ઝાલનારા સંન્યાસી.

જ્યાં ભોજન પામે ત્યાં બેસે, એ પાખંડીની રીત. ૪
ઉદર પોતાનું ભરવા અર્થે, લે વેષ વિવિધ પ્રકાર;
પાખંડ ચરિત્ર કર્યા વિના, કો માને નહિ નિરધાર. ૫
જો સિદ્ધ હોય તો રહે વનમાં, સાંભળો બાંધવ રામ;
સાધુ પુરૂષને અહિં આવ્યાનું, નગર વિષે શું કામ. ૬
જો પંચેંદ્રિ વશ રાખે પોતે, તો પાડે પ્રભુ પૂરૂં;
વસ્તી માંહે શે અરથે આવે, એને શું અધૂરૂં. ૭
વન વિષે રહી નારાયણશુ, એકમનાં ચિત્ત મેળાવે;
જો મનસા એક કામ હોય તો, જે જોઇએ તે આવે. ૮
એવા પાખંડી પેટભરા તે, પરમેશ્વરને શું જાણે;
દમાકીને દેખી મોહ્યા, માટે લોક વખાણે. ૯
તેમાં શું મોહ્યા તમો બાંધવ, શા ગુણની દીઠી પેર;
જાદવ માંહે ખાતો હીંડે, નિત્ય માધુકરી ઘેર ઘેર. ૧૦
એવાં વચન સુણી હળધરને, કોપ ચઢ્યો મન સાથે;

---

૪ હોય—થાય. ૫ નિરધાર—" લગાર " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૬ રામની શ્રદ્ધા દૃઢ છે કે કેમ તે જોવાને કૃષ્ણ અતીતને પાખંડી કહીને નિંદે છેઃ જો ઈ૦—૨૫૮ છે.

૭ તો ઈ૦—" તો સદાય તેને સુખ; વસ્તીમાં શે અર્થે આવે, તેને શું હોય દુઃખ. " (પા૦ પ્ર૦ ૧ લી). ૮ એકમનાં—એક સરખું ધ્યાન લગાડીને. મનસા—મનશક્તિ. ૯ તમે કહેશો કે લોક કેમ વખાણે છે ? તો, દમાકી ઈ૦—૨૫૮ છે. દમાકી—ડોળવાળો.

૧૦ માધુકરી—ભિક્ષા. મધુકર (ભમરો) જેમ પ્રત્યેક પુષ્પમાંથી રસ ચુશીને પોતાનું પોષણ કરે છે તેની પેઠે ઘેરેઘેરથી રાંધેલા અન્નની ભિક્ષા લેઇ તેવડે પોતાનું પોષણ કરવાની વૃત્તિને અને તે ભિક્ષાને માધુકરી કહે છે.

ચર્ણથકી જ્વાળા પાવકની, લાગી છે જઈ માથે. ૧૧
કૃષ્ણપ્રત્યે એમ વાણી બોલ્યા, તું શું જાણે અજ્ઞાન;
અરે ભ્રાત સાંભળ કહું તુજને, તે જોગી છે ભગવાન. ૧૨
એ સરખો નહિ કો ભૂતળમાં, જેને ઇચ્છે છે દેવ;
અમરનાથ સરખા નવ પામે, સ્વપ્ન વિષે અવશ્યમેવ. ૧૩
તું શું જાણે એ અતીતને, છે કેવળ પૂરણબ્રહ્મ;
ઘેર બેઠો નિંદા કરે તેની, ફોગટ બાંધે કર્મ. ૧૪
જો ભાગ્ય હોયે આપણા ઘરનું, તો તે આવે આંય;
આપણા કુળનો એ છે મહિમા, રામ વદે મુખ ત્યાંય. ૧૫
પણ તું શું જાણે આજ લગી, તેં ગોચારી ભૂદેવ;
સાધુ સંતની નિંદા કરવા, હજી તને છે ટેવ. ૧૬
આજ લગી તેં સિદ્ધ પુરૂષને, નથી દીઠા ભાઇ;
તો બુદ્ધિ માધવ ! કયાંથી આણે, ધર્મયુક્ત ચતુરાઇ ! ૧૭
મારે તો તેડવો તેને, ભોજનને ઘરમાંય;
હાવાં ફરીથી તું વચન મુજ સાથે, રખે બોલે આંય. ૧૮
સાધુ અથવા ખળ તે હોયે, જાતતણું શું કામ;
એક વાર તે અશન કરીને, જશે આપણે ઠામ. ૧૯

---

૧૧ ધૂર્ત છતાં પણ પોતે જેને ખરો માન્યો છે એવા અતીતની નિંદા સાંભળીને બળરામના ક્રોધદ્વારા સામાન્ય મનુષ્યની મનોવૃત્તિ વર્ણે છે: એવાં ૯૦—૨૫૯ છે. પાવક—અગ્નિ.

૧૨ પોતે જેને મોટો માન્યો છે તેની બીજો નિંદા કરે ત્યારે પેહેલો તેને અતિશયોક્તિથી વખાણીને વધારે આગ્રહી થાય છે, એવો જનસ્વભાવ વર્ણે છે: તું શું ૯૦—૨૫૯ છે.

૧૩ અમરનાથ— દેવોનો સ્વામી—ઈંદ્ર. ૧૪ બ્રહ્મ અને કર્મને બદલે દેવ" અને " એવ " પ્રાસવાળી પ્રત અસંગત લાગે છે, ૧૫—૧૬ આ બે કડી પ્ર. ૧ લીમાં નથી. ૧૯-અશન—ભોજન. આપણે—પોતાને.

એવાં રામનાં વચન સાંભળી, બોલ્યા શ્રીજગદિશ;
મુજ અપરાધ ક્ષમા કરીને, રામ તજો હવે રીસ. ૨૦
મેં અજ્ઞાનીએ કાંઇ ન જાણ્યું, જે બોલ્યો હું વચન;
શીઘ્રે થઇ તેડો બાવાજીને, કરવા ઘર પાવન. ૨૧
કો'તો હું સાથે આવું, દંડ કમંડળ લેવા;
તમારી આજ્ઞા કયમ કરી લોપું, કરવા લાગું સેવા. ૨૨
જો કંઇ ભાગ્ય આપણું હોય તો, કો અતીત ઘેર આવે;
અજ્ઞાન વચન કહ્યાં હોય તે, રખે ભ્રાત મન લાવે. ૨૩
આપણ બન્ને સાથ જઇને, તેડી લાવિયે ઘેર;
આગતાસ્વાગતા સેવા કીજે, ભોજન રૂડી પેર. ૨૪
જે તમારા મનમાં આવ્યું, તે મારે કરવું પ્રથમ;
જ્યેષ્ઠ ભ્રાતની આજ્ઞા તે, કનિષ્ઠ લોપે કયમ. ૨૫
એવાં કૃષ્ણનાં વચન સાંભળી, રામ થયા રળિયાત;
આલિંગન દઇ હર્ષ ધરીને, હૃદે ચાંપ્યો ભ્રાત. ૨૬

વલણ.

હૃદે ચાંપ્યો ભ્રાતને, બળભદ્ર હરખ્યા મન રે;
હાવાં જોગીને તેડવા જશે, રામ સાથ જગજીવન રે. ૨૭

---

૨૦ રામની દૃઢ શ્રદ્ધા જોઇને કૃષ્ણ હવે રામના મતને મળતા થઈ ઇષ્ટ-કાર્યનું સમર્થન કરે છે: એવાં ઈ૦—સ્પષ્ટ છે. ૨૧ કરવા ઈ૦—"કરાવિયે ભોજન"(પાઠાંતર પ્ર. ૧ લી).

૨૩ કો ઇ૦—" અતીત આવે ઘેર, કર્ત્તાની ગતિ અનેરડી છે, ચાલો કરિયે પેર ! (પાઠાંતર પ્ર. ૧લી). અનેરડી—જૂદા પ્રકારની. આ લીટીઓ કૃષ્ણના હાર્દની વ્યંજક હોવાથી આ પાઠ વધારે સારો છે.

કડવું ૧૧ મું.

રાગ રામગ્રી.

વૈશંપાયન કે' સુણો રાય જી, કહું તમને એહ કથાય જી;
બાવાજીને આશ્રમ જાવા સાર જી, થયા હળધર કૃષ્ણ તૈયાર જી. ૧

ઢાળ.

બાવાજી ને તેડવા, રામને હર્ષ ન માય;
વસ્ત્ર પેર્યાં હર્ષ સાથે, પ્રફુલ્લિત થઇ કાય. ૨

અંતઃપુરમાં જઈ કહ્યું, કરજો સામગ્રી તૈયાર;
આજ આવશે અતીત આપણે, ઘેર કરવા આ'ર. ૩

તે માટે નાનાવિધ ભોજન, રચો રૂડી પેર;
સાધુ સંતોષવા અરથે, આજ તેડું ઘેર. ૪

એવું કહીને ધામથી, શ્રીરામ આવ્યા બાહાર;
શ્રી કૃષ્ણને કે' ચાલો જઇએ, જોગીકેરે દ્વાર. ૫

વચન એવાં સાંભળીને, હરિ હરખ્યા મન;
ચાલોજી તમ સાથ આવું, યોગીને આસન. ૬

એવું કહીને સજ થયા, શ્રીકૃષ્ણ તેણી વાર;
બળભદ્ર સાથે સંચર્યા, પાછળ જગદાધાર. ૭

---

૨ સુભદ્રાનું હરણ થવું બની આવવામાં રામનો પ્રમાદ એ કારણ છે માટે તે પ્રમાદના કારણ મોહવડે તેમને ઉપજેલો હર્ષ વર્ણ્યું છેઃ બાવાજીને ઇ૦—સ્પષ્ટ છે.

૭ સુભદ્રાનું હરણ કરાવવામાં પોતાની સાહાય વિષે બળરામને શક ન આવે માટે કૃષ્ણ અતીતને તેડવાને આગળ ન પડતાં બળરામની પાછળ પાછળ જાય છે, તે વિષે કવિ કહે છેઃ એવું ઇ૦—સ્પષ્ટ છે. પાછળ–"સાથે" (પ્ર. ૧ લી).

સેવક સાથે અપરિમિત છે, પાળા પોતે રામ;
પુર નિવાસી મળે સામા, કરે સર્વ પ્રણામ. ૮
એમ કરતાં મઠ સમીપે આવ્યા, રામ કૃષ્ણ બે રાય;
દૂરથી દેખી સભા સર્વે, ઊઠી બેઠી થાય. ૯
એક જાદવે બાવાજીને, જઈ કહ્યો સમાચાર;
રામ કૃષ્ણ અહીં પધારે છે, બાવા પધારો દ્વાર. ૧૦
ત્યારે બાવાજી કે' જાદવ પ્રત્યે, કોણ આવેછે એહ;
જાદવ કહે જોગી પ્રત્યે, રાય નગરના એહ. ૧૧
તમારૂં દર્શન કરવા આવે, કે ન જાણીએ શું કામ;
તે માટે તમે દ્વારે આવો, કરશો વિનય પ્રણામ. ૧૨
એવું સાંભળીને બાવોજી, આવી બેઠા આસન;
પછે ત્યાં આવીને ઊભા, હળધરને જગજીવન. ૧૩
તેણે સમે નમ્યા સહુ જાદવ, આવ્યા જાણી રામ;
આસનથી અવધૂત ન ઊઠ્યા, બેશી રહ્યા નિજઠામ. ૧૪
નેત્રપલ્લવી કરી પાર્થે, પ્રભુને કર્યો પ્રણામ;
પછે બાવાજીની સન્મુખ આવ્યા, કૃષ્ણ ને શ્રીરામ. ૧૫
નેત્ર સમશ્યામાં મળ્યા અર્જુન, અને શ્રીજદુરાય;
બળભદ્ર જઈ બાવાજીને, વેગે લાગ્યા પાય. ૧૬
દંડ પ્રણામ કર્યા પગે લાગી, પ્રદક્ષિણા કરી ચાર;
બાવાજી આજ તમ દર્શનથી, સફળ થયો અવતાર. ૧૭

---

૮ કરે ઈ૦—" કરે સહુને પ્રણામ " (પા૦ પ્ર૦ ૧ લી). આ પાઠ સુસંગત નથી. ૧૨ કરશે ઈ૦–" કરો સર્વને પ્રણામ " (પા૦ પ્ર૦ ૧ લી).

૧૪ પોતાના મહિમાની બળરામના મનપર છાપ બેસાડવાને યોગીની નિસ્પૃહતા વર્ણે છે: આસનથા ઇ૦—સ્પષ્ટ છે. આસનથા—આસનથી.

એવું સાંભળી જોગી હરખ્યા, દીધું આશિર્વચન;
સદાકાળ સુખી રહો બાબુ, બેસો બેસો આસન. ૧૮
એવું સાંભળી તતક્ષણ બેઠા, શ્રીકૃષ્ણ ને બળદેવ;
ઊભા હતા તે જાદવ બેઠા, તે દેખી તતખેવ. ૧૯
રામ કૃષ્ણ સભામાં બેઠા, બાવાજી સન્મુખ;
સંકર્ષણ સાધુને દેખી, ઘણું પામિયા સુખ. ૨૦
તેણે સમે બોલ્યા બાવાજી, રામ કૃષ્ણશું ત્યાંય;
કહોજી બેઉ બાંધવે આજ, કૃપા કરી કયમ આંય. ૨૧
તદાકાળ કર જોડી બોલ્યા, બાવાજીશું રામ;
દર્શન કરવા અમો તમારૂં, અહીં આવ્યા છું સ્વામ. ૨૧
વળી એક કૃપા કરો અમને, હું માગું છું માન;
આજ અમારે ઘેર પધારજો, ભોજનને ભગવાન. ૨૩
ધામ પવિત્ર કરો અમારાં, ત્યાં આવી તમો આજ;
સેવા હું સેવકથી થાશે, તેવી કરશું મહારાજ. ૨૪
હું તમને તેડવા આવ્યો છું, બાવાજી અવિધારો;
કૃપા કરીને કૃપાસિંધુ, મુજ મંદિર પગ ધારો. ૨૫
સેવક ઉપર દયા કરીએ, સાંભળીએ જોગી બાવા;
ઊઠો અવધૂત શીઘ્રે થાઓ, સેવકને ઘેર જાવા. ૨૬

---

૧૮ બાબુ–" બાપુ " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૨૦ સંકર્ષણ-બળરામ.
૨૩ સુભદ્રા અને અર્જુનના પ્રેમનું બીજ ઉત્પન્ન થવાનાં ઉપકરણોમાંનું પાસેનું ઉપકરણ વર્ણ્યું છેઃ આજ કા૦—૨૫૯ છે. ભોજનના નિમિત્તથી આવેલા યોગીને સુભદ્રાનું દર્શન થવાથી તે બન્નેનો પ્રેમ થયો છે, એમ આગળ કહેવાશે.

વલણ.

જાવા ઘેર સેવકતણે, એમ રામ ઘણી વિનતિ કરે રે;
વચન સુણી બળભદ્રનાં, પછે બાવાજી શું ઉચરે રે. ૨૭

કડવું ૧૨ મું.

રાગ રામગ્રી.

વૈશંપાયન બોલ્યા વાણ જી, સાંભળ રાજા ચતુર સુજાણ જી;
બાવાજીનાં ચરિત્ર જેહ જી, કહું વિસ્તારી તમને તેહ જી. ૧

ઢાળ.

વિસ્તારી કહું તમ પ્રત્યે, રાયજી અવિધાર;
પછે બાવો વદે વાણી, રામશુ તેણી વાર. ૨
મારે મન એવું ઉપજે, સાંભળો કેશવ રામ;
રાજદ્વારે હું નહિ આવું, મારે અતીતને શું કામ. ૩
બ્રહ્માની સૃષ્ટિ વિષે, વળી રંક રાજા હોય;
ધનવંત ને કો દરિદ્રી, એવી પ્રજા છે સહુ કોય. ૪
આપાપણે ઘેર સર્વ મોટા, વિમાસી તું જોય;
સંન્યાસીને સર્વ સરખા, અધિક ઓછું નવ કોય. ૫
કહીં પંચામૃત હોય ભોજન, કહીં કણવતની જુવાર;
પણ અતીતને સ્વાદ સરખો હોયે, માન નૃપ નિરધાર. ૬

---

૩ રામને સંદેહ ન ઉપજવા માટે તેમને ઘેર જવાની બાવાની નિઃસ્પૃહતા વર્ણે છે: મારે ૦—સ્પષ્ટ છે. ૫ પોતાની સમદૃષ્ટિ તેના વચનદ્વારા વર્ણે છે: સંન્યાસીને ૦—સ્પષ્ટ છે. ૬ યોગીનો ઇંદ્રિયજય વર્ણે છે: કહીં ૦—સ્પષ્ટ છે. કણવતની—પંચ કણીની (?).

જો હાવાં જોગી થયા તો, શા ઇચ્છવા ભોગ;
અલક્ષ્યને ગમશે તે થાશે, જે લિખિત સંજોગ. ૭
આ નગરમાં નિત્યે જમું છું, જાદવને જઇ ઘેર;
તે સર્વ કરૂણા તમારી જો, હેતની છે લે'ર. ૮
જે દિવસ યોગી થયા ત્યારે, કર્યો મન બિચાર;
રાજદ્વારે નવ જાવું, કો દિવસ કરવા આ'ર. ૯
ત્યાં કદાચિત્ જઇએ તો, શોભા જોઈ ચિત્ત લાગે;
ગૃહસ્થના ઘરની જોઇ રચના, તપ જોગીનાં ભાગે. ૧૦
તે માટે હું તમને કહું છું, તે સ્થાનક નહિ આવું;
સંન્યાસીને સ્વાદ ન કરવો, જે આવે તે ખાવું. ૧૧
એવાં અતીતનાં વચન સાંભળી, રામ હરખ્યા મન;
વાત સુણી વિશ્વાસજ આવ્યો, એ મોટા જોગી જન. ૧૨
બળભદ્ર વિમાસે મન વિષે, કો નહિ એને તોલે;
તેણે સમે ત્યાં કર જોડીને, રામ ફરી શું બોલે. ૧૩
અહો બાવાજી હો બાવાજી, મુજને કરૂણા કીજે;
આજ કૃપા કરી ભોજન અર્થે, અમ ઘર તો આવીજે. ૧૪
કાલાવાલા કોડ કરે, વળી ઊઠી બેઠા થાય;
સંભાવના સેવકની કરવી, એમ કહી લાગ્યા પાય. ૧૫

---

૭ ત્યાગ વર્ણે છે: જો હ૦—સ્પષ્ટ છે. ગોગીનો અભ્યાસ તેના "અલક્ષ્ય" એવા વચનદ્વારા વર્ણે છે: અલક્ષ્યને હ૦—સ્પષ્ટ છે. અલક્ષ્ય—લક્ષ્યમાં ન આવે એવું—બ્રહ્મ.

૮ માની બળભદ્રને માન આપી ધૂર્ત અર્જુન તેની પોતાના ઉપર વિશેષ પ્રીતિ દૃઢ કરે છે: આ નગરમાં હ૦—સ્પષ્ટ છે. ૧૦ ચિત્ત લાગે—મન ચોટે. ૧૪ આવીજે—આવવું જોઈએ. ૧૫ ઊઠી બેઠા થાય—ઊભા થાય અને વળી બેસે. સંભાવના કરવી—આદર કરવો. અર્થાત્ મારૂં વચન માન્ય કરવું.

બળભદ્રનું મન રાખવા, શ્રીકૃષ્ણ વદે છે વાણી;
ઊઠો અવધૂત આવો મંદિર, પરમ સેવક આ જાણી. ૧૬
આવડા કાલાવાલા વિનય, કાં કરાવો બાવા;
અતીતને મન સર્વે સરખા, ઊઠો મંદિર જાવા. ૧૭
પછે હળધર એણીપેર બોલ્યા, બાવાશુ વચન;
અવધૂત જોગી આવો મંદિર, કો'તો લાવું વાહન. ૧૮
હય હસ્તી ઉપર બેસો બાવા, અગ્રે રથ કરાવું;
રત્નજડિત સુખપાલે બેસો, તો તે મધ્ય પધરાવું. ૧૯
પણ એક વાર મુજ મંદિર આવો, ભોજનને અવિનાશ;
અહો બાવાજી હો બાવાજી, રખે કરો નિરાશ. ૨૦
તદાકાળ બાવોજી બોલ્યા, વચન સુણો એક મારૂં;
હું આવું ત્યાં ભોજન કરવા, મેં માન્યું વચન તમારૂં. ૨૧
એક પ્રતિજ્ઞા મારે છે, હું જ્યાં જાઉં કરવા ભોજન;
કુમારિકા ત્યાં આવી પ્રાસે, તો હું કરૂં અશન. ૨૨
તે માટે હું મન વિચારૂં, સાંભળીએ શ્રીરામ;
અવધૂત જોગી સંન્યાસીને, ગયાનું શું કામ. ૨૩
મારૂં વ્રત ભાગે તમમાટે, વિચારૂં છું મન;
એવું સાંભળી રામ વદે એમ, જોગી સાથ વચન. ૨૪
એ તો સે'લી વાત છે બાવા, બેન સુભદ્રા મારી;
લઘુવય તે કુમારિકા પીરો, સેવા કરે તમારી. ૨૫
તે માટે ઊઠો બાવાજી, હાવાં ન કરવી વાર;
સામગ્રી સહુ સાંપ્રત થઇ છે, અમારે (તે) ઘેર તૈયાર. ૨૬

---

૧૯ અગ્રે—આગળ. "અગ્રે રથ સંપ્રદ" (પાઠાંતર પ્ર. ૧ લી). તો ઈ૦—" કહો તેમ પધરાવું "(પાઠાંતર પ્ર. ૧ લી). ૨૩ ગયાનું—'વાહનનું' (પાઠાંતર પ્ર. ૧ લી). ૨૪ તમમાટે—તમારૂં વચન માનવા માટે. ૨૬ સાંપ્રત—હમણાં.

આજ અમને કરો કૃતારથ, હું માગુંછું માન;
સેવકને ઘેર જવું સર્વથા, પધારિયે ભગવાન. ૨૭
બળભદ્ર પ્રણીપત કરીને, એવાં વદ્યા વચન;
સુભદ્રા નામ સાંભળીને, બાવો થયા પ્રસન્ન. ૨૮

વલણ.

નામ સાંભળી પ્રસન્ન થયા, અવધૂત હરખ્યા મન રે;
વિપ્ર પ્રેમાનંદ કહે હાવાં, બાવો કરવા જશે ભોજન રે. ૨૯

કડવું ૧૩ મું.

રાગ સામેરી.

વૈશંપાયન વદે સુણ રાય, પૂર્વજ તારાનો મહિમાય;
પછે અર્જુન જાવા સજ થાય, રામને ઘેર ભોજન કરવાય. ૧

ઢાળ.

ભોજન કરવા રામને ઘેર, બાવો થયા તૈયાર;
મઢીમાં જઇ જોગીએ, કર્યો સર્વ શણગાર. ૨
પવિત્ર શુદ્ધ વિભૂતિ તે, અંગે કરી લેપન;
સર્વ તેજ આવિને વશ્યાં, જે હતાં ત્રણ ભોવન. ૩
જટા બાંધી મસ્તકે, વીંટ્યું પીતાંબર એક;
પીતાંબર છે પેંરણે, સ્વરૂપે વાધ્યો છેક. ૪

---

૨૮ ઇષ્ટ સિદ્ધિ થવાની આશાથી અર્જુનના મનનો હર્ષ વર્ણે છે: સુભદ્રા ઇ૦—સ્પષ્ટ છે. ૨ કર્યો—" અંગે કર્યો " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

૩ ભોજન કરવા જતા યોગીનો તે શણગાર વર્ણે છે: પવિત્ર ઇ૦—સ્પષ્ટ છે. ૪ છેક—છેહ—આંકો—હદ. અર્થાત્ અતિશય સ્વરૂપ(સુરૂપ) વંત દેખાવા લાગ્યો.

મૃગચર્મ અંગે ઓઢિયું, મધ્ય રક્ત વસ્ત્ર પરિધાન;
છડા પીંછી હાથ લેઇ, કરવડો ગ્રહ્યો ગુણવાન. ૫
ત્રિપુણ્ડ્રતિલક વિશાળ ભાળે, અર્ધ ચંદ્રાકાર;
તિલક ભાળે શોભતાં, જાણે ઇશિનો અવતાર. ૬
આભૂષણ છે હેમ મણિમય, અંગ થયું ઉદ્યોત;
ભસ્મ ઉપર સબળ શોભે, જ્યમ વીજળી ઘનમાં જ્યોત. ૭
પાવડી ઉપર ચઢ્યા બાવા, રામ આગળ થાય;
શ્રીકૃષ્ણ સાથે વાત કરતા, ઘેર તેડી જાય. ૮
માર્ગે જાતાં મળે માનવ, કરે સર્વ પ્રણામ;
અહો બાવાજી હો બાવાજી, એવા શબ્દ ઠામે ઠામ. ૯
ત્રૈલોક્યને જાણે મોહ પમાડે, તેવું શોભે રૂપ;
પૂજી સર્વ કો પગે લાગે, જાણી જોગી સ્વરૂપ. ૧૦
ઘેર ઘેર સહુને બારણે, બાળક ચતુર સુજાણ;
અહો બાવાજી હો બાવાજી, બાળક બોલે વાણ. ૧૧
જંત્ર તંત્ર જય જય શબ્દ ઊઠે, બાળક બોલે વાણ;
નાનાં બાળક વદે વાણી, બાવા નમો નારાણ. ૧૨
પ્રજા સહુનું માન દેખી, રામ હરખે મન;
શ્રીકૃષ્ણજી તે સરવ જાણે, જે ચરિત્ર અર્જુન. ૧૩

---

૬ ભાળે—" દ્વાદશ " (પ્ર૦ ૧ લી). ઈશ—મહાદેવ. અવતાર—અધિકાર " (પ્ર૦ ૨ જી). ૭ ઉદ્યોત—પ્રકાશમય—શોભાયમાન. ઉપમા આપે છે: જ્યમ ઈ૦— જેમ ઘનમાં વીજળીની જ્યોત હોય તેમ. " તન શ્યામ ઉપર ઘણું શોભે, જાણે વીજળી ઘનમાં જ્યોત " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

૧૧ બાળક ઈ૦—" બાળક થતાં રજુ જાણુ " (પાઠાંતર પ્ર. ૨જી). પેહેલી પ્રતનો પાઠ બરાબર વંચાઇ નહિ શકવાથી ભ્રમવડે આ બીજી પ્રતનો પાઠ ઉત્પન્ન થયો હોય એમ દીસે છે.

નર નારી બાળક આદ, સહુ કો કરે નમસ્કાર;
રામ કૃષ્ણશુ આવિયા, અવધૂત રાજદ્વાર. ૧૪
પ્રતિહાર સેવક સર્વ કો, કરે દંડ પ્રણામ;
વાણી વદે સહુ હર્ષશુ, ભલે કૃપા કીધી સ્વામ. ૧૫
રાજભુવન રચના નિરખતાં, અવધૂત હરખ્યા મન;
ચિત્ર વિચિત્ર સહુ હેમમય, તે જોઇ રહ્યા અર્જુન. ૧૬
રત્ન હીરા ઝળહળે છે, મણિમય ઝાતકાર;
વિશ્વકર્મા ભૂલે ભવન જોતાં, તે ન પામે પાર. ૧૭
જાળિયાં ગોખ ને ચિત્રામણ, છજાં ઝરૂખાં સાર;
સપ્ત ભૂમિની મેડી અટારી, રાવટી રંગ અપાર. ૧૮
હેમમય સહુ કામ છે, ઝળહળે જ્યોતિ પ્રકાશ;
તે સર્વ શોભા નિરખતાં, આવ્યા રંગમેહેલની પાસ. ૧૯
ત્યાં શોભા અપરિમિત છે, સભાની અદ્દભુત;
તકિયા જાજમ ગાલિચા, તે જોઇ રહ્યા અવધૂત. ૨૦
પગે લાગી બાવાજીને, રામ કહે વચન;
બાવાજી આસને હાવાં, બેશીએ સ્વામિન. ૨૧

વલણ.

બેશીએ સ્વામિન એવી, હળધરે વાણી કહી રે;
સંકર્ષણનું વચન સુણીને, બાવોજી બેઠા સહી રે. ૨૨

---

૧૪ નર નારી ઇ૦—"નર નારી જાદવ બાળક આદે" (પ્ર. ૧ લી).
૧૭ ભવનની અતિશય શોભા વર્ણીને અર્જુનની રતિનું ઉદ્દીપન વર્ણે છે: વિશ્વ-કર્મા ઇ૦-સ્પષ્ટ છે. ૨૨ સંકર્ષણનું-"રામ કૃષ્ણનું" એ પાઠ સુસંગત નથી.

કડવું ૧૪ મું.

રાગ મારૂની દેશી.

વૈશંપાયન વદે છે વાણી, પાંડવનો વંશ વખાણી;
સાંભળ જનમેજય રાય, તારા પૂર્વજનો મહિમાય. ૧
અતીત થઇ અર્જુન જેહ, આવ્યા ઘેર રામને તેહ;
બળભદ્રજી હરખ્યા મન, પછે બાવોજી બેઠા આસન. ૨
બળભદ્ર કરે સેવાય, વીંજણો ગ્રહી નાખે વાય;
ઘણી સેવા બાવાની થાય, પાર્થ મન હર્ષ ન માય. ૩
આવ્યા સ્વજન ઘરના સર્વ, જોઇ રૂપ તજે છે ગર્વ;
સહુ નમે બાવાને પાય, જાણે જન્મ કૃતારથ થાય. ૪
એમ અતીતને સહુ નમતા, બાવો સહુને મન ગમતા;
બાળક યૌવન વૃદ્ધ અપાર, નારી માત્ર કરે નમસ્કાર. ૫
સહુ પરસ્પર મુખ બોલે, નહિ કો અતીતને તોલે;
જાણે અનંગતણો અવતાર, મોહ્યા રૂપ દેખી પરિવાર. ૬
પછે પાગે સહુ કો લાગે, શુભ આશિર્વચનને માગે;
બાવે મસ્તક મૂક્યો હાથ, ગયો ઘરમાં તે સહુ સાથ. ૭
સ્ત્રી સર્વે પાગે લાગી, ગઈ ઘરમાં આશિષ માગી;
શ્રીકૃષ્ણ સર્વશુ અનુસરતા, બાવાની સેવામાં ફરતા. ૮

---

૧ પાંડવનો ઇ૦–" પાંડવની વ્યાસે વખાણી " (પાઠાંતર પ્ર૦ ૧ લી) !–પાંડવની કથા જે વ્યાસે વખાણી છે તે કથાની વાણી વૈશંપાયન વદે છે, એ અન્વય. ૬ સહુ ઇ૦–" સહુ પરસ્પર પુરમાં બોલે" (પાઠાંતર પ્ર૦ ૧ લી). સુભદ્રાની રતિનું ઉદ્દીપન વર્ણ્યું છે: મોહ્યા ઇ૦—સ્પષ્ટ છે. ૮ સર્વશુ અનુસરતા–" સહુ સુખ કરતા " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

સિદ્ધને પરમેશ્વર જેવા, જાણી સર્વ કરે છે સેવા;
સેવા માન જોઇ રાજન, બાવાજી હરખ્યા અતિ મન. ૯
પછે અતીત કહે સુણ રામ, આ ધન્ય તમારાં ધામ;
મેં ત્રિભોવનમાં દીઠાં નથી. છે શોભા ઘણી સર્વથી. ૧૦
મે ગોમતીમાં ના'તાં નિર્વાણ, ત્યાં સાંભળ્યું તમ વખાણ;
જે આ નગરમાં કેશવ રામ, તે તો અતીતના વિશ્રામ. ૧૧
પછે મેં વિમાસ્યું મન, ચાતુર્માસ કરૂં આસન;
રહ્યો જાદવમાં મઠવાળી, અતિ આસને આપ સંભાળી. ૧૨
જો તમારા હેતની લે'ર, તો હું આવ્યોછું તમ ઘેર;
જોઇ તમ ઘરની રચનાય, ચિત્ત પ્રસન્ન અતિ મુજ થાય. ૧૩
એવાં વચન સુણ્યાં હળધર, બોલ્યા જોડીને બે કર;
બાવાજી પધાર્યા તમો, આજ ઘણું હરખ્યાછું અમો. ૧૪
તમ ચરણકૃપાથી સ્વામી, સહુને સુખ અંતરજામી;
પવિત્ર થયાં છે અમ ધામ, તમ ચરણરેણુથી સ્વામ. ૧૫
ઘેર સેવકને કીધી કરૂણા, બાવાજી આવ્યા પરૂણા;
મારૂં પૂર્વનું ભાગ્ય અનંત, જે અમ ઘેર પધાર્યા સંત. ૧૬
હું તો સદા સેવક તમારો, આજ જન્મ કૃતારથ મારો;
એમ અતિશે કીધું સ્તવન, ત્યારે બાવો કહે ધન્ય ધન્ય. ૧૭

---

૯ સેવા ઇ૦-હે જનમેજય રાજન! સેવા અને માન જોઇને, એ અન્વય. ૧૨ અતિ ઇ૦—મારા આસને (સ્થાનમાં) આપ (પોતાના ધર્મને) અતિ સંભાળીને. " અતિ આસન આપ્યાં સંભાળી " (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૪ બાવાજી ઇ૦—"બાવાજી પધાર્યા તમો આજ, ઘણું હરખ્યા છું અમો મનમાંજ "(પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૫ ચરણરેણુ—પગની રજ.

૧૬ ઘેર ઇ૦—" સેવકને કરૂણા કરી. ઘેર બાવાજી આવ્યા હરિ. " (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૭ સદા —" દાસ " પ્ર૦ ૧ લીમાં છે, પણ પુનરૂક્તિ હોવાથી ઠીક નથી.

પછે રામે બેન બોલાવી, સુભદ્રા તે પાસે આવી;
બાવાજીને લાગી પાય, જોઇ પાર્થને વિસ્મય થાય. ૧૮
આ બ્રહ્માએ નીરમી નારી, જોઇને જોગી રહ્યો વિચારી;
મેં સ્ત્રી દીઠી સર્વ કોય, આવી સૃષ્ટિ વિષે નવિ હોય. ૧૯
મૃગનયની બાળ વિશાળ, આ તો અદ્દભુત રૂપ મરાળ;
દેવાંગના અપ્સરા રંભા જેહ, આ રૂપથી હારે તેહ. ૨૦
મુખ ચંદ્ર ને નાસિકા કીર, સજ્યા સોળે શણગાર શરીર;
મરાળી માતંગી મદ પર્મ, જોઇ ચિત્તવિભ્રમ અનુજધર્મ. ૨૧
આવી નારી જોઇએ મારે, એમ પારથ મન વિચારે;
જો નારાયણ જુવે સામુ, તો એ પ્રેમદા હું પામું. ૨૨
મેં જે તીર્થ કર્યાં સમસ્ત, તેણે પુણ્યે ગ્રહું હું હસ્ત;
એમ મોહ્યા મન અર્જુન, તે સહુ જાણે જગજીવન. ૨૩

---

૧૮ એ પ્રમાણે સુભદ્રા નામ સાંભળતાં અર્જુનને હર્ષ થયો વગેરેથી શ્રવણ પૂર્વરાગ વર્ણીને હવે દર્શન પૂર્વરાગ વર્ણવવાનો ઉપક્રમ કરે છેઃ પછે ઇ૦—સ્પષ્ટ છે.

૧૯ આવી ઇ૦—" આવી સ્ત્રીમાં કો નિશ્ચય મો'ય " (પા૦ પ્ર૦ ૧ લી). ૨૦ મૃગનયની ઇ૦—(આ કડી પ્ર૦ ૧ લીમાં નથી). મરાળ—હંસ. અર્થાત્ હંસના જેવી ચાલવાળી.

૨૧ મરાળી ઇ૦—(આ લીટી પ્ર૦ ૧ લીમાં નથી). સુભદ્રાને મરાળી (હંસી)—અર્થાત હંસીના જેવી ચાલવાળી તથા તેનો માતંગી(હાથણી)-ના જેવો પરમ મદ જોઇને અથવા અત્યંત મદવાળી જોઇને અનુજધર્મ (ધર્મના અનુજ—નાનાભાઈ)—અર્જુન ચિત્તવિભ્રમ થયા—મનમાં ભ્રમિત થયા. ૨૨ જો ઇ૦—(આ અને આની પછીની એક લીટી, એ બે પ્ર૦ ૧ લીમાં નથી).

પણ રામ ન જાણે તેહ, બાવાજીનું કલ્પિત જેહ;
બેન સુભદ્રાને કહે વાણી, બાઇ લાવો પાત્ર ભરી પાણી. ૨૪
બાવાજીને આપો આણી, કરો સેવા સાધુ જાણી;
સુણી અંતઃપુરમાં ગઇ કુમારી, જળ લાવી ભરીને ઝારી. ૨૫
બાવો બા'ર આવ્યા તત્કાળ, કરવા પાદ હસ્ત પ્રક્ષાલ;
દ્વારે માંડ્યું કનકાસન, ત્યાં બેઠા બાવો જન. ૨૬
સુભદ્રા જળ રેડે ધરી ઝારી, ત્યારે બાવે વિભૂતિ ઉતારી;
જેમ અભ્રમાંથી નિસરે ચંદ્ર, તેમ સોહે અંગ નરેંદ્ર. ૨૭
અંગ બાવાજીનું ચળકે, જાણે ચંદ્રનું બિંબ ઝળકે;
જ્યારે બાવે ભસ્મ ઉતારી, જોઇ મોહ્યાં રાજકુમારી. ૨૮
સુભદ્રા વિચારે મન, આ તો મોહકેરો રાજન;
છે અદ્‌ભુત એનું અંગ, દેખી લાજે અતિ અનંગ. ૨૯
આ કો મોટો દીસે છે ભૂપ, શે અર્થે ધર્યું હશે રૂપ;
અથવા કૈલાસનો નાથ, કે બ્રહ્મા વિષ્ણુ સાક્ષાત. ૩૦
નર તો કોઇ ન હોય આવા, સુભદ્રાનું મન થયું સાથે જાવા;
આ પુરૂષ બ્રહ્માએ ઘડિયો, એ તો મારા જીવશું જડિયો. ૩૧
મેં તો લઘુવયમાં કર્યાં વ્રત, તે થાજો મુને સહુ પ્રત્યક્ષ,
એ સ્વામી જો હું પામું, તો ભવસાગર દુઃખ વામું. ૩૨
સુભદ્રા વાત એમ મન લાવે, મુને બાંધવ કેમ પરણાવે !
હાવાં મન નિશ્ચળ કરવું, એ ન વરે તો સહી મરવું. ૩૩

---

૨૪ કલ્પિત—"કપટ" (પ્ર૦ ૧ લી). ૨૭ અર્જુનના રૂપ દર્શનવડે સુભદ્રાની રતિનું ઉદ્દીપન વર્ણે છેઃ જેમ ૬૦—૨૫૯ છે. અભ્ર—વાદળું. ૨૯ આ તો ૭૦—"આ તો મોટો કો રાજન" (પાઠાંતર પ્ર૦ ૧ લી) આ પાઠ ઠીક છે. ૩૨ પ્રત્યક્ષ—અર્થાત્ ફળ આપવાને તત્પર થજો. ૩૩ નિશ્ચળ—૬૯.

એમ વિચારીને ત્યાંય, શક્તિસ્મરણ કર્યું મન માંય;
મા મુને કરૂણા કરજો, વિનતિ મારી ચિત્તમાં ધરજો. ૩૪
આઇ તેં અસુર હણ્યા છે બહુ, તેનો પાર ન પામું હું;
નિજ સેવકની પૂરો આશ, માટે મુજને છે વિશ્વાસ. ૩૫
જો મુજ ઉપર દયા ધરીશ, તો તારાં વ્રત હું ભાવે કરીશ;
કરી સ્તુતિ બે જોડી હાથ, કરજો કૃપા ભવાની માત. ૩૬
ફરી રૂપ બાવાનું જોયું, વળી મહિલાનું મન મોહ્યું;
વિચારે તેડે તો સાથે જાઉં, સેવા માંહે સાંપ્રત થાઉં. ૩૭
એમ ઇચ્છે સુભદ્રા જાવા, પછે બાવોજી ઘરમાં આવ્યા;
સાથે સુભદ્રા સેવા કરતી, બાવાજીની પાછળ ફરતી. ૩૮

વલણ.

ફરતી પાછળ સેવા માંહે, સુભદ્રા હરખે મન રે;
પછી બાવોજી આસને બેઠા, કરવાને ભોજન રે. ૩૯

કડવું ૧૫ મું.

રાગ ધનાશરી.

વૈશંપાયન વાણી બોલ્યા, સુણ જનમેજય રાજન જી;
બાવોજી બેઠા આસન ઉપર, કરવાને ભોજન જી. ૧

---

૩૪ શક્તિ—આદિ શક્તિ—અંબિકાનું. ૩૫ પામું હું—“પામે સહુ” (પાઠાંતર પ્ર૦ ૧ લી). આ પાઠ ઠીક છે. ૩૭ સાંપ્રત—“તત્પર” (પ્ર૦ ૧ લી). ૩૮ એમ ઇ૦—“એમ ઇચ્છે સુભદ્રા આંય, પછે બાવો આવ્યા ઘર માંય;” (પા૦ પ્ર૦ ૧ લી). બાવાજી—“મુખ દીઠે બાવાજીનું જોતી” (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૩૯ ફરતી ઇ૦—(આ લીટી પ્ર૦ ૧ લીમાં નથી).

તે આગળ સુંદર એક, હેમની માંડી થાળ જી;
પંચામૃત પકવાન પ્રીસ્યાં, લાવી સુભદ્રાએ તતકાળ જી. ૨
થાળ ભરી મૂકી બાવા આગળ, પછે કર્યું ભોજન જી;
કનકઝારી જળે ભરી કરવડો, કહ્યું આરોગીએ સ્વામીન જી. ૩
બાવાજી ભોજન આરોગે, પણ મન નહિ તેનું ઠામ જી;
ચિત્ત વિભ્રમ થયો દેખી, શ્રીદ્રૌપદીનો સ્વામ જી. ૪
સુભદ્રાને જોઈ જોઈ, જમવું ગયો સહુ ભૂલી જી;
સુભદ્રાની સાથે જાવા, દેહ રહીછે ફૂલી જી. ૫
જોગી પ્રત્યે કહે સુભદ્રા, ગુપ્ત કરીને સાન જી;
નિશાએ તમારે મઠ આવીશ, સત્ય સત્ય ગુણવાન જી. ૬
એવું સાંભળી બાવાજીને, હર્ષ ઉપન્યો મન જી;
ભોજન કરીને આવી બેઠા, જ્યાં છે શુભ આસન જી. ૭
બળભદ્રજી ત્યાં બીડી લાવ્યા, લવંગ એલચી સાથ જી;
સર્વ સંયુક્ત કરીને આપે, કે' આરોગો મુજ નાથ જી. ૮
બાવોજી તાંબૂલ આરોગે, રામને હરખ અપાર જી;
ફરી બાવાની પાસે આવી, મળ્યો કુટુંબ પરિવાર જી. ૯
આશિષ માગે બાવા કને, સહુ જઇને લાગે પાય જી;
બાવો હાથ મૂકે મસ્તક ઉપર, જન્મ કૃતારથ થાય જી. ૧૦
તે સમે રોહિણી જોઇ રહ્યાં, બાવાજીનું મુખ જી;
શરીર સામુદ્રિકની શોભા, નિરખી પામ્યાં સુખ જી. ૧૧

---

૨ પ્રીસ્યાં—પીરસ્યાં ૪ સુભદ્રાને આલંબીને ઉપજેલા અર્જુનની રતિના અનુભાવ વર્ણ્યું છે: બાવાજી ઇ૦—૨૫૯ છે. ૬ અર્જુનની ચેષ્ઠા ઉપરથી તેનું મન વરતીને સુભદ્રા તેને કહે છે: જોગી પ્રત્યે ઇ૦-૨૫૯ છે. ૮ સંયુક્ત-(લવંગાદિથી). ૧૧ રોહિણી-બળરામની માતા.

રોહિણીજી વિચારે મનમાં, દેખીને સ્વરૂપ જી;
એ કો દેવ ઘટે સર્વથા, અથવા એ કો ભૂપ જી. ૧૨
તે માટે હું એને આપું, પુત્રી સુભદ્રાય જી;
એ વરે તો પરમ ભાગ્ય મુજ, એવું મનમાં થાય જી. ૧૩
એની સેવા અર્થે આપું, માતાને મન આવે જી;
પણ રામ કૃષ્ણને એમ ન ગમતું, પુત્રી કયમ પરણાવે જી. ૧૪
મહિમા મધુસૂદનનો મોટો, સહુને ગમે મન વાત જી;
સંકર્ષણ મનમાં નહિ પ્રીછે, એક જાણે જગતાત જી. ૧૫
બાવોજી આજ્ઞા માગીને, સ્વસ્થાનક પ્રતિ જાય જી;
હળધર વળાવી ઘેર આવ્યા, આનંદ અંગ ન માય જી. ૧૬
વૈશંપાયન કે' જનમેજય, બાવો પો'ચ્યા ઘેર જી;
હાવાં કથા કહું તું સાંભળ, સુભદ્રાકેરી પેર જી. ૧૭
અંતઃપુરમાં આવી અબળા, માતાકેરી પાસ જી;
મોહ લાગ્યો છે બાવાજીનો, છે તેણે મન ઉદાસ જી. ૧૮
દ્વિધા ચિત્ત સુભદ્રાનું દેખી, જનની પૂછે વાત જી;
કે' કુંવરી તારે મન શું છે, કરને તે વિખ્યાત જી. ૧૯
સુભદ્રા શીતળ થઈ બોલ્યાં, શું પૂછોછો માત જી;

---

૧૨ સર્વાંતર્યામી કૃષ્ણ અર્જુનનું કાર્ય કરવાને રોહિણીના મનમાં વિચારની પ્રેરણા કરે છેઃ રોહિણીજી ઇ૦— સ્પષ્ટ છે. ૧૫ કૃષ્ણની અંતર્યામીપણે પ્રેરણા વર્ણે છેઃ મહિમા ઇ૦—સ્પષ્ટ છે. મધુસૂદન—મધુ નામે દૈત્યનો નાશ કરનાર—વિષ્ણુ.

૧૮ પૂર્વરાગ વિપ્રલંભની ઉદ્વેગ નામે કામદશા વર્ણે છેઃ મોહ ઇ૦— સ્પષ્ટ છે. કડીમાંના " ઉદાસ " શબ્દવડે સુભદ્રાનો ઉદ્વેગ વ્યંજિત થાય છે માટે એ ઉદ્વેગ નામે કામદશા છે.

૧૯ દ્વિધા—બે પ્રકારનું. મનમાં બીજો કાંઈ વિચાર ચાલતો હોય અને બાહારથી કાંઈ બીજું કામ કરતી હોય એવા પ્રકારનું મન. (એ પૂર્વરાગ વિપ્રલંભની ચિંતા નામે કામદશાનું વર્ણન છે).

મુને અંતર ઘણી આપદા, શી કહું તુને વાત જી. ૨૦
પેલો અતીત અશન કરવા, ઘેર આવ્યો'તો જેહ જી;
સર્વથા માડી મારા મનમાં, વર વરવાનું આવે એહ જી. ૨૧
ઘણું શું કહું મુખ માતાને, કે'તાં આવે લાજ જી;
સ્વયંવર કરીને પરણાવો, જેમ જાયે મનની દાઝ જી. ૨૨
વચન સુણીને સમજ્યાં માતા, પુત્રીનું વરવા મન જી;
તેણે સમે માતાજી બોલ્યાં, પુત્રી પ્રત્યે વચન જી. ૨૩
આજ નિશાએ તારે જાવું, બાવાજીકેરે વાસ જી;
વચન પ્રબોધ કરીને વે'લી, આવે તું અવાસ જી. ૨૪
પ્રાતઃકાળે ઉત્સવ કરવા, જાશે જાદવ સાથ જી;
કહે તે સ્થાનક હું આવીશ, તમો પધારજો નાથ જી. ૨૫
એવી વાત કરે તું મીઠી, પણ રખે ભ્રાત જાણતા વાત જી;
ગુપ્ત વાત તો રાખવી તારે, નહિ તો થશે ઉત્પાત જી. ૨૬
સેવા કરવાને અતીતની, પુત્રી સાથે જાઓ જી;
તે સંઘાતે ગયા પછી અહીં, મનમાને તે થાઓ જી. ૨૭
તેને મેં રૂડી પેરે જોયો છે, દીસે છે કો સુપાત્ર જી;
મારે મન ઇચ્છા છે એવી, જો તે થાય જામાત્ર જી. ૨૮

---

૨૦ રોગ નામે કામદશા વર્ણે છેઃ સુભદ્રા ૯૦-૨૫૯ છે. "શીતળ" શબ્દથી રોગની વ્યંજના કરેલી છે. ૨૨ સ્વયંવર કરીને—"ખપ કરીને" (પા૦ પ્ર૦ ૧ લી). દાઝ—પરિતાપ. ૨૪ વચન પ્રબોધ—વચનવડે મનની વાત કહીને સમજણ આપવી તે. અર્થાત્ તારા મનનું હાર્દ જણાવીને.

૨૫ માતા પુત્રીને સંકેત બતાવે છેઃ પ્રાતઃકાળે ૯૦-૨૫૯ છે. ૨૭ પુત્રીના મનનું અભીષ્ટ સિદ્ધ કરવાને માતા તેને અતીતની સાથે જવાની શીખામણ આપે છેઃ સેવા ૯૦-૨૫૯ છે.

૨૮ માતાએ અર્જુનને ઓળખ્યો છે તે વાત અર્ધગુપ્ત રાખીને રોહિણી સુભદ્રાને સૂચવે છે કે એ વર તારે યોગ્ય છેઃ તેને ૯૦—૨૫૯ છે.

સુભદ્રા પ્રત્યે કહે માતા, સાંભળ પુત્રી વાત જી;
શિવરૂપ દીસેછે મોટો, એ તાપસ ગુણ વિખ્યાત જી. ૨૯
એવું સાંભળીને સુભદ્રા, પામી મન ઉલ્લાસ જી;
આજ નિશાએ અમિ જાઉં, બાવાજીની પાસ જી. ૩૦

વલણ.

બાવાજીની પાસ જાવા, સુભદ્રા ઇચ્છે રહી રે;
વિપ્ર પ્રેમાનંદ કહે હાવાં, અર્જુન વર વરશે સહી રે. ૩૧

કડવું ૧૬ મું.

રાગ કેદારો.

કહે કથા વૈશંપાયન, સુણ જનમેજય રાજન;
મનમુદાએ કહું કથા પારથતણી રે. ૧

ઢાળ.

કહું કથા પારથતણી, જે થયા જોગી જન;
ભોજન કરી બાવોજી આવ્યા, પોતાને આસન. ૨
મોહબાણ લાગ્યાં બાવાને, અંનગ વ્યાપ્યો અંગ;
સ્મરણ કરે સુભદ્રાનું, બાવો ભર્યો ઉમંગ. ૩

---

૨૯ શિવ ઇ૦—" સિદ્ધરૂપ દીસે કોઈ મોટે, તાપસરૂપ વિખ્યાતજી; " (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૩૧ વિપ્ર ઇ૦—" ઋષિ કહે રાજા પ્રત્યે " (પા૦ પ્ર૦ ૧ લી). ૧ મુદા—હર્ષવડે. ૨ સુભદ્રાને જોઇને થયેલી અર્જુનના મનની સ્થિતિ વર્ણે છે: કડુ ઇ૦-સ્પષ્ટ છે.

ઊઠે બેસે શયન કરે, વળી મન માનિનીમાં લાવે;
વસ્ત્ર ઓઢી સૂતા બાવાજી, પણ ઉંઘ લગાર ન આવે. ૪
વળી ક્ષણમાં બાહાર આવી, જુએ ઉઘાડી દ્વાર;
ખડખડાટ કંઇ સાંભળતાં, જાણે આવી નાર. ૫
એવા પ્રકાર કરે રહ્યા, ત્યાં મઠ વિષે અર્જુન;
શ્રીકૃષ્ણનાથ તે સર્વ જાણે, પ્રભુ જગજીવન. ૬
માતાએ મોકલી સુભદ્રા, અતીતનો મઠ જ્યાંય;
કો નવ દેખે તેમ કહીને, આવજો ફરી આંય. ૭
સંકેત કરવા સુભદ્રા ચાલ્યાં, પ્રભાતે જાવા માટ;
માર્ગે જાતાં ભગિનીએ, કૃષ્ણ ઊભા દીઠા વાટ. ૮
પાછી ફરીને આવી સુભદ્રા, જ્યાં બેઠાં છે માત;
માત હું ત્યાં કેઇ પેર જાઉં, વાટે ઊભા છે ભ્રાત. ૯
માતા કે' મુહૂર્ત એક પછી, જાઓ તમે કુમારી;
નિદ્રા અર્થે ઘરમાં જાશે, શ્યામળ દેવ મુરારિ. ૧૦
જાણી જુક્તિ જુગ્મ ઘટી રહી, પછે જાય તે નાર;
ફરી આવી તો ત્યાં દીઠા, બાંધવ માર્ગ મોઝાર. ૧૧
વળી પાછી સુભદ્રા આવી, કરે માતને પ્રશ્ન;
કેમ જવાયે ત્યાં માતાજી, હજી ઊભા છે કૃષ્ણ. ૧૨
ત્યારે માતા કહે કુંવરીને, બેશ પુત્રી આ ઠામ;
મધ્ય નિશા ઉપરાંત કૃષ્ણજી, જશે આપણે ધામ. ૧૩
વળી માતા પુત્રીને કહે, રખે જાણતા હોય વાત;
જુગ્મ વાર તમો ગયાં તે, માર્ગમાં દીઠાં હોય ભ્રાત. ૧૪

---

૧૦ શ્યામળ—" સાંભળ " (પાઠાંતર પ્ર. ૨ જી). ૧૧ જુગ્મ—બે. ઘટી—ઘડી.

મધ્ય ઉપર ઘડી આરનો, સમય થયો જોણી વાર;
હળવે હળવે છાની તે સમય, ચાલી રાજકુમાર. ૧૫
રખે કો મુજને જાતાં દેખે, યોગીને મંદિર;
અર્ધશેરીએ આવી અબળા, તવ આગળ દીઠો વીર. ૧૬
ધાઇ કૃષ્ણજી પાસે આવ્યા, ભગિની ઊભી જ્યાંય;
કહે રે બાઇ એકલી આ વેળા, તું જાયે છે ક્યાંય. ૧૭
બાંધવ દેખી સુભદ્રા ઘણી, પામતી મન લાજ;
સણગટ વાળીને મુખ ઢાંક્યું, વૃથા થયું સહુ કાજ ! ૧૮
એ મુને મારશે નિશ્ચે, મનમાં ઉપન્યો ત્રાસ;
તે સમે વળી ભગિની પ્રત્યે, બોલ્યા શ્રીઅવિનાશ. ૧૯
હું જાણુંછું તારૂં મન છે, જવા અતીતને ઘેર;
કાર્ય તારે શું છે તેશુ, મુજને કે'ની પેર. ૨૦
શો અર્થે તું ત્યાંહી પધારે, મુજને કહિયે તેહ;
તોય સુભદ્રા મુખ નવ બોલે, લજ્જા પામી જેહ. ૨૧
તેણે સમે શ્રીકૃષ્ણ કહે, બાઇ એક કહું તે કરશે;
તે અતીતને જો તું વરે તો, કાર્ય તારૂં સરશે. ૨૨
ત્યારે હળવેશુ બોલ્યાં સુભદ્રા, હા ભ્રાત એ કહ્યું તે વારૂં;
એ ઇચ્છાવરને વરવા અર્થે, નિશ્ચે મન છે મારૂં. ૨૩
પૃથ્વીપતિ અથવા અમર કો તે, સંન્યાસી તો દીસે;
તે અતીતની સેવા કરતાં, મારૂં મન ઘણું હીસે. ૨૪
એવાં વચન સુણી ભગિનીકેરાં, બોલ્યા જગજીવન;
બેન સાંભળો તે ન હોય જોગી, તે તો છે અર્જુન. ૨૫
કુંતાસુત એ પાર્થ છે, પાંડુરાય એનો તાત;

---

૨૦ તેશુ–તેની સાથે.

હસ્તિનાપુરનો એ છે રાજા, સત્ય જાણજો વાત. ૨૬
એ અતીતને વરતાં બાઇ, બાધ કશો નવ થાય;
પણ એક બુદ્ધિ હું તુજને આપું, તે કરજે તું ઉપાય. ૨૭
રેવતાચળ પર્વત એક છે, ત્યાં ઉત્સવ કરવા કાજ;
પ્રભાતે જાદવ સહુ જાશે, સજી સર્વ કો સાજ. ૨૮
ત્યારે તું હળધરને કે'જે, કૃષ્ણતણો રથ જેહ;
મુજને દેવે જાવા અર્થે, આણી આપો તેહ. ૨૯
પછે રામને રથ હું આપીશ, તમો થજો અસવાર;
હરણ કરીને તમને વરશે, અર્જુન માર્ગ મોઝાર. ૩૦
એમ કહીને કૃષ્ણજી બોલ્યા, બાઈ હમણાં જાઓ ઘેર;
પુરૂષોત્તમ કે' પ્રભાતવેળા, થશે સર્વથા પેર. ૩૧
એવું સાંભળી ગઇ સુભદ્રા, માતાકેરી પાસ;
વાત (સર્વ) આવી કહી વિસ્તારી, સાંભળી થયો ઉલ્લાસ. ૩૨
પછે કૃષ્ણજી ત્યાં આવ્યા, જ્યાં જોગીનું આસન;
હળવે જઇને દ્વાર વજાડ્યું, સ્વામી જગજીવન. ૩૩
ત્યારે ભડકીને બાવોજી ઊઠ્યા, આવી જાણે નારી.
ઊઠી ઉતાવળા દ્વાર ઊઘાડ્યું, દીઠા દેવમોરારિ. ૩૪

---

૨૯ દેવે—રેવતાચળ પર્વત દેવની જાત્રાએ જવાને. ૩૧ રાત્રે અતીતને ઘેર એકલી સુભદ્રા જાય તો કદાચ તે વાત ઊઘાડી પડવાથી કાર્ય સિદ્ધિ ન થતાં અનર્થ થાય. તે અટકાવવાને આવી રીતે માર્ગ રોકીને ઘણી રાત સુધી ઊભા રહેલા કૃષ્ણ સુભદ્રાને પાછી વાળે છે: બાઈ ઈ૦—૨૫૯ છે.

૩૩ સુભદ્રાના મનની વાત જાણનારા કૃષ્ણે સુભદ્રાને પાછી વાળ્યા પછી કેવી રીતે હરણ કરવું તે સમજાવવાને અર્જુન પાસે જતા કૃષ્ણ તેને પણ એવીજ રીતે લજ્જા પમાડે છે: પછે ઈ૦—૨૫૮ છે.

પાર્થ પરમેશ્વરને જોઇ, લજ્જા પામ્યા મન;
તે સમે એમ બાવાજીશુ, બોલ્યા જગજીવન. ૩૫
કહો અવધૂત આજ કાં જાગ્યા, એવડું કારણ શું છે;
વળી અનમન્યા સરખા દીસોછો, શ્યામળિયો એમ પૂછે. ૩૬
સુણી વાણી વિશ્વંભરની, રહ્યા પાર્થ જોઈ નીચું;
લજ્જાકૂપમાં પડ્યો મહીપતિ, મુખ થતું નવ ઉંચુ. ૩૭
ત્યારે તેના મનની શોચના, શ્રીકૃષ્ણે સહુ જાણી;
હસતા હરિ પાસે આવીને, એવી બોલ્યા વાણી. ૩૮
અરે રાય મેં સર્વે જાણ્યું, તારા મનનું હીર;
કાલે સુભદ્રા તું પામીશ, રાખ્ય હ્રદેમાં ધીર. ૩૯
પ્રભાતે સહુ જાદવ જાશે, ઉત્સવ કરવા માટે;
અર્જુન તમો સવારે ઊઠી, જઈ બેસજો વાટે. ૪૦
મારે રથે બેશી સુભદ્રા, લહો આવતી જ્યારે;
રાશ આયુધ ગ્રહી અવધૂત, ચઢી બેસજો ત્યારે. ૪૧
સુભદ્રાને મેં સર્વ કહ્યું છે, એમ કે' જગજીવન;
શ્રીકૃષ્ણનાં એવાં વચન સુણી, હરખ્યા મન અર્જુન. ૪૨
કર જોડીને અર્જુન બોલ્યા, નમી નાથને ત્યાંય;
એ સર્વ તમારી કૃપાથી, (અમો) મોટા થયા જગ માંય. ૪૩
મુહૂર્ત એક બેઠા ત્યાં માધવ, અર્જુનશુ કરી વાત;
પછે આજ્ઞા માગી ઊઠિયા, ઘેર ગયા શ્રીનાથ. ૪૪
સુભદ્રા સૂતાં મંદિરમાં, મઠ વિષે અર્જુન;
રંગમેહેલમાં પ્રભુ પધાર્યા, પોઢ્યા જઇ આસન. ૪૫

---

૩૯ હીર અને ધીરને ઠામે પ્ર. ૧ લીમાં "કારણુ" અને "ધારણુ" એવા પ્રાસ છે. ૪૦ સવારે—"સવારા" (પ્ર. ૨ જી)—વેળાસર.

અર્જુનને નિદ્રા નવ આવે, વાર વાર જોતા રાત;
(બાર) આવી જુએ નિશા કેટલી છે, ક્યારે થાય પ્રભાત. ૪૬

વલણ.

પ્રભાત થાશે ક્યારે, એમ વિચારે અર્જુન રે;
આજની નિશા તો યુગ સરખી, લાગે મારે મન રે. ૪૭

કડવું ૧૭ મું.

રાગ ગોડી.

ઋષિજી કહે સુણો ભૂપાળ, ચાર જામ જાગ્યો પાંડુબાળ;
પછે અર્જુન ઊઠ્યો તતકાળ, જ્યાં થયો છે પ્રાતઃકાળ. ૧
દંતધાવન કરી અર્જુન, જાવા માર્ગ વિમાસે મન;
કૃષ્ણે કહ્યું તે સાચું સહી, માટે માર્ગે બેસું જઈ. ૨
જો આવે ત્યાં સુભદ્રાય, તો અર્થ સહી મારો થાય;
જાદવ સાથે સહુ જાશે ત્યાંય, ઉત્સવ કરવા તીરથ જ્યાંય. ૩
આગે જઇ બેસું તે માટ, સુભદ્રાની જોઉં વાટ;
એવો સંકેત તે મનમાં ધરી, ઊઠ્યો અર્જુન સમર્યા શ્રીહરિ. ૪
મંત્રપવિત્ર કર્યું શુભ સ્નાન, પછે વિભૂતિ ધરી ભગવાન;
પવિત્ર ભસ્મ કરી લેપન, દ્વાદશ તિલક જોઇ મોહે મન. ૫

---

૪૭ યુગ—" શલ્ય " (પ્ર. ૧ લી)—કાંટો. ૧ ઋષિજી ઈ૦—પાંડુબાળ—પાડુ રાજાનો પુત્ર અર્જુન. " ઋષિજી કહે રાજાજી ચાર, જામ જાગ્યો ભૂપાળ; પછે અર્જુન ઊઠ્યા સહી, પછે થયો પ્રાતઃકાળ. ઢાળ " (પાઠાંતર પ્ર. ૧ લી). જામ—પોહોર.

૨ દંતધાવન—દાતણ કરવું. ૪ એવો ઇ૦—આ લીટી પ્ર. ૧ લીમાં નથી. ૫ મંત્રપવિત્ર—મંત્રવડે પવિત્ર (સ્નાન).

પછે પીતાંબરે બાંધી જટા, તે ઉપર સોનેરી પટા;
ઉપર કલગી તોરા સાર, તેથી થઇ રહ્યા ઝાતકાર. ૬

(છે) રૂદ્રાક્ષની પવિત્ર માળ, કંઠે આરોપી તતકાળ;
બીજા સૂત્રતણા જે હાર, તે રાખ્યા જેના જે ઠાર. ૭
કાછ કછીઓ છે પીતાંબર, હેમ કડાં શોભે છે કર;
કંઠે માદળિયાં તાવીત, હાર કનક મણિ મન ભાવિત. ૮
આ ભૂષણ છે સાથે જેટલાં, બાધે અંગ ધર્યાં તેટલાં;
તે ઉપર ઓઢ્યું મૃગચર્મ, પીત વસ્ત્ર મધ્યે શોભે પર્મ. ૯
શોભે જોગી અવધૂત નાથ, કરવડો ઝોળી લીધાં હાથ;
છડી લાલ કર પીંછી ગ્રહી, શંખ શબ્દ કીધો ત્યાં રહી. ૧૦
સર્વ અંગની શોભા ઘણી, ઉપમા કોણ આપું તે તણી;
ત્રિપુણ્ડ્ર તિલક લલાટે ચળકે, શકે અર્ધચંદ્ર શું ઝળકે. ૧૧
પાવડી ઉપર પગજ ધરે, બાવોજી ત્યાંથી સંચરે;
મઢીકેરૂં દઇને દ્વાર, બાવોજી પધાર્યા બા'ર. ૧૨
પ્રજા સહુ કો પૂછે ત્યાંય, કહો બાવાજી પધારોછો ક્યાંય;
બાવોજી સૌને કહે તે ઠામ, રેવતોત્સવનું લેતા નામ. ૧૩
રેવતાચળ પર્વતને ઠાર, કહે છે ઉત્સવ થાશે સાર;
મેં રાત્રે સાંભળ્યા સમાચાર, તે માટે જાઉં છું તે ઠાર. ૧૪
મોડા જાતાં ન મળે શુભ ઠામ, માટે વે'લાં જાવાની હામ;
તમ આગળ હું જાઉં સહી, પછે ઠામ જડે શુભ નહિ. ૧૫

---

૭ જેના જે ઠાર—જે જગોએ જેને રાખવાનું ઠેકાણું હતું ત્યાં. " તે રાખે જનોઇને ઠાર " (પાઠાંતર પ્ર. ૧ લી)—સ્પષ્ટ છે. ૯ તે ઉપર ઓઢ્યું—" ઘનઘોર પેર્યું મૃગચર્મ " (પાઠાંતર પ્ર. ૨ જી). ૧૩ રેવતોત્સવ—રેવતાચળ પર્વત સંબંધી ઉત્સવ.

આગળથી જઈ કરૂં આસન, વળી સેવક જાદવ વદે વચન;
રહો બાવાજી જઈશું સાથ, ઘટિકા ચાર પછે ત્યાં નાથ. ૧૬
જ્યારે અમો સર્વ કો જશું, ત્યારે પ્રભુજીને સાથ તેડશું;
કહે અતીત મેં હમણાં જવું, તે સ્થાનક તો જોવું નવું. ૧૭
આજ્ઞા માગી અવધૂત જાય, પછે લોક સહુ સાંપ્રત થાય;
પાધર ગઢ મારગમાં સહી, બાવોજી ત્યાં બેઠા જઈ. ૧૮
ત્યાં પ્રજાને જવાની શેરી, અતીત માર્ગ રહ્યો તે ઘેરી;
કલ્પના પાર્થને મન થાય, હાવાં ક્યારે આવશે સુભદ્રાય. ૧૯
માર્ગ વિષે રહ્યા અર્જુન, ઝુંડો જઈ રહ્યો છે ગગન;
સમીરે પીંછી ફરહરે, બાવો ઊભા વિમાસણ કરે. ૨૦

વલણ.

કરે ઊભા વિમાસણ ઘણું, અંતરમાં ઉચાટ રે;
કહે પ્રેમાનંદ સુભદ્રાની, અર્જુન જુવે વાટ રે. ૨૧

કડવું ૧૮ મું.

રાગ આશાવરી.

વૈશંપાયન ઉચરે, રાય જનમેજય શ્રવણે ધરે;
જાદવ સામગ્રી કરે, ઉત્સવ જોવા હર્ષે ભરે. ૧

---

૧૭ કહે ઇ૦—" કહે અતીત મેં જે વદી વાત, સ્થળ નવું જોવું સાક્ષાત " (પાઠાંતર પ્ર. ૧ લી). ૧૮ સાંપ્રત—તૈયાર. ૨૦ ઝુંડો—બાવાજીનો. "જઇ રહ્યો પાંડુનો તન" (પાઠાંતર પ્ર. ૧). સમીરે–પવનથી. ૨૧ કહે—" કવિ " (પાઠાંતર પ્ર. ૧ લી).

ઢાળ.

હર્ષેશુ ઉત્સવ જાવા, કરે સર્વ શણગાર;
બાળ યૌવન વૃદ્ધ આદે, ઘેર ઘેર હર્ષ અપાર. ૨
મળસ્નાન કરી અંગે પછે, તિલક ધરે સહુ કોય;
અંગ આભૂષણ શોભતાં, ધરે વસ્ત્ર સુંદર સોય. ૩
કબાય કારમા જામા ઝીણા, નીમા ધારે સાર;
પાઘડી પટકા પછેડી ને, પામરી શ્રીકાર. ૪
બહુરંગી બાંધે મોળીઆં ને, તિલક ભાળ રસાળ;
તોરા કલગી કિનારી તે, દીસે ઝાકઝમાળ. ૫
ગોસપેચ બાંધે પાઘડી, તે હેમમય ઉદ્યોત;
કાને કુંડળ ઝળકતાં, લળકતાં મોતી જ્યોત. ૬
બાજુબંધ ને બેરખા, કોને હેમ પોંચી હાથ;
વેળીઆં વીંટી છાપ કોને, જડિત હીરા સાથ. ૭
કડાં કોના કર વિષે છે, હેમનાં નિર્ધાર;
સુવર્ણમય સાંકળી કંઠે, મુક્તાફળના હાર. ૮
માદળિયાં તાવીત કંઠી, કનકના શણગાર;
કટિબંધ બાંધ્યા રત્નમય, જડિત નંગ અપાર. ૯

---

૨ કરે—"ધરે" (પાઠાંતર પ્ર. ૨ જી). ૩ મળસ્નાન—તીર્થસ્નાન કરતાં પેહેલાં દેહના મળની શુદ્ધિ માટે જે ઘેર સ્નાન કરવું તે. મળશુદ્ધિ સ્નાને કરી, તિલક અંગ ધરે સર્વ કોય" (પાઠાંતર પ્ર. ૧ લી).

૪ કબાય—અંગરખા. નીમા—એક જાતનું વસ્ત્ર. જામા ઇ૦—"જામા નીમા, હીમરૂ રાતી સાર" (પાઠાંતર પ્ર. ૧ લી). હીમરૂ—એક જાતનું લૂગડું. શ્રીકાર—સારી—ઉત્તમ પ્રકારની. ૫ તોરા ઇ૦—(આ લીટી પ્ર. ૧ લીમાં નથી). ૬ ગોસપેચ—શિરપેચ (?). ઉદ્યોત—પ્રકાશિત. ૯ કંઠી—" ગાંઠે " (પાઠાંતર પ્ર. ૧ લી). કટિબંધ—કંદોરા.

આભૂષણ પર વસન પે'રે, ઉલટ અંગ ન માય;
જેવાં જેને શોભતાં, તે ધરે તેવાં કાય. ૧૦
ઉત્સવ જાવા સર્વ કોને, હર્ષ મનમાં હોય;
વસ્ત્ર ભૂષણ અંગ પે'રી, સાંપ્રત થાય સહુ કોય. ૧૧
રેવતાચળ પર્વતે જાવા, સહુ કો થયાં તૈયાર;
સજ કર્યા વાહનકાજ રથ, જોઇ હય કરે હીસાર. ૧૨
સોનેરી રૂપેરી તેને, ધરાવે શણગાર;
છત્ર ચામર પતાકાને, કરે સેવક તૈયાર. ૧૩
રત્ન જડિત્રનાં જીન શોભે, મોતી ઝાલર સાર;
સજ કરી લાવે સ્વામી પાસે, પ્રભુ થાય અસ્વાર. ૧૪
કો શૃંગાર હયને ધરાવે, આપ આપણે ઠામ;
અશ્વ આગળ ઊભા રાખે, કરે દંડ પ્રણામ. ૧૫
એમ વાહન સહુ કો સજ કરીને, લાવે સેવકજન;
પ્રણામ કરીને એમ કે', જઇ બેસીએ સ્વામિન. ૧૬
શોભતા રથ શણગારિયા, ઘૂઘરીનો ઝણકાર;
જાજમ તકીઆ ગાલીચા, પાથરી કર્યા તૈયાર. ૧૭
વૃષભ શણગારી કરીને, શકટ વિષે તે જોડે;
માંહોમાંહે સેવક કહે, દોડાવશું વાટમાં હોડે. ૧૮
વાહન શણગારી લાવિયા, આપ આપણા જ્યાં સ્વામ;
જેને વાહન છે નહિ, પાળા જશે તે ઠામ. ૧૯

---

૧૦ વસન—વસ્ત્ર. ૧૧ ઉત્સવ ઇ૦—(આ લીટી પ્ર. ૧ લીમાં નથી). ૧૩ પતાકા—ત્રિકોણાકાર વાવટો. ૧૭ શોભતા ઇ૦— "શોભતા શણગાર કરી, રથ વખતે જોડી લાવ" (પાઠાંતર પ્ર. ૧ લી). જાજમ ઇ૦—(આ લીટી પ્ર. ૧ લીમાં નથી). ૧૮ દોડાવશું ઇ૦—વાટમાં હોડ કરીને દોડાવીશું.

વલણ.

જશે સર્વ કો ઉત્સવ કરવા, એ પ્રકાર સામગ્રી કરી રે;
સ્ત્રીઓ શણગાર સર્વે ધરે છે, શ્રોતાજન કો' શ્રીહરિ રે. ૨૦

કડવું ૧૯ મું.

રાગ મારૂ.

સુંદરી કરે શણગાર, સહુ ઉત્સવ જાવા;
કો આભૂષણ પે'રે અંગ, કો બેઠી ના'વા. ૧
કો ગૂંથાવે શીશ, કો સેંથા ભરતી;
કોના હાથ વિષે દર્પણ, કોક તિલક કરતી. ૨
મેશ દાબડી ગ્રહી હાથ, કો અંજન સારે;
કો પે'રે છે રૂડાં વસ્ત્ર, કો ભૂષણ ભારે. ૩
ગોફણો રત્ન જડાવ, ચમરી ચળકે છે;
ત્રિસેંથિયાં શીશફૂલ, માથે ઝળકે છે. ૪
માળા મોતીના હાર, ઉર પર ઢળકે છે;
જડાવ ચૂડલો હાથ, કંકણ ખળકે છે. ૫
તિલક ભમરી ને મોર, ત્રોટી કાને છે;
દિસે અદ્દભુત રૂપ, ગોરે વાને છે. ૬
કટિબંધ હેમ જડાવ, ઝાંઝર પાગે છે;
ઘૂઘરી નૂપૂર ઝણકાર, લંગર વાગે છે. ૭

---

૨ કો ગૂંથાવે ઇ૦—" કો તિલક કરતી, મેશ દાબડી હાથ ગ્રહી; કો આંજે નયનાં સાર " (પાઠાંતર પ્ર. ૧ લી). ૬ તિલક ઇ૦—" તિલકના ભમરનો મોર " (પાઠાંતર પ્ર. ૧ લી).

કલ્લાં કાંબી આણવટ, વીંછિયા સોહે છે;
દેખી દેવાંગના શાં અંગ, અમર મન મોહે છે. ૮
નાના તિલક વિશાળ, સુંદર ભાળે છે;
સમીર ઉરાડે ચીર, સાણગટ વાળે છે. ૯
કો છોડે અંબોડા માંહોમાંય, જોવાને હેરી;
કટાક્ષ નેત્ર વિશાળ, જોતી કો મે'રી. ૧૦
માંહોમાંહે કહે નાર, બાઇ થા વે'લી;
ઉતાવળી આપણે ત્યાંય, જઇએ સહુ પે'લી. ૧૧
બહુ નાની મોટી નાર, સામગ્રી કરતી;
યથાયોગ્ય શાણગાર, તે તેવા ધરતી. ૧૨
લેઇ મજાના ઉપહાર, સ્ત્રી બાંધે છેડે;
માંહોમાંહે મારે હાક, સખીને સખી તેડે. ૧૩
ચરણાં ચોળી ચીર, પે'હેરે સહુ બાળા;
રત્ન રાખડી ચોક, કંઠ મોતીમાળા. ૧૪
એમ સજ્યા સોળ શાણગાર, છે જોબન વેશે;
રથ વે'લ ને સુખપાલ, વાહને જઇ બેસે. ૧૫
કહો બાઈ કેટલી વાર, પૂછે ઉલ્લાસે;
કરો ઉતાવળ સહુ સાથ, અસુર ઘણું થાશે. ૧૬
તત્પર થઇ સહુ લોક, ઉત્સવ ભાણી ચાલે;
ઝરૂખે બેઠી નાર, સુભદ્રા ભાળે. ૧૭

---

૯ ભાળે—" શોભે " (પ્ર. ૧ લી). ૧૦ મે'રી—સ્ત્રી. ૧૩ લેઈ ઈ૦—પ્રજાના ઉપહાર (બીજા લોકોએ તીર્થમાં ચઢાવવાની ભેટ સામગ્રી આપી હોય તે) લેઇને છેડે બાંધે છે. " પૂજાના " (પાઠાંતર પ્ર. ૨ જી)—પૂજા કરવાના ઉપહાર (સામગ્રી). સખીને ઇ૦—" સખીઓને" (પાઠાંતર પ્ર. ૨ જી). ૧૪ ચીર—"વસ્ત્ર" (પાઠાંતર પ્ર. ૧ લી).

એવું દેખી ઉતરી બાળ, આવી માતા પાસે;
જનની પ્રત્યે વચન, કુંવરી પ્રકાશે. ૧૮
સુભદ્રા કહે માત, આજ ઉત્સવ થાશે;
પ્રાણીમાત્ર જનેતા ત્યાંય, જોવાને જાશે. ૧૯
માટે હું જાઉં તેણે ઠાર, એમ કહી હઠ લીધી;
માત વિના ન જાણે કોય, જે કૃષ્ણે શીખ દીધી. ૨૦

વલણ.

કૃષ્ણ શિક્ષા ન જાણે કોઇ. સુભદ્રા રઢ લેઇ રહી રે;
વિપ્ર પ્રેમાનંદ કહે અંતઃપુરમાં, સંકર્ષણ આવ્યા સહી રે. ૨૧

કડવું ૨૦ મું.

રાગ વેરાડી.

વૈશંપાયન કહે સુણો રાય, પછે કરતી શું સુભદ્રાય;
આવી પુત્રી જ્યાં છે માત, ઉત્સવ જાવાની કહી વાત. ૧
રઢ લઇ રહી કુંવરી તે ઠામ, એવે ઘરમાં આવ્યા રામ;
સુભદ્રા દેખીને ભ્રાત, માત આગળ કરે અશ્રુપાત. ૨
તીર્થ જાવાને આક્રંદ કરે, ભ્રાત ઊભા તે શ્રવણે ધરે;
હળધર એમ વિમાસે મન, ભગિની કાં કરે રૂદન. ૩
જઇ માતાને પૂછીએ આજ, બેન આક્રંદ કરે શે કાજ;
પછે માતાને પૂછે બળદેવ, સન્મુખ પાસે જઇ તતખેવ. ૪

---

૧૯ જનેતા-હે માતા! "પ્રજા" (પાઠાંતર પ્ર. ૧ લી). ૨૦ માત વિના —"માતપિના" (પ્ર. ૨ જીનો પાઠ બરાબર નથી). ૨ ભ્રાત—ભ્રાતને.
૩ તીર્થ ૯૦—"તીર્થ જાવા એ રૂદન કરો, ભ્રાત ઊભા તે શ્રવણે ધરો" (પાઠાંતર પ્ર. ૧ લી). ૪ આક્રંદ—રૂદન.

કહો માતા સુભદ્રા આજ, રઢ લઇ રૂદન કરે શો કાજ;
ભગિનીને ઇચ્છા હોય જેહ, માતાજી મુજને કહો તેહ. ૫
માતા કહે સાંભળ કુમાર, આજ ઉત્સવ દિવસ છે સાર;
ત્યાં પ્રાણીમાત્ર જશે સર્વ જન, ત્યાં એનું જાવા છે મન. ૬
તીર્થ દર્શન કરવા સહી, કેઇ વારની રઢ લેઇ રહી;
ઉત્સવને સ્થાનક એકલી, મેં કેમ જાયે મોકલી. ૭
તે માટે કુંવર સુણો વાત, તમો જાઓ કો એની સાથ;
અથવા એક કહું ઉપાય, જો આવે તારા મન માંય. ૮
શ્રીકૃષ્ણનો રથ છે જેહ, આણી આપવો બાઇને તેહ;
સાથે દારૂક ખેડાણહાર, બેસી જાયે તીર્થ મોઝાર. ૯
ત્યારે રામ કે' સાંભળો માત, એ તો સર્વ સે'લ છે વાત;
ભગિની પ્રત્યે ભ્રાત તે વદે, બાઇ ધીરજ રાખ્ય તુજ હૃદે. ૧૦
હમણા હું જાઉં કૃષ્ણની કને, આણીને રથ આપું તને;
તે ઉપર થઇને અસવાર, સુખે જાજો તીર્થ મોઝાર. ૧૧
રઢ મૂકી મનમાં સુખ ધરો, રથ બેશી ઉત્સવ સંચરો;
એવાં રામનાં સુણી વચન, સુભદ્રાનું હરખ્યું મન. ૧૨
ભ્રાતવચન સુણી ઉલ્લાસે, હમણા કારજ મારૂં થાશે;
હર્ષ ઉપન્યો મન મોઝાર, જાવા તીર્થ વિષે નિર્ધાર. ૧૩
ભગિની સજ થા આજ્ઞા કરી, આવ્યા રામ જ્યાં છે શ્રીહરિ;
જ્યેષ્ઠ ભ્રાત આવ્યા ત્યાં જાણ, ઊઠી ઊભા થયા શારંગપાણ. ૧૪
શ્રીકૃષ્ણજીએ કર્યો પ્રણામ, કહો ભ્રાત આવ્યા કોણ કામ;
કહે રામ ભગિની આપણી, રઢ લાગી છે તેને ઘણી. ૧૫
ઉત્સવ તીરથ જાવા સહી, સુભદ્રાની મનસા થઇ;

---

૬ સર્વ જન— " આણે દિન "(પાઠાંતર પ્ર. ૨ જી).

નર નારી જે નગરમાં હોય, જાશે આજ ઉત્સવને સોય. ૧૬
(તે) જાતાં દેખી થયું બેનને મન, ઘરમાં રહી તે કરે રૂદન;
માટે રથ તમારો જેહ, હું આવ્યોછું લેવા તેહ. ૧૭
દારૂકને મોકલો સાથ, રથ હાંકણવિદ્યા જેને હાથ;
ઉત્સવ જઇને આવશે ફરી, કહો રથ લાવે જોતરી. ૧૮
એવી રામની વાણી સુણી, વળતા કૃષ્ણ કહે આફણી;
શ્યામળીઓ કે' સાંભળો ભ્રાત, એ રથથી થાય કંઇ ઉત્પાત. ૧૯
હું વિના સાંભળો કહું ભાય, નાખે કોને ગર્તે કલ્પાંત થાય;
આળીગારો છે મારો રથ, લઇ જાશો પણ થાશે અનર્થ. ૨૦
બેસે એણે રથે સુભદ્રાય, તો નિશ્ચે કાંઇ વિઘ્નજ થાય;
તે માટે સુણો વડ વીર, કહે રથ આપું ન શ્યામશરીર. ૨૧
એવાં કૃષ્ણનાં સુણી વચન, ચઢ્યો ક્રોધ હળધરને મન;
ક્રોધવચન એમ બોલ્યા રામ, તારો રથ આવશે કુણ કામ. ૨૨
જન્મ લગી તારી કુટેવ, (તને) વિસરી નથી અવશ્યમેવ;
રાત્ર દિવસ તું સ્ત્રીમાં રમે, તારૂં બોલ્યું મુને નવ ગમે. ૨૩
ધૂર્ત્ત વિદ્યા તારી નિરધાર, તેનો કોઇ નવ પામે પાર;
મારી શિક્ષાથકી ભગવાન, હજી તુને ન આવી સાન. ૨૪
સુણી વચન હળધરનાં હરિ, વળી કૃષ્ણે વાણી ઉચરી;
કાં તમો રીસ કરોછો ભ્રાત, તમને ન ઘટે એવી વાત. ૨૫

---

૧૯ ભ્રાત—" વાત " (પાઠાંતર પ્ર. ૧ લી). ૨૦ ભાય—ભાઇ. ગર્તે—ખાડામાં " હું વિના સાંભળો ભાઇ કોય, રથ બેસે કલ્પાંતજ હોય" (પાઠાંતર પ્ર. ૧ લી.) આળીગારો–આળ આપનારો.

૨૩ તારી કુટેવ—" તારે એ ટેવ " (પાઠાંતર પ્ર. ૧ લી). સ્ત્રીમાં —સીમમાં " (પાઠાંતર પ્ર. ૧ લી). ૨૫ સુણી ઈ૦—" એવાં વચન હળધરનાં સુણી " (પાઠાંતર પ્ર. ૧ લી).

મેં અન્યાય કર્યો હોય જેહ, બાંધવ સર્વ ક્ષમા કરો તેહ;
તમારી આજ્ઞા કેમ ઉથાપું, હમણા રથ આણાવી આપું. ૨૬
મન માને તે કે'જો સુખે, એવું વચન કહ્યું શ્રીમુખે;
દારૂકને કહે શ્રીહરિ, જા રથ લાવ અહીં સજ કરી. ૨૭
શ્રીકૃષ્ણનું વાયક શિર ધરી, દારૂક લાવ્યો રથ સજ કરી;
હેમ રત્ન જડિત શણગાર, ચોગમે થઇ રહ્યા ઝાતકાર. ૨૮
દારૂકે આવી કીધો પ્રણામ, રથ સાંપ્રત મેં કીધો સ્વામ;
જયમાંગલ્ય, હંસલો રૂપ ધામ, જય, વિજય જોડ્યા હરિ નામ. ૨૯
જ્યેષ્ઠ ભ્રાતને આપ્યો રથ સહી, વળી વિઠલે વાણી કહી;
સુભદ્રાને કે'જો ગુણવાન, રથ પર થઇ બેસે સાવધાન. ૩૦
મને ઉપજે એવું મન માંય, રખે વિઘ્ન કશું વાટે થાય ત્યાંય;
વચન સુણી હળધર કહે ભાય, તારા રથને કોઇ નહિ ખાય. ૩૧
રહે બેશી તું જાણે શુંય, ઘણું ઘણું તુને શું કહુંય;
એમ કહી રથ લાવ્યા દ્વાર, સુભદ્રાને કહ્યા સમાચાર. ૩૨
બળભદ્ર ઘરમાં જઇ ભણે, બેની રથ આવ્યો બારણે;
હાવાં કાં લગાડો વાર, રથ ઉપર થાઓ અસ્વાર. ૩૩

---

૨૮ સજ કરી–"જોતરી" (પાઠાંતર પ્ર. ૧ લી). ચોગમે–ચારે પાસે. ૨૯ કૃષ્ણના રથના ચાર ઘોડાનાં નામ કહે છે: જયમાંગલ્ય ઈ૦—જય-માંગલ્ય રૂપનું ધામ એવો હંસલો, જય અને વિજય, એવા નામના હરિ (ઘોડા) જોડ્યા. સંસ્કૃત ગ્રંથોમાં એ ઘોડાનાં જૂદાં નામ કહ્યાં છે. જેમ, " अश्वाश्वशैब्यसुग्रीवमेघपुष्पबलाहकाः " શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક, એવાં કૃષ્ણના રથના ઘોડાનાં નામ છે " (અમરકોશ). ૩૨ રહે ઈ૦—(આ લીટી પ્ર. ૧ લીમાં નથી).

વલણ.

રથ ઉપર બેસે સુભદ્રા, બાંધવે એમ વાણી કહી રે;
એ વચન શ્રવણે સાંભળી, ભગિની મન હર્ષિત સહી રે. ૩૪

કડવું ૨૧ મું.

રાગ મારૂની દેશી.

કહે ઋષિ વૈશંપાયન રે, તું સુણ જનમેજય રાજન રે;
બાંધવનાં સાંભળી વચન રે, સુભદ્રા થયાં પ્રસન્ન રે. ૧
પછે ઊઠ્યાં તેણી વાર રે, મન હરખે તે અપાર રે;
સજે સુભદ્રા શણગાર રે, તે જાવા તીર્થ મોઝાર રે. ૨
મસ્તક ત્રિસેંથિયા શીશફૂલ રે, છે સેંથો ભાળ અમૂલ રે;
દામણી મોટી જડાવ છે કાને રે, દીસે સુભદ્રા રૂડે વાને રે. ૩
છે તિલક ભાળ વિશાળ રે, છે કંઠે મણિની માળ રે;
મુક્તાફળના પે'ર્યા હાર રે, અંગે થઇ રહ્યો ઝાતકાર રે. ૪
જડાવ ચૂડો કર ચળકે રે, ઝવેરમય જવ ઝળકે રે;
હેમ મુદ્રિકા અંગુલી રે, રામા રસિલી આણમૂલી રે. ૫
રત્ન ચોકની પોંચી હાથે રે, ઊભી દાસી દર્પણ સાથે રે;
બાજુબંધ માળા મેળી રે, જેવર ઝળકે હથેળી રે. ૬
હેમ સાંકળાંનો હૃદે હાર રે, કટિબંધ રત્નમય સાર રે;
પગે ઝાંઝરનો ઝમકાર રે, અણવટ લંગર ઘૂઘરી ઘમકાર રે. ૭

---

૫ જવ—એક જાતનું આભૂષણ. હેમમુદ્રિકા ઇ૦—(આ લીટી પ્ર- ૧ લીમાં નથી). ૬ ઊભી ઇ૦—"હેમ વીંટી દર્પણ સાથે રે" (પાઠાંતર પ્ર. ૧ લી). મેળી—ભેળી (પા૦ પ્ર. ૧ લી).

ચરણાં ચોળી ધર્યાં શરીર રે, ઉપર પે'ર્યું અમૂલક ચીર રે;
મૃગનેત્ર નાસિકા કીર રે, ભૃકુટી કમાન નેણાં તીર રે. ૮
છે અધર રંગ મવાળ રે, ચળકે મુક્તાફળની માળ રે;
મુખકમળ સુભદ્રા ઝળકે રે, જાણે ચંદ્રબિંબ તે ચળકે રે. ૯
મદહસ્તી કર શુંડાકાર રે, વેણી જેવી વિષધર સાર રે;
ઉદર પોયાણપત્ર સમાન રે, અદ્‌ભુત સુંદર રૂપનિધાન રે. ૧૦
મુખ મધ્યે છે બીડી પાન રે, મધુર સ્વર સુધા સમાન રે;
સુણી કંઠ કોકિલા હારે રે, સુણી સ્વર વાત મન વિચારે રે. ૧૧
રૂપે રંભા દેવાંગના માન મૂકે રે, તેથી તાપસ તપથા ચૂકે રે;
બન્ને નયન મધુકર ચાલે રે, જાણે મીન ખંજન પડયાં જાળે રે. ૧૨
સજ્યા સોળ શૃંગાર અંગે બાળ રે, ગજગામિની ચાલ મરાળ રે;
રૂપે માનિનીનું મન મો'વે રે, પછે દર્પણમાં મુખ જોવે રે. ૧૩
મુખ જોઇ પામી ઉલ્લાસ રે, આવી માતાજીની પાસ રે;
જઇ પુત્રી પાગે લાગી રે, જાવા ઉત્સવ આજ્ઞા માગી રે. ૧૪
જોઈ માતા હરખ્યાં મન રે, બોલ્યાં સુભદ્રાશું વચન રે;
જઇ વે'લાં આવજો બાઇ રે, તમને ભલે મળ્યા બળભદ્ર ભાઇ રે. ૧૫

---

૮ ચરણું—ચરણિયો. ચરણું ઇ૦—(આ લીટી પ્ર. ૧ લીમાં નથી.) ૯ છે ઇ૦—" છે અધર રંગ પ્રવાળી રે, ચળકે મુક્તાફળની જાળી રે" (પાઠાંતર પ્ર. ૨ જી).

૧૨ તપથા—તપથકી. નયનને ઉપમા આપે છેઃ બન્ને ઇ૦—સ્પષ્ટ છે. મધુકર—ભમરો. જાણે ઇ૦—અથવા જાણે મીન (માંછલું) કે ખંજન (દીવાળીઘોડો) જાળમાં પડયાં હોય તેવાં ચંચળ નેત્ર છે. ૧૩ માનિની ઇ૦—માનિની(સ્ત્રી)નું મન મોહ પામે તો પુરૂષનું મન મોહ પામે એમાં શું આશ્ચર્ય ? ૧૫ તમને ઇ૦—" તે સાંભળે બળભદ્ર ભાઈ રે " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

ત્યારે હળધર બોલ્યા ભ્રાત રે, બાઈ સુભદ્રા સુણો વાત રે;
હું શિક્ષા દેઉં છું તમને રે, ભ્રાત કૃષ્ણે વાર્યા છે અમને રે. ૧૬
કહ્યું આળીગારો મારો રથ રે, થાશે કાંઈ ને કાંઇ અનર્થ રે;
મુને એમ કહ્યું ભગવાન રે, માટે વાટે રે'જો સાવધાન રે. ૧૭
(પછે) દારૂકને દીધી શિક્ષાય રે, રખે રથને વિઘ્ન કશું થાય રે;
કહું છું રથ વિષે નિર્ધાર રે, તું રે'જે ખબડદાર રે. ૧૮
રખે ભાગે ઢળે માર્ગ મોઝાર રે, તું બેસજે થઇ હુંશિયાર રે;
પછે રામ પ્રત્યે કહે જાનાર રે, પ્રભુ શું કહું વારંવાર રે. ૧૯
હું કહું છું નિત્યે જેહ રે, જાણું છું રથની વિદ્યા એહ રે;
ઘણું ઘણું શું કહું સ્વામ રે, પછે ઘરમાં આવ્યા રામ રે. ૨૦
સુભદ્રાને કહ્યો સમાચાર રે, સુણી ભગિની આવ્યાં બા'ર રે.

વલણ.

બહાર પધાર્યાં પ્રેમદા, રથ ઉપર બેઠાં જઇ રે;
દારૂકે રથ રાશ ઝાલી, પછે હય હાંકયા સહી રે. ૨૧

કડવું ૨૨ મું.

રાગ રામગ્રી.

વૈશંપાયન કે' સુણો રાય જી, સુભદ્રા રથ બેશી ઉત્સવ જાય જી;
માર્ગે થાયે શુભ શુકન જી, જોઇને બાળા હરખે મન જી. ૧

ઢાળ.

મન માંહે હરખે સુભદ્રા, ને થાય શુભ શુકન;
કુમારિકા સામી મળી છે, પૂર્ણ વદન પ્રસન્ન. ૨

---

૧૮ કહું છું—"માટે" (પ્ર૦ ૨ જી). ૧૯ ઢળે—વાંકો નમી જાય. જાનાર—અર્થાત્ દારૂક.

સૌભાગ્યવતી સ્ત્રી જળ ભરીને, મળી માર્ગ મોઝાર;
નેત્ર અંજન તિલક ભાળે, અંગ સજ્યા શૃંગાર. ૩
શુભ શુકન દેખી સુભદ્રા, વિચારે છે મન;
અર્થ થાશે સદ્ય મારો, મળે માર્ગમાં અર્જુન. ૪
વળી સામી વત્સ સહિતે, મળી કપિલા ગાય;
શુકન વંદે સુભદ્રાને, ઉલટ અંગ ન માય. ૫
સારથી શ્રીકૃષ્ણજીનો, દારૂક જે કહેવાય;
રાશ ઝાલી તેહ બેઠો, રથ વિષે સુભદ્રાય. ૬
રથ વાયુવેગે ચાલતો, ઘૂઘરીનો ઘમકાર;
ડચકારશુ હય દોટ મૂકે, જાય માર્ગ મોઝાર. ૭
ગામને ગોંદરે તે રથ, આવિયો નિરધાર;
આગળ પાછળ સર્વ જાદવ, મલ્યા તેણે ઠાર. ૮
સુખપાલ મેગળ રથ ને, કો હય વિષે છે સ્વાર;
નવ નવી પાઘડી વાગા, શોભતા શણગાર. ૯
સરખેસરખાં વાહન હોય તે, સર્વ રાખે જોડ;
પાધર ગઢ માર્ગને દેખી, ધ્રોડાવે છે હોડે. ૧૦
હય રથ વાહન વે'લ્યો ઘણી, ધ્રોડાવે સહુ વાટ;
માંહોમાંહે રસિયા ઘણા, કરે હોકારા ને સાદ. ૧૧
ઘૂઘરી ઘંટા ઘમઘમે, છે વૃષભને જે કોટ;
રાશ ગ્રહી ડચકાર કરતાં, મૂકે મારગ દોટ. ૧૨
કો પાળા ચાલે માર્ગમાં, કો ધ્રોડાવે વાહન;
પાધર ગઢ માર્ગ દેખી, હર્ષ પામે મન. ૧૩

---

૫ કપિલા—ગોરી. ૯ મેગળ—હાથી. ૧૦ પાધર ઈ૦—ગઢ આગળનો પાધર માર્ગ દેખીને. " થડ " (પાઠાંતર પ્ર. ૨ જી). પાધરની થડમાંનો. ૧૨ કોટ—કોટમાં. ૧૩ ગઢ—" થડ " (પાઠાંતર પ્ર. ૨ જી).

વિશાળ ભૂમિ દેખી કરી, મનમાં હર્ષ અપાર;
અલબેલા જાદવના કુંવર, ખેલાવે હય સાર. ૧૪
કો હય વિષેથી પડે હેઠા, ઝટ લઇ થાય અસવાર;
મારે ચાબખો અશ્વને, ખેલડતાં માર્ગ મોઝાર. ૧૫
સ્વાર શુ તે મારગ ચાલે, આગળ પાછળ થાય;
રેવતાચળ સન્મુખ ઉત્સવ, સર્વ તે ત્યાં જાય. ૧૬
બાવાજીની આગળથી, સહુ જાય જાદવ સાથ;
અતીતને સહુ તેડતા, હજી ઊભા રહ્યા કાં નાથ. ૧૭
બાવાજી કે' સર્વને તમો, આગળથી જાવ ત્યાંય;
હું આવું છું પાછળથકી, મુજ સાથ છે પુરમાંય. ૧૮
પછે સુભદ્રાનો રથ આવ્યો, બાવાજીની પાસ;
દૂરથી દેખી પાર્થ મનમાં, પામિયા ઉલ્લાસ. ૧૯
સુભદ્રા અર્જુન દેખી, કરે મન વિચાર;
આ દારૂક બેઠો રથ ઉપર, કરૂં કોણ પ્રકાર. ૨૦
કેમ ઉતરે ભૂમિ વિષે, મન વિમાસે એમ નાર;
જો ઉતરે તો કાર્ય મારૂં, સિદ્ધિ પામે સાર. ૨૧
તત્કાળ નૂપુર ઉતારી, નાખ્યું મારગ માંય;
દારૂક પ્રત્યે સુભદ્રાજી, વચન બોલ્યાં ત્યાંય. ૨૨
હો! હાં દારૂક રાખ્ય રથ, હાવાં શો કરૂં પ્રકાર;
નૂપુર મારા પાગનું, તે પડ્યું માર્ગ મોઝાર. ૨૩
આ પડ્યું છે જા લાવ ઝટ, તું જઇ તેની પાસ;
તું આવીશ ત્યાં લગી હું, ગ્રહી રાખીશ હયની રાશ. ૨૪
એવું સાંભળી તેણે સમે, દારૂક વિચારે મન;

---

૨૨ ઉતારી—" ઉતારી કન્યા " (પાઠાંતર પ્ર. ૨ જી).

હું રથથકી જો ઉતરૂં તો, થાય કાંઇ વિઘન. ૨૫
રખે સુભદ્રા સહિત રથ, અશ્વ ઉજાયા જાય;
કદાચિત ભાગે ઢળે તો, કરૂં કોણ ઉપાય. ૨૬
પડે વાગે સુભદ્રાને તો, મુને મારે ઠાર;
હું ઉતરૂં કેમ રથથી, એમ કરે મન વિચાર. ૨૭
તેણે સમે બોલે ત્યાં, વળી સુભદ્રાય;
અરે મૂર્ખ લાવ નૂપુર, છેટું પડે રથ જાય. ૨૮
કદાચિત જો દેખશે તો, લેશે નૂપુર કોય;
નૂપુર વિના કયમ તીર્થ જાઉં, મન વિમાશી તું જોય. ૨૯
એવું સુણી દારૂક કે', બાઇ સાંભળોને વાત;
કદાચિત્ હું ઉતરૂં ને, અશ્વ કરે ઉતપાત. ૩૦
હું જાણુંછું ગતિ એહની, શ્રીકૃષ્ણનો રથ એહ;
મુજ વિના કોને હાથ ન રહે, એમાં નહિ સંદેહ. ૩૧
પાછળથી કોઇ આવશે, લાવશે નૂપુર તેહ;
આપણું નૂપુર કોણ રાખે,· વિચારો મન એહ. ૩૨
એવી વાણી સાંભળી, કહે સુભદ્રા ત્યાંય;
અરે દુષ્ટ પાપી ફરી ફરી, મુખ શું વદે છે આંય. ૩૩
લાવ નૂપુર માહરૂં જે, પડ્યું માર્ગ મોઝાર;
જો ન લાવે તો ભ્રાતને કહી, મરાવું તુંને ઠાર. ૩૪
એવું સુણતાં દારૂકને, મન માંહી ઉપન્યો ત્રાસ;
સુભદ્રાના કર વિશે, તતકાળ આપી રાશ. ૩૫
રથ વિષેથી ઉતર્યો દારૂક, એવી બોલ્યો વાણી;
સાવધાન થઇ રથ રાખજો, રખે હય જાય રથ તાણી. ૩૬

---

૨૬ ઉજાયા–ઉત્સાહવાળા થઇને–દોડવાના વેગમાં આવીને.

એવું કહીને આવ્યો દારૂક, નૂપુર પડ્યું જે ઠાર;
તેણે સમે પછી સુભદ્રાએ, હયને કર્યો ડચકાર. ૩૭
ચાબખા ચારે હયને માર્યા, ઘ્રોડ્યા તેણી વાર;
દોડતો રથ દેખી દારૂક, પાછળ કરે પોકાર ! ૩૮
નૂપુર લઇને ઘ્રોડિયો, મારે સુભદ્રાને હાકો;
બાઇ બળ કરી ગ્રહો હયને, દોડતો રથ રાખો. ૩૯
દારૂક પ્રત્યે કહે સુભદ્રા, એ કૃષ્ણરથના હય જેહ;
ઘણે પ્રકારે તાણું છું પણ, નથી રે'તા એહ. ૪૦
પછે સુભદ્રાએ દોટ અશ્વને, મૂરાવી છે ત્યાંય;
તત્કાળ રથ તે આવિયો, અર્જુન ઊભા જ્યાંય. ૪૧
પાર્થ પ્રત્યે સુભદ્રા ત્યાં, વદે એમ વચન;
શીઘ્રે થઇ હાવાં રથ ઉપર, બેશીએ સ્વામિન. ૪૨
એવું કે'તાં પીંછી ઝોળી, પાવડી જે સાર;
તે ઉરાડી સર્વે નાખ્યાં, બાવે માર્ગ મોઝાર. ૪૩
રથ ઉપર બેઠા ચઢી જઇ, સુભદ્રાની પાસ;
અશ્વમંત્ર ઉપદેશ કરીને, સાહી પોતે રાશ. ૪૪
પાર્થનો ડચકાર સુણી હય, ઊડિયા આકાશ;
દારૂક એવું દેખતાં, મન વિષે પામ્યો ત્રાસ. ૪૫
પોકાર તે કરતો હવો, ધાવ ધાવ રે સહુ શૂર;
બૂમો પાડે શીશ કૂટે, વદે વાણી ક્રૂર. ૪૬
શીઘ્રે થઇ કો રામ કૃષ્ણને, જાણ કરો રે ભાય;
પેલો અતીત કે'જો સુભદ્રાનું, હરણ કરીને જાય. ૪૭
એવી વાણી સાંભળીને, હવો હાહાકાર;
ઠામ ઠામથી ધશ્યા જાદવ, મળ્યા બહુ અસવાર. ૪૮
ધનુષ્ય બાણ ગદા ગ્રહીને, ધનંજય ભણી ધાય;

સાંગ ફરશી ત્રિશૂળ આદિ, પરિઘ લઈ કો જાય. ૪૯
કે' ન જાય જોગી જીવતો, જે કરે એવાં કામ;
તે સમે પુરમાં જાણ થયું ને, ધ્રોડ્યા કેશવ રામ. ૫૦

વલણ.

ધ્રોડ્યા કેશવ રામ આવ્યા, સૈન સહુ અર્જુન ભણી રે;
વિપ્ર પ્રેમાનંદ કહે હાવાં, કથા કહું હું તેતણી. ૫૧

કડવું ૨૩ મું.

રાગ હિંડોલ ગોડી.

સેવક બોલ્યા નામી શીસ રે, રીશ રે કરી મન અતિ ઘણી રે;
અહીં શું બેઠા થઇ નિશ્ચિંત રે, સુભદ્રાહર્ણ હવું વાટે નૃપમણિ રે. ૧

ઢાળ.

વાટમાંથી હરી ગયા, અહીં રે'તો જોગી જેહ;
રથ ઉપર બેઠો ચઢી, સહી વેષ મૂક્યો તેહ. ૨
એવી વાણી સાંભળી, બળભદ્રને ચઢી રીસ;
ક્રોધ અગ્નિ જ્વાળ પ્રગટી, જઇ લાગી શીશ. ૩
કોપે લોચન રક્ત થયાં, ને ધ્રૂજતી ત્યાં કાય;
વચન સુણી વિષધરની પેરે, રામ વ્યાકુળ થાય. ૪

---

૪૯ ધનંજય–અર્જુન. ૫૧ આવ્યું–" આવશે. " (પાઠાંતર પ્ર– ૧ લી). ૧ સેવક ઈ૦—" સ્વામીજી ! સેવક બોલ્યા શીશ નામી રે, રીસ કરી મન અતિઘણું રે; સ્વામીજી ! શું બેઠા થઇ નિશ્ચિંત રે, સુભદ્રા હરણ હવું વાટમાં રે. " (પાઠાંતર પ્ર. ૧ લી. ૨ તેહ– (અતીતનો). ૪ વિષધર— સર્પ.

ક્રોધ કરી વાણી કહી, સજ કરો સેના સાથ;
હું સિંહના મુખમાં કવણ, દુર્મતિ ઘાલે હાથ. ૫
એવાં રામનાં વાયક સાંભળી, સજ થયા જાદવ જોધ;
અર્જુન સામા ધશી આવ્યા, ધરી મનમાં ક્રોધ. ૬
શ્રીકૃષ્ણને બળદેવ કે' તું, શું બેઠાછે ભ્રાત;
ભગિનીને લઈ ગયો જોગી, થયો મહાઉત્પાત. ૭
જુઓ એ જોગી થઇને, રહ્યો પુર મોઝાર;
જ્યાં ખાધું ત્યાંહી પાખંડીએ, પાત્ર ભાંજ્યું બા'ર. ૮
મેં જાણ્યું એ બ્રહ્મજ્ઞાની, સાધુ સંત છે સ્વામ;
પ્રથમ મેં દુષ્ટતાનાં, આવાં ન જાણ્યાં કામ. ૯
એવું સાંભળી શ્રીકૃષ્ણને, ચઢ્યો ક્રોધ અપાર;
અરે બાંધવ શું વદોછો ! એમ કહે મુરાર. ૧૦
સુભદ્રા સામું જુવે એવો, ભૂમિ વિષે કો વીર;
ચાલો તમારી સાથ આવું, જઈ ઉતારૂં નીર. ૧૧
ભ્રાત સુણતાં કૃષ્ણજી એમ, વચન બોલ્યા રીસ;
હમણાં જઇ તે અધર્મીનું, સદ્ય છેદું શીશ. ૧૨
સારથીને આજ્ઞા કરી તે, લાવિયો રથ સાર;
મન ક્રોધ આણી રામ કેશવ, બન્ને થયા અસવાર. ૧૩
દુંદુભિ નિશાન બણગાં, નફેરી રણતૂર;
રામ કૃષ્ણની સાથે સેના, ચઢી સાગરપૂર. ૧૪
હળ મૂશળ લેઇ રામ ધાયા, ચક્ર લેઇ રણછોડ;
એમ આપાપણાં શસ્ત્ર લેઇને, ધશ્યા છપ્પન ક્રોડ. ૧૫
ઉગ્રસેન અક્રૂર ઉદ્ધવ, સાત્યકિજે બળવંત;

---

૯ સંત ૦—"શ્રી છે રામ" (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૧ ભૂમિ ૦—"એવું શું ભાખો વીર !" (પાઠાંતર પ્ર૦ ૧ લી).

નાના પ્રકારનાં આયુધ ગ્રહીને, આવ્યા કરવા અંત. ૧૬
બીજા જાદવ અપરિમિત, સુરસેન ને વસુદેવ;
યોગમેથી સર્વે ધાયા, પાર્થ ભણી તતખેવ. ૧૭
કર ગ્રહી આયુધ મહાદારૂણ, ગદા બાણ પ્રચંડ;
સાંગ પરશી શૂળ આદે, વજ્ર લોહના દંડ. ૧૮
ખડ્ગ ખપૂવા કટારી ને, ઝળકતી તરવાર;
જગદીશ સાથે ચઢ્યા જાદવ, આવી કરતા માર. ૧૯
અશ્વ ગજ રથ વાહને તે, સુભટ સહુ અસવાર;
હાથ વાંસે આયુધ કટિમાં, પાળાતણો નહિ પાર. ૨૦
સૈન્ય સર્વે સજ કરીને, દોડ્યા કેશવ રામ;
પાર્થનો રથ યોગમે જઇ, વીંટ્યો તેણે ઠામ. ૨૧
હાહાકાર વરતી રહ્યો, બળભદ્ર બોલ્યા રીસ;
ન જાય જોગી અહીંથી કુશળે, હાવાં છેદું શીશ. ૨૨
રથ માર્ગ ઘેર્યો યોગમેથી, મળ્યા જાદવ શૂર;
બળભદ્ર કે' એ રખે નાસે, કરો મારી ચૂર. ૨૩
એવી સુણી વાણી રામની, અર્જુન વિમાસે મન;
સંગ્રામ દારૂણ થશે હાવાં, સહી સા'ય જગજીવન. ૨૪

વલણ.

હાવાં સા'ય શ્રીકૃષ્ણજી, એમ અર્જુન મન ચિંતા કરે રે;
તેણે સમે પછે પાર્થ પ્રત્યે, સુભદ્રા શું ઉચરે રે. ૨૫

---

૨૦ હાથ ઈ૦—હાથમાં, વાંસે (પીઠ ઉપર) અને કટિમાં (કેડે ખોશેલાં) જેમને આયુધ છે એવા પાળાનો પાર નથી. " હાથ વાંસી કરે આયુધ " (એવો પ્ર૦ ૧ લીનો પાઠ બરાબર નથી).

કડવું ૨૪ મું.

રાગ ગોડી.

સુભદ્રા એમ બોલ્યાં વાણ, સાંભળો સ્વામી ચતુર સુજાણ;
રખે ધીરજપણું પરહરો, રણમાં યુદ્ધ એ સાથે કરો. ૧
રથ વિષે આયુધ છે જેહ, શીઘ્રે ચાપ ચઢાવો તેહ;
મારો જાદવને બળવંત, સદા સા'ય તમને ભગવંત. ૨
મુજને છે સાચો વિશ્વાસ, સામા નહિ ચઢે શ્રીઅવિનાશ;
તમારૂં બળ પરાક્રમ હોય જેહ, રામને દેખાડો તેહ. ૩
સુભદ્રાનાં સુણી વચન, વળતા વાણી વદે અર્જુન;
હું કોથી ન પામું બીક, મુજથી રણે કો નથી અધિક. ૪
એ સર્વને હણું ક્ષણમાંય, લાજ કૃષ્ણની રાખું છું આંય;
ત્યારે સુભદ્રા કહે નાથ, એક વાર દેખાડો હાથ. ૫
આ રથ વિષે છે પ્રૌઢ આયુધ, કર ગ્રહી કરો યાદવયુદ્ધ;
કૃષ્ણ તમ સાથે ન કરે સંગ્રામ, પણ તમ ઉપર કોપ્યા છે રામ. ૬
એવાં વચન નારીનાં શણી, ચઢી રીસ પાર્થને ઘણી;
લેઇ ધનુષ્યનો કીધો ટંકાર, રણ મધ્યે થયો હાહાકાર. ૭
સામા આવ્યા કેશવ રામ, પાર્થશુ કરવા સંગ્રામ;
અર્જુન હરિને દે મુખ ગાળ, મનમાં સમરે શ્રીગોપાળ. ૮
જો જો ધૂર્ત્ત જાદવ સર્વ, રામ કૃષ્ણનો ટાળું ગર્વ;
એમ કહી ધનુષ્યે ચઢાવ્યું બાણ, રામ કૃષ્ણ ઉપર નિરવાણ. ૯

---

૬ યાદવયુદ્ધ—યાદવ સાથે યુદ્ધ. ૭ શણી—સુણી. ૮ અર્જુન ૪૦— "અર્જુન વદે રામ મુખ ગાળ" (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૯ તે ગાળ કહે છે: જો જો ૪૦—૨૫૯ છે.

એવું દેખીને કૃષ્ણ રામ, ક્રોધવંત થયા તેણે ઠામ;
બળભદ્રજી વાણી ઉચરે, જાદવ સર્વે કો શ્રવણે ધરે. ૧૦
હજી શું જુઓછો શૂર, મૂકો બાણ મારી કરો ચકચૂર;
એવાં વચન સુણતાં નિર્વાણ, ચોગમેથી છૂટ્યાં બાણ. ૧૧
ભોગળ મુદગર ને તરવાર, રથ પાસે કરતા જઇ મારમાર;
ભાલા ખડ્ગ ને વજ્ર ત્રિશૂળ, ખપૂવા તરકસ તીર અમૂલ. ૧૨
પાર્થપર જઇ કરિયો માર, યથા મેઘ વરસે જળધાર;
રામ કૃષ્ણ બળિયા બહુ જેહ, મારે આયુધ રથને તેહ. ૧૩
પાર્થે મનમાં સમર્યા હરિ, લઘુલાઘવી વિદ્યા કરી;
રથ અશ્વ સુભદ્રા સંગ, આયુધ કેમે ન ભેદે અંગ. ૧૪

વલણ.

આયુધ અંગ ન ભેદ, લઘુલાઘવી વિદ્યા કરી રે;
અચળ અર્જુન રણ રહ્યા, જો કૃપા હરિએ કરી રે. ૧૫

કડવું ૨૫ મું.

રાગ સામેરી.

વૈશંપાયન વદે વાણી, સુણ જનમેજય રાય;
અર્જુન ઉપર ક્રોધ આણી, સુભટ સર્વે ધાય. ૧

---

૧૨ રથ ઇ૦—" ચોગમથી છૂટે જયમ પાં'ડ " (પ્ર૦ ૧ લી). ૧૪ લઘુલાઘવી—પોતાના તરફ આવતાં બાણ કાપવાં અને શત્રુને બાણ મારવાં, એવી અતિ ચપળતાની વિદ્યા. " લીધું ધનુષ્ય વિદ્યાએ કરી " (પ્ર૦ ૧ લી). તે વિદ્યાનું ફળાત્મક રૂપ કહે છેઃ રથ ઇ૦—રથ, અશ્વ, અને સુભદ્રા, એ ત્રણને આયુધ ન વાગે એમ બચાવ કરીને શત્રુને પ્રહાર કરવામાં આવે તે વિદ્યા લઘુલાઘવી.

આયુધ મારે અપરિમિત, પાસે જઇ બળવંત;
બાવાજીનો રથ ઢાંકયો, કર્યું મહાકલ્પાંત. ૨
રામ કહે કે જોગટા તું, રણે નાસે ધીર;
હળ મૂશળ આયુધવડે, ક્ષણમાં પાડું તુજ શરીર. ૩
વચન એવાં સાંભળી, જાદવો તેણી વાર;
યોગમેથી બાણ મારે, જેમ વર્ષા મૂશળધાર. ૪
પાર્થ એવું દેખતાં, મન ચઢયો ક્રોધ અપાર;
મંત્રપ્રયોજિત બાણ મૂક્યું, હવો હાહાકાર. ૫
એક દશ શત સહસ્ર દશ-સહસ્ર ધનુષ્યથી જોડ;
સામાં જાતાં લક્ષ થઇ, દશ લક્ષથી વાધે ક્રોડ. ૬
ટંકારવ કરે ધનુષ્યનો, મારે અપરિમિત બાણ;
ભલા જોધ પરાક્રમી રણ વિષે, તેહજ તજતા પ્રાણ. ૭
જદુમાત્ર નાઠા યોગમે, રણમાં રહ્યું નહિ જાય;
તીવ્ર બાણ પારથતણાં છે, તે સુભટ પૂઠે ધાય. ૮
એવું દેખી રામને મન, ચઢયો ક્રોધ અપાર;
ધશી રથ પાસે જઇને, કર્યો મૂશળ પ્રહાર. ૯
લઘુલાઘવી વિદ્યા કરી, અર્જુને ઘેર્યો એહ;
એવું દેખી ધશ્યા જાદવ, હતા નાઠા તેહ. ૧૦
યોગમેથી બાણ મારે, થઇ રહ્યો હાહાકાર;
શ્યામળા મેઘ દ્વાદશ કરે વૃષ્ટિ, ત્યમ કરતા જાદવ માર. ૧૧
પાર્થ પર આવી પડે જેમ, ગિરિ ઉપર પરજન્ય;
સણસણાટ કરતાં સોંસરાં, શર રથને કરે ભેદન. ૧૨

---

૪ વર્ષા—વરસાદ. ૬ મંત્રપ્રયોજિત બાણના વિસ્તાર દ્વારા કોટિ પર્યંત સંખ્યાનો અનુક્રમ કહેછેઃ એક ઈ૦—સ્પષ્ટ છે. ૧૦ એહ—રામે.

ફરી વળ્યો ઇંદ્રસુત ત્યારે, સુભદ્રા કહે વાણ;
હજી સ્વામી શું જુઓ છો, ધનુર્વિદ્યાના જાણ. ૧૩
શસ્ત્ર દારૂણ લઈ રણ વિષે, મૂકીએ મારા નાથ;
એ સર્વ કોઇને નસાડો, જો હોયે બળ તમ હાથ. ૧૪
એવું સુણીને પારથે, રથ ઉપર મૂક્યાં બાણ;
આવતાં આયુધ જદુનાં તે, સર્વે છેદ્યાં જાણ. ૧૫
ચોગમેનાં બાણ છેદ્યાં, કુંતીકુંવરે એહ;
વાયુ નાખે ઉરાડી આક, વળી ઘનને જેહ. ૧૬
પાર્થકેરા બાણપ્રહારે, કોઇ ન થોભે વીર;
સર્વે સ્થાનક તજીને નાઠા, રહ્યો ન કો રણ ધીર. ૧૭
એવું દેખી પાર્થ ઉપર, વેગે ધાયા રામ;
અર્જુન સામા આવિયા, ફરી મંડાયો સંગ્રામ. ૧૮
રામ કહે ચેતજે જોગી, હવે તું આ વાર;
મૃત્યુ આવ્યું છે તારે શિર, માનજે નિરધાર. ૧૯
આ વારનો તું નહિ ઉગરે, એમ વચન બોલ્યા રામ;
અરે પાપી અધર્મી તુને, સદ્ય મારૂં આ ઠામ. ૨૦
એમ કહી સન્મુખ આવ્યા, આયુધ ગ્રહી બળદેવ;
ત્યારે કાળરૂપી બાણ એક, અર્જુને ચઢાવિયું તતખેવ. ૨૧
હળ મુશળ આયુધ ગ્રહીને, રામ આવ્યા પાસ;
તે યુદ્ધ દેખી અમર સહુ, ગગનમાંથી પામ્યા ત્રાસ. ૨૨
હળધરે જઈ પાર્થ ઉપર, કર્યો મૂશળ પ્રહાર;
પછે અર્જુને બાણ મૂક્યું, હવો હાહાકાર. ૨૩

---

૧૩ ઇંદ્રસુત— અર્જુન. ૧૬ આક—આકડાનું તૂર. ઘનને–મેઘને. (વાયુ જેમ ઉરાડી દેછે તેમ).

બળભદ્રને જઇ બાણ વાગ્યું, થયા મૂર્ચ્છિત રામ;
ત્યારે હાહાકાર વરતી રહ્યો, રણ વિષે તેણે ઠામ. ૨૪
તેણે સમે પછે રામ પાસે, આવિયા મુરાર;
એક મુહૂર્તમાં મૂર્ચ્છા ટળી, હળધર થયા હુંશિયાર. ૨૫
અર્જુન ઉપર ધશ્યા વળી, મન માંહે આણી રીસ;
તેણે સમે પછે રામ શું, વદે શ્રીજગદીશ. ૨૬
અરે બાંધવ કહુંછું તે, સુણો મારી વાત;
એ ઓળખ્યો મેં ઇંદ્રસુત છે, અર્જુન એ સાક્ષાત. ૨૭
આપણી ફોઇ કુંતાતણો, છે પુત્ર એ પાવન;
સંગ્રામે શૂરો બળે પૂરો, છે ઇંદ્રઅંશ એ તન. ૨૮
રણ વિષે એને નવ જીતે, કો સુભટ મહાબળવંત;
એનાં ચરિત્ર હું સર્વ જાણું, એમ કહે શ્રીભગવંત. ૨૯
એ સમાન બીજો વર નથી કો, સત્ય માનો રામ;
યથાર્થ આપણા કુળને એ, થયું ઘટતું કામ. ૩૦
અથવા એશુ યુદ્ધ કરતાં, નહિ જીતો તમો ભ્રાત;
એ સર્વને રણ સંહારીને, કરશે પૃથ્વીપાત. ૩૧
રથ આપતાં મેં પ્રથમ વાર્યો, એમ કહે શ્યામશરીર;
નેટ અનર્થ થયો સહી, મન વિમાસોને વીર. ૩૨
એવું સુણતાં રામને મન, ક્રોધ ચઢ્યો અપાર;
ભ્રાત સુણ મમ ક્રોધવાયક, શું વદે તેણી વાર. ૩૩
હરિ પ્રત્યે હળધર કહે, મુને પ્રીછવે છે શુંય;
એટલાંવાનાં કરાવે છે, કૃષ્ણ કાળા તુંય. ૩૪
આગળ રહી તું એમ કરાવે, વદે વાણી રામ;
અન્યાયથકો બીજો કોઇ હોય તો, સઘ મારૂં ઠામ. ૩૫

---

૩૫ અન્યાયથકો—બીજો કોઇ અન્યાયને લઈને હોય તો તેને.

શ્રીકૃષ્ણને તિરસ્કાર કરીને, ભ્રાતે દાખવી રીસ;
મહાયુદ્ધ કરી અર્જુનશું, હમણા જઇ છેદું શીશ. ૩૬
કૃષ્ણ કહે એ વાત કરતાં, થશો ઘેલા વીર;
એક વાર ગયા સંગ્રામ કરવા, ઉતાર્યું ત્યહાં નીર. ૩૭
ફરી મન માંહે વિમાસો, રણમાં ન જાવું ભ્રાત;
એ ઇંદ્રસુત સર્વને મારી, કરે પૃથ્વીપાત. ૩૮
કૃષ્ણ કહે છે આપણી ભગિની, જો જાય છે શુભ ઠામ;
એમ વિવિધ્ર વચન કહી હરિએ, પ્રીછવ્યા શ્રીરામ. ૩૯
વૈશંપાયન બોલિયા, સુણ જનમેજય રાય;
અર્જુન રથ હાંકી કરી, હસ્તિનાપુર ભણી જાય. ૪૦

વલણ.

હસ્તિનાપુરમાં આવિયા, રથ વિષે સુભદ્રાય રે;
વદે પ્રેમાનંદ હરિ કહો, શ્રોતાજન સુણો કથાય રે. ૪૧

કડવું ૨૬ મું.

રાગ સારંગ.

એણી પેરે બોલ્યા વૈશંપાયન, સાંભળ તું જનમેજય રાજન;
અર્જુન આવે નગર મોઝાર, છે સુભદ્રા સાથે નાર. ૧
આવ્યા જાણીને અર્જુન, પાંડવસાથ હરખ્યો તે મન;
જેજેકાર વરત્યો પુર માંય, ધર્મરાજ યુધિષ્ઠિર જ્યાંય. ૨
હવે દ્વારકામાં થયું જથા, ઋષિ કે' સાંભળો કથા;
રથ વાળ્યો જ્યારે અર્જુન, ત્યારે રામ પ્રત્યે કે' જગજીવન. ૩
કહો ભાઇ હવે શું થાય, ઉગામીએ ઉદરપર શું ઘાય;
કુંતાજીનો એ છે સુત, વિચારતાં ભાસે અદ્દભુત. ૪

કહો હાવાં શું કરવું કામ, કો બીજો હોય તો મારૂં તે ઠામ;
હું મનમાં વિચારૂં છું આંય, બાંધવ શું છે તમ ચિત્તમાંય. ૫
ત્યારે રામે એક વાયક કહ્યું, થનારૂં એહ સર્વે થયું;
બ્રહ્માએ જે લખિયા લેખ, તે પાછા કયમ ચળે વિશેખ. ૬
હવે ફોકટ શો સંગ્રામ, એવી વાણી બોલ્યા રામ;
સુભદ્રાને મળવાતણી, મુજને ઇચ્છા છે અતિ ઘણી. ૭
તે માટે તુજને ગમે જેહ, ભ્રાત સર્વથા કરવું તેહ;
પાર્થ ઉપર નહિ મારે રીસ, ત્યારે એમ બોલ્યા જગદીશ. ૮
આપણ બાંધવ કરીએ એમ, સઘળે મહિના વાધે જેમ;
પૂઠે પૂજા મોકલો ભ્રાત, નાના વિધની વસ્તુ જાત. ૯
જો તમ ચિત્ત હોય પ્રસન્ન, તો મોકલિયે ધન વાહન;
આપણ સાથે જઇએ રાય, ભગિની અને પૂજ્ય વળાવાય. ૧૦
એવાં વચન સુણી બળદેવ, મનમાં પ્રસન્ન થયા તતખેવ;
હરિ વચને ઘણું હર્ષિત હવા, સામગ્રી કરે મળવા જવા. ૧૧
એક લક્ષ તુરી સજ કર્યા, માણક હીરે તે પાખર્યા;
સર્વ પલાણ તે સોનેરી સાર, પાગે નૂપુરના ઝમકાર. ૧૨
એક સહસ્ર ત્યાં છે માતંગ, તે સહુનાં મદ ઝરતાં અંગ;
અંબાડી ગજ ઉપર શોભે, દેખી દેવતાનાં ચિત્ત લોભે. ૧૩
તેમાં વસ્તુ ભરી અતિ ઘણી, રત્ન હીરા મુક્તાફળતણી;
સહસ્ર એક રથ હેમ ઉદ્યોત, મણિ માણકની ઝગે જ્યોત. ૧૪
વાયુવેગી હય તેની જોડે, જાય મૂક્યા વે'તા દોડે દોડે;
વસ્તુ અમૂલક તેમાં ભરી, આગળ કરી જાયે હળધર હરિ. ૧૫

---

૧૩ માતંગ—હાથી.

સો ગાડાં સુવર્ણે ભર્યાં, તે સર્વ લેઇ આગળ કર્યાં;
બાર સહસ્ર આગળ કરી ગાય, સોનાશૃંગી રૂપાખુરી પાય. ૧૬
બીજી ધેનુ અપરિમિત સહી, બળભદ્ર કૃષ્ણ જાય છે લઈ;
હીરા મણિ મુક્તાફળ જાણ, મોટાં તેહ આમળા પ્રમાણ. ૧૭
દાસી દાસ સેવકનો સાથ, લેઇ સાથે ચાલ્યા જદુનાથ;
બળભદ્ર કૃષ્ણજી બન્ને ભાય, બેનને વળાવા સાથે જાય. ૧૮
સાથે જાદવ છપન ક્રોડ, મળવા જાય છે શ્રીરણછોડ;
એવી સજાઇશું બાંધવ બેય, ઇંદ્રપ્રસ્થ જઇ પો'ત્યા તેય. ૧૯
પાંડવને ગઇ વધામણી, જે આવે છે દ્વારકાનો ધણી;
પાંડવ સાથ સર્વ પ્રસન્ન થયા, પરબ્રહ્મના સામા ગયા. ૨૦
પરસ્પરે તે ભેટ્યા જઇ, માન દઈ તેડ્યા ઘેર સહી;
ઉતારા આપ્યા શુભ ઠામ, ત્યાં ઉતાર્યા કેશવ રામ. ૨૧
ફરી વીવા' મંડપ ત્યાં કર્યા, અર્જુન સુભદ્રાને વર્યા;
પે'રામણી કીધી જદુપતિ, સર્વે સાથ સંતોષ્યો અતિ. ૨૨
સુભદ્રાને મળિયા શ્યામ, પછે આજ્ઞા માગી જાવા ગામ;
સુભદ્રાએ કર્યા વિદાય, જાદવ માત્ર દ્વારિકા જાય. ૨૩
આજ્ઞા માગી હળધર ગયા, કૃષ્ણજી પાર્થ પાસે રહ્યા;
અર્જુનને હરિનું હેતજ ઘણું, સદા પાસું પરબ્રહ્મતણું. ૨૪

વલણ.

પાસે રહ્યા શ્રી કૃષ્ણજી, સુભદ્રા હરખ્યાં મન રે;
શ્રોતાજન સર્વે હરિ કહો, એમ વર્યા અર્જુન રે. ૨૫

---

૧૬ શૃંગી—શીંગડાંવાળી. ખુરી—ખરી. ૨૪ પાસું—પક્ષ.

કડવું ૨૭ મું.

રાગ મેવાડો.

વૈશંપાયન વાણી બોલ્યા, સુણ જનમેજય રાય જી;
અર્જુન સુભદ્રાને વરતાં, સહુ લોકને સુખ થાય જી. ૧
સજ્જન મિત્ર મન સર્વ આનંદ્યા, પણ દુર્યોધનને મન રીસ જી;
શ્યામ મુખ થયાં શત્રુનાં તે, કૃપા શ્રીજગદીશ જી. ૨
અર્જુન આવી બેઠા સભામાં, સાથે શારંગપાણિજી;
તે દેખી દાસી આવી એક ઘરમાં, જ્યાં બેઠાં પટરાણી જી. ૩
પૂર્વે એક દિવસ પ્રત્યે, બોલ્યાછે અર્જુન જી;
લપડાક એક મારી લઘુવયમાં, તે દાસીને રાજન જી. ૪
તે દિવસની ક્રોધાક્રાંત છે, અર્જુન ઉપર રીસ જી;
દ્રૌપદી પ્રત્યે જઇ વચન કહ્યાં, દાસીએ નમાવી શીશ જી. ૫
અરે બાઈ સાંભળ કહું તુજને, દ્વાર આવ્યા અર્જુન જી;
આ બેઠા છે સભા મધ્યે, સાથે જગજીવન જી. ૬
એવી વાણી સુણી દાસીની, દ્રૌપદી થયાં રળિયાત જી;
અતિ આનંદ થયો રાણીને, આવ્યા જાણી નાથજી. ૭
સામગ્રી પૂજાની કરતી, હર્ષે ઘણો મનમાંય જી;
આજ ધનંજયનું થશે દર્શન, સાથે શ્રીમહારાજ જી. ૮
પુષ્પ ચંદન અગર આરતી, ઉપહાર કર્યા સર્વ તૈયાર જી;
પછે વધામણી દાસીને આપવા, માંડી ઉત્તમ સાર જી. ૯
તેહ સમે ફરી દાસી બોલી, શું હરખ્યાં છો માત જી;
અર્જુને વરિયાં સુભદ્રાને, શી કહું તમને વાત જી. ૧૦

---

૫ ક્રોધાક્રાંત—રીસે ભરાયલી.

શામ કૃષ્ણની ભગિની કા'વે, સુભદ્રા નિરધાર જી;
તેને પટરાણી કરશે અર્જુન, અર્ધાંગે રાખે નાર જી. ૧૧
હવે તુજ પરથી પ્રેમ ઉતરશે, અર્જુનનો જે સર્વ જી;
નિત્ય તમને દેખી સુભદ્રા, ઘણો આણશે ગર્વ જી. ૧૨
તેને વશ વરતે પારથ, તમ ઉપર નહિ પ્રીત જી;
મુજ જોતાં અર્જુન મન તે, ચંદ્ર ચકોરની રીત જી. ૧૩
તે બેહુને વશ તમે વરતશો, તે મુજને છે શોક જી;
એવાં વચન સુણતાં પટરાણીનો, હર્ષ થયો સર્વ ફોક જી. ૧૪
રીસ અપરિમિત ચઢી રાણીને, થયો ક્રોધ જાજ્વલ્યમાન જી;
સુભદ્રા અર્જુન પરણ્યા જાણી, શરીર ન રહી સાન જી. ૧૫
દીન મુખ શોકાતુર થઇને, તજ્યા સર્વ શણગાર જી;
હીંદાળા ઉપર જઈ બેઠી, દ્રુપદરાજકુમાર જી. ૧૬
મસ્તક કર દેઇ બેઠી છે, આંસુધાર બે ચક્ષ જી;
પછે અર્જુનને શાપ દેવાને, જળ લીધું પ્રત્યક્ષ જી. ૧૭
શ્રીકૃષ્ણજીએ દ્વારથી જાણ્યું, જે સતી કરે ઉત્પાત જી;
એકાંતે તેડી સુભદ્રાને, ભાઇએ શીખવી વાત જી. ૧૮
શિક્ષા શ્યામળીએ એમ દીધી, તું જઇને લાગજે પાય જી;
પટરાણીને પગે લાગતાં, કરશે સદ્ય કૃપાયજી. ૧૯
ત્યારે તુને વરદાન આપશે, હર્ષ ધરી ચિત્ત મોઝાર જી;
તું તે વારે માગજે કહિયે, મારા પુત્રને રાજ્યાધિકાર જી. ૨૦
એવી શિક્ષા દીધી હરિએ, ભગિનીને તેણી વાર જી;
(પછે) સુભદ્રા અર્જુન સાથે તેડી, આવ્યા હરિ અંતઃપુર મોઝાર જી. ૨૧

વલણ.

આવ્યા અંતઃપુર મોઝાર હરિ, દ્રૌપદીને મળવાય રે;
નર નારાયણ જેહ સાથે, છે ભગિની સુભદ્રાય રે. ૨૨

કડવું ૨૮ મું.

રાગ રામગ્રી.

આવ્યા અવાસમાં હરિ ઝાલી હાથજી, શ્રીશારંગધર હરિ છે સાથ જી;
શ્રીકૃષ્ણજીએ મન કીધો વિચાર જી, પટરાણીને ક્રોધ અપાર જી. ૧

ઢાળ.

ક્રોધ પૂરિત પટરાણી છે, રખે દેતી શાપ;
પછે ભેદ એક રચ્યો સહી, તે માર્ગ માંહી આપ. ૨
બ્રહ્માની સૃષ્ટિ વિષે, શ્રીપ્રભુ શ્યામળ વર્ણ;
તેજ મૂક્યું અર્જુન વિષે, શ્રીપ્રભુ અશરણશર્ણ. ૩
ત્યારે કાંતિ અર્જુનની થઈ, સુવર્ણ કિરણાકાર;
શકે દ્વાદશ સૂર્ય ઉગ્યા, રાજભવન મોઝાર. ૪
પ્રથમતઃ કે'વાય છે, નરનારાયણ અવતાર;
તેવામાં વળી તેજ મૂક્યું, થઇ રહ્યો ઝાતકાર. ૫
સૂર્યકિરણ સમાન થયાં, પાર્થ અંગ મહાઉદ્યોત;
વિદ્યુતકેરા તેજથી, વિશેષ દીપે જ્યોત. ૬
અનંગ જાયે માન મૂકી, દેખી અર્જુન ભૂપ;
દેવાંગનાને મોહ પમાડે, છે શોભા સાગરરૂપ. ૭
મુકુટ મસ્તક મનોહર છે, શોભિતા શણગાર;
બાજુબંધ ને બેરખા, સોહે મુક્તાફળના હાર. ૮
હેમમાળા મુદ્રિકા, ઘણું તેજ કરમાં ઝળકે;
કટિબંધ સુભગ રત્ન કનક તે, જ્યોતમાં ઘણું ચળકે. ૯
બાવનાચંદન અંગ બે'કે, કેસર કપૂર કસ્તુરી;

અત્તર ચૂઆ ગુલાલ સહિત, વપુ સુગંધ બે'ક મધુરી. ૧૦
મૃગમદ સહિત કેસરની અરચા, શોભે ભાળ અર્ધ ઇંદુ;
કાને કુંડળ લળકે ચળકે, લાલ રત્નનાં બિંદુ. ૧૧
વસ્ત્ર અમૂલક કૃષ્ણકૃપાથી, કીધાં છે પરિધાન;
અંગે આભરણ વસ્ત્ર શોભાથી, રૂડો દીસે રાજાન. ૧૨
આગળથી ચાલે કૃષ્ણને, અર્જુન કરમાં ઝાલી;
પાછળથી સુભદ્રા રાણી, માણમાણે ચાલી. ૧૩
મહાક્રોધવશ પટરાણી, બેઠાં છે જેણે ઠાર;
તેણે ઠામે આવિયાં, સુભદ્રાને દેવમોરાર. ૧૪
પ્રતિબિંબ પડે જે ઘણું, કાંતિ બહુ પ્રકાશ;
જગમગ જ્યોતિ થઈ રહી, ઘણું ઉદ્યોત મધ્ય અવાસ. ૧૫
(ત્યારે) તે દેખી દ્રૌપદી બેઠાં થયાં, માનિની પામી લાજ;
બેસો બેસો મારા સમ છે, શ્રીહરિ કહે મહારાજ. ૧૬
દ્રૌપદીના અંતઃકરણમાં, જઇ વશ્યા જગદીશ;
તેણે કરીને પટરાણીની, ઉતરી સહુ રીસ. ૧૭
જળઅંજલિ દ્રૌપદીએ નાંખી દીધી, દેખી અર્જુનનાથ;
પ્રણામ કરીને રહી ઊભી, અબળા જોડી હાથ. ૧૮
સતી વિમાસે ઘણે દિવસે, આવ્યો મારો સ્વામી;
ક્રોધ તજી સ્તુતિ કરે અબળા, મનમાં લજ્જા પામી. ૧૯
હું અબુધ અબળા બુધ થોડી, નીચ નારીનો અવતાર;

---

૧૦ વપુ—શરીર. ૧૧ મૃગમદ—કસ્તુરી. ઈંદુ—ચંદ્ર. ૧૬ માનિની—દ્રૌપદી. "માનની તે મૂકી લાજ" (પાઠાંતર પ્ર૦ ૨ જી). બેસો ઇ૦—"બેસો બેસો મારા સ્વામી છો, શ્રીહરિને કહે મહારાજ" (પાઠાંતર પ્ર૦ ૨ જી).

મારા કંથ સદા કુશળ રહો, લક્ષ કરો તમો નાર. ૨૦
વા'લપણું અતિશે વ્યાપ્યું, કોમળ મારો કંથ;
ઘણે દિવસે વનથી આવ્યા, સાધ શિરોમણિ સંત. ૨૧
વિરહ વાધ્યો રાણીને, જઈ દીધું આલિંગન;
પાંચાલીને ભુજ ભરી ભેટ્યા, ભાવ ધરી અર્જુન. ૨૨
પાર્થને દેખી પટરાણી, પામી મન આનંદ;
સતીશાપથી અર્જુનને ત્યાં, એમ રાખ્યો ગોવિંદ. ૨૩
પછે સુભદ્રાજી પાસે આવ્યાં, મનમાં હર્ષ ન માય;
કર જોડી જઇ કીધી પ્રદક્ષિણા, નમ્યાં રાણીને પાય. ૨૪

વલણ.

નમ્યાં જઇ પટરાણીને, પગે લાગ્યાં ઘણું કરી રે;
સુભદ્રા શીશ હાથ મૂકી, સતી આશિષ ઉચરી રે. ૨૫

કડવું ૨૯ મું.

રાગ સામેરી.

દ્રૌપદી વાણી વદે, અભિલાષ હોય તારે હૃદે;
તે વરદાનને માગો, લાજ તજીને હૃદે. ૧

ઢાળ.

લાજ મૂકી માગ્ય વર સતી, એમ બોલ્યાં વાણી રે;
તેણે સમે બોલ્યાં સુભદ્રા, જોડીને બેઉ પાણિ રે. ૨
પ્રદક્ષિણા કરી સતીની, સુભદ્રા વાણી વદે રે;
બાઇ એક આશા પૂરજો, અભિલાષ છે મારે હૃદે રે. ૩
એક વાર વર આપીએ, એમ કહે સુભદ્રાય રે;

ત્યારે સતી કે'છે શિઘ્ર માગો, જે મન ઇચ્છા થાય રે. ૪
પ્રથમ એ વર આપીએ મા, નિત્યે તમારૂં દર્શન રે;
તમ ચરણુની સેવા વિષે, સદા સ્થિર રહે મારૂં મન રે. ૫
બીજો વર આજ્ઞા તમારી, ન લોપું દિન રાત રે;
તમારા હિતની કરૂણા, સદા મુજને માત રે. ૬
ત્રીજો વર તમ પાસ રાખો, સેવાને હું દાસ રે;
ધર્મથી મતિ ચળે નહિ, એ માગ્યાની મુને આશ રે. ૭
ચતુર્થ વર કો દિવસ માતા, ન કરવી તમો રીસ રે;
અપરાધ મારા ક્ષમા કરવા, જો જડે મુજમાં મિષ રે. ૮
એવાં સુભદ્રાનાં વચન સુણીને, સતી કહે તું ધન્ય રે;
એ સર્વ હો તારે વિષે, વળી બીજું માગ્ય વચન રે. ૯
ત્યારે સાધુ મુદ્રા સુભદ્રા કરી, મુખ મધુરે સ્વર રે;
મહાદીન વાણી મુખ વદે, જોડીને બેહુ કર રે. ૧૦
હે માતાજી જો તમો, કૃપા કીધી આજ રે;
તો સર્વથા હોય પુત્ર મારો, તેહ પામે રાજ રે. ૧૧
એવું સાંભળી સતી થઈ, રીસે જાજવલ્યમાન રે;
સુભદ્રાનું વચન સુણતાં, શરીરે નહિ સાન રે. ૧૨
ક્રોધ વાણી વદે મુખથી, કોણે શિક્ષા દીધી તેહ રે;
એવું માગવા તારી ગતિ નહિ, સત્યારથ કહે એહ રે. ૧૩
કોણે તુજને જ્ઞાન આપ્યું, માગ્યાનું વરદાન રે;
હું જાણુંછું તુને શીખવ્યું છે, માર્ગમાં ભગવાન રે. ૧૪
મતિ કૃષ્ણના આપ્યા વિના, તારે ન આવે મન રે;

---

૮ મિષ— નિમિત્ત—રીસ કરવા જેવું નિમિત્ત. ૧૦ સાધુ મુદ્રા— સજ્જનના જેવાં ચિન્હ.

એવું કહી કૃષ્ણા પછે, શું વદે ક્રોધ વચન રે. ૧૫
કામણગારા કાળિયા, અલ્યા હું તારી શત્રુ નથી રે;
મેં તારૂં શું વણસાડ્યું, એમ ક્રોધશું બોલે સતી રે. ૧૬
તારા મનનું સર્વ જાણ્યું, હેજ હરિ મેં આજ રે;
ધાઇને પેસતો ઘર માંહે, બેન કહી મહારાજ રે. ૧૭
ભગિની ભ્રાતની પ્રીતિ તારી, સર્વ લહી મેં ફોક રે;
બેન તે સુભદ્રા ખરી, હરિ હું તે લોકાલોક રે. ૧૮
હુલામણે બોલાવતા, મુજને સહી ભગવંત રે;
સુભદ્રાને શીખવી ત્યારે, જાણ્યું સર્વ વૃત્તાંત રે. ૧૯
એ સર્વ તારાં સાંચ્યાં લક્ષણ, સુભદ્રાનો નહિ વાંક રે;
ગજું એનું કેટલું, શું જાણે બાપડી રાંક રે. ૨૦
મારો વંશ ઉચ્છેદ કરવા, તારી જીવ્હા ચાલી ચટક રે;
તો મારા સરખું તારે, હજો ઉજળું ફટક રે. ૨૧
સોળ સહસ્ર સ્ત્રી તાહરે છે, સાઠ સહસ્ર સંતાન રે;
પણ હું સરખો થઇ બેસજે તું, અંતે શ્યામળવાન રે. ૨૨
એ શાપ સતીનો કૃષ્ણને, તું જનમેજય અવિધાર રે;
સમુદાય સુત શ્રીકૃષ્ણના, તે માટે થયા સંહાર રે. ૨૩
ક્રોધ દેખી સતીનો, શ્રીકૃષ્ણ કરેછે ઉપમા રે;
અપરાધ જે હોય તે, પાંચાળી કરજો ક્ષમા રે. ૨૪
એમાં વાંક મારો નથી, બાઇ ભાગ્ય ભવિષ્યની રતિ રે;
વિનય વચન વિવેક કહીને, સંતોષી પ્રભુએ સતી રે. ૨૫

વલણ.

સતી સંતોષી શ્યામળીએ, અંતઃપુરમાં મોઝાર રે;
સુભદ્રા અર્જુન હરખ્યાં, હવો જય જયકાર રે. ૨૬

---

૨૧ ઉજળું ફટક—નિર્વંશ.

કડવું ૩૦ મું.

રાગ મેવાડો ધનાશ્રી.

વૈશંપાયન બોલિયા, સુણ જનમેજય રાય;
પાંચાળી પ્રસન્ન હુવાં ને, હર્ષ સર્વને થાય. ૧

ઢાળ.

સુભદ્રા અર્જુન હરખ્યાં, નારી બન્ને સાથ છે;
પાર્થ એમ સઘળે ઉગર્યા, જો કૃપાળ શ્રીજગનાથ છે. ૨
પછે પાર્થ ઘણું સુખ પામ્યા, રામા રાજ્ય વિલાસથી;
દ્રૌપદી સતી સુભદ્રા બેહુ, અળગી ન થાયે પાસથી. ૩
બન્ને સ્ત્રીમાં પ્રેમ ઘણો છે, રમે જમે સાથે સુખે રહે;
કંથ ઉપર હેત રાખે, માંહોમાંહે દુઃખ સુખ કહે. ૪
એક સમે અર્જુન સભામાં ગયા છે, બન્ને સ્ત્રી બેઠી મળી;
અતિ હાસ કરતી માંહોમાંહે, વિનોદ મન માંહે રળી. ૫
કહો બાઈ તમે કેમ વર્યાં, એમ અન્યોઅન્ય વાતો કરે;
વચન સાંભળી દ્રૌપદીનાં, સુભદ્રા શું ઉચરે. ૬
અર્જુને અતીતનું સ્વરૂપ લીધું, મહાન સંન્યાસી થયા;
ગોમતી સંગમ તીર્થ કરવા, દ્વારિકા આવી રહ્યા. ૭
એક સમે અવધૂતને ઘેર, બાંધવ ભિક્ષા લાવિયા;
ત્યારે મેં ત્યાં સ્વરૂપ દીઠું, મન મારે ભાવિયા. ૮
મનમાં તો નિશ્ચે કર્યું, વરૂં તો એને વરૂં;
પછે ઉત્સવ જાતાં નાથજીએ, હરણ મારગમાં કર્યું. ૯
મુજ નિમિત્ત ભ્રાતે યુદ્ધ કીધું, જદુ હાર મનાવિયા;
સંગ્રામ રણ જીતી કરીને, પછે વરી મુજને લાવિયા. ૧૦

---

૧૦ હાર મનાવિયા—થકવીને મનાવ્યા.

સંસારમાં થઇ વારતા, સુભદ્રાનું હરણ થયું;
જે વર્યા મુજને ધનંજય, તે વૃત્તાંત મેં તમને કહ્યું. ૧૧
હાવાં તમે કહો બાઇ કેમ વર્યાં, સુભદ્રા વાણી વદે;
તે સાંભળવા પટરાણીજી, અતિ ઇચ્છા છે મારે હૃદે. ૧૨
ત્યારે દ્રૈપદી કે' પિતા મારે, સ્વયંવર મંડાવિયું;
દેશ દેશના મહારાજ આવ્યા, જાણ ભૂપતિને થયું. ૧૩
નવ ખંડના નરપતિ મળ્યા, સ્વર્ગવાસી દેવતા;
સ્વયંવર સાંભળી આવ્યા, ત્રણે ભુવનમાં જે હતા. ૧૪
મારા ભ્રાત પિતા સહુ જોતાં, પણ પૃથ્વીપતિમાં ધરે;
મત્સ્યવેધ જે કરે તેને, સર્વથા દ્રૌપદી જઇ વરે. ૧૫
પછે સર્વ રાજા ઊઠિયા, કોણે મત્સ્ય વેધાયો નહિ;
ત્યારે પિતા મારે એમ જાણ્યું, કન્યા કુંવારી રહી. ૧૬
પછે પાંચ પાંડવ જ્યાં હતા, અર્જુન ત્યાંથી ઊઠિયા;
સાન કીધી શ્યામળે ત્યારે, ધશી સ્તંભ પાસે ગયા. ૧૭
પાવકધનુષ્યને પ્રણમી પછે, મત્સ્ય વેધ્યો બળ કરી;
સર્વ સુભટ બળિયા દેખતાં, મેં વરમાળા કંઠે ધરી. ૧૮
જોધ બળિયા ઊઠિયા, સંગ્રામે સામા આવિયા;
મહામોટા અતુલ બળિયા, સર્વ ભૂપ હાર મનાવિયા. ૧૯
મુખ ભંગ સર્વે કર્યા શત્રુ, જીત દળ માંહે કરી;
પછે પિતા મારે પરણાવી હું, એ વિધિ પાર્થ વેરે વરી. ૨૦
સ્વયંવરમાં હું વરી, પૃથ્વીપતિ સહુ દેખતાં;
ત્રિભુવનમાં હાક વાગી, જે પાંડવ સાથ થયા છતા. ૨૧

---

૧૫ પણ—પ્રતિજ્ઞા. પૃથ્વીપતિમાં ધરે—રાજાઓ આગળ નિવેદન કરે. તે પણ કહે છેઃ મત્સ્યવેધ ઈ૦—૨૫૯૮ છે. ૧૮ પાવકધનુષ્યને—અગ્નિદેવે આપેલા ગાંડિવ ધનુષ્યને.

એવું બળ દેખીને હું વરી, વળી પરાક્રમ મોટું કર્યું ;
પણ સંન્યાસી જોગીને મોહી, તેમાં શું દીઠું ખરૂં. ૨૨
જોગી અતીતને વર્યાં અબળા, રૂપ રૂડે વાન રે;
પણ જાદવને બુદ્ધિ ક્યાંથકી, હીનજાત શું લહે જ્ઞાન રે. ૨૩
જો રાજા હોયે પૂર્વના તો, ચાતુરી જાણો તમો;
જેને તેને વરતાં હીંડો, જોગી તારે મન ગમ્યો. ૨૪
તેમાં બળ તેં શુંય દીઠું, વિભૂતિ અંગે ભરી;
પણ હું જાણું છું ભુરકી નાખીને, અવધૂતે તુજને વરી ! ૨૫
તુંમાં એવું જ્ઞાન ક્યાંથી, ચતુર મૂર્ખને ઓળખે;
જોગી સાથે ઊડી ગઇ તું, જો વિમાસી મન વિષે. ૨૬
એવાં વચન કહે હાસ્ય કરતાં, તે સુભદ્રાને સાલતાં;
સુભદ્રા મન દુઃખ આણે, વિનોદ હર્ષે મા'લતાં. ૨૭
એમ બન્ને રાણી વિવાદ કરે પાસ, સુભદ્રા હારે સહી;
દ્રૌપદીના વિનોદ આગળ, સુભદ્રાજીની ગતિ નહિ. ૨૮
એક દિવસ અર્જુન સાથ, ઘરમાં સુભદ્રા એકલી મળી;
ત્યારે સ્વામીને સર્વે કહ્યું, પરણ્યાતણું મે'ણું વળી. ૨૯
સદા જાવછો સભા ત્યારે, હાસ્ય એ મુજને કરે;
કહે જોગીને તું શું વરી, તેમાં દીઠું શું બળ ખરે. ૩૦
અપવાદ મુજને ઘણા બોલે, શું કહું મારા નાથજી;
વાક્ય રૂપિયાં બાણ મારે, શી કહું તમને વાત જી. ૩૧

---

૨૫ ભુરકી નાખીને--ભોળવીને. ૨૬ ઊઠી ગઇ—નીકળી ગઇ. તાત્પર્ય કે પરણેલી સ્ત્રી જેવો તારો મહિમા નથી માટે મારા કરતાં તું હલકી છે, એ ધ્વનિ.

૨૭ વિનોદ ઈ૦–પણ એ તો વિનોદની વાણી છે એમ માનીને હર્ષ દેખાડતી હતી.

માટે નાથજી એવું કરો, જેમ માન એનું ઉતરે;
સુભદ્રાને ધૈર્ય આપ્યું, પછે અર્જુન શું કરે. ૩૨
દ્વાર આવી સભા કીધી, દુંદુભિ દીધું સહી;
સુભટ સહુ કો આવિયા ત્યાં, સેનની સંખ્યા નહિ. ૩૩
અશ્વ ગજ રથ સાંઢ વાહન, અંબાડી સાંમદ કરી;
સુખપાલ ચામર વ્યજન જાણે, નેજા ધ્વજા સહી ફૂર હરી. ૩૪
ચતુરંગ સેના સ્વાર પાળા, ગીત ગુણીજન ગાય છે;
પંચ શબ્દ દુંદુભિ સ્વર, મૃગયા અર્જુન જાય છે. ૩૫
દ્વારે આડંબર કરીને, રાણીને એમ કહાવિયું;
સુખસારૂ આજે જાઉં મૃગયા, (જઇ)પરિજનને દુઃખ ઉપજાવિયું. ૩૬
અંતઃપુરમાં જઈ કહ્યું, જે અર્જુન મૃગયાને ગયા;
સેવક સર્વને આજ્ઞા કરીને, પાર્થ અંતર્ધાનજ થયા. ૩૭
પછે રૂપ લીધું પૂર્વનું, અવધૂત સંન્યાસી થયા;
વિભૂતિ અષ્ટાંગ ચોળી, સુભદ્રાની લાવી દયા. ૩૮
પીતાંબરનો કાછ વાળ્યો, આભૂષણ અંગે ધર્યાં;
મૃગચર્મ ઓઢ્યું પામરી ધરી, તિલક દ્વાદશ શુભ કર્યાં. ૩૯
અર્ધચંદ્ર ત્રિપુણ્ડ્ર ભાલે, તિલક બિંદુ શોભે વળી;
આભૂષણ અંગે શોભતાં જે, શકે વિધુ કે વીજળી. ૪૦
વિજ્યાપ્રેમથી આવેશતા, જટાએ કલગી ઝળકતી;
તોરો શીશે હેમનો, રહી સેર કરણે લળકતી. ૪૧

---

૩૪ વ્યજન—વીંજણા. ૩૫ પંચ શબ્દ—પાંચ જાતનાં રણ વાદ્યના સ્વર. ૩૬ સુખસારૂ ઈ૦—હું સુખસારૂ મૃગયા કરવા જાઉંછું, એવું અર્જુનનું વચન દ્રૌપદી વગેરેને કહીને તેમને (વિયોગ) દુઃખ ઉપજાવ્યું.

૪૧ વિજયા ઈ૦—વિજયા (ભાંગ) અને પ્રેમથી કે ભાંગના પ્રેમથી આવેશમાં આવેલા.

રત્ન જડિત રૂદ્રાક્ષ માળા, હેમમય હાથે કડાં;
બીજાં આભૂષણ શોભતાં, જાણે વિશ્વકર્માએ ઘડયાં. ૪૨
વિભૂતિ ગોળો ઝોળી ખાંધે, મોરની પીછી ગ્રહી;
શંખ શૃંગી સાથ લીધાં, વળી વસ્તુ જે બીજી સહી. ૪૩
પછે પાવડી પર ચઢયા પોતે, ઘરવાડીમાં આવિયા;
તે સ્વરૂપ જોઇ ત્રૈલોકય મોહે, અમરગણ મન ભાવિયા. ૪૪
જોવા અંત્રિક્ષ અમર આવ્યા, પાર્થના સ્વરૂપને;
વિમાન ગગને રહ્યાં છે, સહુ જુવે અર્જુન ભૂપને. ૪૫
અવધૂત બાવો બન્યા પારથ, વાડીમાં ઊભા જઇ;
ઘરવાડી માંહે દ્રૌપદી રમવા, પુષ્પ લેવાને ગઇ. ૪૬

વલણ.

પુષ્પ લેવા ગઇ ગોરી, જોયું જોગી રૂપ રે;
જન પ્રેમાનંદ વર્ણવે શું, નર રૂપ ભારે ભૂપ રે. ૪૭

કડવું ૩૧ મું.

રાગ મારૂ.

તેણે સમે દૃષ્ટે પડયો જોગી, જે રૂપમાં મોહિત છે;
(પછે) પાસે જઇને પ્રણામ કીધો, જેમાં સકળ કળાનું વિત્ત છે. ૧
દ્રૌપદી મનમાં વિમાસે, કૈલાસ નૃપતિ એ સહી;
સાક્ષાત શંભુ પધાર્યા છે, તેમાં કંઇ સંદે' નહિ. ૨
જઇ કર જોડી નમસ્કાર કીધો, મોહ મન પામી ઘણું;
હો બાવાજી બેસો આંહી, સ્થળ સ્થાનક છે તમતણું. ૩
પ્રભુ કયાંથકી પધારિયા, વળી ક્યાં જાશો તમો;

આ સ્થાનકે કેમ કૃપા કીધી, તમને પૂછું છું અમો. ૪
ત્યારે બાવોજી કે' સાંભળો, આ મારગ જતો હતો વહી;
આ શીતળ છાયા ઠામ જોઇ, મુને જોવાની ઇચ્છા થઇ. ૫
અંતરિક્ષથી જોવા ઉતર્યો હું, મનોહર સ્થળ દેખી કરી;
આ સર્વ રચના નિરખીને, હમણાં જાઉંછું પાછો ફરી. ૬
અંતરિક્ષ મારૂં ધામ છે, જે સર્વ સ્થળે રૂડું ભલું;
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર ઇચ્છે, સદા દર્શન એતણું. ૭
ઇંદ્રસદન વૈકુંઠ ને, કૈલાસથી શોભા ઘણી;
વિશ્વકર્મા ભમે ભૂલે, જોઈ રચના તેતણી. ૮
દ્રૌપદી મન વિમાસે છે, ધન્ય લીલા જોગની;
સંસાર સુખ એ સર્વ મિથ્યા, શું કીજે ઇચ્છા ભોગની. ૯
સતી મનમાં મોહ પામી, સાથ જવા ઇચ્છા થઇ;
તેણે સમે કર જોડીને એમ, બાવા પ્રતિ વાણી કહી. ૧૦
સ્વામીજી એક વિનતિ છે, અસત્ય હું નવ ઉચરૂં;
તેડો તો તમ સાથ આવું, સેવા તમારી હું કરૂં. ૧૧
નિત્ય દર્શન કરવા તમારૂં, હરખે છે મારૂં હૃદે;
વચન સાંભળી સતીનું પછે, બાવોજી વળતા વદે. ૧૨
હું જગતમનની વાત જાણું, તારે પંચ ભરતાર છે;
તેને ઉવેખતાં મહારાણી, ખરે પાપ અપાર છે. ૧૩
કંથને ઉવેખિયે તો, ભૂમિ જાય રસાતાળ;
ત્યારે દ્રૌપદી કહે બાવાજી, એ સર્વ આળપંપાળ. ૧૪
મૃત્યુલોકમાં સગપણ મિથ્યા, ગહનગતિ સંસારની;
દેહ કાચના કૂપાવત્ છે, ઢળતાં ન લાગે વારની. ૧૫
મારૂં મન તો બાવાજી, સર્વથા તમ ચરણે વશ્યું;

---

૧૪ રસાતાળ—રસાતળ. ૧૫ વારની—વાર.

પંચ કંથને પરહરી, તમારી સેવામાં ધસુ. ૧૬
ત્યારે જોગી કહે શું કરૂં તુજને, પંચ તારે કંથ છે;
એવો અન્યાય કેમ કરૂં, અધર્મ માર્ગ એ પંથ છે. ૧૭
કદાચિત જો જાણે તો, યુદ્ધ મુજ સાથ કરે સહી;
તે ઉવેખતાં તુને પાપ લાગે, જો વિમાસી બુદ્ધિમાં વહી. ૧૮
ત્યારે દ્રૌપદી કહે કંથ પાંચે, પરહર્યા મેં જાણજો;
પાપ પુણ્ય બ્રાહ્મણતણાં, વિશ્વાસ મન નવ આણજો. ૧૯
સર્વથા મેં આવવું જ્યાં, તમારૂં રે'ઠાણ છે;
જો મુને મૂકી જાશો તો, આ તજું મારા પ્રાણ છે. ૨૦
પ્રાણ તજવા બેઠી બાળા, જવ મન કીધું દેહ મૂકવા;
ત્યારે સંન્યાસનો વેષ મૂકી, બાવોજી અર્જુન હવા. ૨૧
મૂળ રૂપ ધર્યું ધનંજયનું, તે ભૂપતિ થયા સહી;
ત્યારે દ્રૌપદીએ સાણગટ વાળ્યો, લજ્જાએ નીચું જોઇ રહી. ૨૨
એટલે સુભદ્રા આવિયાં, વાડીમાં વે'લાં ગયાં;
દ્રૌપદી અર્જુન દેખી, પ્રસન્ન ઘણું મનમાં થયાં. ૨૩
અર્જુને એમ છળ્યાં દ્રૌપદી, તે સતી વાડીમાં સહી;
પછે સુભદ્રાને મે'ણું દેતી, પાંચાલી નિશ્ચે રહી. ૨૪
પછે બન્ને રાણી હર્ષેશુ, પાર્થની ઘણી સેવા કરે;
પાગે લાગી પરવરે તે, અંતઃપુરમાં સંચરે. ૨૫
પછે સેવા કરતાં સ્વામીની, સુભદ્રા નિર્ભય થઇ;
તે દ્રૌપદીની આજ્ઞામાં રહે, વરમતિ અબળા તે સહી. ૨૬
દ્રૌપદીને સુભદ્રામાં, પ્રેમ રતિ વાધી ઘણી;
પ્રીત ઘણી છે માંહોમાંહે, જેમ અમૃતરસ સિંધુતણી. ૨૭

---

૧૯ બ્રાહ્મણતણાં—બ્રાહ્મણોએ જોડી કાઢેલાં.

વૈશંપાયન બોલિયા, સુણ જનમેજયરાજન;
કેં'તાં પાર પામું નહિ હું, ચરિત્ર જે અર્જુન. ૨૮

વલણ.

ચરિત્ર અર્જુનનું વળી, પરાક્રમ અતિ મહિમા ઘણો રે;
વદે વિપ્ર પ્રેમાનંદ ભાવ સાથે, શ્રોતાજન શ્રીહરિ ભણો રે. ૨૯

કડવું ૩૨ મું.

રાગ ધનાશ્રી.

ઋષિ એમ બોલ્યા રે પાંડવ રાય જી, પાર્થ મહિમા કહ્યો ન જાય જી;
જેને કરૂણા શ્રીહરિ સાય જી, જશ કીર્ત્તિ જગતમાં થાય જી. ૧

ઢાળ.

જશ મહિમા થાયે જગતમાં, જેની સાથે શારંગપાણ;
અર્જુનને કરૂણા અતિ કીધી, કેવળ પુરૂષપુરાણ. ૨
અર્જુન વનવાસ થયો સંપૂરણ, વરત્યો જય જયકાર;
વ્યંડળ શાપ ઉતાર્યો પારથ, વર્યા વનમાં બે નાર. ૩
ચિત્રાંગદા ને સુભદ્રા બેહુ, વર્યા વનિતા વન;
બભ્રુવાહન ચિત્રાંગદાસુત, સુભદ્રા અભિમન્ય. ૪
પંચતીર્થથી ગ્રાહ ઉદ્ધારી, પામી મૂળનો ઠામ;
ઇંદ્રસભા વિષે તે આવી, જ્યાં પોતાનું છે ધામ. ૫
નારદવચને પૂરી પ્રતિજ્ઞા, પારથે સહુ પાળી;
પછે અગ્નિનું અજીર્ણ ટાળિયું, ખાંડવ વન પ્રજાળી. ૬

---

૨ પુરૂષપુરાણ—આદિપુરૂષ—ભગવાન. ૫ પામી—શાપ પામેલી અપ્સરાઓ. ૬ અગ્નિનું અજીર્ણ—(જુઓ મહાભારત આદિપર્વ).

મયદાનવને બળતો રાખ્યો, તેણે સભા રચી આપી;
અગ્નિએ બે ભાથા આપ્યા, ગાંડિવધનુષ્ય સ્થિર સ્થાપી. ૭
પછે પાર્થ થયા મન નિશ્ચે, કૃપા અશરણશર્ણ;
વૈશંપાયન કે' જનમેજયને, થયું પૂર્ણ સુભદ્રાહર્ણ. ૮
એ આદિપર્વ કથા અતિ ઉત્તમ, અર્જુનકેરૂં ચરિત્ર;
શુદ્ધ મને જે સાંભળે તે, પ્રાણી થાય પવિત્ર. ૯
કડવાં એકત્રીશ પદ્યબંધ છે, આઠસેં પાંત્રીશ;
રાગરાગણી ચાલ જુજવી, દેશી છે છત્રીશ. ૧૦
સંવત સત્તર અઠાવનમાં, ફાલ્ગુન માસ નિધાન;
શુકલપક્ષ દશમી ગુરૂવારે, પૂર્ણ થયું આખ્યાન. ૧૧
સંપૂર્ણ તાપી દક્ષિણતટ ત્યાં, કવિએ કર્યો વિશ્રામ;
શ્રીગુરૂચર્ણ કૃપાથી પામ્યો, જ્ઞાનરત્ન મહાધામ. ૧૨
સૂર્યપુરમાં કથા કવી, ગુણ ગોવિંદના વિસ્તાર;
ચાતુર્વિંશી જ્ઞાતિ બ્રાહ્મણ, મંદમતિ અવિચાર. ૧૩
શ્રીઅંબાનો દાસ નિરંતર, વિપ્ર પ્રેમાનંદ;
સરસ્વતીની પૂર્ણ કૃપાથી, થયો પદ્યબંધ પૂર્ણાનંદ. ૧૪
સ્નેહે કથા જે સાંભળે, બાળક વૃદ્ધ નર નાર;
તેને કૃપા કરે શ્રીકૃષ્ણજી, જીવન જગદાધાર. ૧૫
કહી કવિતા હું નિમિત્ત માત્ર છું, કરનારો ભગવાન;
શ્રોતાજન કો ખોડ મા દેશો, કહી કથા બુદ્ધિનિધાન. ૧૬
એ કથા જે સાંભળે, સુભદ્રાનું હરણ;
તેને કૃપા કરે અવિનાશી, સ્વામી અશરણશરણ. ૧૭

---

૧૩ સૂર્યપુર-સુરત. ચાતુર્વિંશી—ચોવીશા.

શુભમસ્તુ કલ્યાણકારી, જે મંગળ હરિનું નામ;
લક્ષ્મીવરના પદને પામે, જે ગાય ગોવિંદગુણગ્રામ. ૧૮

વલણ.

ગોવિંદજી કૃપા કરે, શ્રોતા સમજો મન રે;
કર જોડી કહે વિપ્ર પ્રેમાનંદ, હરિ ભણો હરિજન રે. ૧૯

સમાપ્ત.

---

૧૮ ગુણગ્રામ—ગુણસમૂહ.

प्रेमानंदकृत

रुक्मिणीहरण.

કડવું ૧ લું.

રાગ ધનાશ્રી.

પ્રથમ પૂજું દુંદાળો દેવ જી, સુરિનર મુનિજન કરે જેની સેવ જી;
ઉમયાજીનો કુંવર કાલો જી, સઘળાં કૃત્યમાં તું મને ઘણો વા'લો જી. ૧

ઢાળ.

મારા વા'લાજી વાણી આપીએ, જડમતિ છેદો મારી;
હું અનેક કોટિ ભાવે કરૂં, સ્વામી પે'લી પૂજા તારી. ૨
શુદ્ધિ બુદ્ધિ શોભિત સુંદરી, લક્ષ લાભ જેને પુત્ર;
મનકામના પૂરે ભજે તેની, વળી ભરે તેનાં ઘરસૂત્ર. ૩
વર્ણનદાતાર નિર્ગુણ કરતા, તારૂં વેદપાવન નામ;
સંસારસાગર તે તર્યા, તવ કૃપા વિઘ્નસ્વામ. ૪
સેવું બ્રહ્મતનયા સરસ્વતી, વૈખરી વિશ્વાસ;
કાલીદાસને કરૂણા કરી, એમ પૂરો મારી આશ. ૫

---

૧ દુંદાળો—દુંદ(મોટું પેટ)વાળો—ગણપતિ. ૪ વર્ણનદાતાર-વર્ણન કરવાની શક્તિ આપનાર. તવ કૃ૦—જેના પર તવ (તારી) કૃપા છે. વિઘ્નસ્વામ—વિઘ્નોનો રાજા—ગણપતિ.

૫ બ્રહ્મતનયા—બ્રહ્માની પુત્રી. વૈખરી વિ૦—વૈખરી (વર્ણાત્મક વાણી) મળવાને જેનો વિશ્વાસ છે એવી.

સમરૂં દેવી સરસ્વતી, વરદાયિની વિખ્યાત;
હંસવાહની હસિતવદની, પુણ્યશાળી પ્રખ્યાત. ૬
જે સ્મરે હરિવદની તને, તેને આવે ન ઉની આંચ;
તુજ ગુણ ગણતાં માતા, ભરૂં સાગરમાંથી ચાંચ. ૭
શુકદેવમુખથી સાંભળ્યું, ભાગવત પરમ રસાળ;
દશમકથા દેવકીસુતની, કહ્યો પરીક્ષિતને વિસ્તાર. ૮
અધ્યાય એકાવનમો પૂરો થયો, જેમાં યવનનો સંગ્રામ;
સત્તરવાર જરાસંધ છળિયો, યુદ્ધ કરી કેશવ રામ. ૯
ફરી અઢારમી વારે આવિયો, બળ કરી જાલમજોર;
જેમ મધપૂડે મક્ષિકા ફરે, એમ મથુરા વીંટી ઘનઘોર. ૧૦
આવી જરાસંધ ત્રાડિયો, ક્યાં ગયો માખણચોર;
તેને દેખી જાદવ કાયર થયા, બુદ્ધિ કીધી નંદકિશોર. ૧૧
વિશ્વકર્મા તર્ત તેડાવિયા, રચો સમુદ્રમાંહી આગાર;
એક કનકની દ્વારકા કરો, રે'વા જાદવનો પરિવાર. ૧૨

---

૭ હરિવદની—હરિ (ચંદ્ર) સમાન વદનવાળી. ભરૂં ઈ૦—ભરેલા સાગરમાંથી ચાંચ ભરવી અને તારા ગુણોમાંથી થોડાક ગુણની ગણતરી કરવી એ બે બરાબર છે. ૮ દેવકીસુતની—કૃષ્ણની.

૯ યવનનો—કાળયવનનો. ૧૦ મક્ષિકા—માખ્યો. ઘેરાનું સ્વરૂપ વર્ણે છે: ઘનઘોર-ચઢી આવેલા ઘન(મેઘ)ના ઘોર (કાળા ભયાનક) સ્વરૂપની પેઠે. (ક્રિ૦ વિ૦) અથવા ઘનઘોર એવી મથુરાને અથવા મથુરાને ઘનના જેવી ઘોર કરીને વીંટી.

૧૧ ત્રાડિયો-ક્રોધથી ગર્જના કરીને બોલ્યો. માખણચોર—કૃષ્ણનું બાળપણાનું વિશેષણ. નંદકિશોર-નંદરાજાના કિશોર વયના પુત્ર.

૧૨ શી બુદ્ધિ કીધી તે વર્ણે છે: વિશ્વકર્મા ઈ૦-સ્પષ્ટ છે. વિશ્વકર્મા—દેવનો સુથાર. તેને શી આજ્ઞા કરી તે કહે છે: રચો ઈ૦—સ્પષ્ટ છે. આગાર—ઘર.

દૈવે વાશી દ્વારકા, કીધો માયાને ઉપદેશ;
એ કારણ કોઇ પ્રીછે નહિ, લઇ ગયાં વિધાત્રી દેશ. ૧૩
ત્યાં માગધ મથુરામાં પેઠો, કે દીઠા બન્ને વીર;
ઊઠાડ્યા હરિને જઇ, હરિ હળધર મૂકી ધીર. ૧૪
ત્યાંથી નાશીને નિસર્યા, જઇ ગોમતાચળ પર ચઢિયા;
વીશ અક્ષૌહિણી કટક સાથે, બહુ રિપુ વીંટી વળિયા. ૧૫
એનો મર્મ મૂરખ નવ લહી, ગિરિ પ્રજાળ્યો તેય;
આકાશ માર્ગે ઉત્પત્યા, વશ્યા દ્વારકામાં બેય. ૧૬
જોઇ માતપિતા આનંદ પામ્યાં, પો'ચ્યા પુરનારીના કોડ;
માગધે રણ મૂકાવિયું, માટે નામ ધર્યું રણછોડ. ૧૭
દેવકાર્યે અવતરે, હરવા દાનવદંભ;
પહેલે પગરણ વસુદેવને, ઘેર વિવાહનો આરંભ. ૧૮
એક રૈવત રાજા રે' સ્વર્ગમાં, તેની રત્નરેવતી બાળ;
તેને વર કંઇ મળે નહિ, બ્રહ્માએ દીધી ભાળ. ૧૯

---

૧૩ લઇ ગયાં ઇ૦—વિધાત્રી (માયા) મથુરાના યાદવોને તે દેશમાં (દ્વારકામાં) લેઇ ગયાં, પણ ક્યારે ગયાં અને કેમ ગયાં તે કારણ કોઇ પ્રીછે નહિ—કોઇના જાણવામાં આવ્યું નહિ.

૧૪ માગધ—મગધ દેશનો રાજા જરાસંધ. ઊઠાડ્યા—યુદ્ધ કરવાને બોલાવ્યા. હરિ ઇ૦—હરિ અને હળધર (બળરામ) તેની સાથે યુદ્ધ ન કરતાં ધીર મુકી દેહને ત્યાંથી નાશીને નીસર્યા, એમ ૧૫ મી કડી સાથે અન્વય. ૧૫ ગોમતાચળ—દયારામે એને પ્રવર્ષણગિરિ કહ્યો છે વીંટીવળિયા—(ગોમતાચળને) ૧૬ ઉત્પત્યા—ઊડ્યા. ૧૭ દ્વારકામાં રહેનારા કૃષ્ણનું નામ રણછોડ કેમ પડ્યું તેનું કારણ કહે છે: માગધે ઇ૦—સ્પષ્ટ છે. રણ—સંગ્રામભૂમિ.

૧૮ દ્વારકામાં આવ્યા પછી શું કર્યું તે કહે છે: દેવકાર્યે ઇ૦—સ્પષ્ટ છે. બળરામના વિવાહનો ઉપક્રમ કરે છે: પેહેલું પગરણ ઇ૦—સ્પષ્ટ છે. ૧૯ રત્નરેવતી—રત્ન સમાન રેવતી.

તે કન્યા લાવ્યા દ્વારકામાં, જોઇ જુગતી તેને ભાવી;
પછે લગ્ન લેઇને તે કન્યા, બળભદ્રને પરણાવી. ૨૦
તે જોઈ જદુપતિ કૃષ્ણ હરખ્યા, કરે જાદવ જય જયકાર;
કો નૃત્ય કરતા બહુ ફરતા, દ્વિજ ભણે વેદોચ્ચાર. ૨૧
એમ રેવતીનું દ્વારકા વિષે, રામે કીધું પાણિગ્રહણ;
હવે જાદવ જીત્યા ને જરા થયો, તે કહું રૂક્મિણીહરણ. ૨૨

વલણ.

હરણ કહું રૂક્મિણીતણું, ચરિત્ર મારા નાથનું રે;
ભીષ્મકસુતાની વેદના, વળી પરાક્રમ હળધર ભ્રાતનું રે. ૨૩

કડવું ૨ જું.

રાગ સામેરી.

શ્રીશુકદેવને પરીક્ષિત કહે, કેમ રામે સેના મારી;
ક્યમ હરણ થયું રૂક્મિણીતણું, કેમ ગયો જરાસંધ હારી. ૧
ત્યારે વ્યાસનંદન બોલિયા, તમો સાંભળો પુરપાળ;
એક કુણ્ડિન નામ નગરી વિષે, રહે ભીષ્મકનામ ભૂપાળ. ૨
પતિવ્રતા છે પત્ની તેની, પાળે પ્રજા સુખકાર;
તેતણી તનયા રૂક્મિણી, જે કમળાનો અવતાર. ૩
ધર્યો વેષ વનિતાનો વારિજા, દેવી દાક્ષાયણીને વેષ;
મસ્તક ઉપર મણિ ધર્યો, શોભે વેણ જેવો શેષ. ૪

---

૨૨ પાણિગ્રહણ—લગ્ન. ૨૩ ભીષ્મકસુતા—રૂક્મિણી. ૨ વ્યાસનંદન—શુક. પુરપાળ—રાજા—પરીક્ષિત. ૩ કમળા—લક્ષ્મી. ૪ વારિજા—કમળા—લક્ષ્મીજી. દાક્ષાયણી—દક્ષપુત્રી—સતી. ૪ ચોટલો વર્ણે છેઃ મસ્તક ૬૦—૨૫૫૮ છે.

હૃદય ઉર અંબુજ નૂતન પ્રકટે, પાદ પદ્મ શું ઝળકે;
અંગે આભૂષણ ધર્યાં, નૂપુર કંકણ ચૂડી ખળકે. ૫
હરખે પૂજે જઈ ઉગયા, સહસ્ર મન્મથ રૂપી સખી;
એવે ભીષ્મકને ઘેર વિવાહ કરવા, પધાર્યા નારદ ઋષિ. ૬
ઉત્તમ આસન રાયે આપ્યાં, ઘણાં માન મુનિને દીધાં;
પતિવ્રતા પત્ની સહિત રાયે, ચરણોદક ધોગી પીધાં. ૭
આવી રૂક્મિણી નમી ઋષિને, મુનિએ મસ્તક મૂક્યો હાથ;
સૌભાગ્યવતી રે'શો સલૂણી, પામશો દ્વારકાનાથ. ૮
ત્યારે ભીષ્મકને વિસ્મય થયો, સ્વામી કરો વરણી વાત;
દ્વારકામાં કુણ વસે, તેનાં કુણ માત કુણ તાત. ૯
ત્યારે બ્રહ્મઋષિ એમ વધ્યા વાણી, હરિ જાદવકુળ અવતાર;
જેણે કેશી કંસ પછાડિયા, વસુદેવતણા કુમાર. ૧૦
જેણે માગધમાન ઉતારિયું, કાળયવન કીધો નાશ;
નર લીલાને અવતર્યા, પૂર્યો દ્વારકામાં વાસ. ૧૧
ઉગ્રસેનની આજ્ઞા પાળી, યદુતારણ સમ્યક સોમ;
એક કનકની નગરી કરી, જેણે આણી લીલા સઘળી ભોમ. ૧૨
ત્યારે ભીષ્મક રાયને ભાવ પ્રકટ્યો, મારે શીઘ્રે કરવું કામ;
આ શ્રીફળ આપો શ્રીકૃષ્ણને, તમો જાવ દ્વારકા ગામ. ૧૩
માઘ માસ વીત્યા પછે, લાવજો જાદવજાન;
હું મંડપની રચના કરૂં, દેઉં જાનને સનમાન. ૧૪
મારો પાટવી પુત્ર જે રૂકમી છે, તે તો ગયોછે મોસાળ;
એ આવ્યે લગન નિરધારીશું, દળ મોકલીશું ફરી દ્વાર. ૧૫

---

૫ ઉર—છાતી. અંબુજ— કમળ. પદ્મ—કમળ. ૬ મન્મથ રૂપી—કામદેવરૂપી. ૮ સલૂણી—મોડી. ૧૦ બ્રહ્મઋષિ —નારદ. કેશી— એ નામનો દૈત્ય. ૧૨ સોમ ૬૦—યદુઓને તારનારા સમ્યક (રૂડા) સોમ (ચંદ્ર) સમાન.

આપ્યાં શ્રીફળ ફોફળ મુનિ હાથમાં, કા'વ્યો જાદવકુળને જુહાર;
એક છાનો સંદેશો કૃષ્ણને, કા'વ્યો રૂક્મિણી નાર. ૧૬
તે વાત વિદર્ભથી લેઇને, મુનિ દ્વારકા વહી આવિયા;
ઉત્તમ આસન હરિવર આપી, ભલા ભાવશુ બોલાવિયા. ૧૭
એકાંત તેડી શ્રીકૃષ્ણને, શ્રીફળ આપ્યાં મુનિજન;
કા'વ્યું છે તુજ નારીએ, તું મચ્છ કચ્છ વરાહ વામન ! ૧૮
પરશુરામ શ્રીરામ પ્રભુ, વિઠ્ઠલ વેગે કરોની સા'ય;
જળ વિનાની કુમુદિનિ, વિઠ્ઠલ વેગે કરોની સા'ય. ૧૯
એ ચૂકશે વકી તારી જાણી, તજશે પ્રાણ ભગવાન;
સાથે બળભદ્રને તેડીને, કહ્યું જોડી લાવજો જાન. ૨૦
ત્યારે કૃષ્ણે વખાણી કામિની, કહ્યું રૂક્મિણી ધન્ય ધન્ય;
અર્ધાંગે વશી રહી વૈદર્ભી, શીદ મોકલ્યા મુનિજન. ૨૧
ત્યારે ઋષિરાયને રીસ ચઢી, તુને લંપટ વા'લી નાર;
મારો તેં હરિ પાડ ન માન્યો, તું જોજે જગદાધાર. ૨૨

વલણ.

જોજે જગદાધાર એમ કહી, ઊઠ્યા નારદ સહી રે;
હરિને વાત કરવી છે માટે, માન મુનિને દીધું નહિ રે. ૨૩

કડવું ૩ જું.

રાગ કેદારો.

કરી અચ્યુત સાથ અનુચિત વૃત્તિ, ઋષિ રાઠ જોતાનું મન;

---

૧૮ નારદ રૂક્મિણીએ કહેલા હરિના મત્સ્યાદિ અવતાર ગણાવે છે: તું ૪૦- ૨૫૯૮ છે. (રૂક્મિણીએ ખરેખરો સંદેશો કેવો કહાવ્યો હતો તે આગળ રૂક્મિણીના કાગળ રૂપે કહેવાશે).

૧૯ રૂક્મિણીની શ્રવણપૂર્વરાગ વિપ્રલંભદશા વર્ણે છે: જળ વિનાની ૪૦—૨૫૯૮ છે. કુમુદિની–પોયણી. ૨૩ વાત કરવી છે—આગળ કહેવાશે તેવો પ્રસંગ આણવો છે.

વાટે જાતાં વિચાર કીધો, ધર્યું ગુણી ગંધર્વનું તન. ૧
એક તન મન તુરંગે ચઢી બેઠા, જોયું જગત્ બાધા માંય;
ધર્યાં પાઘ પીતાંબર અંગ આભૂષણ, કર જંત્ર વગાડે ત્યાંય. ૨
કુણ્ડિનપુર મૂકીને જાતાં, સામો મળ્યો ભીષ્મકનો બાળ;
ઋષિએ રાગ આલાપ્યો રામગ્રી, માંહે ગાયો શિશુપાળ. ૩
તેનું રૂપ જોઇ રૂકમી રીઝ્યો, સ્વામી ક્યાં છે તમારો નિવાસ;
તમો દીસોછો કોઇ દેવ સરખા, શિશુપાળ ક્ષત્રીની જાત. ૪
તેની સંઘાતે સગપણ શું છે, મુને સાચું કહોની સ્વામ;
શકે સંબંધી છે કે મિત્ર તમારો, ત્યારે ગુણીજન બોલ્યા આમ. ૫
ભાઇ દ્રાવિડ દેશમાં વાસ અમારો, રાય દમઘોષને શૂર ક્રોડ;
તેને સુત છે દેવ સરિખા જાણે, રામ લક્ષ્મણની જોડ. ૬
તે મધ્યે શિશુપાળ જ્યેષ્ઠ છે, તેના રૂપતણો નહિ પાર;
તેને નિત્ય આભૂષણ ઇંદ્ર મોકલે, વાહન સહિત શણગાર. ૭
તેને હું સરખા ગુણિયલ કોટિક છે, નિત્ય ઊભા દ્વારે ગાય;
તેનાં ઉતર્યાં આભૂષણ અમને આપે, મણિ માણકનો થાહ ન થાય. ૮
તે સરખી કન્યા નહિ કોઇ, મેં જોઇ નવખંડની બાળ;
ભૂતળ ભમતાં કર્મ સંયોગે, લાગી કુણ્ડિનપુરમાં ભાળ. ૯
હું તો અંબાને દે'રે જઇ રહ્યો, સરોવરકેરી પાળ;
અંબા પૂજવા સરોવર ના'વા, બહુ આવી તે રાજબાળ. ૧૦
તેમાં શ્યામળે અંગે સબળ શોભે, જાણે મારા પ્રભુતણો આકાર;
તેને નાત ભાત મેં સર્વે પૂછી, કહ્યું ભીષ્મકની કુમાર. ૧૧

---

૧ અચ્યુત-નાશ ન પામે એવા—ભગવાન. અનુચિતવૃત્તિ—ન ઘટે તેવી મનોવૃત્તિ—અણબનાવ. નારદ લડાઇ જોવાના ભાવથી યુક્તિ રચે છે: ધર્યું ૯૦-સ્પષ્ટ છે. તન—શરીર અર્થાત્ રૂપ. ૩ ભીષ્મકનોબાળ—રૂકમી. ૬ શૂર ક્રોડ—દમઘોષ રાજાને ત્યાં ક્રોડ (કોટિક) શૂરા પુરૂષો છે.

ત્યારે ભૂપ ભણે એ તો ભગિની મારી, રાય ભીષ્મક મારો તાત;
જાઓ વેગે કરો વાત વિવા'ની, મેં તો સોંપી તમારે હાથ. ૧૨
મુજ પિતા પુત્રના પ્રણામ કે'જો, ઘણું કરજો કન્યાનું વખાણ;
શિશુપાળ સંબંધી જો થાય મારો, તો મુને કીધો મેરૂ સમાન. ૧૩
બહુ વિધિ કરી ગુણિયલ વળાવ્યો, રાય આવ્યો તે પુરમાંય;
માત ભ્રાત ભગિનીને મળિયો, જઇ તાતને લાગ્યો પાય. ૧૪
પુત્ર પિતા મળીને બેઠા, રાયસુતને દઇે બોધ;
ઘેર બેઠાં કામ થયું કન્યાનું, વર પામી જાદવ જોધ. ૧૫
ભાગ્ય સંજોગે ભક્ત પધાર્યો, કહ્યો શ્રીકૃષ્ણતણો મહિમાય;
સુત વેગે વાત કરો વિવા'ની, મેં તો સોંપી તારા કર માંય. ૧૬
ત્યારે કુંવર ભણે એ કારજ ખોટું, મેં તો વર વો'યો શિશુપાળ;
તે તો દ્રાવિડ દેશનો મોટો રાજા, કૃષ્ણ ગાયોતણો ગોવાળ. ૧૭
તાત એ જાદવ કે દહાડાનો, રાય નંદજીકેરો બાળ;
એ તો હળધર મળતો હઠ કરી આવ્યો, થયો વસુદેવનો કુમાર. ૧૮
એ તો વાણ રે આચારી વાણ રે વિચારી, કરે તારૂણી મળતો તાન;
અનેક અબળાને આલિંગન આપ્યાં, ત્યાં ભગિની શું પામે માન. ૧૯
સુત ઉત્તમ કુળ એ જાત જાદવની, રાય ભોજતણા ભાણેજ;
અવનિભાર ઉતારવા અચ્યુત, પરબ્રહ્મ ધરિયું તેજ. ૨૦
જેના પાંડવ મિત્ર ને ગુણ પવિત્રજ, (એને) હળધર સરખા વીર;
અનેક અસુરને હળવતે હણ્યા, માગધનું ઉતાર્યું નીર. ૨૧
સુત તું પે પ્રભુને કોણ ઉવેખે, મુનિવચન મિથ્યા કયમ થાય;
કોટિ કાર્ય ઘેર બેઠાં થયાં, જો આવે દ્વારિકારાય. ૨૨

---

૨૦ ભીષ્મક રૂકમીને કહે છેઃ સુત ૪૦—૨૫૯ છે. ભોજતણા—સાત્વત વંશી મહાભોજના. અવનિ—પૃથ્વી. ૨૨ તું પે—તાગ વિના.

ત્યારે રૂકમી ઘણું રોષે ભરાયો, પ્રગટી અતિ મન રીસ;
તાત ! વારે વારે શું કૃષ્ણ વખાણે, તારૂં હમણાં તે છેદું શીશ. ૨૩
શિશુપાળ સમોવડ એ કયમ આવે, જેને શાલ્વ સરખા મિત્ર;
વાસુદેવ કાશીનો રાજા, વળી માગધ ગુણ પવિત્ર. ૨૪
એવી સુતસ્વામીની રાઢ સાંભળી, આવી વારવા વિદર્ભની નારી;
આ ઘરવઢવાડે વિનાશ થાશે, તમો જોજો મન વિચારી. ૨૫
સંપ હોય ત્યાં સહુ રિદ્ધિ આવે, અતિ રાઢે રમા જાય;
કંથ કોનું કર્તવ્ય કામ ન આવે, જે દૈવ કરે તે થાય. ૨૬
આગે સુતની રાઢે ઇંદ્રનો શત્રુ, હિરણ્યકશિપુ થયો પતન;
એમ ઘરવઢવાડે સીતાસ્વામી, જુઓ રામે ભોગવ્યું વન. ૨૭
સુગ્રીવ સાથે શત્રુવટ બાંધી, નેટ મુઓ કપિરાય;
ભાઇએ વિભીષણનું વચન ઉથાપ્યું, જઈ રામને લાગ્યો પાય.૨૮
રાક્ષસરોળ કરાવ્યો તેણે, તેમ તમારે થાય;
રોષ તજીને રૂક્મિણી પરણાવો, તો ચિંતા આપણી જાય. ૨૯
એમ પતિવ્રતાએ પિયુ સમજાવ્યા, સહુ સુતને સોંપ્યો ભાર;
મુનિવચન પોતાની બુદ્ધિએ, તેડાવ્યો શિશુપાળ. ૩૦

---

૨૫ વિદર્ભની-ભીષ્મકની. ઘરવઢવાડે-ઘરની માંહોમાંહેની લડાઈથી. ૨૬ રિદ્ધિ—લક્ષ્મી. ૨૭ ઘરની વઢવાડ વિનાશકારી છે એમ દૃષ્ટાંતથી કહે છેઃ આગે ઇ૦—આગળ (પૂર્વે) સુત(પ્રલ્હાદ)ની રાઢે (વઢવાડમાં) ઇંદ્રનો શત્રુ એવો હિરણ્યકશિપુ પતન થયો—નાશ પામ્યો. બીજું રામનું દૃષ્ટાંત આપે છેઃ એમ ઇ૦—સ્પષ્ટ છે.

૨૮ ત્રીજું વાળીનું દૃષ્ટાંત આપે છેઃ સુગ્રીવ ઈ૦—સ્પષ્ટ છે. કપિરાય—વાળી. ચોથું રાવણનું દૃષ્ટાંત આપે છેઃ ભાઇએ ઈ૦—સ્પષ્ટ છે ભાઇએ-રાવણે. ૩૦ મુનિવચન ઇ૦-મુનિ(નારદ)ના વચનથી અને પોતાની બુદ્ધિથી શિશુપાળને તેડાવ્યો. અર્થાત્ મુનિ તો માત્ર કહેનારજ હતા પણ કહેલી

વલણ.

તેડાવ્યો શિશુપાળ સુતે, વેગે વાડવ મોકલ્યો રે;
પત્ર આપ્યું દમઘોષના હાથમાં, પછી માંડી સમાચાર સર્વે કહ્યા રે. ૩૧

સામેરી.

વૈદર્ભી વિવાહ સાંભળી, દુષ્ટ થયો રળિયાત;
રૂકિમણી સરખું રત્ન તે તો, આવશે મારે હાથ. ૩૨
કદાપિ નંદનો કુંવર આવે તો, રંગમાં ભંગજ થાય;
પછે સેના દેખાડવા શ્રીકૃષ્ણને, તેડાવ્યા ચૌદ દેશના રાય. ૩૩
માગધ મિત્ર ત્યાં આવિયો, ઘણી જાતની જુક્તિ કીધી;
પંચાણું અક્ષૌહિણી આવી ભરાણું, રાય ગાજ્યો ને દુંદુભિ દીધી ૩૪
શુકદેવ કહે પરીક્ષિતને, ફરી વાત વિદર્ભે આવી;
વિપ્રે ખાધી વધામણી, જે શિશુપાળે તે કા'વી. ૩૫

વલણ.

શિશુપાળે કા'વી તે કહી, વધામણી રૂડી પેર રે;
વિપ્ર પ્રેમાનંદ ઉચરે, વળી પત્ર પઠાવ્યું રૂકમીઘેર રે. ૩૬

કડવું ૪ થું.

રાગ કેદારો.

રાય તારી દિન દિન કળા થાજો દીપતી, આવાં મોટાં કરજો કામ;
અહીં રાજ્ય કરૂં છું તમવડે, પ્રીતના માનજો પ્રણામ. ૧

•વાત કરવા યોગ્ય છે કે કરવા યોગ્ય નથી એ નિર્ણયની જવાબદારી તો રૂકમીની પોતાનીજ હતી. ૩૨ દુષ્ટ-શિશુપાળ. (હરિનો દ્વેષી હતો માટે દુષ્ટ કહ્યોછે). ૧ પત્ર વર્ણે છે. રાય ઈ૦—સ્પષ્ટ છે. રાય-શિશુપાળ.

અમો જાન જુગતે લઈ આવીશું, સાથે માગધરાય;
સુણી રૂકમી હરખ્યો ઘણું, વધશે હવે મારી સા'ય. ૨
તેણે લગ્ન લેઈ ફોફળ પાલટ્યાં, ધોળ મંગળ ગવાય;
ત્યાં તો ચોંપેશુ લગ્ન આરંભિયાં, નવાં ઘર રે રચાય. ૩
સામસામી સો સો ઓરડા, લાંબી છૂટી પરસાળ;
ત્યાં તો ચોખંડા ચોક બંધાવિયા, મધ્યે મૂક્યાં ખડકીનાં દ્વાર. ૪
ત્યાં તો ધોળાં ધામ છોવડાવિયાં, રંગાવ્યાં ઘરનાં દ્વાર;
ત્યાં તો ચીતારે બાજી ચીતરી, નાના વિધ પ્રકાર. ૫
કાઢ્યા કદ્રુના કુંવર કોડામણા, વળી વિનતાસુત સાર;
ત્યાં તો સુર અસુર સાયર મથ્યા, કાઢ્યા દશે અવતાર. ૬
કાઢ્યાં શિવ શક્તિ બહુ શોભિતાં, સાવિત્રીનો કંથ;
ઋષિ નારદ વ્યાસ પ્રજાપતિ, કાઢી બીજી જુક્તિ અનંત. ૭
ત્યાં તો કર જોડી કા'ઢ્યા શ્રીકૃષ્ણજી, બાધી બાળલીલા વિસ્તાર;
હરિ વસ્ત્ર ચોરી કદમે ચઢ્યા, નગ્ન રાખી છે નાર. ૮
એવી જુગતે જુગતિ જોઇને, સર્વનું મન મો'ય;
જાણે હમણાં તે હાકી ઊઠશે, એવું કામ સજીવન હોય. ૯
બાધી વર્ણ અઢાર જોવા મળી, જુએ તે દિન ને રાત;
આવે ભાટ ચારણ ભાવે ભલા, આવી ચાર વિપ્રની જાત. ૧૦
અથર્વ વેદી તે ઓર અસુરના, સામવેદી કરે બહુ સોર;
ઋગ્વેદી તે પ્રીછવા લાગિયા, યજુર્વેદી તે ચકોર. ૧૧

---

૬ શું ચીતર્યું તે કહેછેઃ કાઢ્યા ઇ૦—રપષ્ટ છે. કદ્રુના કુંવર—નાગ અને સર્પ. વિનતાસુત—ગરૂડ. સાયર—સાગર. ૭ સાવિત્રીનો કંથ-બ્રહ્મા. ૧૦ ચાર ઇ૦— ઋગ્વેદી, યજુર્વેદી, સામવેદી, અથર્વવેદી. ૧૧ ચકોર—ચકોરના જેવા એકાગ્રચિત્તે જોનારા.

તેણે દેવ ચક્ષુએ નિહાળિયું, રાયને કે'છે વાત;
કાંઇ વિઘ્ન થાશે તાહરે, નથી શુદ્ધિ બુદ્ધિનો નાથ. ૧૨
રાયે રંગારા લીધા મારવા, દુષ્ટ ક્યમ ભૂલ્યા રે ટાંક;
ત્યારે વિપ્ર કહે હોનાર હશે, એમાં એનો શો વાંક. ૧૩
ત્યારે પૂઠળથી ગણેશ લખાવિયા, પણ શુભ કયાંથી થાય;
ચાર વેદના બ્રાહ્મણ તેડાવિયા, માંડવો રે ચોકાય. ૧૪
રાયે સ્થંભ ચોઢીને માંડવો રચ્યો, છાઇ જરીયલ પટોળી;
છાયાં નવરંગ ચીર દક્ષિણનાં, જાત કાળી પીળી ને ધોળી. ૧૫
ત્યાં તો વર ઉતરવા વિગત કરી, કોશ એક પ્રમાણ;
ત્યાં તો જાળી ભરાવી રત્નની, જરતારીનાં ઝળકે પાન. ૧૬
ત્યાં તો નવરંગ તંબુ તાણીઆ, પાથરણાં રે પીળાં;
ત્યાં તો કનાતો રે કરામતી, છાયાં અંબર લીલાં. ૧૭
એમ દોશી લાવ્યા લૂગડાં, તેને અરધાં મૂલ ન આપે;
રંગરેજ ચિતારા નાશી ગયા, તે તો રૂકમીકેરે પાપે. ૧૮
એને ચાકર ચોબદાર છે ઘણા, મુખ આગળ રે'છે;
જેનાથી જેવાં કામ નીપજે, તેને તેવાં તે દેછે. ૧૯
તેડી કંદોઇને કામ સોંપિયાં, બહુ પકવાન કરાવ્યાં;
કણબીએ કાઠનાં ગાડાં ડાલવ્યાં, તે ફરીફરીને જોડાવ્યાં. ૨૦

---

૧૨ તેમણે શું જોયું તે કહેછે: તેણે ૭૦—સ્પષ્ટ છે. શુદ્ધિ બુદ્ધિનો નાથ—ગણપતિ. ૧૩ ટાંક—ટાંક મારવી અર્થાત્ ચીતરવું. ૧૪ ચોકાય—ચાર ખૂણાવાળો રચાય. ૧૭ કરામતી—કરામત(હિકમત)વાળી.

૧૮ રૂકમીનો પ્રજા ઊપર જુલમ અને વિવાહના પગરણમાં અશુભ આરંભ વર્ણ્યો છે: તેને ૭૦— સ્પષ્ટ છે.

એમ રાંક રાણે પીડ્યા ઘણું, વેઠે ખંડાવે શાળ;
બાધો વિદર્ભદેશ દુઃખી કર્યો, અણાવે ઇંધિણાં ને આર. ૨૧
ધોબી તે લૂગડાં ધોઈધોઇ મરે, વારે વારે તેડાવે;
ત્યાં તો નાઇ નથી નવરા જાણે, હાંફ્લાફાંફ્લા આવે. ૨૨
ત્યાં તો ઘાણીનો બળદ છૂટે નહિ, વિપ્ર ગુંથે છે બાજ;
કુંભારને કામ બે કરવાં, ઘણું આવે છે વાજ. ૨૩
ઘણું વાજ આવે છે વાણીઆ, નથી મંડાતાં હાટ;
ત્યાં તો માળી મુવા ફૂલ વીણતા, હાર ગૂંથી દિન રાત. ૨૪
ત્યાં તો લુહાર સુથાર સલાટનો, ભીડપર ભીડમાં જીવ;
ત્યાં તો સોઇ મોચી મળ્યા ઘણા, તે કરે શીવાશીવ. ૨૫
સોનારને તેડી રથ જડાવિયા, પાલખીએ (ફરી) રંગ ચઢાવિયા;
હસ્તી ઉપર હોદ્દા મંડાવી, તે હારોહાર કરાવિયા. ૨૬
કચ્છી કાળા ને ધોળા કાબરા, ઘોડા ત્યાં શણગારિયા;
સુખપાલ સમેટી સજ કરી, ભંડાર વિષે ભરાવિયા. ૨૭
ત્યાં તો સાંઢે સલીતા માંડિયા, બગડદામ્ નોબત વાજે;
ત્યાં તો ધ્વજા નેજા ઝળહળે, મેઘાડંબર ગાજે. ૨૮
વાજે ઢોલ ભુંગળ નાના વિધનાં, રણતૂર ને નફેરી;
ત્યાં દુંદુભિનાદ સોહામણા, થાય છે શેરીએ શેરી. ૨૯

---

૨૨ નાઈ—હજામ. ૨૩ ઘાંચીનું દુઃખ વર્ણ્યું છેઃ ઘાણીનો ઇ૦—સ્પષ્ટ છે. બ્રાહ્મણ ઉપર વેઠનો જુલમ વર્ણ્યું છેઃ વિપ્ર ઇ૦—સ્પષ્ટ છે.

૨૪ બે કામ—માટીનાં વાસણ અને પાણી બે વાનાં પૂરાં કરવાં. ૨૫ ભીડપર ભીડમાં-ઘણું કામ કરવાનું હોવાથી અતિશય ભીડમાં શીવાશીવ કરે—ઘણું શીવ શીવ કરે છે. ૨૮ સલીતા—ઊંટનું પલાણ. બગડદામ્—નોબતનો અવાજ. મેઘાડંબર-મેઘનો આડંબર. ૨૯ દુંદુભિ—નગારાં.

ગુણિયલ સ્વર તાણી સંગીતમાં, વાયે તાલ મૃદંગ;
જીશાની જીશાન કરે આનંદશું, હાથમાં લેઇને ચંગ. ૩૦
તે તો રાય ભીષ્મકને નથી ભાવતું, હા ના નથી કે'તો;
એવો રૂકમીએ રંગ મચાવિયો, બે'કે સભામાં બેઠો. ૩૧
એ તો અહંકારે અવળો ફરે, જાણે અંધકુમાર;
રહ્યું આભનું ઠીકરૂં હુંવડે, એમ વહે છે ભાર. ૩૨
રાય ફાલ્યો ને ફૂલ્યો મન ફરે, મારે મોટો મળ્યો વેવાઈ;
જોઇ રૂકિમણી માંડે કરકડી, મરજો રે એ ભાઈ. ૩૩
હરિહંસ મૂકી આણ્યો કાગડો, પાપીએ ઘેર;
એ જીવ્યાપે મરવું ભલું, ધરતી દેજો વે'ર. ૩૪
જાયે ઘરમાં ને બાહેર નીસરે, નિસાસા મૂકે;
તે તો અન્ન ઉદક તજી રહી, દિન દિન ઘણું સૂકે. ૩૫
આટલામાં નથી કોઇ માહરૂં, હે અંબા શું થાશે;
હરિ પોઢ્યા હશે નિરાંતશું, કુને મોકલું ને કુણ જાશે. ૩૬
દશ દુવાઇ ફરે છે ભાઈની, બીહે આખું ગામ;
એક પુરમાં બ્રાહ્મણ ડાહ્યો વસે, જેનું હરિભટ એવું નામ. ૩૭
તે તો અંબા પૂજવા આવતો, હું આપતી બહુ માન;
મુખ વચને કરીશું વિનતિ, જાશે તે નિરવાણ. ૩૮
દુ:ખે ડગમગતી ડગલાં ભરતી, આવી વિપ્રને ઘેર;
આવી પાયે લાગી પદ્મિની, પીછવી કહી પેર. ૩૯

---

૩૦ ગુણિયલ—ગુણીજન—ગંધર્વ વગેરે કળાવંત લોકો. વાયે—વગાડે. જીશાની—(?) જીશાન—(?) ૩૨ અંધકુમાર—આંધળા ધૃતરાષ્ટ્રનો પુત્ર—દુર્યોધન. ૩૩ કરકડી માંડે—હાથના કડાકા કે ફોલ્લા ફોડે. ૩૪ હરિહંસ—હરિરૂપી હંસ. કાગડો-શિશુપાળરૂપી. વે'ર-માગ.

ઋષિએ જવાતણી તો હા કહી, અબળા થઇ ઘેલી;
અમે બ્રાહ્મણ તો ઘણું લોભિયા, આપોની દક્ષિણા પે'લી. ૪૦
પત્ર આપ્યું વિપ્રના હાથમાં, રખે ભાઈ જાતાં જાણે;
મુખ વચન કે'જો વિનવી, જે સાથે બળદેવને આણે. ૪૧

વલણ.

બળદેવને લાવે તો, કારજ સઘળું થાય રે;
વિપ્ર વળાવી વળી રૂકિમણી, પછી હરિભટ પંથ પળાય રે.

કડવું ૫ મું.

રાગ ગોડી.

શુકદેવ કહે સુણ રાય, વિપ્ર હરખ ભર્યો ત્યાં જાય;
જાતાં કરે વિમાસણ મન, મને ધાંઈ ભેટશે જગજીવન. ૧
એક મારગ ને બે અર્થ, ત્રીજો મને આપ્યો કન્યાએ ગર્થ;
ધશી માંડે ઉતાવળા પાય, ઉનાળે તે તડકો થાય. ૨
જોજન ચાર ગયો વિપ્ર જ્યારે, ખરા મધ્યાન્હ થયા ત્યારે;
ન આવ્યું નગર ને લાગી ભૂખ, લૂ લાગીને થયું અસુખ. ૩
એનું દ્રવ્ય આપ્યું કુણ ખાશે, મૂળગો મારા ઘરનો સ્વારથ જાશે;
કન્યા રહી હશે ત્યાં ભ્રાંત, પ્રભુ મને કયાંથી મળે એકાંત. ૪
દૂર પંથ ને વસમી વાટ, વાંકા નદી નાળાંના ઘાટ;
દૂર પંથ છે દ્વારામતી, ત્યાં કયમ જવાય મારીવતી. ૫

---

૪ ભ્રાંત—ભ્રાંતિમાં. હરિભટને ભગવાન મળશે એવા ભ્રમમાં. ભ્રમનું કારણ વિકલ્પથી બતાવે છે. પ્રભુ ઇ૦—મારા સરખાને એકાંતમાં પ્રભુ કયાંથી મળે? હરિભટનો નિરૂત્સાહ વર્ણવેછેઃ દૂર ઇ૦–સ્પષ્ટ છે. દૂર પંથ છે દ્વારામતી, ત્યાં કયમ જવાય મારીવતી" આવી લીટી ઓખાહરણમાં પણ છે.

પૂર્ણ પીડેછે એની કાય, લડસડતો નાખે પાય;
સામી દીઠી છે વડની છાંય, સોડ તાણી મુનિ સૂતા ત્યાંય. ૬
શીતળ લાગી છે દ્રુમની છાયા, એવે નિદ્રાવશ થઇ છે કાયા;
એ જુગતિ જગજીવને જાણી, હરિએ સમર્યાં તે ઉમયા રાણી. ૭
ઉમયાજીને રૂક્મિણી વા'લી, દેવીએ દાસી એક વકારી;
રાય તેનો સંદેહ ન આણીશ મન, એ તો માયા મોટી છે વિશ્વજન્ય.૮
જેણે વાશ્યા દ્વારકા જદુના કુમાર, તેને વાર લાગી નહિ લગાર;
સે'જે ચોર્યું સંકર્ષણનું શરીર, તેણે વિપ્ર મૂકયો ગોમતીતીર. ૯
વિપ્ર જાગ્યો કે આ શું હોય, નગર દીઠું કે મનડું મો'ય;
જોઇ જ્યોતને થયો ગાભરો ઘણો, આ તો કોટ હશે લંકાતણો. ૧૦
માનવીનાં આવાં કયાંથી ગામ, મેં તો જોયાં ઠામેઠામ;
કચ્છી કાળા ને ધોળા ધબળ, આ તો સોનાના દિસેછે સબળ. ૧૧
જોયા કોટે રૂપાના કાંગરા, અહીં તો હીરા માણેક મૂકયા છે ઘણા;
પોખરાજની પ્રૌઢી પાળ, હીરા મોતી મેલ્યાં પ્રવાળ. ૧૨
શકે મારો ભૂતે દેહ ભમાવ્યો, કે જે મુને અમરાપુરી કોણ લાવ્યો;
સોડે વાળીને સૂતો અંતરિયાળ, માટે હું દેખું છું આળપંપાળ.૧૩

---

૮ વકારી-ઉશ્કેરી—અર્થાત મોકલી. માયાનું જે અદ્દભુત કાર્ય કહેવાશે તે વિષે શંકા ન કરવાનું કારણ શુક મુનિ પરિક્ષિતને કહે છે: રાય ઈ૦—રપ૯૮ છે. વિશ્વજન્ય—વિશ્વને ઉત્પન્ન કરનારી. ૯ માયાના પૂર્વના ચમત્કાર વર્ણે છે: જેણે ઈ૦—રપ૯ છે. દેવકીના ગર્ભમાંથી બળરામને રોહિણીના ગર્ભમાં લેઇ જવારૂપ અદ્દભુત કાર્ય વર્ણે છે: સે'જે ઇ૦—રપ૯ છે. સંકર્ષણ—બળરામ. એ માયાનું અદ્દભુત કર્મ પ્રસ્તુત વિષયમાં શું છે તે કહે છે: તેણે ઇ૦—રપ૯ છે.

૧૦ નગર—દ્વારકા. સોનાના કોટને જોઇને બ્રાહ્મણનો તર્ક વર્ણે છે: જોઇ ઈ૦—રપ૯ છે. ૧૧ બધે શું જોયું છે તે કહે છે: કચ્છી ઇ૦-રપ૯૮ છે. ધબળ—(ધવળ ઉપરથી).

આ તો શમણું હશે કે સાચું, વિપ્ર ફરી ફરી તપાસે પાછું;
દીઠાં ગોમતીજીનાં નીર, દુઃખ પાપ ગયાં પેલે તીર. ૧૪
શુદ્ધ આવી થયો સાવધાન, અહીં તો નિશ્ચે રે'તા હશે ભગવાન;
દીન જાણી દયા ઘણી આણી, હરિએ મને ઇચ્છાએ લીધો તાણી. ૧૫
જોયો રત્નાકર સાગર, હવે મારો સફળ થયો અવતાર;
જોયા હરિના ત્રિભુવનશા અવારા, હવે મારા છૂટ્યા લક્ષચોરાશીના વારા. ૧૬
જોઇ પુરની પોળ પ્રકાશ, હવે મારો વૈકુંઠ થાશે વાસ;
હરિનો કોટ જોયો મેં ઝાતકાર, છૂટ્યો હું લક્ષ ચોરાશીનો ભાર. ૧૭
એ તો સર્વે રૂક્મિણી બાઇનું પુણ્ય, મને ધાઇ ભેટશે જગજીવન;
વિપ્ર હરખ ભર્યો ત્યાં જાય, એવે મળિયા શ્રીજાદવરાય. ૧૮
હરિએ આગતાસ્વાગતા કરી, ધાઇ ભેટ્યા બે ભુજ ભરી;
બાંયે સાહીને સુંદરશ્યામ, તેડી લાવ્યા પોતાને ધામ. ૧૯
વડા ભાઇની રાખી છે ભ્રાંત, શયનગ્રહમાં લીધા એકાત;
પાટે બેસારીને દીધું માન, પગ પખાળ્યા શ્રીભગવાન. ૨૦
બહુ બ્રાહ્મણ ભૂખ્યો જાણી, હરિએ સુખડી આપી આણી;
કોઇ ન જાણે ઘરનું જન, હરિએ ભાવે કરાવ્યું ભોજન. ૨૧
ભીત વચ્ચે હુતી એક જાળી, કૌતક રેવતીએ જોયું નિહાળી;
આપી જળઝારી મુખવાસ, હરિ હશીને બેઠા પાસ. ૨૨
કહો કિયે ગામથી આવ્યા, સંદેશો તે કોનો લાવ્યા;
બ્રાહ્મણ કહે હું તો પામર પ્રાણી, તમો સહુ જાણો છો શારંગપાણિ. ૨૩
મારૂં હરિભટ એવું નામ, હું તો રહું છું કુણ્ડિનપુર ગામ;
ત્યાં તો વસે ભીષ્મકસેન ભૂપાળ, પાળે પ્રજાને દીનદયાળ. ૨૪

---

૧૪ હરિભટના વિસ્મય ભાવના વર્ણનનો ઉપસંહાર કરે છે: દીઠાં ૪૦—૨૫૪ છે. ૨૨ રેવતી—બળરામની સ્ત્રી.

તેને રૂક્મિણી નામે કુમારી, જાણે શોભે શંકર ઘરની નારી;
તમારૂં માગું નારદજી લાવ્યા, તે તો રાય ભીષ્મકને ભાવ્યા. ૨૫
રાયે શ્રીફળ આપ્યું મુનિને હાથ, તે તો તમો લીધું હશે દીનાનાથ;
તે વાત સઘળે રહી વિસ્તરી, કન્યા રહી વર હૃદયે ધરી. ૨૬
એ વાત રૂકમીએ નાખી છે વેડી, શિશુપાળને લાવ્યો છે તેડી;
તે દેશના ભાટ બ્રાહ્મણને દુઃખ થાય, દ્રાવિડ આવે ને વિદર્ભ જાય. ૨૭
દાવાદળ મળ્યું ક્ષોણી પંચાણું, ત્યાં તો નથી લે'વાતું સાંજ ને વા'ણું;
એવી વિદર્ભમાં વાત થઈ જોઇ, રૂક્મિણીની શુધ બુધ ગઈ. ૨૮
મુને મોકલિયો તે માટ, નહિ જાઓ તો થાશે ઉચ્ચાટ;
લગન આડા રહ્યા દિન સાત, વિપ્રે પત્ર છોડી આપ્યું હાથ. ૨૯
હરિએ કાગળ જોયો નિહાળી, જાણે હારે મોતી મૂક્યાં પ્રવાળી;
સતીએ ભરી સિંદૂરની ટાંક શાંત, ઉપર અક્ષર લખ્યા નહિ ભ્રાંત. ૩૦
સ્વામીને મન નવ આવે વ્યંગ, માટે લખિયો છંદ ભુજંગ.

વલણ.

છંદ ભુજંગ કન્યાતણો, અરજી કરી અચ્યુતને રે;
ભામિનીએ ભાવે ભલો, પત્ર લખ્યો મા'નૂતને રે. ૩૧

કડવું ૬ ઠું.

છંદ ભુજંગ.

પ્રભુ સ્વસ્તિશ્રી દાસી શી પેર ભાખે, વિભુ આપને કોણ પત્રેથી દાખે;

---

૨૭ વેડી નાખી છે—બગાડી નાખી છે. ૨૮ ક્ષોણી—અક્ષૌહિણી. ૩૦ ધોળા કાગળમાં રાતા અક્ષરની શોભા વર્ણે છે: જાણે ૪૦—જાણે હારમાં મોતી અને પ્રવાળાં મૂક્યાં હોય! મોતી તે અક્ષરની વચ્ચેની ધોળી જગા અને પ્રવાળી તે લાલ (સિંદૂરનો) અક્ષર. વ્યંગ—ખોડ. ૩૧ મા'નૂતને રે-અર્થાત્ અતિ નવીનતાવાળો.

કદા ના રમા દેવદેવેશ રાખે, સદા સર્વદા પ્રેમી તો પ્રેમ ચાખે. ૧

રાગ મારૂની ચાલ.

શુભ નગર દ્વારામતી, યશ કોટિ ત્રિભુવન પતિ;
નિગમ આગમ મુજ શિરમણિ, છું જગજીવન તમતણી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૨
જળમાં તે મત્સ્ય દેહ ધરી, હું નાથ નાવ શિર કરી;
બે મળીને બીજ રાખિયું, ફરી ખારું તુરૂં નવ ચાખિયું.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૩

---

૧ કાગળની પ્રસ્તાવના કરે છે: પ્રભુ ઇ૦—હે પ્રભુ! મારા સરખી દાસી તમને સ્વસ્તિશ્રી (કલ્યાણ થાઓ) એમ શી પેર ભાખે? અર્થાત્ તમો કલ્યાણરૂપ પ્રભુ છો તેનું કલ્યાણ હું દાસી શું ઇચ્છવાની હતી? વિભુ ઇ૦—તમે વિભુ (વ્યાપક) છો માટે તમને પત્રવડે પણ કોણ દેખાડી શકે એમ છે? અર્થાત્ જે સર્વત્ર વ્યાપ્ત છે તે નાના કાગળમાં શી રીતે સમાય? પોતે લક્ષ્મીનો અવતાર છે તેનું સ્મરણ આપીને વિનતિ કરે છે: એવા વિભુ અને પ્રભુ છતાં પણ તે દેવદેવેશ (હરિ) રમાને કદા (ક્યારે) નથી રાખતા? અર્થાત્ રાખેજ છે. શામાટે રાખે છે તેનું કારણ કહે છે: સદા ઇ૦—સ્પષ્ટ છે. રમાનો પ્રેમ છે માટે રમાને તમો રાખો છો તો મારો પ્રેમ જોઇને મને પણ રાખો, એ ધ્વનિ.

૨ પોતે લક્ષ્મી સ્વરૂપે હરિની અર્ધાંગના છે, માટે અવતાર વર્ણનદ્વારા પૂર્વના પ્રસંગ સંભારી આપે છે: નિગમ ઇ૦—નિગમ અને આગમમાં મારા શિરના મણિરૂપ વર્ણાયા છો.

૩ મત્સ્યાવતારમાં પોતાની સાહાય વર્ણે છે: જળમાં ઇ૦—સ્પષ્ટ છે. —નાવ—નૌકા. મત્સ્યાવતારમાં મહાપ્રલય વખતે સઘળાં બીજ માત્ર એક નાવમાં ભરીને તેમાં સત્યવ્રતને બેસવાને કહ્યું હતું તથા પોતે મત્સ્યરૂપે

રત્ન ચૌદ ચૌપે વેચાય, રિપુ રાઢ જોઇને મોટા થાય;
ગતિ જોઈ જુગતે આપિયું, દ્વય પોતાનું કરી થાપિયું.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૪

કૌસ્તુભ લેઇ કંઠે ધર્યો, વર હેતપ્રીતથી ત્યાં મેં વર્યો;
વસુધારૂપે હું થઇ પતિ, મુને પાતાળે દાટી હતી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૫

દુષ્ટ ધાઇને માર્યો તમો, ત્યારે દાઢાગ્રે રાખ્યાં અમો;
વર વેષ વામન ધાર્યો સમો, જઈ બલિરાયને જાચ્યો તમો.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૬

જોજન શત સુધી વાધ્યા તમો, હરિ હાથ લકુટી થઈ અમો;
રાજ્ય તજી વનમાં ગયા તમો, તવ સાથે સીતા થયાં અમો.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૭

મુજ કારણ શાખામૃગ વિડારિયો, રિપુ રંભ રાવણ મારિયો;

થઈને તે નાવને થંભાવી રાખી હતી એવી પુરાણુમાં કથા છે. આધેય વિશ્વ રૂપ નાવ તે લક્ષ્મીજી અને આધાર હરિરૂપ મત્સ્ય તે વિષ્ણુ, એમ સમજવું. પ્રાકૃ તુરં ઇ૦—એવી રીતે એ મળીનેજ સંસારરૂપી બીજ રાખ્યું તેનો અનુભવ ફરી કર્યો નહિ. અર્થાત્ તે અનુભવનો આ પ્રસંગ છે.

૪ કચ્છાવતાર વર્ણવતાં સમુદ્રમંથન પ્રસગે લક્ષ્મીજી સ્વયં ભગવાનને વર્યાં હતાં તે પ્રસંગ સંભારી આપે છેઃ રત્ન ઇ૦—રુપ્ટ છે. આપિયું—મારા દેહરૂપી રત્ન અને કૌસ્તુભ રત્ન, એ દ્વય (બે).

૫ વરાહાવતાર વર્ણે છેઃ વસુધા ઇ૦—રૂપક છે. વસુધા—પૃથ્વી. ૬ દુષ્ટ—હિરણ્યાક્ષ. દાઢાગ્રે—દાઢની અણી ઉપર. અમો-પૃથ્વીરૂપ હું (લક્ષ્મી). વામનાવતાર વર્ણે છેઃ વર વેષ ઇ૦—રૂપક છે.

૭ પોતે વામનની છડીરૂપે વર્ણાય છેઃ હરિ હાથ ઇ૦-રૂપક છે. લકુટી-લાકડી-છડી. રામાવતાર વર્ણે છેઃ રાજ્ય ઇ૦—રૂપક છે.

કુંભકર્ણ કર્યો ભૂપાત, ઇંદ્રજિતની જાણી નવ વાત.

તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૮

તમે તાતમાટે નક્ષત્રી કરી, ત્યારે હાથ પરશી હું ધરી;

જવ તાત બ્રાહ્મણ તમ હત્યા, તવ દ્વિજ રાજી મુજથી થતા.

તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૯

ઋષિકેશમાંથી બે કરી, અર્ધ શિર મૂકો મણિ;

તે મણિને ચિંતા ઘણી, તું ચપળ ચોંપ કર પરિ.

તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૦

ગુણીવેષ બાંધવને મળ્યા, શિશુપાળશું સાચા કર્યા !

ઉપમા તમારી તે ગઇ, વિખવાદ તો વિદર્ભે થઇ.

તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૧

---

૮ શાખામૃગ—વાનર (વાળી). રિપુરંભ—શત્રુનો રંભ (વંશ).
૯ પરશુરામાવતાર વખતે પોતાને પરશુરૂપે વર્ણે છેઃ તમે ઇ૦—૨૫૭૮ છે. જવ ઇ૦-જ્યારે તમારા તાત (એજ) બ્રાહ્મણને સહસ્ત્રાર્જુને હત્યા—હણ્યા, ત્યારે ક્ષત્રિયનો નાશ કરી દ્વિજોને રાજ્ય મળવાથી પરશુરૂપ મુજથી દ્વિજો રાજી થતા.

૧૦ ઋષિકેશ ઇ૦—ઋષિ અને કેશ એવા તમારા નામના વિભાગો-માંથી " ઋ " અને " ક " એવા બે અક્ષર જૂદા કરીને તે અર્ધક નામને માથે મણિ મૂકો. એ મણિને અર્થાત્ ઋકમણિ (રૂકમીણિ)ને ઘણી ચિંતા થાય છે. માટે તું ચપળ થઈને ચોંપે પરિ (દૂર—બીજી ઉપાધિને) કર. એવી રીતે કાગળમાં પોતાનું નામ રૂક્મિણીએ ગુપ્ત રાખ્યું છે.

૧૧ નારદે રૂકમીને ભમાવીને શિશુપાળ સાથે પોતાની સગાઇ કરાવી છે તે વિષે કહે છેઃ ગુણીવેષ ઇ૦—ગુણી(ગંધર્વ)ના વેષવાળા નારદ મારા બાંધવને (રૂકમીને) મળ્યા અને તેમણે (મારા સંબંધ) શિશુપાળશુ (શિશુપાળની સાથે) સાચા કર્યા—નક્કી કર્યા. વિખવાદ—લઢાઇ (બાપ દીકરા વચ્ચે—ભીષ્મક અને રૂકમી વચ્ચે).

તે તો ટાળ્યાં કોઇથી નવ ટળે, વચન મુનિનાં ક્યમ ફરે;
ગજરાજ મુખે મોદક ધરે, પછે શ્વાન પૂઠળ સો એક શુ કરે.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૨

એ અરજ તો અબળાતણી, પતિવ્રતા કેમ પલટે ધણી;
જાદવ જાનને જુગતે કરી, આવો બળદેવની સાથે ચડી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૩

મમ તાતને ઇચ્છા ઘણી, કરો પૂર્ણ ત્રિભુવનધણી;
ભુંડા ભાઇની ચોરીમાં પચી, અગાધ બળની મેં ચોરી રચી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૪

વૈસાખસુદી હરિપર્વણિ, ગુરૂવાર કૃપા અંબાતણી;
ત્યાં જુગતેશુ ભેળાં ભળી, જાયે હંસશુ હંસાવળી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૫

ફળી કાગળ તે કન્યાતણો, એનો અર્થ છે આધો ઘણો;
હરિભટની હાથે ચડી, શ્રીકૃષ્ણ મુખ વાણી વિસ્તરી.
તે પ્રીતિ કેમ ગયા વીસરી. ૧૬

---

૧૨ નારદ મુનિએ વચન પોતાને આપ્યું છે કે તારો વર હરિ થશે, તે સંભારીને કહે છે: તે ઇ૦—સ્પષ્ટ છે. કૃષ્ણને ગજરાજનું, પોતાને મોદકનું, શિશુપાળ વગેરેને શ્વાનનું રૂપ આપીને કહે છે: ગજરાજ ઇ૦—સ્પષ્ટ છે.

૧૪ એમ સૂચવે છે: મારો બાપ મને અનુકૂળ છે પણ ભાઈની ચોરી-છે માટે છાનામાના મને લેઇ જાઓ, ભુંડા ઇ૦—મારા ભુંડા ભાઇની ચોરીમાં પચીને (તેનાથી છાની રીતે) મેં અગાધ બળવાળા કૃષ્ણની ચોરી રચી છે (તેની સાથે લગ્ન કરવાનો દૃઢ ઠરાવ કર્યો છે).

૧૫ હરિપર્વણિ—દ્વાદશી. હરણ કરવાનું સંકેત સ્થાન બતાવે છે: કૃપા ઈ૦—અંબાજીની મારાપર કૃપા છે. અર્થાત્ અંબાજીના દેવળમાંથી તમો મને લેઇ જજો. હંસ—કૃષ્ણ. હંસાવળી—રૂકિમણી. રૂપક.

૧૬ આધો—ઊંડો—ભેદવાળો. હુંકારા ટુંકારા—(બધી વખતે હું સાથે હતી અને હમણા કેમ મને સંભારતા નથી વગેરે મેહેણાં).

રાગ ગોડી.

વિસ્તારી જોયું હરિએ જાગી, તો પ્રિયતમા પ્રીત ન આઘી;
હુંકારા ટુંકારા લખ્યા ભામિની, કામબાણ વાગ્યું સ્મરી કામિની. ૧૭
હરિએ ઉતાવળ ઘણી કીધી, કો ન જાણે તેમ વસ્ત્રની ગાંઠડી લીધી;
દારૂક નામે સારથી મન ભાવિયો, તેને એક સંદેશો કા'વિયો. ૧૮
ચટપટ ચાંપે રથ જોતરી લાવિયો, ભાવ ભરપૂર તેનો ભાવિયો;
હરિભટ રથ બેઠા જોયા ધારી, ઝટપટ હય હાંકો કે' મુરારિ. ૧૯

વલણ.

ઝટ હય હાંકો મુરારિ કે', જાવા કુણ્ડિનપુર ગામ રે;
વિપ્ર પ્રેમાનંદ વર્ણવે, શું નિપજતું હરિધામ રે. ૨૦

કડવું ૭ મું.

રાગ મારૂ.

અથઇતિ ને વાત વીતી, તે જોયું હળધરનારી;
થઇ ઉદાસી ને કરી રે હાંસી, જઇ જગાડ્યા મૂશળધારી. ૧
કુણ્ડિનપુરથી એક વિપ્ર આવ્યો, ત્યાં ગયા અંતર્યામી;
તે સાંભળી ઉદ્વેગ થયો, હું ઘણું દુઃખ પામી. ૨
આપણો વિવાહ ફોક કરીને, રૂક્મીએ કર્યું અપમાન;
જરાસંધ સરખા તેડીને, શિશુપાળ લાવે છે જાન. ૩
માટે જ્યાં હોય જેવા ત્યાં જઇએ તેવા, સારું નથી વસુદેવનું ઘર;
એક કામિનીના કાગળ સારૂં, એકલો ગયો વર. ૪
માટે ઊઠો રે સ્વામી કહું શિર નામી, તમો દુષ્ટ વિડારણ કા'વો;

---

૧ વીતી—થઈ. મૂશળધારી-બળદેવ.

વૈશાખ સુદમાં લગ્ન છે, બાંધવ પરણાવી લાવો. ૫
વળતા તે બળદેવ બોલિયા, હરિએ રાખ્યું અમારૂં માન;
એ આગળથી વર ઉઘલ્યો, હાવાં પૂઠળથી જાય જાન. ૬
તે વાત પુરમાં વિસ્તરી, શોક ધરે નર ને નાર;
વસુદેવ દેવકી વલવલે, વલવલે બાળગોપાળ. ૭
સુભટ સહુ ટોળે મળ્યા, રામે માંડી કહી છે વાત;
ઉગ્રસેન કહે ચિંતા નથી, તમો જાવ જાદવ સાથ. ૮
ઉગ્રસેન રાયની આજ્ઞા માગી, સેના તત્પર કીધી;
રથ જાન ભલી પેર જાતરી, પછે યુદ્ધ સામગ્રી લીધી. ૯
આગળ રામ ને પૂઠળ સેના, એમ વહી ગયા દિવસ ચાર;
પછે નર્મદા તટમાં આવી મળ્યા, બળદેવ ને શ્રીમુરાર. ૧૦
હરિ ને હળધર ધાઇને ભેટ્યા, નયને આવ્યાં અશ્રુપાત;
તુજ વિના ક્ષણું એક કયમ રહું, તવ પ્રીતે કીધી વાત. ૧૧
સત્રાજિત જાદવ આવિયા, બાંધવ તેને દેજો માન;
ઉદ્ધવ અક્રૂર તેડીને, રૂડી જુગતે સધારો જાન. ૧૨
સમોવડ સાથે રાખિયે, ન રાખિયે બાળક ટેવ;
વરવેષ વિઠલજીને ધરાવ્યો, પછે વિદર્ભમાં કર્યો પ્રવેશ. ૧૩
બીજે દિવસે જઇ મળ્યા, જ્યાં કુણ્ડિનપુર છે ગામ;
રંગવાડી હતી રૂકમીતાણી, ત્યાં ઉતર્યા કેશવ રામ. ૧૪

વલણ.

ઉતર્યા કેશવ રામ ત્યાં, (પછે) શુકદેવ વાણી ઉચરે રે;
વિપ્રને આપી આજ્ઞા જાવા, રૂકિમણી પછી શું કરે રે. ૧૫

---

૧૨ બળદેવ કૃષ્ણને શીખામણ દે છેઃ સત્રાજિત ૯૦—સ્પષ્ટ છે.

કડવું ૮ મું.

રાગ મલ્લાર.

શુકજી કે' સુણો ભૂપતિ, વિપ્ર વળાવી વળી ગજગતિ;
લખ્યું પત્ર હરિ આવ્યાનું કારણ, આવી એને હૈડા વિષે ધારણ. ૧
હરિ આવી ટાળશે મારો સંકોશ, મિથ્યા શીદ રાખું મૈયર સાથે રોષ;
સગાં સાથે ઘણો ઘણો સ્નેહ, નવાં સાથે નવો નવો નેહ. ૨
હેતે બોલાવે સહુ સજ્જન, માત પાસે માગ્યું ભોજન;
જઈ રંગમંડપ જોયા રીતે, રૂકમીને બોલાવ્યો પ્રીતે. ૩
ભાઇ બેન મળ્યાં બેઉ હશી, સતી સર્વેના મનમાં વશી;
વળી સૈયરમાં રમવા જાય, મળી ગીત અંબાજીનાં ગાય. ૪
એક એકનો છેડો સા'ય, એક એકની કેડે ધાય;
એક એકનું અંબર ઉઘાડે, એક આવી રૂપ કન્યાનું નિહાળે. ૫
કન્યા તેની હળવે બાંયડી ઝાલે, ત્યારે સામી સૈયર બોલે વા'લે;
બાઇ શેણે ઝાલે મારો હાથ, તારી બાંય મરડશે દ્રાવિડનાથ. ૬
કન્યા કહે બોલ્ય વિચારી, તે દુષ્ટ બાંયડી મરડશે તારી;
રામા રોષ ભરી ઘણું ખીજી, ત્યારે સામી સૈયર બોલી બીજી. ૭
સખી કે' તુને શિશુપાળ શેનથી ગમતો, કાલે ભેળાં બેશીને કંસાર જમશો;
કન્યા કે' એ તો તારૂં કામ, હું મારૂં દુષ્ટને આણે ઠામ. ૮
અલી મોઢે ભુંડું ખાય, ત્યમ ત્યમ રૂકિમણી રોષે ભરાય;
ત્રીજી કહે દેખાડીશું કાલે, તને શિશુપાળ બોલાવશે વા'લે. ૯
ચોથી કે' આવડું શું ખીજે, શકે તને વાહીછે વરલે બીજે;

---

૧ ગજગતિ—ગજના જેવી ગતિ(ચાલ)વાળી સ્ત્રી—રૂકિમણી.
૨ સંકોશ-સંકોચ. અર્થાત મનની ચિંતા. મૈયર સાથે—અર્થાત પીહેરિયાં સાથે.

તે તારો વર મુજને દેખાડ, કન્યા કે' તે તો આવશે કાલ. ૧૦
મારો વર શ્રીકૃષ્ણ છોગાળો, શિશુપાળ થાશે બેની લોહીઆળો;
એમ હડહોડ સૈયરમાં કરી, દુઃખ નિવર્તી મંદિર પરવરી. ૧૧
ભૂખે ભોજન કરે મન ભાવે, સુખે સૂવે ને નિદ્રા આવે;
એવે દુષ્ટદળ આવ્યું ને હાકજ વાગી, બેહેબાકળી બાળા જાગી. ૧૨
સતીને શિર ચોટજ વાગી, હજુ શે ન આવ્યા કંથ સુહાગી;
એણે બ્રાહ્મણ પાછો નવ વાળ્યો, શકે શિશુપાળથી સ્વામી હાર્યો. ૧૩
મૂક્યો નિશ્વાસ થાતો અશ્રુપાત, એવે ત્યાં તો આવી કન્યાની માત;
માડી આવી આંસુડાં લુએ, મારી રૂક્મિણી શામાટ રૂએ. ૧૪
મા પીઠી મુખે ઘણી ચોળાઈ, તે તો મારી આંખમાં રોળાઇ;
તન તપે ને લૂ ઘણી વાય, ઘર ભીંતર કેમ રે'વાય. ૧૫
એમ શીળ વચને તે સમજાવી, ફરી રંગમંડપ જોવા આવી;
તે તો ઉંચે ચઢી રે ઉંચેરી, ગોખ જાળિયે જુએ હેરી. ૧૬
તે તો વિપ્રનો પંથ નિહાળે, મુખે હરિ હરિ ઉચ્ચારે;
રમે રૂપ રૂપકમાં રામા, સ્વામી નિરખું ન શે ઝટ સામા ! ૧૭

સાખી.

તમો ધાયા ગજની વા'રે, પ્રભુ તે ગતિ થઇ છે મારી;
હરિ નવ આવ્યા રે, પ્રભુ નવ આવ્યા રે. ૧૮
હરિવર હે મહારાજ, કામ રે'શે મારી લાજ;
સૈન સાગર અગાધ વિષે, નર રૂપ પડ્યો ગજરાજ.
હરિ૦ પ્રભુ૦ ૧૯

---

૧૨ દુષ્ટદળ—શિશુપાળની સેના. ૧૭ રૂપ રૂપકમાં—રૂપકઅલંકાર યુક્ત વાણી બોલીને. ૧૮ તે રૂપક કહે છેઃ તમો ઈ૦—સ્પષ્ટ છે.

તેમાં મગર વસે શિશુપાળ, તેણે વિકાશી મોટી દાઢ;
ખગ લેશો તો લાગશે વાર, ધાઇ બળવીર ચક્રવડે પાડય.
હરિ૦ પ્રભુ૦ ૨૦

મારે મરવું ને ભાઇને વે'વા, જેમ રાહુ ધશ્યો ચંદ્રમા ગ્રે'વા;
મેં તો કરી તમારી સેવા, મોકલ્યો વિપ્ર દ્વારિકા તમને લેવા.
હરિ૦ પ્રભુ૦ ૨૧

ગૌ બ્રાહ્મણ ને વળી બાળ, પ્રભુ મારા ! એવી તો ગણવી નાર;
તમો ભક્તજન પ્રતિપાળ, એવું જોઇને લેજો સંભાળ.
હરિ૦ પ્રભુ૦ ૨૨

ઋષિ સાંદીપનનો લાવ્યા કુમાર, ગો ચારી મૂકી મર્યાદ ભર્તાર;
ઉગાર્યો પ્રલ્હાદ દેવ મુરાર, હું તો એમ રહી નિરાધાર.
હરિ૦ પ્રભુ૦ ૨૩

મેં તો જનમથકી તને જોઇ, તુંથી બીજું વા'લું કર્યું નથી કોઇ
મેં પૂજી હરિવરમાટ માત, ભુંડી ! લાવની દીનોનાથ.
હરિ૦ પ્રભુ૦ ૨૪

એની સુરતા હરિમાં રહી, એવે વિપ્ર આવ્યો તે પગમાં વહી;
વિપ્ર દીઠો ને થઇ રળિયાત, પાયે લાગી જોડી બે હાથ.
હરિ૦ પ્રભુ૦ ૨૫

વિપ્ર કે' થયું તારૂં કામ, વાડીમાં આવ્યા ઘનશ્યામ;
અહીં તો વાટ વહેછે ઘણી, વિનતિ ઘેર આવશો તો કહીશું ભણી.
હરિ૦ પ્રભુ૦ ૨૬

---

૨૦ ખગ પક્ષી—ગરૂડ. બળવીર—બળરામના ભાઇ—કૃષ્ણ ! ૨૧ બીજું રૂપક કહે છે: મારે ઇ૦—રૂપક છે. રાહુ—શિશુપાળ. ચંદ્રમા—રૂક્મિણી.

૨૩ સર્વ કરવાને હરિ સમર્થ છે તે વર્ણે છે: ઋષિ ઇ૦—રૂપક છે. ૨૪ દેવી અંબિકાની પ્રાર્થના કરેછે: મેં ઇ૦—રૂપક છે. ૨૬ વાટ વહે છે—વાટે લોકો વહે છે.

કન્યા કે' ક્ષણુ ઊભા રહોની, મુને કાગળનો ઉત્તર દ્યોની;
વિપ્ર બોલ્યા છે રાખી ભ્રાંત, મેં તો હરિને કાગળ આપ્યો એકાંત.
હરિ૦ પ્રભુ૦ ૨૭

વાંચી વાર લગાડી થોડી, અમો બેઉ આવ્યા એક રથ જોડી;
(સતીએ)શીશઃ ધૂણાવી ઘસ્યા બે હાથ, એ તો દુષ્ટ દળ લાવ્યો અનાઘાત.
હરિ૦ પ્રભુ૦ ૨૮

મુને સાચી કો'ની વાત, હરિને કિયા કિયા સુભટ છે સાથ;
બાઇ કોનું ન જાણું નામ, પૂઠેથી આવ્યું છે બાધું ગામ.
હરિ૦ પ્રભુ૦ ૨૯

કો' પ્રભુ તેમાં કોને છે અધિકાર, ત્યારે વિપ્ર બોલ્યો ત્રીજી વાર;
માંહી બળદેવ સુબા સરદાર, સત્રાજિત થયો ચરમાર.
હરિ૦ પ્રભુ૦ ૩૦

માંહી વરવેષ વિઠલજીએ લીધો, કૃતવર્મા સેનાપતિ કીધો;
નંદાનંદ બે છે છડીદાર, માંહી ચઢ્યા ઉમરાવ અપાર.
હરિ૦ પ્રભુ૦ ૩૧

સાત્યકિ ભૂદેવ ને નેમિનાથ, એ ત્રણ આવ્યા હળધરની સાથ;
ઉદ્ધવ અક્રૂર બે પ્રધાન, એવી હરિ જુગતે લાવ્યા જાન.
હરિ૦ પ્રભુ૦ ૩૨

સતી સુખ પામી ફરી પાગે લાગી, આપી વધામણી મુખ માગી;
ઋષિરાય થયા રળિયાત, શુકદેવને પરીક્ષિતે પૂછી વાત.
હરિ૦ પ્રભુ૦ ૩૩

---

૨૮ અનાઘાત—અત્યંત (अगाध ઉપરથી). ૩૦ ચરમાર—ચર્માર—સેનાના પાછલા ભાગનો રક્ષક (चर्म-છેલ્લું, એ ઉપરથી). ૩૧ નંદાનંદ—નંદ અને આનંદ. ૩૨ નેમિનાથ–(એ પાછળથી જૈનધર્મ પાળીને તેમના એક તીર્થંકર થયેલા કહેવાય છે).

કો' સ્વામી શિશુપાળનો કેટલો ભાર, જેણે હરિ સામી બાંધી તરવાર;
શુકદેવ કે' સુણો પાંડુકુમાર, એને સેનાબળતણો અહંકાર.
હરિ૦ પ્રભુ૦ ૩૪

વલણ.

સેના બળનો અહંકાર એને, સન્મુખ થયો લોકઉજાડો રે;
ત્રણ જન્મ થયાં એમ આવે છે, એ તો આડો ને આડો રે. ૩૫

કડવું ૯ મું.

રાગ કેદારો.

પૂર્વદિશા પાપી પડ્યો, પશ્ચિમદિશા ભગવાન;
સુખ સમૃદ્ધિ જોઇ શિશુપાળની, ગયાં ધનપતિનાં અભિમાન. ૧
કેવા સમોવડ તે થયા, ત્રણ ક્ષૌહિણી સેના ત્રિકમતણી;
પાપીને પંચાણું ક્ષૌહિણી, છે કૃષ્ણજી સાત્વિકગુણી. સમોવડ૦ ૨
તામસ ગુણ શિશુપાળનો, તેવા મળ્યા અનેક;
ચૌદ દેશના મળ્યા રાજા, વાસુદેવનો કહું વિવેક. સમોવડ૦ ૩

---

૩૫ લોકઉજાડો—પ્રજાને ઉજાડ કરનાર. ત્રણ જન્મ ઇ૦—પુરાણમાં એવી કથા છે કે જય અને વિજય નામે ભગવાનના દ્વારપાળે સનકાદિક મુનિઓને રોકવાથી તેમનો શાપ પામીને પૃથ્વીપર પડ્યા હતા. પહેલે જન્મે તે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા, બીજે જન્મે રાવણ અને કુંભકરણ થયા, અને ત્રીજે જન્મે શિશુપાળ અને દંતવક્ર થયા. એ ત્રણે જન્મે હરિ સાથે વૈરભાવ રાખી હરિને હાથે મરણ પામીને છેવટે ઉદ્ધાર પામ્યા છે. ૧ પાપી—શિશુપાળ. ૨ કૃષ્ણ અને શિશુપાળ વચ્ચે વિરૂદ્ધતા બતાવે છે: કેવા ઇ૦-સ્પષ્ટ છે.

૩ વાસુદેવનો ઇ૦—શિશુપાળના પક્ષના વાસુદેવ નામે રાજાનો વિવેક કહું છું. ૪ જેણે ઇ૦—જે વાસુદેવે વાસુદેવનું (કૃષ્ણનું)રૂપ ધર્યું—

જેણે રૂપ ધર્યું વાસુદેવનું, સમરસેનાપતિ મહારાજ;
નરકાસુર અસુર શા આવિયા, એવો રૂડો રાજસમાજ. સમોવડ૦ ૪
જેણે સોળ સહસ્ર નારી ઠેળે કરી, રતિએ ન રાખી રીત;
જાનઈએ થઇ તે આવિયો, જેને શિશુપાળશું ઘણી પ્રીત. સમોવડ૦ ૫
અનુશાલ્વ ને શાલ્વ સહી, વળી શાલિવાહન જેહ;
માંહી ખગસેન બાણાવલિ, જેને અગ્નિએ આપી દેહ. સમોવડ૦ ૬
દંતવક્ર દમઘોષનો સુત, સોમદત્ત મહારાય;
માંહી વિત્ર તુમર વિખ્યાત છે, જોતાં હલાવે આભને સા'ય. સમોવડ૦ ૭
બાણાસુરે બે સુત મોકલ્યા, ભગદત્ત ને ભૂદેવ;
એવા સાત સહસ્ર સેનાપતિ, કરે શિશુપાળની સેવ. સમોવડ૦ ૮
મોટા અસુર ને મા'રથી, મળી કરે વિચાર;
જો જો પેલા જાદવ આવશે, જેને ચોર્યાનો અધિકાર. સમોવડ૦ ૯
રમે પાંચ લાખ ત્યાં પૂતળી, વાળે સૂર સંગીત તાન;
તેની શોભા જોઈ સુરપતિ ચળ્યો, થયું ઉર્વશીનું અપમાન સમોવડ૦૧૦
નવ કોટિ નોબત ગરગડે, પાલખીતણો નહિ પાર;
રથ રેવંતની સંખ્યા નહિ, ઝૂલે હસ્તી લક્ષ અઢાર. સમોવડ૦૧૧
હળમળતા પુરમાં ફરે, હાંકે હાણહાણતા કેકાણ;
શોભા જોઈ રૂકમી થયો ગાભરો, હવે કોને કોને દઉં માન. સમોવડ૦૧૨

કૃષ્ણના જેવાં શંખ ચક્ર વગેરે ધર્યાં, અને તે મહારાજ સમર (સંગ્રામમાં) સેનાપતિ થયો. શિશુપાળના પક્ષના બીજા રાજા ગણાવે છે: નરકાસુર ૯૦—૨૫૯ છે.

૫ રતિએ—લગારે. ૬ શાલિવાહન—એ નામનો રાજા. ખગસેન—એ નામનો રાજા. ૧૦ શિશુપાળની સભા વર્ણે છે: રમે ૯૦—૨૫૯ છે. પૂતળી—નાચનારીઓ. વાળે ૯૦—સૂર સહિત સંગીતનું તાન વાળે છે. ૧૧ રેવંત—ઘોડા. કેકાણ—ઘોડા.

પહોળી સોળ જોજન સેના પડી, કોને સૂવા ન મળે ઠામ;
તેણે નગરલોક પીડાયા ઘણું, તેનાં મૂકાવ્યાં ઘરકામ. સ૦ ૧૩
એવી પીડા જોઇ પ્રજાતણી, રાય સુતને કહે છે વાત;
કુંવર મારૂં વાર્યું તેં ના કર્યું, ભૂંડા દૂભ્યા દ્વારકાનાથ. સ૦ ૧૪
જાદવ જાન લાવત શોભિતી, માંહી વર વારૂ શ્રીરંગ;
આ તો અણઆંકયા મળ્યા આખલા, નિશ્ચે કરશે નગરનો ભંગ. સ૦૧૫
એવું સાંભળી રૂકમીએ કા'વિયું, રાય રાખો અમારો ભાર;
વિદર્ભનાં વચન સાંભળી, સૌ સુભટ તેડાવ્યા બા'ર. સ૦ ૧૬
સેના સહુ બાહેર પડી, સાથે સાત સહસ્ર રાજાન;
તે આવી જાનીવાસે ઉતર્યા, રાયે વિધ વિધ દીધાં માન. સ૦ ૧૭
કર્યાં કુંકુમ કેસર છાંટણાં, થઇ રહ્યો રંગરોળ;
વાજિત્ર વાજે નાના વિધતણાં, નર નારી કરે ઝાકમઝોળ. સ૦ ૧૮
વિદર્ભની શોભા શી કહું, બહુ મળિયા રાણા રાજાન;
રંગવાડીમાં જાદવ ઉતર્યા, તે થયું નગરમાં જાણ. સ૦ ૧૯
શિશુપાળને ચિંતા થઇ, ભીષ્મક હરખ્યા તતકાળ;
ભીષ્મક રાજા એમ ભણે, મેં વર વો'ર્યો ગોપાળ. સ૦ ૨૦
તે રૂકમીએ ઉવેખીને, તેડાવ્યો શિશુપાળ;
કેવી કરૂણા કરી મને, ધન્ય ધન્ય ત્રિભુવનપાળ. સ૦ ૨૧
શિશુપાળસેના મેં જોઈ, લાવ્યા દાનવ ક્ષત્રી સાથ;
પૂજા સામગ્રી લેઇને, મળવા ચાલ્યો ત્રિભુવનનાથ. સ૦ ૨૨

---

૧૬ રાય–હે રાય !–હે શિશુપાળ ! વિદર્ભનાં–રૂકમીનાં. ૧૮ નર ઈ૦– " નર નારી કરે કલોલ " (પા. પ્ર. ૨). ૧૯ રાણા રાજાન— " રાનો રાન (પા. પ્ર. ૧ લી). ૨૦ એમ ભણે— " હરખ્યા સહી " (પા. પ્ર. ૨ જી). ૨૨ દાનવ ક્ષત્રી—દૈત્યરૂપી ક્ષત્રિય.

વલણ.

ત્રિભુવનનાથને મળવા ચાલ્યો, હરખ અંગ ન માય રે;
વિપ્ર પ્રેમાંદ ઉચરે, પૂજ્ય કેવા પૂજાય રે. ૨૩

કડવું ૧૦ મું.

રાગ સામેરી.

ભીષ્મકરાય તો ભાવશું, હરિને મળવા જાય;
ત્યાં તો નર નારી પૂઠે પળે, તેને હૈયે હર્ષ ન માય. ૧
રંગવાડીમાં રાજા આવિયો, બેઠો સભા પૂરી જાદવ સાથ;
એક મધ્યે આસન કનકનું, ત્યાં બેઠા બન્ને ભ્રાત. ૨
શોભે શ્યામળે અંગે શ્રીકૃષ્ણજી, ગોરે અંગે શ્રીરામ;
ધર્યાં નીલાંબર બળદેવજી, પેર્યાં પીતાંબર ઘનશ્યામ. ૩
ટેડી પાઘ બાંધી ત્રિકમે, કસણ કશિયા બંધ;
એક પીછું બોશ્યું મોરનું, માનિની મોહક ફંદ. ૪
સંકર્ષણને સબળ શોભે, કરી રક્તચંદન આડ;
કરી કેસરી અર્ચા શ્રીકૃષ્ણજી, આવી અડી બેહુ ગાલ. ૫
પે'ર્યું હેમનું બખ્તર હળધરે, વરને વાગો જરતાર;
કૃષ્ણે કંદોરો કેડે બાંધિયો, બળદેવ કટિ તરવાર. ૬
બે હમેલ બળદેવને, મધ્યે રત્ન ચોકી જડાવ;
કૌસ્તુભમણિનો હાર હરિને, જે જોઇ ઉપજે ભાવ. ૭
કાને કુંડળ નહિ બળદેવને, છે તે હરિને કાને રસાળ;

---

૪ માનિની ૦—માનિનીઓને મોહ પામાડનાર ફંદ (ફાંદા) જેવું (પીછું). કસણ ૦— " શ્રી કૃષ્ણુ શરાસન બંધ " (પા. પ્ર. ૧ લી).
૭ હમેલ—સોનાના પટા.

છે રૂદ્રાક્ષમાળા રામને, હરિની કોટે છે વનમાળ. ૮
બાંયે બાજુબંધ બેરખા, બળદેવ હાથે વાંક;
પોંચી વીંટી બેઉને, જોતાં તે આડો આંક. ૯
જેવું ચક્ર શોભે શ્રીકૃષ્ણને, તેવું હળ શોભે હળધર હાથ;
શારંગ લીધું શ્રીકૃષ્ણજી, લીધું મૂશળ રેવતીનાથ. ૧૦
ભાળે કમળનેત્રે શ્રીકૃષ્ણજી, ભાળે રક્ત નેત્રે શ્રીરામ;
નિર્ગુણ નાથ વર રેવતીનો, શ્રીકૃષ્ણ કામિનીકામ. ૧૧
હરિને ચરણે મોજડી ચમકતી, ઘૂઘરી બન્ને પાય;
એક લંગર શોભે રામને, જેની સમોવડ નહિ થાય. ૧૨
એવી જુગ્મ જોડી જોઇને, રાયે ચરણે નામ્યું શીશ;
હું તો બૂડ્યો ભવ બાપજી, મારો હાથ ઝાલો જગદીશ. ૧૩
એ અપરાધ મારો સાંખિયે, તમારૂં શીળ સાગર નામ;
એવી નમ્રતા જોઇ રાયની, ઊઠી ભેટ્યા કેશવ રામ. ૧૪
હેતશુ પાસ બેસાડીને, બળદેવે દીધું માન;
જાદવ સર્વે જય જય કરે, ધન્ય ભીષ્મક તું રાજાન. ૧૫
એમ બળદેવજી જશ બોલતા, બળ કર્યું આપ સમાન;
શ્રીકૃષ્ણરૂપ જાણ્યું તમે, (તો) આપે વૈકુંઠ શ્રીભગવાન. ૧૬
એવી બેઉની કીર્ત્તિ સાંભળી, જે કોઈ ભાવે આપે દાન;
તેની અમરમાં ઉપમા વધે, જશ વાધે મેરૂ સમાન. ૧૭
જોઇ મોહ પામી માનિની, થયું દેવદર્શન ગોપાળ;
શ્રીકૃષ્ણની શોભા જોઇને, દે રૂકમીને સર્વે ગાળ. ૧૮
આ તો હીરા મળતી હળી કામિની, જ્યોત મળતી જ્યોત;

---

૧૩ ભવ—ભવમાં—સંસારરૂપી દરિયામાં. ૧૭ અમરમાં—દેવમાં.

રૂક્મિણી સરખું રત્ન લેઇને, બાંધ્યું કાકની કોટ. ૧૯
રાયે જોગ જોયો એકાદશી, હરિનો ઘણો કર્યો મનુહાર;
ત્યાં રાત રહી સેવા કરી, પૂર્યો દાણો પાણી ને ચાર. ૨૦
એમ જાગરણ તે જુગતે કર્યું, રાય મન પામ્યો ઉલ્લાસ;
મારે હરિ મળ્યા ને એકાદશી, એક પંથ બે કાજ પ્રકાશ. ૨૧
એકાદશી વ્રત જે કરે, સાંભળે શ્રીપતિના ગુણગ્રામ;
તેના ગુણ અવગુણ નહિ ગણે, ભાવે ભેટે કેશવરામ. ૨૨
પ્રાતઃકાળે રાય આવિયો, આવી સુતને કે'છે વાત;
ભુંડા જોની તે ઇશ્વિર આવિયા, જોડીને જા તું બે હાથ. ૨૩
એ માણસ નહિ તું માનજે, વૈકુંઠકેરો રાય;
ગામગોંદરે ગંગા વહે, આળસુ શે નવ ના'ય. ૨૪
ત્યારે રૂક્મી કે' તાતને, શું વખાણો ગોપાળ;
એ તો વણ તેડાવ્યો આવિયો, તેને કોણ ક' ત્રિભુવનપાળ. ૨૫
વણ તેડ્યા વિપ્ર નવ આવે, નવ આવે ક્ષત્રીની જાત;
વણ તેડી આવે પુંશ્ચલિ, કે આવે ચારણ ભાટ. ૨૬
તમે હળમળ મૂકો પિતાજી, આજ લગ્નનો છે દિન;
વિપ્ર વેદી રચી રહ્યા, હેતે કરોની હવન. ૨૭
પુત્ર પિતા મળીને બેઠા, ગ્રહશાંતિક થાય;
અંબા પૂજવા રૂક્મિણી, ઘરમાં સાંતરી થાય. ૨૮
ત્યારે બાંધવ જઈ વારે બેનને, તમે પીઠી ચોળી છે તન;
કોઇની મેલી ચોખી દૃષ્ટિ લાગશે, જ્યારે મૂકશો ભુવન. ૨૯
ત્યારે શીળવચન સતી ઉચર્યાં, તમે સાંભળો વડ ભ્રાત;
મારે કાલે હુતી એકાદશી, કહું થાય ઉપોષણ સાક્ષાત. ૩૦

---

૨૦ મનુહાર—આદર સત્કાર કે આગતાસ્વાગતા. ૨૬ પુંશ્ચલિ—ગણિકા. ૨૮ સાંતરી—તૈયાર.

મારે અંબા પૂજ્યાની આખડી, નથી જમતી હું અન્ન;
રૂક્મીએ આપી આગન્યા, સાથે મોકલ્યા બહુ જન. ૩૧
બે સહસ્ત્ર સેવક સાથે મોકલ્યા, જ્યાં હતી ભવાની માત;
જઇ મંડપ રોકો માતાતણો, વળી જોજો તે વાટ ને ઘાટ. ૩૨

વલણ.

વળી જોજો વાટ ને ઘાટ, ઘાટે ઘાલી ઘેર લાવજો રે;
કદાપિ કૃષ્ણ કપટી આવે તો, મુને વેગે સમચાર કા'વજો રે. ૩૩

કડવું ૧૧ મું.

રાગ ધોળની ચાલ.

આજનો દિન આનંદશુ રે, અતિ રળી બેઉને મન;
ભીષ્મકને હરિ ભાવતા રે, રૂકમીને રાજન. ૧
રૂકમીએ મોકલ્યો કલુવો રે, પરવરી પાંચે ભાઇની નાર;
દ્રાવિડદેશનો રાજિયો રે, દમઘોષ વે'વાઈ નિરધાર. ૨
તેનો કુંવર કોડામણો રે, વર વારૂ શિશુપાળ રાય;
અલબેલી સોએક સાહેલડી રે, મળી મળી મંગળ ગાય. ૩
અંગે આભૂષણ ઓપતાં રે, શોભિતા પે'ર્યા શણગાર;
શીશફૂલ કર રાખડી રે, પાવલીએ ઝાંઝર ઝમકાર. ૪
ચંચળ ચોદિશ નિહાળતી રે, ધરતી ઘુંઘટમાં મરજાદ;
જુગતી જોઇ જાનની રે, જોયો વર શિશુપાળ ઉલ્લાદ. ૫

---

૩૩ ઘાટે ઘાલી—એતે. ૨ પાંચે ભાઈ—રૂકમી વગેરે.

વાંકી (તે) પાઘે વરણાગિયા રે, મળી બેઠા કુંવર સૌ ચાર;
તકિયા મૂક્યા ત્રિવિધતણા રે, મધ્યે બેઠા છે શિશુપાળ. ૬
વાગો પે'ર્યો જરતારનો રે, કેસરી બાંધી પાઘ;
આંખ આંજી અણિઆળડી રે, ગાલે ટપકાનો કાળો ડાઘ. ૭
ફૂલ પિછોડો ઓઢીઓ રે, કેસરી કીધી છે આડ;
તોરા મૂક્યા મોતીતણા રે, અમૂલક ઓઢી છે શાલ. ૮
કાને કર્ણફૂલ વેળિયાં રે, કંઠે મોતીનો હાર;
પોંચી વીંટી દશ આંગળી રે, બાંધ્યો ફોગટ મીઢળ ભાર. ૯
સન્મુખ જઇને ઊભી રહી રે, રૂકમીકેરી ઘરનાર;
વર તો વધાવ્યા મોતીએ રે, સુભટે દીધો માગ તે વાર. ૧૦
એકે કપાળે કીધો ચાંદલો રે, બીજી પીરસે છે પાક;
ત્રીજીએ તાંદુલ ચોઢિયા રે, ચોથીએ તાણ્યું છે નાક! ૧૧
જમો જમાઇ કલવડો રે, સાહેલી રાખે છે ભાર;
હરખે થયો વર ઘેલડો રે, બોલિયો ઘોઘરે સાદ સાર. ૧૨
જમઇ જોઇ આનંદિયાં રે, રીઝયાં તે મનડા માંય;
પાંચ પટોળી આપીને રે, રીઝવી કીધી છે વિદાય. ૧૩

વલણ.

વનિતા કરી વિદાય ત્યાં, સાંભળ પરીક્ષિત ભૂપ રે;
રૂકિમણી થઇ સાંતરી તેનાં, શાં શાં વખાણું રૂપ રે. ૧૪

કડવું ૧૨ મું.

રાગ મારૂની ચાલ.

કારમી કથા તુજને કહું, શુકદેવ કે' સુણ રાય;

---

૧૨ કલવડો—કલવો.

સખી સમાણી મળી ટોળે, અંબિકા પૂજવા જાય. ૧
કનકકચોલે કેસર ભર્યાં, બાવનાચંદન વિશાળ;
લીધા જાઇ જાવંત્રીકેરા, મોગરેલ ચમેલી હાર. ૨
શ્રીફળ બીજોરાં માંહે ધર્યાં, સંગે ભરી સુવર્ણની થાળ;
માંહે દીવો મૂકયો ચોમુખો, લીધાં અબિલ ગુલાલ. ૩
તેવડે તેવડી તારૂણી સોહે, મધ્યે તે ભીમકકુમારી;
રામા રસ્તા મધ્ય નીસરી તે, વાત શિશુપાળે જાણી અકારી. ૪
રાયે રક્ષણને કારણે, મોકલ્યા સુભટ બેહજાર;
તે જાળીએ રહી નિહાળિયું, દીઠું વદન વિશાળ. ૫
તેનું વદન ઉઘાડું જોઇને, જાન કરે વિચાર;
કોની મર્યાદા નથી રાખતી, શો સતીનો અધિકાર. ૬
શિશુપાળની સેના જોઇને, એને થયો અહંકાર;
ત્યારે એક કહે હેલડ હશે, એના જુઓ શણગાર. ૭
પાયે ઉજ્વળ ઝાંઝર ઝગમગે, વીંછિયા પગપાન;
વાગે લંગર મળતી ઘૂઘરી, વાજે સંગીત તાન. ૮
બે મોઢે હીરા જડચા, કંઠે કાવળહાર;
ગળુબંધ ને સોના સાંકળાં, માંય મોતીની માળ. ૯
બાંયે બાજુબંધ બેરખા, સુવર્ણચૂડો શોભાળ;
કમળ સરખી હથેળીમાં, લીધો હેમનો થાળ. ૧૦
બે કમળ નેત્ર કન્યાતણાં, વાળીએ વાંકા મોર;
આવી અધરે અડગ્યું છે ઝૂમણું, શું ત્યાં વશ્યો ચિત્તચોર. ૧૧
અર્ધચંદ્ર કપોળ છે, છે બિંદીનો વર ભાવ;

---

૧ કારમી—અદ્ભુત. ૭ હેલડ—બાળકબુદ્ધિની. ૮ પગપાન—એ નામનું પગનું ઘરેણું.

તારા જેવી શોભે ટીલડી, ઝાલ રત્ન જડાવ. ૧૨
બે ભૃકુટિએ બાણ ચઢાવિયાં, છૂટા મૂકયાછે કેશ;
જાણે શંકર સતી છળવા નીસરી, લીધો ભીલડીનો વેશ. ૧૩
ચોળી પે'રી કીનખાબની, ઓઢી ચુંદડી રસાળ;
રૂપ જોઇ રૂક્મિણીતણું, ઘણું હરખશે શિશુપાળ. ૧૪
અતિ ઉતાવળી આનંદ ભરી, આવી અંબાભુવન;
જોઇ ભડકો લાગ્યો ભાળ લગી, દીઠા ત્યાં બહુ જન. ૧૫
બાધો મંડપ ભરાયો માણસે, તિલ માત્ર નહિ ઠામ;
ઓ અંબા ! હવે શું થશે, હરિ કેમ ઘાલશે હામ. ૧૬
પછે માનુની મંદિરમાં પરવરી, તેડી સૈયરનો સાથ;
જઇ પૂજા કરી અંબાતણી, જોડીને બે હાથ. ૧૭
ધૂપ દીપ નૈવેદ્ય ને, નાના વિધના આહાર;
વળી વળી અંબાને વિનવે, મારો દેખાડો ભરતાર. ૧૮
વળી વળી મૂર્ત્તિની મોડે બાંયડી, વળી વળી તાણે છે હાર;
વળી વળી તાણે છે ચૂંદડી, ભુંડી શું લગાડે છે વાર ! ૧૯
એવી વેદના જોઇ વિનતાતણી, અંબાએ કીધું હાસ્ય;
બાથમાં ઘાલી બેનડી, પછે કર્યું ગુહ્ય પ્રકાશ. ૨૦

વલણ.

ગુહ્ય પ્રકાશ અંબાએ કર્યું, વળી બોલી મુખ વેણ રે;
વિપ્ર પ્રેમાનંદ ઉચરે, જે થયું રૂક્મિણીને સુખદેણ રે. ૨૧

---

૧૩ જાણે ૪૦—જાણે સતી શંકરને છળવાને નીસરી હોય ! ૧૮ મારો ૪૦—"મારો કંથ દેખાડ." (પાઠાંતર પ્ર. ૧ લી.) ૧૯ મોડે—મરડે. બાંયડી—હાથ. (બાહુ ઉપરથી). ૨૦ ગુહ્ય ૪૦—ગુહ્ય (છાનું). પ્રકાશ (ઉઘાડું) કર્યું. કર્તવ્ય વાત છાની સમજાવી.

કડવું ૧૩ મું.

રાગ ગોડી.

સાનમાં કહી કાનમાં વાત, સધ મેળવું તારો નાથ;
હું તો સાહેલીરૂપે થાઉં, તારી એક વસ્તુ લેઇને જાઉં. ૧
કોઇ જન જાણે નહિ ભ્રાંત, તું તો પૂઠે ધાજે એકાંત;
આપણ લહું ઝઘડું તે ઠામ, ત્યાં તો થાશે તમારૂં કામ. ૨
એવી જુક્તિ જનેતાએ કહી, પછે સાહેલીરૂપે થઇ;
કટિ પલવટ પીતાંબરની વાળી, નાઠી હાથમાંથી ઝુંટાવી થાળી. ૩
બાઇ આપ્યની થાળી મારી, ઘેર ખીજશે માડી મારી;
બાઈ હસવું થાય છે તારે, બાંધવ વાટ જુએ ઘેર મારે. ૪
અંબા કે' એને તમો ખાળો, આજ આવ્યો છે વારો મારો;
દિન દિન ઘણું સંતાપે, ઘણી વાજ આવીછું એને પાપે. ૫
હશી કહી વિધાતાએ વિગત, જન જોવા મળ્યું જુગત;
તે તો ઉંચા ચઢી ચઢી ભાળે, ચોટચા જાણે ચિત્ર લખ્યાં રે ચિતારે. ૬
નાઠી સરોવરને મારગે જાય, તેની પૂઠે રૂકિમણી પળાય;
બાઇ આપની થાળી મારી, ઘેર ખીજશે માડી મારી. ૭
અંબા કહે આવશો કેડે અમારી, તો અમો આપીશું થાળી તમારી;

---

૧ લેઇને જાઉં-"લેઇ કયમ જાઉં" (એવો પ્ર૦ ૧ લીનો પાઠ બરાબર નથી). ૩ કટિ ઇ૦-" કશી પીતાંબરની તે પલવટ, નાઠી હાથમાંથી ઝૂંટાવી થાળી ઝટ " (પાઠાંતર પ્ર૦ ૨ ૭).

૪ નાસતી સખીને જોઇને રૂકિમણી કહે છેઃ બાઇ ઇ૦—સ્પષ્ટ છે. ૫ અંબા—દાસીરૂપે અંબા. વાજ આવી છું—દુખી થઇ છું. ૬ હશી ઇ૦—વિધાતા(અંબામાતા)એ એ પ્રમાણે હશીને વિગત (વાત) કહી.

અંબા રૂકિમણી રસ્તામાં રમે, જન જુવે તેને મન ગમે. ૮
દાસી એક એકને વિકારે, એમાં કોણ જીતે કોણ હારે;
વંટોળીઓ વાયો ને વસ્ત્ર ઉડાડ્યું, કપટ રૂપ કન્યાનું નિહાળ્યું. ૯
થયું શીશ ને ઉઘાડું અંગ, મૂર્છા પામી થયા ગતિભંગ;
એવે પ્રભુ પવનમળતા રથ લાવ્યા ખેડી, ઉમયાએ રમા પાસે તેડી. ૧૦
(પાસે) કન્યા આવી તે મર્યાદ મેલી, કૃષ્ણે કર સાહી બેસાડી ભેળી;
અંબાએ હરિને કર્યો પ્રણામ, પાર્વતી થયાં અંતર્ધાન તે ઠામ. ૧૧
સુંદર રૂપ શ્યામનું જોઈ, સાહેલી ને કિંકરી મોહી;
પછે સૂતને સમશ્યા કીધી, દોટ દ્વારિકા ભણી દીધી. ૧૨
ક્ષણ એક રહોને આવી શુદ્ધ, અરે કોણે કીધી તે આવી બુદ્ધ;
ઊઠી સોર કરતા પુર ભણી જાય, પેલો કૃષ્ણ કન્યા લેઇ પળાય! ૧૩
જઇ શિશુપાળને કર્યું જાણ, મૂર્છા લાગી ગયા જાણે પ્રાણ;
આવી ભૂપ બોલાવે પંપાળે, તોયે રાય નિદ્રાથકી નવ ભાળે. ૧૪
સતી રૂપનું વાગ્યું છે બાણ, જોતાં સૂતો શબ સમાન;
આવી બોલાવે કાશીરાજાન, ઊઠો રાયજી થાવ સાવધાન. ૧૫

---

૯ વિકારે—ઉશ્કેરે. કપટરૂપ—અર્થાત્ જોનારનાં મન તેઓ ન જાણે એમ ચોરી લેનારૂં રૂપ. ૧૦ પવન મળતા—વાયુના ઝપાટાની સાથે—વંટોળિયામાં કોઇ દેખી શકે નહિ તેમ.

૧૨ સાહેલી ઈ૦-“ સાહેલી સર્વે મોહી ” (પાઠાંતર પ્ર૦ ૨ જી). કિંકરી—દાસી. સૂત—સારથિ—દારૂક. સમસ્યા કીધી—વેગથી નાસવાનો અણુસારો કૃષ્ણે કર્યો. “ સુદેવને ” (પાઠાંતર પ્ર૦ ૧ લી). “ સેવકને ” (પાઠાંતર પ્ર૦ ૨ જી).

૧૩ રક્ષકો રૂકિમણીહરણ થયું એમ જાણે છેઃ ક્ષણ ઈ૦—સ્પષ્ટ છે. આવી બુદ્ધિ—રૂકિમણીને સૂની મૂકવાની અથવા તેનું હરણ કરવાની. કેવો સોર કરે છે, તે કહે છેઃ પેલો ઇ૦—સ્પષ્ટ છે. “ રથ હાંકયાની આવી શુદ્ધ ” (એવો પ્ર૦ ૧ લીનો પાઠ બરાબર નથી).

તારી કન્યા લાવું આણે ઠામ, તો મારૂં ચતુર્ભુજ કે'જો નામ;
ત્યાં તો રૂકમી પ્રતિજ્ઞા કરે, પેલો કૃષ્ણ કન્યા કયમ વરે ! ૧૬
જો મારી બેન વળાવી ન લાવું, તો ફરી નગર ભણી નહિ આવું;
બાણાસુરનો કુંવર એમ બોલે, નથી ત્રણ લોકમાં કો મારી તોલે. ૧૭
કે' તો એની કનકપુરી રે ઉજાડું, તારી કન્યા હેલામાં રથથી પાડું;
સોમ કે' હું તો સેનાનો મુખી, ઊઠ રાય શેણે થાય દુઃખી. ૧૮
હું ભાલો વાવરીશ તજ ઉચ્ચાટ, મારી જાદવકુળનો વાળીશ દાટ;
નરકાસુર એમ બોલ્યો વાણ, મારે ઘેર છે કન્યાની ખાણ. ૧૯
કે' તો સાતસેં સાથે પરણાવું, વળી તારી કન્યાને હેલામાં લાવું;
સેનાપતિ તે સર્વે રાય, દાંત કરડતા વા'રે ધાય. ૨૦
શાલ્વ કે' શીદ કરોછો શોષ, કન્યા લીધી થયો એનો દોષ. ૨૧

વલણ.

કન્યા લીધે દોષ થયો એનો, શાલ્વને અનુશાલ્વ કહે રે;
માગધે મથુરા મૂકાવિયું, હવે દ્વારકા મૂકી કયાં રહે રે ! ૨૨

---

૧૬ કાશીનોરાજા વાસુદેવ શિશુપાળને દિલાસો આપે છેઃ તારી ઇ૦—સ્પષ્ટ છે. તારી કન્યા—તારે વરવાની કન્યા. વરે—"હરે" (પાઠાંતર પ્ર. ૧ લી). ૧૭ વળાવી—પાછી વાળી. નથી ઇ૦-"નથી લેખતો મારી તોલે" (પાઠાંતર પ્ર૦ ૧ લી).

૧૮ તારી ઇ૦—"વળી તારી કન્યા હેલામાં મેળાવું" (પાઠાંતર પ્ર૦ ૧ લી). "હેલામાં લાવું" એમ હોવું જોઇએ. સેનાનો—"સર્વનો" (પાઠાંતર પ્ર૦ ૨ જી).

૧૯ હું ઈ૦-"હું તો ભાલો રોપે વાવરીશ હાથ" (પાઠાંતર પ્ર. ૧ લી). ૨૨ હવે ઈ૦-અર્થાત્ આપણે હવે એને દ્વારકા મૂકાવીશું, એ વ્યંગ્ય.

રાગ સામેરી.

ત્યાં સેનાપતિ સમસ્ત મળી, કહે ઘેરો નંદકિશોર;
ઘણા દિવસે દાવમાં આવ્યો, તો આજ તોડો તેનો તોર. ૨૩
કોઈ કે' લશ્કર નહિ પાસે, કોઇ કે' સેના લેશ;
કોઇ કે' રથારૂઢ બે આવ્યા, કા'વે શ્યામળીઓ ને શેષ. ૨૪
એમ અન્યોઅન્ય વાતડી કરતા, ડરતા ઘણા મન માંય;
જેમણે બળ બળદેવનું જોયું, તે તો છાના રે'તા ત્યાંય. ૨૫
ત્યારે શૂરવીર થઇ જરાસંધ બોલ્યો, સેના સર્વ જઇ એને ખાળો;
અકળાઇને કન્યા આપશે, ન આપે તો તરવાર તળે કા'ડો. ૨૬
ભાર શા એ ભૂરના, દ સિંહને શિર પાગ;
એમ કહી ગરજ્યો ઘણો, શું લીધો જંબૂકે સિંહનો ભાગ. ૨૭
ત્યારે રતિ એક શુદ્ધ આવી રાયને, સેના સર્વ ત્યાં પ્રેરી;
હોકારા કરતા ધાયા દાનવ, તેમણે રંગવાડી લીધી ઘેરી. ૨૮

વલણ.

રંગવાડી ઘેરી લીધી, દાનવ કરે મારો માર રે;
જન પ્રેમાનંદ વર્ણવે, શું કરતા ત્યાં મુરાર રે. ૨૯

કડવું ૧૪ મું.

રાગ રામગ્રી.

ઘેરી વાડી ગર્વ કરીને, કરે હોકારા હોકાર;
કહે શાલ્વ સૂનું પડ્યું, પેલો ક્યાં ગયો ગોપાળ.

---

૨૪ રથારૂઢ—રથમાં બેશીને. શેષ—બળરામ. ૨૭ ભૂર—ભૂરથ—નિર્બળ ધાડું. (?) જંબૂકે—શિયાળે. ૨૭ રતિએક— લગારેક. રાયને—શિશુપાળને.

દૈત્ય ઘણું કોપ્યા રે, દૈત્ય ઘણું કોપિયા રે. ટેક. ૧
તે તો રથ રેવંતે બેશીને ધાયા, વાગે દળમાં રણતૂર;
ગડગડે નિશાન જાણે ઘન પ્રકટ્યો, આવે ઉપરા ઉપરી શૂર. દૈત્ય૦ ૨
છત્રીશ આયુધ એકેકે બાંધ્યાં, જોતાં તે જમ સરખા;
મોટી દાઢ ને રક્ત કેશ છે, જાણે અગ્નિતણા હોય ભડકા. ,, ૩
એવું મહાદારૂણ દળ દીઠું, બળદેવે પાસે તેડ્યા પ્રધાન;
કહો કાકાજી આ શા હોકારા, શકે હરણ કર્યું હશે ભગવાન. ,, ૪
ત્યારે અક્રૂર કે' રામ ! ઘડી એક ઉપર, રથે બેઠા આણે ઠામ;
ત્યારે હશી ઉદ્ધવ કે' વાત નિશ્ચે, કયમ ભૂલે એ ઘનશ્યામ. ,, ૫
ત્યારે રામે કૃતવર્માને આજ્ઞા આપી, સહુ સેન કરો સાવધાન;
કે'તાં કુંવર તે થયા તત્પર, ત્યાં હણહણિયા કેકાણ. ,, ૬
મૂળ છડીઅસ્વારી હતી યાદવની, બાંધ્યા પાખરિયા અસવાર;
બખ્તર ભાથા ભલી પેર ભીંડ્યા, ધરી તરવાર ને ઢાલ. ,, ૭
ગદા ગૂરજ ને પરશી લીધી, કરી ઉઘાડી તરવાર;
તૈયાર થયા હળધરજી પોતે, તતક્ષણ નિસર્યા બા'ર. ,, ૮
એવું જોર જોઈ બળદેવનું, દૈત્યનાં ધાયાં ટોળે ટોળાં;
ગજના સરખી પો'ળી દેહમાં, પડ્યા જાદવ લોહના ગોળા. ,, ૯
ધસ્યો કૃતવર્મા સોમની સામો, દેવસેનાપતિ સમાન;
વળી સત્રાજિત લઢે સોમ સામો, તે તો સામાં મે'લે બાણ. ,, ૧૦

---

૧ રૌદ્ર વર્ણું છે: ઘેરી ૪૦—સ્પષ્ટ છે. ૪ શકે ૪૦—" શકે હરિ કર્યું હશે હરણુ " (પાઠાંતર પ્ર૦ ૧—૨ જી).

૯ ઉપમા આપે છે: ગજના ૪૦—દૈત્યોની ગજ (હાથી) સરખી પોહોળી દેહમાં યાદવરૂપી લોહના ગોળા પડ્યા. અર્થાત્ યાદવોને કાંઈ હાનિ ન થતાં દૈત્યો માર્યા ગયા. (દૈત્ય એટલે દૈત્ય જેવી બુદ્ધિવાળા શિશુપાળાદિ સમજવા.)

૧૦ દેવ ૪૦—" તે તો માતો કરે સંગ્રામ " (પાઠાંતર પ્ર૦ ૧ લી). દેવસેનાપતિ—સ્વામીકાર્તિક.

ધશ્યો સાત્યકિ શાલિવાહન સામો, વઢે ભગદત્ત ને ભૂરૈવ;
ધશ્યો નીમનાથ નરકાસુર સામો, જાણે વાયુવેગી એવ. દૈત્ય૦ ૧૧
બે બાણકુંવર ને ઉદ્ધવ અક્રૂર, તે તો માતો કરે સંગ્રામ;
અનુશાલ્વ શાલ્વ વિષતુમરે, ચોપાશે વીંટ્યા રામ. ,, ૧૨
કાઢ્યાં ખડગ ખાંડાં સાંગ પરશી, કરે અન્યોઅન્યે ઘાત;
ત્યાં હય હાંકે ને વીર વકારે, તે તો ભાલા વાવરે હાથ. ,, ૧૩
જેમ ઇંદ્ર ઉપર વૃત્રાસુર તલપ્યો, તેમ શાલ્વ ઘાલે હામ;
ગજજૂથમાં લઘુ કેસરી, એણી પેરે તલપ્યા રામ. ,, ૧૪
મારા માર કરે માંહોમાંહે, પણ કોઈ નવ પામે ક્ષોભ;
હળધર કે' હમણાં રણ જીતું, અનુશાલ્વને એવો લોભ. ,, ૧૫
ત્યારે શાલ્વે એક સાંગજ નાખી, જાણે મધ્યાન્હકાળનો સૂર;
વજ્ર મૂશળ માર્યું બળદેવે, ભાગી કરી ચકચૂર. ,, ૧૬
તેની રતિએક રજ ઉડીને વાગી, રામ થયા બેશુદ્ધ;
ત્યારે તાડન કરી અસુર બહુ તલપ્યા, નાઠા જાદવ મૂકીને જુદ્ધ. ,, ૧૭
સેનાપતિ ને પ્રધાન નાઠા, નાઠા ઉદ્ધવ અક્રૂર બે વીર;
ત્યાં નંદાનંદન બે રહ્યા સેવામાં, તે તો હળધરને પાય નીર. ,, ૧૮
એવો મા'બળિયો પડ્યો દેખીને, અસુર અનેરા ધાય;
અલ્યા બાંધ આયુધ કે આપ્ય કન્યા, કેમ છોકરે છાશ પીવાય. ,, ૧૯

---

૧૧ જાણે ઇ૦—"જાણે વાયુતણો હોય વેગ" (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૧૨ માતો—અર્થાત્ ઘણો. ૧૪ ગજ ઇ૦—"જગજૂથ પર ધસે કેસરી" (પાઠાંતર પ્ર૦ ૧ લી).

૧૫ ક્ષોભ—" ખેદ " (પાઠાંતર પ્ર૦ ૨ જી). અનુશાલ્વ ઇ૦—" અનુશાલ્વ જીતું વેદ " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૧૬ વજ્ર મૂશળ—વજ્ર જેવું મૂશળ. ૧૯ અનેરા—બીજા. અસુરો હળધરને કહે છેઃ અલ્યા ઇ૦—સ્પષ્ટ છે. કેમ ઇ૦—લોકોક્તિ.

એવે સંકર્ષણને શુદ્ધજ આવી, જોયું જાદવ ન દીઠો કોય;
કોપ કરી કૃતવર્મા ઉદ્ધવ, રામ રક્ત નેત્રે જોય. દૈત્ય૦ ૨૦
એવે સમે ઋષિ નારદ આવ્યા, સ્વામી ઉતારો ભૂમિભાર;
આ માનવચેષ્ટા મૂકો વેગળી, નહિ આવે આવો દાવ નિરધાર. ,, ૨૧

વલણ.

ફરી નહિ આવે આવો દાવ સ્વામી, એમ કહી ઋષિ થયા અંતર્ધાન રે;
પછે સંકર્ષણે માયા સમરી, વિશ્વરૂપ લીધું ભગવાન રે. ૨૨

કડવું ૧૫ મું.

રાગ બિલાવર.

જોજન એક વધારી કાય, ક્રોધ કરી બોલ્યા બળરાય;
દળ કર્યું પાંચ કોશ પ્રમાણ, કીધું તેટલું મૂશળ જાણ. ૧
વિશ્વરૂપતણી કહું વિગત, સહસ્ર ફણા ને સહસ્ર મુગટ;
સહસ્ર બાહુ ને સહસ્ર આયુધ, એવું રામે રણમાં માંડ્યું જુદ્ધ. ૨

---

૨૦ પોતાને મૂર્છા થતાં રણ મૂકીને ભાગ્યા માટે રામ કૃતવર્મા વગેરે ઉપર કોપ કરે છેઃ કોપ ઇ૦-સ્પષ્ટ છે.

૨૧ માનવચેષ્ટા—મનુષ્ય ન છતાં મનુષ્ય જેવાં આચરણ કરવાં તે. ૨૨ સમરી—સંભારી. માયાને સંભારીને માયાના બળથી શું અલૌકિક કાર્ય કર્યું તે કહે છેઃ વિશ્વરૂપ ઇ૦—તે ભગવાને (રામે) વિશ્વરૂપ (પોતાનું અસલ સ્થૂળ સ્વરૂપ) લીધું.

૧ વિશ્વરૂપ વર્ણે છેઃ જોજન ઇ૦—સ્પષ્ટ છે. તેટલું—તેટલું મોટું. ૨ ફણા—માથાં. બળરામ શેષનો અવતાર છે માટે તેમનું વિશ્વરૂપ વર્ણવતાં કવિએ માથાને ઠેકાણે ફણાઓ વર્ણી છે. કૃષ્ણનું વિશ્વરૂપ વર્ણવતાં વ્યાસે પણ ગીતામાં તેમના અસલ સ્થૂળ વૈરાટ સ્વરૂપનું વર્ણન કર્યું છે. જેમ, " रूपंमहत्तेबहुवक्त्रनेत्रं,महाबाहोबहुबाहूरुपादम् । बहूदरंबहुदंष्ट्राकरालंदृष्ट्वा-

સહસ્ત્ર સુભટને સાહી તાણ્યા, તે તો ગેડી દડાશા લાગે આણ્યા;
મારી મૂશળ કરે બે ભાગ, રામ રણમાં મૂકાવે માગ. ૩
એવું જોઇને શાલ્વ ભાગ્યો, ફરી સોમ રાજા ન આવ્યો;
અનુશાલ્વ અર્ધશસ્તો કીધો, સમરને ઝોળીએ ઘાલી લીધો. ૪
બાણાસુરની સેના સહુ મારી, ગયા બાણાસુરનાં કુંવર બે હારી;
મારી દૈત્યદળનો વાળ્યો દાટ, જઈ રોક્યો તે ક્ષત્રીનો ઘાટ. ૫
થયો રામ રોહિણીકુંવર હોળી, રોના સર્વ ચાંચડ માંકડ પેર ચોળી;
રસિયે રમત બીજી માંડી, નરરૂપ નિશાન ઉપાડી. ૬
ઉપરાઉપરી ઘાણજ કા'ડે, બહુ મૂશળતણો માર મારે;
આંબા ઘોળી કાઢ્યાં છોતરાં, હાડ પાંસળાં જૂજવાં કર્યાં. ૭
સહસ્ત્ર ફૂણાથી ઘણાથી ઘાણાને કરડે, ઘાણાને હળની અણીએ ઉતરડે;
સાડચ અક્ષૌહિણી સેના સંહારી, તે તો હળ મૂશળવડે વિડારી ૮

लोकाःहप्रव्यथितास्तथाम्" અર્થ " અર્જુન કહે છે કે, હે ભગવાન્ ! અનેક મુખ, અનેક નેત્ર, અનેક હાથ, અનેક જાંઘો, અનેક પગ અને અનેક પેટવાળું તથા અનેક દાઢોવડે વિકાળ તમારૂં મોટું રૂપ જોઈને સર્વે લોકો તથા હું પણ ભય પામીએ છીએ. " વેદમાં પણ, " सहस्रशीर्षापुरुषःसहस्राक्षः सहस्रपात्—હજાર માથાં, હજાર નેત્ર અને હજાર પગવાળો પુરૂષ " એવું વિરાટ્ રૂપનું વર્ણન છે. કવિએ લખેલા સહસ્ત્ર શબ્દવડે પણ " અનેક " એવો અર્થ સમજવો.

૪ અધશસ્તો (अर्धशस्तः)—અર્ધો મૂએલો. (शस्—મારી નાખવું, એ ઉપરથી). સમર—એ નામનો રાજા. ૬ રસિયે ઇ૦—સંગ્રામરૂપી રમત રમવાના રસિયા રામે બીજી રમત માંડી—બીજી વાર શત્રુને મારવા માંડયાં. નરરૂપ ઈ૦–તે રમતમાં નરરૂપી જે નિશાળ હતું તેને ઉપાડી નાખ્યું. " નરરૂપ નિશાળ ઉજાડી " (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૭ આંબા—કેરી. દાર્ષ્ટાંત કહે છે: હાડ ઇ૦—સ્પષ્ટ છે.

સ્વર્ગનો મારગ જાડો થયો, જીવતો જવલ્લે કોઇ ગયો;
રૂધિર પ્રવાહે તણાયાં ગામ, તે નદીનું સુભદ્રા પાડ્યું નામ. ૯
મુકુટસોતાં તે મુખકમળ, જાણે ધરા સિંધુમાં થઇ વિમળ;
તણાએ નગારાં નિશાન નફેરી, મચ્છ કચ્છ દેછે માંહી ફેરી. ૧૦
ખડ્ગ ખાંડાં પેલાં તણાય, તે તો જળશિંગીની પેરે જાય;
બખ્તર ભાલાની બંધાઇ પાળ, જાણે નદીએ ગાળી મૂકયો ઓગાળ. ૧૧
ઠામોઠામ તે શબના ઢગલા, જાણે મળી બેઠા પાવસ બગલા;
વીરે ટાળ્યો વસુંધરાનો રોગ, પામી જક્ષણી ભારે ભોગ. ૧૨
ભૂત પ્રેત તે તત્પર થાય, જોઇને હરખ્યો સુરપતિ રાય;
પુષ્પવૃષ્ટિ કરે અપાર, મુનિઓ કરતા જય જયકાર. ૧૩

---

૯ જીવતો ઇ૦–" તે તો જીવ જમલોકે ગયો" (પાઠાંતર પ્ર૦ ૨ જી) સ્વર્ગમાં ન માયા ત્યારે તે જીવસમૂહને જમલોકમાં સ્થાન આપ્યું, એ ભાવ છે. પણ આ પાઠ બરાબર લાગતો નથી. પ્રેમાનંદ સરખો કવિ રણમાં લડતાં મરેલા શૂરાને જમલોકમાં સ્થાન અપાવે એ સંભવિત નથી, માટે લખનારની સમજણનો દોષ જણાય છે.

૧૦ જાણે ઇ૦—જાણે સિંધુમાં ધરા (પૃથ્વી) વિમળ (સ્પષ્ટ-ઉઘાડી) થઈ ન હોય—જાણે સમુદ્રમાં બેટ ન દેખાતો હોય, તેવાં મુગટ સહિત મુખકમળ લોહીમાં જણાય છે ।

૧૧ જળશીંગી—એક જાતનું જળચરપ્રાણી. ઓગાળ—નદીમાં તણાઇ આવેલાં લાકડાં તરણાં વગેરેનો કાંઠે ઠરેલો થર.

૧૨ પાવસ બગલા—પ્રાવૃષ(ચોમાસા)માં એક સ્થળે બેઠેલા બગલા. રોગ—પાપભારરૂપી. " વીરે ટાળ્યો વસુંધરાનો ભાર, પામી જક્ષણી જોગણી આહાર " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

૧૩ ભૂત ઇ૦—" દેવની પુષ્પવૃષ્ટિ થાય " (પ્ર૦ ૧ લીનો પાઠ લેખકના પ્રમાદથી થયેલો છે, કેમકે બીજી લીટીમાં એજ અર્થની પુનરાવૃત્તિ છે). મુનિઓ ઇ૦–" મુનિને વર્ત્યો જે જેકાર " (પાઠાંતર પ્ર૦ ૧ લી). પૃથ્વીનો ભાર ઉતારવારૂપ દેવકાર્ય થઈ રહેવાથી નારદ બળરામને વિશ્વરૂપનો ઉપસંહાર કરવાની પ્રાર્થના કરે છે: નારદ ઇ૦—સ્પષ્ટ છે.

નાચે અપ્સરા સંગીત ગાય, ઉપર ઋષિ નારદ વીણા વાય;
નારદ કે' નમું રેવતીકંથ, હવે સૂક્ષ્મરૂપ ધરો ભગવંત. ૧૪
તમો દુષ્ટ વિડારણ કા'વો, ચોંપે જઇ બાંધવને પરણાવો;
સૂક્ષ્મ રૂપ ધર્યું છે રામ, જાદવ ભેળા કીધા ઠામો ઠામ. ,, ૧૫
મળ્યા હલ્લમળ કરતા હોકારે, અધશસ્તાને જઇ મારે;
ફૂલ્યાફૂલ્યા તે રણમાં ફરે, કોઇને નંગ અનુપમ જડે. ,, ૧૬
કોઈ ઇંદ્રજાતિનો હસ્તી લાવે, કોઇ રત્ન પાલખીએ બેશી આવે;
કોઇ રથના રેવંત છોડે, આણી પાણી પંથા પવન વેગી જોડે. ,, ૧૭
લાવે લક્ષ્માણી માણકના હાર, ઉંટે આણલેખે ભારતા ભાર;
વળી કરે તે આપ વખાણ, મેં તો ભલાં વાવર્યાં બાણ. ,, ૧૮
કે' કૃતવર્મા મેં સહુ કોઈ માર્યું, સાત્યકિ કે' મેં સર્વ સંહાર્યું;
ભૂદેવ કહે મેં ભલું જુદ્ધ કીધું, સત્રાજિત કે' હુંથી કારજ સીધ્યું. ૧૯
અક્રૂર કે' મેં પે'લી ઘાલી હામ, સાત્વત કે' હું જીત્યો સંગ્રામ;
ઉદ્ધવ કે' જાણું છું સઘળો વિવેક, જઇ હળધરને કરો અભિષેક. ૨૦
ધન્ય તું તો રોહિણી કૂખે જાયો, તારો જશ સુરીનર મુનિજને ગાયો;
તારો મર્મ મૂર્ખ શું જાણે, રહ્યા આપનું આપ વખાણે. ૨૧
પ્રભુ કાકાને પ્રીતે કે'છે, હજુ દુષ્ટ સાથે તો દળ બહુ છે;
કાશી રાજા જરાસંધ ચડશે, તેની સામો સંગ્રામ કુણ કરશે. ૨૨

---

૧૫ યુદ્ધ પ્રસંગ વર્ણનનો ઉપસંહાર કરે છે: સૂક્ષ્મ ઈ૦—૨૫૯ છે. ૧૬ મિથ્યા પરાક્રમીની હાંસી કરે છે: અધશસ્તા ઈ૦—૨૫૮ છે. રણની લૂંટ વર્ણવે છે: કોઇને ઈ૦—૨૫૮ છે.

૧૮ લક્ષ્માણી—માણેકની એક જાત (?) ૨૦ જાદવોની મિથ્યા બડાઇ ઉદ્ધવના મર્મ વાક્યથી ઉઘાડી પાડે છે: ઉદ્ધવ ઈ૦—૨૫૮ છે.

૨૨ કાકા—ઉદ્ધવ. યાદવોની આપ વડાઈ સાંભળીને બળરામ તેમની પરીક્ષા માટે યુક્તિવાળાં વચન બોલે છે: હજુ ઈ૦—૨૫૮ છે.

બકસેન બાણાવળી સામો થશે, તેને જોઇને ધીરજ જશે;
એવાં દીન વચન બળદેવે કહ્યાં, સુણી સર્વનાં ધૈર્ય ગયાં. ૨૩
ટેક મેલી તત્પર થાય, એક એકની આગળ જાય;
ભર્યો ભાર નાખ્યો ઉતારી, પે'લી કૃતવર્માએ મોરજ કાઢી. ૨૪
પૂઠે રામ રક્ષા કરતા જાય, નંદાનંદન મુખે જશ ગાય;
સુણી ઉદ્ધવને હરખજ થાય, ધન્ય ધન્ય ધરણીધરરાય. ૨૫

વલણ.

ધન્ય ધન્ય ધરણીધર રાય તેં, જાદવ માન ઉતાર્યું સહી રે;
કહે પરીક્ષિત શુકદેવને, હવે શિશુપાળની શી ગતિ થઇ રે. ૨૬

કડવું ૧૬ મું.

રાગ વેરાડી.

સુભટ ભાગ્યા સાંભળી, શિશુપાળને થયો શોક રે;
જરાસંધને શરણે જઇ, ધાડે રાય પાડે પોક રે. ૧
વરવેષ સર્વે વિડારિયો, રાયે મીઢળ નાખ્યું ત્રોડી રે;
બહુ સુભટ નાઠા સાંભળી, ચોળે છે અંગ રાખોડી રે. ૨
મહિમા તમારો મહીપતિ, જશ જીતીને જાદવ જાય રે;
પુંડરિક વાસુદેવ ખગાસન, દંતવક્ર મારા ભાય રે. ૩
ચાલો હેલા માનમાં જાદવ જીતીએ, કૃષ્ણ રામને લેઇશું સાથ રે;
જો બોલ ઉપર નહિ કરો તો, પ્રાણ તજું મારા ભાય રે. ૪
સુણી ધીરજ કોઇએ નવ ધરી, નવ બોલે મુખથી વાણ રે;
એવી બેહાલ સેના જોઇને, કાઢ્યો ખપુઓ હરવા પ્રાણ રે. ૫

---

૨૪ મોર—પેહેલ. ૨૫ ધરણીધર—પૃથ્વીને ધારણ કરનાર—શેષ.
૧ ધાડે—મોટેથી. ૩ ખગાસન—કૃત્રિમ ગરૂડ ઉપર બેસનારો મિથ્યા વાસુદેવ.

રાય જરાસંધ કે' ધીરજ ધરો, ઉઠી ઝાલ્યા બે હાથ રે;
અલ્યા જીવતો નર ભદ્ર પામશે, મુએ શોક સ્મશાનનો સાથ રે. ૬
અપયશ નથી રણ ક્ષત્રીને, જાય ચઢતા પડતા દિન રે;
હોડે રણ નવ જીતીએ, હોડે શ્રીફળ ન ભાગીએ રાજન રે. ૭
ચિંતવ્યુ અમથું રહે, અણ ચિંતવ્યુ આગળ થાશે રે;
સંસારમાં નર અવતરે, તે સુખ દુઃખને બંધાય પાશે રે. ૮
દુખ પડયું એનાં માતપીતાને, રાખ્યાં કારાગ્રહ મોઝાર રે;
એણે કંસના ભય માટે ગોકુળ સેવ્યું, ગાળ્યા દિન નિર્ધાર રે. ૯
પય દધિ ખાઇને પુષ્ટ થયો, પછે માર્યો કંસ રાજન રે;
મેં ઇશ્વરના પ્રતાપથી, મૂકાવ્યું એનું ધામ ને ધન રે. ૧૦
તે દહાડાનો અગોપ રહેતો, વસાવ્યું સમુદ્ર મધ્યે ગામ રે;
હું તો વેર લેવા જામાત્રનું, ગયો મથુરામાં દ્રાવિડ સ્વામ રે. ૧૧
એ બેમાં પરાક્રમ છે ઘણું, યુદ્ધ કીધું સત્તર વાર રે;
મેં પરાક્રમ જોયું એહનું, મહાબળિયા નિર્ધાર રે. ૧૨
એણે કોઇક દેવ આરાધિયો, માટે જીતે આપણી સાથ રે;
વારા પૂઠે વારો આવશે, જઇ આરાધિયે ઉમયાનાથ રે. ૧૩

---

૬ જીવતો નર ભદ્ર પામશે—" जीवन्नरभद्राणिपश्यति—જીવતો હોય તે કોઈ દહાડો પણ રૂડું જુએ " એ સંસ્કૃત કહેવતનો અનુવાદ. " જીવતોનર ભદ્રા પામશે. " એવા સામળના વચનનો અનુવાદ નથી.

૭ હોડે રણ ન જીતાય, એ વાતને દૃષ્ટાંતથી સમજાવે છે: શ્રીફળ ઈ૦-હોડ કરીને શ્રીફળ ન ભાગિયે; કેમકે તે સદા સર્વદા ભાગશેજ એવું કાંઇ પ્રમાણ નથી. **લોકોક્તિ.**

૧૧ અગોપ—ગુપ્ત (જેમ 'લોપ'નો 'અલોપ" પ્રાકૃતમાં થયો છે તેમ ગોપ' નો 'અગોપ' થયો જણાય છે). જામાત્રનું—જમાઈનું. દ્રાવિડસ્વામ—હે દ્રાવિડના રાજા-શિશુપાળ!

એમ કહી રાય પીછવ્યો, ઉગર્યા તેના ત્યાં પ્રાણ રે;
પછે ઊઠીને રણમાં ખોળી જુવે, મુઆ જીવતા કોણ કોણ રે. ૧૪
સાઠ અક્ષૌહિણી દળ સંહારિયું, તેનું ન મળે અંગ ઇધાણ રે;
ત્રીશ ક્ષોણી અધશસ્તા થયા, તેના વંચ્યા છે પ્રાણ રે. ૧૫

વલણ.

પાંચ અક્ષૌહિણીએ રાય પરવર્યો, પોતા ફેરે ઘેર રે;
શુકદેવ કહે પરીક્ષિતને, હવે કહું રૂકમીની પેર રે. ૧૬

કડવું ૧૭ મું.

રાગ મલ્લાર.

હવે રૂકમી છે રાવત ભલો, એક અક્ષૌહિણી લેઇ સ્વાર;
કરી પ્રતિજ્ઞા સંચર્યો, જીતવા દેવ મોરાર.
તડોવડ બેઉ જણા. ૧
મુજ છતાં મારી ભગિનીને, કેમ હરે ભરવાડ;
જો ભગિની વાળ્યા વિના વળું તો, ન આવું નગર મોઝાર.
તડોવડ બેઉ જણા. ૨
એમ કહી ઉછાંછળો થઇ ઊઠ્યો, સેના સર્વ પાછળ રહી;
પછે એકલો રથે બેશીને, જઈ જદુપતિને મળિયો સહી.
તડોવડ બેઉજણા. ૩
રૂકમીને આવતો દેખી, પ્રભુ પવનવેગે રથ ખેડે;
રૂકમી કે' બીકણશો શું નાસે, હરિ કહે પાપી પડ્યો કેડે.
તડોવડ બેઉજણા. ૪

---

૧ રાવત—ઘોડેસ્વાર (?) ૪ રૂકમી ઇ૦—" રૂકમી કે' બડો બીઆમણો દીસે છે, હરિ ધારે પાપી પડ્યો કેડે. (એવો પ્ર૦ ૨ જી નો પાઠ બરાબર નથી). પાપી—રૂકમી.

રૂકમી કે' અલ્યા ઊભો રહે, ક્યાં જાયે છે વનચર નાઠો;
ત્યારે હરિ કે' મારો વિવાહ કરી, તું તો ગાડુઓ થઈ ગાઠો.
તડોવડ બેઉજણા. ૫

રૂકમી કે' તારો વિવાહ કેમ થાયે, હું ક્ષત્રી ને તું ભરવાડ;
હરિ કે' તું સરખો સંબંધી થયો, હવે મુને કોણ કાઢે નાત બા'ર!
તડોવડ બેઉજણા. ૬

રૂકમી કે' નાતમાં કેમ આવે, તું છે ઘરઘરનો ભીખારી;
હરિ કે' તારા આગળ હાથ ઓડું, તું તો આપની ભગિની તારી.
તડોવડ બેઉજણા. ૭

રૂકમી કે' તું નાતમાં કેમ આવે, રાયનંદનો કેરો ગોપાળો;
(હરિ કે') ફરી ફરી ખોદણાં શું ખોદે, તું તો સગો થયો મારો સાળો.
તડોવડ બેઉજણા. ૮

રૂકમી કે' બડો ઠગ દીસે છે, અલ્યા બોલતાં નથી બંધાતો;
હરિ કે' તુંને નથી આવડતું તો, પૂઠે શું આવ્યો તું ગંધાતો.
તડોવડ બેઉજણા. ૯

રૂકમી કે' અલ્યા ઘણે ઘેર ફર્યો પણ, ખાટું તૂરૂં ફળ નથી ચાખ્યું;
હરિ કહે પે'લું તારૂં પામ્યો તે, અંબાએ આપ્યું મને મુખભાખ્યું.
તડોવડ બેઉજણા. ૧૦

રૂકમી કે' હું બોલું તો, ત્રણ પક્ષ લાજે મારી;

---

૫ રૂકમી મેહેણું દે છે: વનચર ઇ૦—૨૫૯ છે. વનમાં ફરનાર ગોવાળ અથવા વનપશુ. ગાડુઓ—ગંઠીછોડો. ગાઠો—ધસાયો. તું મારો વિવાહ ફોક કરીને શિશુપાળને તારી બેહેન પરણાવી મને છેતરવાનું કરતો હતો પણ તેમ કરતાં તું પોતેજ છેતરાયો, એ ભાવ છે.

૭ હરિ ભિખારીપણાનો સ્વીકાર કરે છે: હરિ ઈ૦—૨૫૯ છે. ૮ ખોદણાં શું ખોદે—" ખોધરાં શું કાઢે " (પાઠાંતર પ્ર૦ ૧ લી). ૧૦ મુખભાખ્યું—મુખમાગ્યું.

ત્યારે હરિ કે' એવું જાણતો હોય તો, કોહી બાંય મે'લની વા'ડી.
તડોવડ બેઉ જણા. ૧૧

રૂકમી કે' ધંતૂરો ખાઇ, કેઇ જનેતાએ રત્ન જણ્યું આવું!
હરિ કે' કારાગ્રહમાં તે ક્યાંથકી, પણ તારે ઘેર કોઈ તે લાવ્યું.
તડોવડ બેઉ જણા. ૧૨

રૂકમી કે' ક્ષત્રી હોય તે સામો થઈ વઢે, અપયશ થાશે તારો;
ત્યારે હરિ કહે હાથ વાવરચની, મુઓ જીવતો જણાઇશ સારો.
તડોવડ બેઉ જણા. ૧૩

એમ કહી રથ પાછો વાળ્યો, જોઇએ કેટલું તારૂં જોર;
પાણી હોય તે બતાવ વે'લો, આજ તોડું તારો તોર.
તડોવડ બેઉ જણા. ૧૪

રૂકમીએ હરિને આવતા દેખી, બાણ મે'લ્યાં પંચાશ;
તે હરિએ પવનાસ્ત્ર મૂકીને, ઉડાડ્યાં આકાશ.
તડોવડ બેઉજણા. ૧૫

રૂકમીએ અર્ધચંદ્ર બાણ કાઢ્યું, અલ્યા હમણાં કરૂંછું ઘાત;
ત્યારે હરિએ સુદર્શન કાઢ્યું, ત્યારે રૂકિમણીએ ઝાલ્યા હાથ.
તડોવડ બેઉ જણા. ૧૬

---

૧૧ ત્રણ પક્ષ—પોતાનો, મોસાળનો અને સાસરાનો પક્ષ. કોહી ઇ૦—**લોકોક્તિ.** અર્થાત્ તારી બેન મારી સાથે નીકળી જાય છે, ત્યારે તેની દરકાર ન રાખતાં જવા દે, એ વ્યંગ્ય છે. "બેન કેમ ન મુકાવે તારી" (પાઠાંતર પ્ર૦ ૨ જી).

૧૨ કોઇ રીતે બોલતાં બંધાય નહિ કે મેહેણાથી લાજે નહિ એવું કૃષ્ણનું વાંકાપણું જોઈને થાકેલો રૂકમી કહે છેઃ ધંતૂરો ઇ૦—સ્પષ્ટ છે. " "ધંતૂરો ખાધો હશે, માટે કુંવર જન્મ્યો આવો" (પાઠાંતર પ્ર૦ ૨ જી). હરિ તેનો પણ ઉત્તર આપે છેઃ હરિ ઇ૦-સ્પષ્ટ છે. હરિનો જન્મ કારાગૃહમાં થયો હતો તે વિદિત છે. ૧૩ વાક્યુદ્ધનો ઉપસંહાર કરી શસ્ત્ર યુદ્ધનો ઉપક્રમ કરે છેઃ ત્યારે ઇ૦ —સ્પષ્ટ છે. હાથ વાવરચ—ઘા કર. ૧૪ પાણી—જોર. ૧૬ સુદર્શન—એ નામનું ચક્ર.

હે હરિ ! હે હરિ ! હાડ ન જઇએ, એ સાળા બનેવીની રાડ;
ગોળ ઘી થાશે એકઠાં, મિથ્યા શીદ કરો વઢવાડ.

તડોવડ બેઉ જણા. ૧૭

બેઉ બળિયા ભલા વઢે, કોઇ હાર્યો નવ જાય;
રૂકમી જ્યારે નાસે ત્યારે, હરિ પૂઠળ તેની ધાય.

તડોવડ બેઉ જણા. ૧૮

રૂક્મીએ બીજું બાણ કાઢ્યું, અલ્યા હમણા કરૂં છું ઘાત;
ત્યારે હરિએ રૂક્મિણી પાછાં ખશેડી, બાણ મૂકિયું પશુપાત.

તડોવડ બેઉ જણા. ૧૯

વલણ.

બાણ મૂક્યું પશુપાત હરિએ, પશુપેર બાંધી તાણ્યો રે;
ટાંટિયો ઝાલી ઘસરડીને, પછે સાંકડે લાગે આણ્યો રે. ૨૦

કડવું ૧૮ મું.

રાગ મેવાડો,

હરિ રથ ચઢી બેઠા રે, જાદવજી હો;
રૂક્મિણી ઉતર્યાં હેઠાં, પ્રીતમજી હો. ૧
મુને શું લાવોછો ધૂતી રે, જાદવજી હો;
સતી ચીલાની વચ્ચે સૂતી રે, પ્રીતમજી હો. ૨
મારા ભાઇનો મૂકોની કેડો રે, જાદવજી હો;
મારા હૃદયા ઉપર રથ ખેડો રે, પ્રીતમજી હો. ૩
એ તો સગો સાળો છે તમારો રે, જાદવજી હો;

---

૧૭ ગોળ ઘી એકઠાં થશે–વૈર ભૂલીને એકઠાં મળીને બેસશે.

૧૯ પશુપાત–એ નામનું બાણ. ૨ ભાઇને બંધાયલો જોઈ ખેદ પામેલી રૂક્મિણી તેને છોડાવવાને હરિની વિનતિ કરે છેઃ મુને ૪૦—સ્પષ્ટ છે.

વડ બાંધવ કહીએ મારો રે, પ્રીતમજી હો. ૪
પે'લી પ્રીતમાં તોડો મન રે, જાદવજી હો;
મારે ઘણા ગાળવાછે દિન રે, પ્રીતમજી હો. ૫
હઠ લીધી રૂક્મિણી રાણી રે, જાદવજી હો;
હરિએ રથમાં નાખ્યો તાણી રે, પ્રીતમજી હો. ૬
ક્ષણ સુખ પામી (તે) રૂક્મિણી રામા રે, જાદવજી હો;
હરિએ કર્યા નવા નવા ભામા રે, પ્રીતમજી હો. ૭
શ્રીકૃષ્ણ કે' થાક્યો મારો ઘોડો રે, જાદવજી હો;
એને જુંસરા હેઠળ જોડો રે, પ્રીતમજી હો. ૮
હરિએ ચાબખા મારિયા ચાર રે, જાદવજી હો;
સતીને નયણે ચાલી જળધાર રે, પ્રીતમજી હો. ૯
તમને વા'લાં તે ગોપીજન રે, જાદવજી હો;
કેમ માનો સતીનાં વચન રે, પ્રીતમજી હો. ૧૦
સતીનાં વાયક શંકર માને રે, જાદવજી હો;
તે તો શિવ પાર્વતી પ્રમાણે રે, પ્રીતમજી હો. ૧૧
સતીએ વિચાર્યું નાથ ધૂતારા રે, જાદવજી હો;
ક્યમ માને તે બોલ અમારા રે, પ્રીતમજી હો. ૧૨
હઠ લેઇને છોડાવ્યો રાણો રે, જાદવજી હો;
તેને ચોટલો સાહીને તાણ્યો રે, પ્રીતમજી હો. ૧૩
હું રૂક્મિણીને આવ્યાં આંસુ રે, જાદવજી હો;
અમો કરગર્યાં ને ફાંસુ રે, પ્રીતમજી હો. ૧૪
મેં તો મર્મ તમારો જાણ્યો રે, જાદવજી હો;

---

૬ નાખ્યો—(રૂકમીને). ૭ ભામા—પ્રપંચ (રૂક્મિને ખીજવવાના).
૧૪ અમો ૪૦—" અમો ઉગટ શ્રીકૃષ્ણજી ફાંસુ રે " (પાઠાંતર પ્ર. ૨ જી).

આગે મામો ચોટલો સાહી તાણ્યો રે, પ્રીતમજી હો. ૧૫
મારા ભાઈ ઉપર હશે રીસ રે, જાદવજી હો;
પે'લું છેદો મારૂં શીશ રે, પ્રીતમજી હો. ૧૬
તમે મારી તે માશી તમારી રે, જાદવજી હો;
પ્રભુ તે ગતિ કરોની અમારી રે, પ્રીતમજી હો. ૧૭
સતીએ કેશ છોડાવ્યા બાંયડી મોડી રે, જાદવજી હો;
ત્યારે રૂક્મિ તે કીધો ઘોડી રે, પ્રીતમજી હો. ૧૮
હરિ તે ઉપર થયા અસવાર રે, જાદવજી હો;
એક ખેંચી તીની તરવાર રે, પ્રીતમજી હો. ૧૯
ઘણી કરે ધશીને ઘાત રે, જાદવજી હો;
કન્યા પડી તે મૂર્છા પાત રે, પ્રીતમજી હો. ૨૦
એને મારો તો તાતની આણ રે, જાદવજી હો;
નિશ્ચે કાઢીશ મારો પ્રાણ રે, પ્રીતમજી હો. ૨૧
ત્યારે હરિએ વાત હૃદે વિચારી રે, જાદવજી હો;
એને મારૂં તો મરશે નારી રે, પ્રીતમજી હો. ૨૨
સતીને વંચાવવા કરી છે છટા રે, જાદવજી હો;
એને મુસ્તકે પાડ્યા છે પટા રે, પ્રીતમજી હો. ૨૩
અરધી મૂછો તે નાખી ત્રોડી રે, જાદવજી હો;

---

૧૫ મર્મ ઇ૦-(રૂકમીનું માથું છેદવા રૂપી). ૧૭ માશી-(પૂતના). ૧૮ બાંયડી—હાથ (શ્રીકૃષ્ણના). " બાંવડી જોડી રે " (પાઠાંતર પ્ર. ૨ જી). ઘોડી—ઘોડીની પેઠે ઘૂંટણ અને હાથ ઉપર ઊંધો પડેલો. ૧૯ તીની—તીખી—તીક્ષ્ણ ધારવાળી. ૨૦ ધશીને—ધશીને (પાઠાંતર પ્ર. ૨ જી). ૨૩ સતીને ઇ૦-" સતીના પ્રાણ વંચાવા કીધી ઘાતારે " (પાઠાંતર પ્ર૦ ૧ લી).

અરધી દાઢી તે ખડગે બોડી રે, પ્રીતમજી હો. ૨૪
પ્રભુ આશી ગોવાળાં જેવી ટેવ રે, જાદવજી હો;
એવે દળ જીતી આવ્યા બળદેવ રે, પ્રીતમજી હો. ૨૫
ભાઇ શો રે કરો છો સોર રે, જાદવજી હો;
કિયો ઝાલ્યો છે મોટો ચોર રે, પ્રીતમજી હો. ૨૬
એ તો ભાઇ બેન બેઉ એક રે, જાદવજી હો;
એમ કહી પીછ્યો વિવેક રે, પ્રીતમજી હો. ૨૭
બળદેવે તે કાપ્યા બંધ રે, જાદવજી હો;
આપણો સાચો થયો સંબંધ રે, પ્રીતમજી હો. ૧૮
કે' છે રૂકમીને રામ રાજાન રે, જાદવજી હો;
હેતે આપો કન્યાનું દાન રે, પ્રીતમજી હો. ૨૯
તું તો સંબંધી થયો અમારો રે, જાદવજી હો;
તોયે દુષ્ટે ઉત્તર નવ વાળ્યો રે, પ્રીતમજી હો. ૩૦
દુષ્ટ રહ્યો નીચું નિહાળી રે; જાદવજી હો;
પછે રૂકિમણી રથે બેસાડી રે, પ્રીતમજી હો. ૩૧
હરિ જઇ રહ્યા સેના મોઝાર રે, જાદવજી હો;
(રૂકમીને આવી)મળ્યા એક ક્ષોણી અસવાર રે, પ્રીતમજી હો. ૩૨
પણ પોતાનું પાળવા માટ રે, જાદવજી હો;
રૂકમી ઘડતો કે'વા ઘાટ રે, પ્રીતમજી હો. ૩૩
નવું નગર વસાવ્યું તેણે ઠામ રે, જાદવજી હો;
(પછે) હરિ પધાર્યા માધવપુર ગામ રે, પ્રીતમજી હો. ૩૪

---

૨૫ ગોવાળાં જેવી—" ગોવાળાંની. " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૨૬ કિયો ઇ૦—" કંઈ મેલો હાસી ખોર રે " (પાઠાંતર પ્ર૦ ૧ લી). —હાસીખોર એવા રૂકમીને છોડી દો. ૨૯ હેતે—" પ્રીતે " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૩૪ માધવપુર—દ્વારકા.

પરિવાર પોતાનો તેડી લીધો રે, જાદવજી હો;
રૂકમી મનમાં ઘણું બીધ્યો રે, પ્રીતમજી હો. ૩૫

વલણ.

રૂકમી બીધ્યો મનમાં ઘણું, એમ હરિએ કીધું હરણ રે;
ભટ પ્રેમાનંદ વર્ણવે, કરો સા'ય અશરણશરણ રે. ૩૬

કડવું ૧૯ જું.

રાગ ધોળ.

હરિ પધાર્યા માધવપુર ગામ, આનંદ શુ રે;
સામો આવ્યો જાદવનો પરિવાર, મળ્યા ગોવિંદ શુ રે. ૧
રાય ઉગ્રસેન ત્યાં આવિયા, આનંદ શુ રે;
આવ્યા સુરસેન વસુદેવ તાત, મળ્યા ગોવિંદ શુ રે. ૨
ત્યાં તો સુભદ્રાજી આવિયાં, આનંદ શુ રે;
આવ્યાં દેવકી રોહિણી માત, મળ્યાં ગોવિંદ શુ રે. ૩
ત્યાં તો છપન ક્રોડ ટોળે મળ્યાં, આનંદ શુ રે;
જેટલા જાદવ તેટલી નાર, મળ્યા ગોવિંદ શુ રે. ૪
ત્યાં તો વિશ્વકર્મા તેડાવિયા, આનંદ શુ રે;
ત્યાં તો મંડપ રચ્યો વિશાળ, મળ્યા ગોવિંદ શુ રે. ૫
ત્યાં તો ચોરી બંધાવી હેમની, આનંદ શુ રે;
ફરી સભા રચી વિશાળ, મળ્યા ગોવિંદ શુ રે. ૬
ત્યાં તો મોતીનાં તોરણ બાંધિયાં, આનંદ શુ રે;
ચીર ચંદરવા છાયા વિશાળ, મળ્યા ગોવિંદ શુ રે. ૭
ત્યાં તો વિવાહની વાત સાંભળી, આનંદ શુ રે;

---

૫ વિશ્વકર્મા—દેવનો શિલ્પી.

ધાઇ આવ્યો મુનિનો સાથ, મળ્યા ગોવિંદ શુ રે. ૮
શુકદેવ કે' હું સાથે હુતો, આનંદ શુ રે;
પે'લા આવ્યા શિવજી તાત, મળ્યા ગોવિંદ શુ રે. ૯
ત્યાં તો વૈશંપાયન અવિયા, આનંદ શુ રે;
આવ્યા વ્યાસ ને જૈમિનિ દેવ, મળ્યા ગોવિંદ શુ રે. ૧૦
ઋષિ નારદ વળી આવિયા, આનંદ શુ રે;
આવ્યા ગિરિજાપુત્ર ગણેશ, મળ્યા ગોવિંદ શુ રે. ૧૧
સનકાદિક ચારે શોભતા, આનંદ શુ રે;
આવ્યા ભૃગુ ને ભરદ્વાજ, મળ્યા ગોવિંદ શુ રે. ૧૨
અલકા નગરથી કુબેર પધારિયા, આનંદ શુ રે;
ભરી રિદ્ધ સિદ્ધ ભંડાર, મળ્યા ગોવિંદ શુ રે. ૧૩
આવ્યા વિશ્વામિત્ર મહામુનિ, આનંદ શુ રે;
આવ્યા વસિષ્ઠ ને વામદેવ, મળ્યા ગોવિંદ શુ રે. ૧૪

---

૯ મુનિના સાથમાંથી મુખ્ય મુખ્યનાં નામ કહે છે: શુકદેવ ૪૦—૨૫૯ છે. શુકદેવ—વ્યાસના પુત્ર—પરિક્ષિતને ભાગવત કહેનાર.

૧૦ વૈશંપાયન—વ્યાસના શિષ્ય—જનમેજય પ્રતિ ભારતના વક્તા. વ્યાસ—મહાભારત અને ચાર વેદના કર્ત્તા. જૈમિનિ-વ્યાસના શિષ્ય—પૂર્વ મીમાંસાના કર્ત્તા.

૧૧ નારદ—બ્રહ્માના પુત્ર. ગિરિજા—(ગિરિ-પર્વતથી ઉત્પન્ન થયેલી)—પાર્વતી. ૧૨ સનકાદિક—સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર, એ ચાર બ્રહ્માના પુત્રો. ભૃગુ—દૈત્યોના ગુરૂ. ભરદ્વાજ-સાત ઋષિઓમાંના એક ઋષિ. ૧૩ અલકા-કુબેરભંડારીની નગરીનું નામ. કુબેર—ધનભંડારના રક્ષકોના અધિપતિ.

૧૪ વિશ્વામિત્ર—ક્ષત્રિય હોઈને તપોબળથી ઋષિપણાને પામેલા એક મુનિ. વસિષ્ઠ—રામના પુરોહિત. વામદેવ—એક તત્વજ્ઞાની મહર્ષિ. દુર્વાસા—રૂદ્રના અંશરૂપ એક ક્રોધી મહર્ષિ.

આવ્યા દુર્વાસા મહાક્રોધી, આનંદ શુ રે;
આવ્યા દત્તાત્રેય અવધૂત, મળ્યા ગોવિંદ શુ રે. ૧૫
ઋષિ કર્દમ કશ્યપ આવિયા, આનંદ શુ રે;
આવ્યા પરાશર પુંડરિક, મળ્યા ગોવિંદ શુ રે. ૧૬
હરિએ હેત કરી બોલાવિયા,આનંદ શુ રે;
મુનિએ દીધો છે આશિર્વાદ, મળ્યા ગોવિંદ શુ રે. ૧૭
હરિએ વંદીને પાસે બેસાડિયા, આનંદ શુ રે;
થયા ગર્ગાચાર્યજ ગોર, મળ્યા ગોવિંદ શુ રે. ૧૮
પે'લા ગણેશ પાટ બેસાડિયા, આનંદ શુ રે;
નવ ગ્રહનું સ્થાપન થાય, મળ્યા ગોવિંદશું રે. ૧૯
વસુદેવને ગ્રહશાંતિ બેસાડિયા, આનંદ શુ રે;
બેઠાં દેવકી રોહિણી માત, વિવાહ ગોવિંદ શુ રે. ૨૦
જવ તિલ ને શ્રીફળ હોમિયાં, આનંદ શુ રે;
ઘી હોમ્યું અસંખ્ય અપાર, વિવાહ ગોવિંદ શુ કરે. ૨૧
ત્યાં દેવકીપુત્ર તૃપત થયા, આનંદ શુ રે;
મુનિએ વરત્યો જય જયકાર, વિવાહ આનંદ શુ રે. ૨૨
ત્યાં તો વરકન્યા પધરાવિયાં, આનંદ શુ રે;
ગુરૂજી કે'છે વારો વાર, વિવાહ ગોવિંદ શુ રે. ૨૩
હરિને બળદેવે કેડે બેસાડિયા, આનંદ શુ રે;

---

૧૫ દત્તાત્રેય—અનસૂયાના પુત્ર. ૧૬ કર્દમ— સાંખ્યશાસ્ત્રના કર્તા કપિલ મુનિના પિતા. કશ્યપ—સપ્તર્ષિઓમાં સૌથી વડેરા બ્રહ્માના પુત્ર. પરાશર —વ્યાસના પિતા. પુંડરીક—એક હરિભક્ત મહાત્મા.

૧૮ ગર્ગાચાર્ય—યાદવોના પુરોહિત. ૧૯ વિવાહ વિધિનો અનુક્રમ વર્ણ્યો છે: પેહેલા ઈ૦—૨૫૯ છે. ૨૧ અસંખ્ય અપાર—માપની સંખ્યા વિનાનું અને પાર વિનાનું. ૨૨ દેવકીપુત્ર—ભગવાન.

તેડી લાવ્યા તે મંડપ માંય, વિવાહ ગોવિંદ શુ રે. ૨૪
હરિને હેમને બાજઠ બેસાડિયા, આનંદ શુ રે;
પાસે બેઠા બળદેવ ભ્રાત, વિવાહ ગોવિંદ શુ રે. ૨૫
હવે કન્યાને પધરાવિએ, આનંદ શુ રે;
ગુરૂજી કે'છે વારોવાર, વિવાહ ગોવિંદ શુ રે. ૨૬
આવી સુભદ્રાજી બોલિયાં, આનંદ શુ રે;
વહુજી ક્યાં રે વિસાર્યો બાપ, વિવાહ ગોવિંદ શુ રે. ૨૭
વળી તમને તે કેડે કોણ બેસાડશે, આનંદ શુ રે;
ભાઇનો મૂકોને અભિલાષ, વિવાહ ગોવિંદ શુ રે. ૨૮
તમને કન્યાદાન કોણ આપશે, આનંદ શુ રે;
વહુજી બીજો કરોની બાપ, વિવાહ ગોવિંદ શુ રે. ૨૯
એવાં વચન નણદીનાં સાંભળી, આનંદ શુ રે;
સતીને નયણે ચાલી જળધાર, વિવાહ ગોવિંદ શુ રે. ૩૦
સહુ સુભદ્રાને ખીજીઆં, આનંદ શુ રે;
સતી બોલાવી બોલે નહિ, વિવાહ ગોવિંદ શુ રે. ૩૧

વલણ.

બોલાવી બોલે નહીં, આવ્યાં દેવકી રોહિણી માત રે;
મંડપમાં ત્યારે આવશું, જ્યારે કરૂં બીજો બાપ ને ભ્રાત રે. ૩૨

કડવું ૨૦ મું.

રાગ ગોડી લહેકણી.

રૂક્મિણીએ આંખે ભરિયાં પાણી રે,

૨૭ નણંદ વહુને મર્મમાં મશ્કરી કરીને નણંદપણું બતાવે છે: આવી ઇ૦— ૨૫૯ છે. ૩૧ નણંદના તીક્ષ્ણ વચન માટે તેને ઠપકો આપે છે: સહુ ૪૦—૨૫૮ છે.

તે તો વાત બ્રહ્મસદનમાં જાણી રે;
હરખ રૂડો હૃદયે આણી રે,
ઉઠી ધાયાં બ્રહ્મા ને બ્રહ્માણી રે. ૧
આવતા દીઠા વિશ્વના તાત રે,
ઉઠી ભેટ્યા વિરંચિને દીનોનાથ રે;
રૂક્મિણી લાગ્યાં સાવિત્રીને પાય રે,
માતા સામું જુએ તો દુઃખ પળાય રે. ૨
મારૂં મૈયર વિદર્ભ દેશ રે,
પ્રભુ મુને ધૂતી લાવ્યા પરદેશ રે;
જે કો માત તાતને મૂકી જાશે રે,
તે નારી ઘણું લા'ણે લેવાશે રે. ૩
માતા મારી પુત્રી કહીને બોલાવો રે,
તમો કો' ને બ્રહ્માજી પાસ કે'વડાવો રે;
સાવિત્રીએ લીધી હૃદયા સાથે રે,
પુત્રી પો'ચી આશા સાહી નાથે રે. ૪
સાવિત્રીએ પે'રાવ્યા સોળ શણગાર રે,
ઓરાઢ્યાં દેવ અંબર અતિ સાર રે;
તેડીને મંડપમાં પધરાવી રે,
બ્રહ્માજીએ પુત્રી કહીને બોલાવી રે. ૫
બ્રહ્માજીએ બેસાડી ઉચ્છંગ રે,
રૂક્મિણીનો વાધ્યો ઘણો રંગ રે;

---

૩ લા'ણે લેવાશે—અર્થાત્ નુકસાનીમાં આવશે. " તે નારી લેખે ઘણું લેવાશે રે " (પાઠાંતર પ્ર. ૨ જી). ૪ પુત્રી પો૦—" પુત્રી [તારી] પોચશે મનની આશરે " (પાઠાંતર પ્ર. ૨ જી). આ ચરણુની પૂર્વના ચરણુમાં " સાથે " તે ઠામે " પાસ " પ્રાસ હોવો જોઈએ. ૫ દેવ અંબર દિવ્યવસ્ત્ર.

બ્રહ્માજી તો દે છે કન્યાદાન રે,
સામા બેઠા શ્રીભગવાન રે; ૬
કંઠમાં આરોપી વરમાળા રે,
સામા સામી તે છેડા ગાંઠ્યા રે;
સામા સાગી હાથેવાળો સા'ય રે,
સામાસામી તાંબૂલ છંટાય રે. ૭
વરકન્યા રંગમાં (થયાં) ઝાકમ ઝોળ રે,
બળભદ્ર હીંડે છે હરિની જોડ રે;
વરજીએ ગ્રહ્યો કન્યાનો હાથ રે,
આગળ ચાલ્યો નરસુરનો સાથ રે. ૮
રૂકિમણી હીંડે બ્રહ્મા મળતી રે,
જાણે તેજમાંથી તારૂણી પ્રગટી રે;
રૂકિમણીનાં વાએ અંબર ફરકે રે,
જાણે સામાસામી ચંદ્રમા ઝળકે રે. ૯
બ્રહ્મરૂપ શોભે છે ગુણનો સાગર રે,
જાણે હરિ મથવા આવ્યા રત્નાકર રે;
આગે ચૌદ રત્ન કાઢ્યાં મથી રે,
જાણે હમાણા પ્રગટ થઇ છે સતી રે. ૧૦
બ્રહ્માજીએ ઘડિયું તે દેવનું ગાત્ર રે,
આ જોઇ મોહ્યા મુનિ માત્ર રે;
ગર્ભયોગી કે' નજરે મેં જોયું રે,
તાતપણા માટે મન મારૂં મો'યું રે. ૧૧

---

૧૧ ગર્ભયોગી—શુકદેવ. તાતપણા માટે ઇ૦—બ્રહ્મા રૂકિમણીના પિતા થયા એ એક એવો અલૌકિક બનાવ બન્યો કે તેથી મને બહુ આશ્ચર્ય લાગ્યું.

પરીક્ષિત મનમાં સંદે' પેઠો રે,
કહો સ્વામી કોને કોને દોષ બેઠો રે;
શુકદેવ કે' ન દોષનું કારણ રે,
વિશ્વપિતા આવ્યા જગતારણ રે. ૧૨
એમ સાવિત્રીએ કરી ભૂપાળ રે,
તેણે સમે વિસરી દુઃખ બાળ રે;
રૂક્મિણી જોતાં થઇ સર્વની બેન રે,
જાદવ જાન ભ્રાત થઇ સુખદેણ રે. ૧૩
બ્રહ્માજીએ વરત્યાં મંગળ ચાર રે,
એક એક બેસાડ્યાં નરનાર રે;
પે'લું પે'લું મંગળ વરતાય રે,
આપ્યાં આપ્યાં મણિ માણેક હય ને ગાય રે. ૧૪
બીજું બીજું મંગળ વરતાય રે,
આપ્યાં આપ્યાં ગજજૂથ મા'કાય રે;
ત્રીજું ત્રીજું મંગળ વરતાય રે,
આપ્યાં આપ્યાં મૌક્તિક કંચન ત્યાંય રે. ૧૫
ચોથું ચોથું મંગળ વરતાય રે,

---

૧૨ સંદેહ ઇ૦—લક્ષ્મીરૂપ રૂક્મિણી વિષ્ણુની પત્ની છે અને બ્રહ્મા વિષ્ણુના નાભિકમળમાંથી ઉપજ્યા છે માટે વિષ્ણુના પુત્ર છે અને તેથી લક્ષ્મીરૂપ રૂક્મિણીના પણ પુત્ર છે. એમ છતાં અહીં તાતપણું અંગીકાર કર્યું એ દોષ લક્ષ્મીને, બ્રહ્માને, કે વિષ્ણુને ? એ સંદેહ છે. સમાધાન કરે છે: વિશ્વપિતા ઇ૦—બ્રહ્મા જગતના સૃષ્ટા હોવાથી દેહધારી માત્રના તાત છે; લક્ષ્મી પણ રૂક્મિણીરૂપે માનવી દેહધારિણી હોવાથી તેના પણ તાત છે. એ ન્યાયથી દોષ નથી.

૧૩ સર્વની બેન—(બ્રહ્માની પુત્રી હોવાથી). કૃષ્ણ સ્વયંભૂ હોવાથી બ્રહ્માની સૃષ્ટિમાં નથી માટે તેની માત્ર બેન નહિ, એ વ્યંગ્ય છે.

આપ્યાં આપ્યાં નાના વિધનાં દાન રાય રે;
ત્યાં તો ગુણીજન ગાય બહુ ગીત રે,
જેવી જાદવકુળની ઉત્તમ રીત રે. ૧૬
જાદવકુળની શોભે છે ભલી જાન રે,
ગુણીજન ભલું કરે છે વખાણ રે;
બ્રહ્માજીએ વરત્યાં મંગળ ચાર રે,
એક આસને બેઠાં નર નાર રે. ૧૭
બ્રહ્માજી તો પીરસે છે કંસાર રે,
સાવિત્રી માતા નામે છે ઘૃતધાર રે;
સામા સામી વાળ્યા તે ઉછીના કોલ રે,
ત્યાં તો જદુપત્ની ગાયે અનુપમ ધોળ રે. ૧૮

વલણ.

જદુપત્ની ગાય અનુપમ ધોળ ત્યાં, હરખ થઇ રહ્યો અપાર રે;
એવે સમે ત્યાં આવિયાં, પાર્વતી ને ત્રિપુરાર રે. ૧૯

કડવું ૨૧ મું.

રાગ નટની દેશી.

રૂક્મિણીએ હરખ ધરી, પાર્વતીને નામ્યું શીશ રે;
મસ્તક ઉપર હાથ મૂકી, ઉમયાએ દીધું આશિષ રે. ૧
ઉઠી શ્રીકૃષ્ણ શંકરને મળિયા, અન્નપૂર્ણાને દીધું માન રે;
રસોઇમાં પેસો તમો, મારે જમાડવી છે જાન રે. ૨

---

૧૮ નામે છે—રેડે છે. કોલ—કોળિયા.

સહસ્ર ઇઠ્યાશી સંતોષવા, તેને ભાવતાં દો ભોજન રે;
તમો વિના કોણ નિપાવે, વિધ વિધકેરાં અંન રે. ૩
કપટ કોટ કરાવિયો, એકાંત રસોઇનું ધામ રે;
સાવિત્રી ને રૂકિમણી, ઉમયા ગયાં તે ઠામ રે. ૪
જ્યાં અન્નપૂર્ણા પોતે વસે, ત્યાં અન્નની શી ઉણ રે;
મુનિ નાહીને આસને બેઠા, ભણે વેદની ધુન રે. ૫
આપ્યા સુવર્ણ લોટા સર્વને, બત્રીશી સર્વને થાળ રે;
ચોકા ત્યાં કીધા જુજવા, જ્યાં મળ્યું વર્ણ અઢાર રે. ૬
પકવાન્ન પીરશ્યાં પ્રીતશું, વિવિધ પાપડ શાક રસાળ રે;
વરરાયને તે ઘાં પીરસે, થઇ રહ્યો જયજયકાર રે. ૭
જ્યાં જોઇએ ત્યાં ત્રણનાં ત્રણ, હાંફુલાં ફાંફુલાં જાય રે;
પરિવેષાં ભોજન ભાવશું, ફરી મુખવાસ અપાય રે. ૮
જાનમાં આવી કરે, બળદેવજી તો મનુહાર રે;
જાંદરાણીની ઘાલમાં, જઇ ઉઠી પીરસે દેવમુરાર રે. ૯
અદ્ભુત શોભા શ્રીકૃષ્ણની, નારી નિરખે ધરી નેહ રે;
કરે કટાક્ષ મનમાં હરખે, સ્વામી મા ધરો સંદેહ રે. ૧૦
એક ગ્રાસ લેઇને હાથમાં, કૌતુક હરિનું કરતી રે;
પ્રભુ ગોવાલણીને હાથે જમતા, તેથી અમો નથી નરતી રે. ૧૧
ત્યારે એક કહે ધન્ય રૂકિમણી, હરિનો લેશે અધર મુખરંગ રે;
ત્યારે એક કહે હરિ લાજશે, તારા બોલ્યામાં નથી ઢંગ રે. ૧૨
ત્યારે એક કહે એ શેણે લાજે, એની કીકીમાં કામણ રે;

---

૩ નિપાવે—" પીરસશે " (પાઠાંતર પ્ર૦ ૨ જી). ૪ કપટ કોટ—ખરેખરો કોટ ન છતાં કોટ જેવો દેખાય તે—કામચલાઉ કોટ. " કપડ કોટ " હોયતો વસ્ત્રનો કોટ—કનાતો. ૬ બત્રીશી—બત્રીશ વાનીની. ૮ ત્રણ—સાવિત્રી, ઉમયા (અન્નપૂર્ણા), રૂકિમણી.

વાંસળી વજાડીને તેડતો, ગોપીઓને દેતો આલિંગન રે. ૧૩
એને સદા વહાલી સુંદરી, આજ આપણા ઉપર ભાવ રે;
હું તો દા'ડી દર્શન ઇચ્છતી, આજ પડ્યો મારો દાવ રે. ૧૪
બેઠી સત્રાજિતની બાળકી, તેના રૂપતણો નહિ પાર રે;
મરકલડું કરી મોહન હસિયા, ત્યારે બોલી રાજકુમાર રે. ૧૫
પામ્યો સોળવદની સુંદરી, તોયે ન આવ્યો ઢંગ રે;
પરણ્યા પછી પરનારનો, સાધુએ તજવો સંગ રે. ૧૬
બારે બુદ્ધિ ને સોળે સાન, તેને વીશે ડા'પણ નવ આવે રે;
પણ મુજ સરખીને વર્યા હોત તો, આપદા સર્વ મૂકાવે રે. ૧૭
હરિ કહે જો હેત હશે તો, ક્યાં તમારાં કરશું રે;
જાંબવતીને પરણ્યા પૂઠળ, તારૂણી તુજને વરશું રે. ૧૮
અર્ધ અંગ છે રૂકિમણીને, અર્ધ અંગ જાંબવતી રે;
મારા પર બિરાજની સુંદરી, ઘનશ્યામમાં ભળતી રે. ૧૯
અવનિ તે આતુર અવતરી, માટે સૂચવી જોડ રે;
જાંદરાણી જાનમાં કરે કૌતુક, હરિએ પૂર્યા મનના કોડ રે. ૨૦

---

૧૭ બારે ઇ૦—જેને બાર વરસની વયે બુદ્ધિ અને સોળ વરસની વયે સાન ન આવે તેને વીસ વરસની વયે ડાહાપણ પણ ન આવે.

૧૮ જાંબવતી ઇ૦—સ્પષ્ટ છે. અર્થાત્ રીંછડી કરતાં તારો દરજ્જો ઉતરતો છે એ વ્યંગ્ય. વળી તું મારે કશા લેખામાં નથી એવું વ્યંગ યુક્ત વચન કહે છે. અર્ધ ઇ૦—સ્પષ્ટ છે. મારા પર ઇ૦—જે સુંદરી ઘનશ્યામ વર્ણમાં ભળતી આવે તે મારા ઉપર (મારા હૃદય કે ખોળા ઉપર) બીરાજે છે. અર્થાત્ તું તો ગોર અને રૂપગર્વિતા છે, માટે રૂકિમણી વગેરેની પેઠે મારી સાથે ભળતી નથી આવતી–મારા લાયક નથી, એ વ્યંગ્ય. "પણ પરાણે ભળતી રે" (પાઠાંતર પ્ર. ૨ જી) ૨૦ ત્યારે તેને પાછળથી કૃષ્ણ કેમ વર્યા, તેનો ખુલાસો કરે છે: અવનિ ઇ૦—અવનિ (પૃથ્વી) કૃષ્ણના રૂપને જોઇને તેને પરણવાને આતુર થઈને મનુષ્યરૂપે અવતરી છે, માટે તેને જોડમાં ગણિયે છીએ.

સભા પૂરી બેઠા સુભટ, ત્યાં તો આવ્યા શ્રીરણછોડ રે;
કર્યાં કુંકુમ કેસર છાંટણાં, થઇ રહ્યો ત્યાં રંગરોળ રે. ૨૧
નટવા નાચે ને નૃત્ય કરે, ગુણીજન ગાયે ગીત રે;
ગણિકા મણિકા પૂતળી, દેખાડતી ઘણી પ્રીત રે. ૨૨
યાચકનાં દારિદ્ર કાપિયાં, બહુ રિદ્ધ આપી હળધર વીર રે;
પુરૂષને જામા પાઘડી, નારીને આપ્યાં ચીર રે. ૨૩
ફરી માગ્યાની તૃષ્ણા નવ રહી, શણગાર રૂડા સરજે રે;
સાવિત્રી કહે રૂકિમણીને, તું સ્વામીની સેવા કરજે રે. ૨૪
બોલો મધુરી વાણી ઘુંઘટતાણી, સેવા કરજો દિન રાત રે;
અધિકો જશ જુગ માંહે જામે, વળી સર્વ થાશે રળિયાત રે. ૨૫
જગતપિતાએ કહ્યું જમાઇને, નામ ધરો પુણ્યશ્લોક રે;
મુનિ સર્વ મળી અભિષેક કીધો, બ્રહ્મા ગયા બ્રહ્મલોક રે. ૨૬
વર કન્યકા વધાવીને, શિવ શક્તિ ગયાં કૈલાસ રે;
પૂઠેથી જાન પરિવાર સહુ, ગાય શ્રીકૃષ્ણ લીલા વિલાસ રે. ૨૭
જાન લેઇ શ્રીકૃષ્ણ આવ્યા, દ્વારિકા મોઝાર રે;
ઘેર ઘેર આનંદ અતિઘણો, બાંધ્યાં તરિયા તોરણ બારરે. ૨૮

વલણ.

બાંધ્યાં તરિયા તોરણ બારણે, ઘેર ઘેરથી નારી નિસરી રે;
હરિમુખ જોવા હેતશુ, લાજ મર્યાદા મૂકી પરિ રે. ૨૯

કડવું ૨૨ મું.

રાગ રામગ્રી.

પુરમાં હરિ પેસતાં, ભીડ થઇ અતિ ભારી;

---

૨૫ અધિકો ઇ૦–" જશતો અધિકો આવશે, એમ સર્વ સાંપ્રત ભાવ રે " (પાઠાંતર પ્ર૦ ૨ જી).

મેડી અટારી છજાં બારી, ચઢી જુએ નર ને નારી. ૧
હયદળ પાયદળ પાલખી, માંહોમાંહે રથ અટકે;
નોબત નાદે ઉંટ ત્રાડે, ઘોડા હસ્તી ભડકે. ૨
ત્યારે કામિનીઓ કલપે ઘણું, હરિનું દર્શન કેઇ પેર થાશે;
હરિ હસ્તીના હોદ્દાપર બેઠા, રૂક્મિણી બેસાડી પાસે. ૩
રત્ન સિંહાસન હેમ સાંકળાં, અંકુશે મણિની જ્યોત;
હરિએ મધ્યે આસન વાળિયું, ઉપર ઇંદ્રવરણો કોટ. ૪
સામાં બેઠાં રૂક્મિણી, નિકટ હળધર ભ્રાત;
ત્યાં સુભદ્રાજી લુણ ઉતારે, જુક્તે જુએ જાદવ સાથ. ૫
હસ્તી જે બહુ જાતના, ઉપર બેસતો શિશુપાળ;
તે કૃતવર્માને હરિએ આપિયા, અતિ રંગે ઝાકઝમાળ. ૬
એમ વાહન સહુ આપિયાં, વેહેંચી શૂર સમર્થ;
તે તેના પર બેશી નિસર્યા, હારે જોઇ ધનદનો ગર્વ. ૭
કોઇ મુગ્ધા કોઇ બાલુડી, કોઇ મધ્યા પ્રગલ્ભા નાર;
આકાશિકા માંહે અડી, કરતી વિવિધ વિચાર. ૮
કોઇ જરૂખામાં જુવતી, મળી સામટી દશ વીશ;
તર્ક વિતર્ક કરે ઘણા, કે'તી ધન્ય ધન્ય જગદીશ. ૯
એને આદર્યું ઓછું નવ રહ્યું, જાણે ઉગિયો પૂનેમશશિ;
બીજી કે' કિરણો કનકની, કરે ઝાંખો રવિ શશિ ઘશી. ૧૦

---

૪ ઇંદ્રવરણો—મેઘશ્યામ. ૭ ધનદ–કુબેર. ૮ મુગ્ધા ઇ૦–મુગ્ધા, મધ્યા, પ્રગલ્ભા, વગેરે સ્ત્રીઓની જૂદી જૂદી અવસ્થાઓ છે. આકાશિકા—અગાશી.

૯ તર્ક વિતર્ક-ઉત્પ્રેક્ષા. ૧૦ પેહેલી સ્ત્રી કૃષ્ણને પૂર્ણચંદ્રરૂપે ઉત્પ્રેક્ષે છે: એને ઇ૦—સ્પષ્ટ. બીજી ઇ૦-એ પૂર્ણચંદ્ર નથી પણ સોનાનાં કિરણવાળો રવિ છે તે ઘશીને શશિને ઝાંખો કરે છે. હેતૂત્પ્રક્ષા અને અપન્હુતિ.

ત્રીજી કે' નથી એમ તો, રહ્યાં સોમનાં બિંબ વશી;
તારા સાથે મારા કૃષ્ણજી, રહ્યા રેણીમાં ફેણી લસી. ૧૧
ચોથી કે' હાથીનો હોદ્દો લઇ, આવ્યા સુરરાજ ઉલ્લાસ;
હરિ વિવાહ અર્થે આવિયા, જોની બેઠી ઇંદ્રાણી પાસ. ૧૨
પાંચમી કે' વાસવ વજ્ર ધરી રહ્યો, જેણે અસુરનું દળ ભક્ષ્યું;
છઠી કે' હરિએ હણ્યું આનંદમાં, તેણે શોભે છે ચક્ષુ. ૧૩
સાતમી કે' મઘવાએ મત્સ્ય ચઢાવિયો, જોની ધનુષ્યના પચરંગ;
આઠમી કે' હરિ પરણ્યા આદરે, માટે એ તો શોભે શારંગ. ૧૪
નવમી કે' મસ્તક ઉપર વીજળી, ચમકે ઇંદ્રને વારંવાર;
દશમી કે' સુભદ્રા લુણ ઉતારતી, ઝળકે છે ઉરને ભાર. ૧૫
અગિયારમી કે' ઐરાવત એ જણાય છે, જો માતલી છે માવત;
બારમી કે' તું વિના સહુ ઓળખે, ગ્રહી અંકુશ બેઠો મહત. ૧૬
તેરમી કે' ઈંદ્ર નિશ્ચે જાણવો, જોની શોભે સુરનાં વિમાન;
ચતુરા ચૌદમી ભાખતી, રથારૂઢ જાય જાદવ મહાન. ૧૭

---

૧૧ ત્રીજી સ્ત્રી રૂકિમણીને તારા રૂપ કલ્પીને કૃષ્ણને ચંદ્રબિંબરૂપે ઉત્પ્રેક્ષે છે: ત્રીજી ઇ૦—સ્પષ્ટ છે. ફેણી ઇ૦—ફણા(મસ્તક)રૂપે લસી (શોભી) રહ્યા છે.

૧૨ હવે ઉત્પ્રેક્ષા અને અપન્હુતિથી ઈંદ્રરૂપે કૃષ્ણને વર્ણે છે: ચોથી ઇ૦-સ્પષ્ટ છે. સુરરાજ—ઈંદ્ર.

૧૩ વાસવ—ઈંદ્ર. ૧૪ શાર્ઙ્ગ ધનુષ્યને ઇંદ્રધનુષ્યરૂપે ઉત્પ્રેક્ષે છે: સાતમી ઇ૦-સ્પષ્ટ છે.

૧૫ સુભદ્રાને વીજળીરૂપે ઉત્પ્રેક્ષે છે: નવમી ઇ૦-સ્પષ્ટ છે. ૧૬ હાથીને ઐરાવત રૂપે ઉત્પ્રેક્ષે છે: અગિયારમી ઇ૦—સ્પષ્ટ છે. માતલિ-ઇંદ્રનો સારથિ ૧૭ રથને વિમાનરૂપે ઉત્પ્રેક્ષે છે: તેરમી ઇ૦—સ્પષ્ટ છે.

પંદરમી કે' એહ ઇંદ્ર છે, ગયો બળિથી ગુંચાઇ;
સોળમી શ્યામા ઉચરી, એ તો ગયો આભૂષણે અમુઝાઇ. ૧૮
સત્તરમી કે' રીઝયા શો દેખાય છે,જાણે માગે વામન મુજ કાજ ભીખ;
વિરાટ રૂપ જોઇ રાચતો, વળી દેવાને જાતો શીખ. ૧૯
અઢારમી કે' રીઝે હરિ, જોઇ રણધીર બળદેવ;
વિરાટ રૂપ સંહારિયું, જ્યારે સુરે સાધી સેવ. ૨૦
ઓગણીસમી કે' એ શક્ર છે, જેણે વલોવ્યો સાગર;
વીશમી કે' રત્ન નવ જડ્યાં, બેની કીધું કચ્છપે બળ. ૨૧
વસ્તુ તો તેને મળી, થયો એ તો ભૂપનો ભૂપ;
રિપુને કર રતન ચઢ્યાં, નરે ધર્યું નારીનું રૂપ. ૨૨
બેની તાપસ તપ મૂકાવિયાં, એ તો ઇંદ્ર અનુપ;
અલિ એણે વરવાળાને મારિયા, કર્યા સહુ તદ્રૂપ. ૨૩
બેની એણે સંહારિયો, મોટો વૃત્રાસુર;
અલિ એણે વાહીને વસ્તુ ગ્રહી, જોતાં સુર અસુર. ૨૪
ન હોય ઇંદ્ર એ છે કૃષ્ણજી, જેણે આપ્યું મુનિને બળ નિરધાર;
નો'ય ઇંદ્ર કમળલોચન ખરા, જેને નથી નેત્ર હજાર. ૨૫

---

૧૯ વિરાટરૂપબળરામે યુદ્ધમાં ધારણ કર્યું હતું તે. (એ રૂપને, બળી-રાજાને છળતાં વિષ્ણુએ ધારણ કરેલું વિરાટરૂપ માનીને ઉત્પ્રેક્ષા કરી છે).

૨૧ શક્ર-ઇંદ્ર. પાછળ તર્ક વિતર્ક કરનારી સ્ત્રીઓની સંખ્યા દશવીશ કહેલી હતી તે સંખ્યા પૂરી કરે છેઃ વીશમી ઈ૦-સ્પષ્ટ છે.

૨૨ વસ્તુ-(લક્ષ્મીરૂપી). અમૃતમથન વખતે દેવ અને અસુરનો પ્રસંગ સ્મૃતિમાં આણે છેઃ રિપુને ૪૦-રિપુ(દૈત્યો)ને કર રત્ન (લક્ષ્મી આદિક) ચઢ્યાં તે માટે નરે (વિષ્ણુએ)) નારીનું (મોહનીનું)રૂપ ધર્યું. તાત્પર્ય કે શિશુપાલાદિ દૈત્યોને મોહ પમાડીને રૂકિમણીરૂપી રત્ન પોતે લીધું, અને બીજાં હાથી વગેરે રત્ન યાદવોને અપાવ્યાં.

૨૩ શિશુપાળના પક્ષનાઓને તાપસરૂપે વર્ણે છેઃ બેની ઈ૦—સ્પષ્ટ છે. ૨૪ વૃત્રાસુર—(રૂકમીનું રૂપક). ૨૫ ન હોય ઇ.-(અપન્હુતિ).

રન્નાદે સરખી રૂક્મિણી, રવિ રૂપ દેવ મુરાર;
તેનો હવે નિશ્ચે કરાવું, સુણ રૂપગર્વિતા નાર. ૨૬
અલિ કશ્યપ કુંવરે સર્વ શોષ્યું, જોની જેનાં સહસ્ર કિરણ;
હરિએ સ્થળ જળ સર્વ તોષ્યું, કૃષ્ણ રૂપ સહસ્ર ધરણ. ૨૭
શશિ ઉગે સર્વ સંતોષ પામે, ટળે તનના તાપ;
શ્રીકૃષ્ણજીનું નામ લેતાં, એની ટળે ભવનાં પાપ. ૨૮
એક કહે શશિ વેગળો, હરિ શીતળ સોમ સમાન;
એને રૂક્મિણીએ અધિક કર્યો, દ્યુતિમાન મહાન. ૨૯
અલિ રતિપતિએ સર્વ બોળ્યું, શ્રીકૃષ્ણે તાર્યું સર્વ;
કામી ક્રોધી લંપટ બહુ, અસુર ધરતા ગર્વ. ૩૦
ઉપમા તે કોની આપિયે, ના મળ્યું એકું પ્રશ્ન;
એ રૂક્મિણી તે રૂક્મિણી, શ્રીકૃષ્ણ તે શ્રીકૃષ્ણ. ૩૧
સરજે પાળે ને સંહારે, એણે નિપાવ્યા જીવ;
એ બ્રહ્મા ને એ બ્રહ્માણી, એ શક્તિ ને એ શિવ. ૩૨
એક બાઇ પૂજાનાં ફળ, પામી રૂકમીકેરી ભગની;
સ્વાહા તે સરખી શોભતી, હરિ જળહળતા છે અગનિ. ૩૩
અલિ અગનિ ઉપમા ન શોભે એને, જે ન જોતો મારૂં તારૂં;
હરિ ઉંચ નીચ જાણે નહિ, નામ લેતાં સહુ કો તાર્યું. ૩૪

---

૨૭ સૂર્ય અને રન્નાદે સાથે કૃષ્ણ અને રૂક્મિણીની સમાનતા (અથવા અધિકતા) વર્ણવે છેઃ અલિ ઈ૦—૨૫૮ છે. કશ્યપકુંવર–સૂર્ય. **પ્રતીપાલંકાર.**

૨૮ ચંદ્ર સાથે સરખાવે છેઃ શશિ ઈ૦–**વાચકલુપ્તા** અને **પ્રતીપ.** ૨૯ દ્યુતિમાન—કાંતિવાળા. ૩૦ કામદેવ કરતાં અધિકતા વર્ણે છેઃ અલિ ઈ૦-૨૫૯ છે. રતિપતિ–કામદેવ. ૩૧ એ ઈ૦–(**અનન્વયાલંકાર**). ૩૨ એ બ્રહ્મા ઈ૦—**અભેદતાદ્રૂપ્ય**- રૂપક. ૩૩ સ્વાહા ઈ૦—**પૂર્ણોપમા.**

એક કહે એતો પદ્મિની, હરિ પદ્મનાભ પરમેશ;
હરિ લઘુવેષે શોભતા, બાળા તે બાળે વેષ. ૩૫
એક કહે એ કુશળ રે'જો, એ કન્યા ને એ વર;
હરિ હસ્તી ઉપરથી ઉતર્યા, આવ્યું વસુદેવજીનું ઘર. ૩૬

વલણ.

વર કન્યા તોરણ રહ્યાં, પોંકી લીધા હરિ ઘરમાં આવિયા રે;
ગર્ગાચાર્યે વિધિ કરી, ગણપતિ પાય લગાડ્યા ભાવિયા રે. ૩૭

કડવું ૨૩ મું.

રાગ ધોળ.

તારે દોરડિયે દશ ગાંઠ, છબીલી દોરડો નવ છુટે;
જોઇ ભૂધરને પડી ભ્રાંત, છબીલી દોરડો નવ છુટે. ૧
તારો ભીષ્મક તાત બોલાવ, છબીલી દોરડો નવ છુટે;
તારી પતિવ્રતા માત તેડાવ, છબીલી દોરડો નવ છુટે. ૨
વસુદેવના પુત્રતણો નહિ પાર, છબીલી દોરડો નવ છુટે;
વહુવરવડે શોભાવ્યું દ્વાર, છબીલી દોરડો નવ છુટે. ૩
સહુ સાસુના પોચ્યાછે કોડ, છબીલી દોરડો નવ છુટે;
વહુ રૂક્મિણી રેવતી જોડ, છબીલી દોરડો નવ છુટે. ૪
તારા રૂક્મી ભાઇને કા'વ્ય, છબીલી દોરડો નવ છુટે;
મૂકી આવી અંતરિયાળ બોલાવ્ય, છબીલી દોરડો નવ છુટે. ૫

---

૩૫ પદ્મિની–કમળિની અથવા પદ્મિની સ્ત્રી. પદ્મનાભ–જેની નાભિમાં-થી કમળ ઉત્પન્ન થયું છે એવા.

નાખી સર્વ પર મોહની ઘટા, છબીલી દોરડો નવ છુટે;
ભાઇને મસ્તક પડાવ્યા પટા, છબીલી દોરડો નવ છુટે. ૬
તેની મૂછ દાઢી કતરાવી, છબીલી દોરડો નવ છુટે;
તું મન ગમતા મોહનજીને આવી, છબીલી દોરડો નવ છુટે. ૭
તું પૂરાં કરેછે સ્ત્રીચરિત્ર, છબીલી દોરડો નવ છુટે;
વર પામી શ્રીકૃષ્ણ પવિત્ર, છબીલી દોરડો નવ છુટે. ૮
તેં તો મન વિચાર્યું છે આપ, છબીલી દોરડો નવ છુટે;
બીજા બ્રહ્માજી કર્યા બાપ, છબીલી દોરડો નવ છુટે. ૯
તારા પ્રપંચતણો નહિ પાર, છબીલી દોરડો નવ છુટે;
ઉમયાજીના ઉરનો હાર, છબીલી દોરડો નવ છુટે. ૧૦
તારી સાવિત્રી માત સુજાણ, છબીલી દોરડો નવ છુટે;
તારૂં તેણે તો વાધ્યું છે માન, છબીલી દોરડો નવ છુટે. ૧૧
તારા નારદ ભાઇને તેડાવ, છબીલી દોરડો નવ છુટે;
ઘેર ઘેર ઘલાવી રાઢ બોલાવ, છબીલી દોરડો નવ છુટે. ૧૨
એમ નારી (સહુ) રૂક્મિણીને ગાય, છબીલી દોરડો નવ છુટે;
ઋષિ નારદ રોષ ભરાય, છબીલી દોરડો નવ છુટે. ૧૩
મુનિ હળવે તે વીણા વાય, છબીલી દોરડો નવ છુટે;
મારા કૃષ્ણના અવગુણ ગાય, છબીલી દોરડો નવ છુટે. ૧૪
તારે દોરડે ગાંઠો છે સાત, છબીલી દોરડો નવ છુટે;
વિવા' નથી જાણતાં દેવકી માત, છબીલી દોરડો નવ છુટે. ૧૫
નથી વસુદેવે બંધાવ્યો હાથ, છબીલી દોરડો નવ છુટે;

---

૬ નાખી૦—"તું તો માહાત કરે છે મોટા" (પાઠાંતર પ્ર૦ ૨ જી). ભાઇ૦—"તેના મુસ્તક પડાવ્યા પટા" (એવો પ્ર૦ ૨ જી નો પાઠ બરાબર નથી).

નથી માત રોહિણીકેરો સાથ, છબીલી દોરડો નવ છુટે. ૧૬
તેં તો ઘરખૂણે કર્યું છે કામ, છબીલી દોરડો નવ છુટે;
વિવા' નથી જાણતા બાંધવ રામ, છબીલી દોરડો નવ છુટે. ૧૭
ગુરૂ ગર્ગાચાર્યે વાત નથી જાણી, છબીલી દોરડો નવ છુટે;
શકે હરિભટે બાંધ્યા હશે તાણી, છબીલી દોરડો નવ છુટે. ૧૮
ગાય કન્યા પીએરની નાર, છબીલા દોરડો નવ છુટે;
શુક કે' સુણો રાય આ વાર, છબીલી દોરડો નવ છુટે. ૧૯
તારો નંદજી તાત તેડાવ, છબીલા દોરડો નવ છુટે;
તારી યશોમતી માત ને કાવ્ય, છબીલા દોરડો નવ છુટે. ૨૦
વા'લી તેડાવ્યને વ્રજનાર, છબીલા દોરડો નવ છુટે;
જેને મે'લી આવ્યો અંતરિયાળ, છબીલા દોરડો નવ છુટે. ૨૧
તારા ભાઈભાંડુ નથી કોઈ, છબીલા દોરડો નવ છુટે;
ત્યાં તો ગોપી રહી છે વાટડી જોઇ, છબીલા દોરડો નવ છુટે. ૨૨
મોટો તું તો થયો દધિ ખાઇ, છબીલા દોરડો નવ છુટે;
તેનું તન મન લીધું છે વાઇ, છબીલા દોરડો નવ છુટે. ૨૩
તું તો ગોકુળ ગયો એક વાર, છબીલા દોરડો નવ છુટે;
તેના તું તો માની લેજે સમાચાર, છબીલા દોરડો નવ છુટે. ૨૪

વલણ.

માનો સમાચાર ખરો ત્યાં, વલવલે ગોપી ગોવાળ રે;
ત્યાં પ્રાણ તજે છે પ્રેમદા, કયમ નથી લેતા સંભાળ રે. ૨૫

---

૧૬ વસુદેવે—" ગોરે " (પાઠાંતર પ્ર૦ ૨ જી). નથી ઈ૦–" નથી માતા રોહિણી પાસે કાંત. " (એવો પ્ર૦રજીનો પાઠ બરાબર લાગતો નથી).

૨૩ વાઇ–વાહી. ૨૫ ત્યાં ઈ૦–" તે માટે કે'વાને આવ્યો અહીં. (પાઠાંતર પ્ર૦ ૨ જી).

કડવું ૨૪ મું.

રાગ ગોડી.

સમાચાર સુંદરીના કહ્યા, બાંધવ બન્ને ગદગદ થયા;
નાખ્યો નિઃશ્વાસ થયો કંપારો, હરિને સાંભર્યો યમુનાનો ઉવારો. ૧
શ્યામાસ્નેહની અંગે અંગીઠી, શોકે શરીર રહ્યું બધું ધીકી;
મેહ ધારણ આવીને વાયાં, મુખ બીડ્યું ને નેત્ર મીંચાયાં. ૨
એવું સાંભળીને ધરણે ઢળિયા, સાહી બળદેવે બેઠા કરિયા;
બળદેવ રાખે મન ધીર, હરિને નયને વહે બહુ નીર. ૩
જોઇ રૂકિમણી વ્યાકુળ થયાં, ગીત વાજિંત્ર વાજતાં રહ્યાં;
ધશી રોહિણી આવ્યાં પાસે, સુતને ચેટક સરખું ભાસે. ૪
માચે ચુંદડી ઓરાડવી માની, એનું વિઘ્ન હરજે રે ભવાની !
કુંવર બોલશે જ્યારે પ્રત્યક્ષ, રૂડી જીભ કરાવીશ એક લક્ષ. ૫
ગુરૂદેવ તેના તો સાખી, અધરી અન્નની બાધા રાખી;
આવી સુભદ્રાજી પૂછે, બાંધવ સનમન્યા તે શું છે. ૬
વળી વળી ઓવારણાં વાળે, બેન રાઇ લૂણ લેઇ ઉતારે;
જે કો વા'લું હોય તે વૈદ્યને લાવો,મારા ભાઇનો તાવ શમાવો. ૭
આવી રેવતીએ ઝાલી નાડી, દિયરને વ્રેહેનો રોગ લાગ્યો છે હાડી;
એમ કહીને મરડ્યું મુખ, હાં હાં મેં તો જાણ્યું તમારૂં દુઃખ. ૮
અંચળ ચિત્ત રાખો ઠેકાણે, વૈદ્ય આવીને મળશે ટાણે;
રણવાસમાં જાજે હાડે, તેમ તેમ આંસુડાં પાડે. ૯
બળદેવ આંસુડાં લૂવે, બાંધવ મારા શા માટ રૂએ;

---

૯ રણવાસ ૪૦—" રણ હારશમાં તું હારે " (એવો પ્ર. ૨ જી નો પાઠ લેખના પ્રમાદથી થયેલો લાગે છે).

વલણ.

રોશો મા મારા બાંધવ, રૂકિમણી કે'દો કેવું રે;
કો પ્રિયા પડિયાં જૂજવાં, માટે મર્યાદ રે'વું રે. ૧૦

કડવું ૨૫ મું.

રાગ ધનાશ્રી.

આજનો દિન આનંદનો, રંગમાં ભંગ ન કરિયે જી;
અંતર દાઝયા અંતરમાં રહિયે, માટે દુઃખ પરહરિયે જી. ૧
સજ્જન તજીને આવી સુંદરી, તેને તમારો આધાર જી;
અમૃતદષ્ટે સીંચો વધૂને, એમ પ્રીછવે બળરામ જી. ૨
આટલા દિન એળે ગયા ભાઇ, અસુર હણ્યાનું હતું કામ જી;
શ્રીકૃષ્ણ કહે આપણ એક રૂપે, તમો જાઓ ગોકુળ ગામ જી. ૩
વાર ન કરશો વીરા મારા, એમ ભાખ્યા સુંદરશ્યામ જી;
માણપેં વા'લી મુજને પ્રેમદા, તે દુઃખ સહેવાય ન આમજી. ૪
વારે વારે શું વીરા ભાખું, ત્યાં જાઓ મને સુખ થાય જી;
શ્યામાને સમજાવી કે'જો, કુશળ છે દ્વારિકામાંય જી. ૫
જેવું તમારે તેવું તેને, અવધ વિના ન અવાય જી;
કપૂર ને ડાબડે કપૂર ભરાશે, નદી સાગરમાં સમાય જી. ૬
સહુ સખીઓનો શોક મૂકાવી, સખી રાધાને મળજો જી;
જે જે રંગે ગોપી નાચે, તે તે રંગે ફરજો જી. ૭

---

૧૦ રોશો ઇ૦—" રોશો મા મારા મિત્ર રે, રૂકિમણી પામશે છેહ " (પાઠાંતર પ્ર. ૨ જી). કો ઇ૦—" કિયા પ્રાણ પડિયા જૂજવા " (પાઠાંતર પ્ર. ૨ જી).

૪ તે દુઃખ ઇ૦-" તે દુઃખ સહ્યું નવ જાયજી " (પાઠાંતર પ્ર. ૨ જી).

માત પિતાનો શોક મૂકાવો, ઘણા દિન વસજો વાસજી;
થોડા દિવસમાં એકઠાં મળીશું, રંગ ભેર રમીશું રાસ જી. ૮
હા પાડી હળધરજી ઉઠ્યા, પ્રભુએ તજિયો શોક જી;
ઉલ્લાસ મન દીઠું અબળાએ, પામ્યાં સર્વ સંતોખ જી. ૯
થાળ ભરી શગ મોતીએ, સુભદ્રાજી લાવ્યાં જી;
અગર ધૂપની આરતી ઉતારી, વરવહુને વધાવ્યાં જી. ૧૦
બાંય સાહી બેઠાં રૂક્મિણીને, દેખાડ્યા ભંડાર જી;
નારદજીને પ્રભુ પાયે લાગ્યા, ઘણો કરી મનુહાર જી. ૧૧
ગર્ગાચાર્યને દક્ષિણા આપી, ઘણા કીધા પ્રણામ જી;
રીતભાત સહુકોને આપી, વેરાયાં નરનારી ઠામઠામ જી. ૧૨
માતા હાથે મોહનજી જમિયા, ઉપન્યો તે આનંદ જી;
જાણે યશોમતીનું સુખ તો આવે, પણ ગુંચવાયા ગોવિંદ જી. ૧૩
શશિવદની સુભદ્રા ભગિની, રૂક્મિણી મોહનો ફંદ જી;
નણંદ ભોજાઇ ભેગાં બેશી જમતાં, ઉપજે અતિ આનંદ જી. ૧૪
બેનજી બેનજી કહી બોલાવે, જીજી કહી ઉત્તર વાળે દેવી જી;
હસી રમે ને લે કર તાળી, એકએકની બાંયડી ગ્રે'વી જી. ૧૫
પ્રાતઃકાળે ઉઠે પદ્મિની, ગોમતી જળમાં ના'ય જી;
અંબાજીનું પૂજન કરીને, શિવદર્શનને જાય જી. ૧૬
ગુરૂસેવા વિપ્રને દક્ષિણા, આપવું અતીતને અન્ન જી;
ઘરનાં કામ કરે થાય તેવાં, સાચવે સાસુનું મન જી. ૧૭
પિયુ સાથે પતિવ્રતા રહેવું, નિત્ય જેઠને પાવલે નમવું જી;
ઘરડાંની મર્યાદ રેવું, આજ્ઞા માગીને જમવું જી. ૧૮

---

૧૦ શગ—ટોચ. (શૃંગ—શિખર, એ ઉપરથી). ૧૬ સાસરે આવેલી સ્ત્રીએ કેમ વર્તવું તેનો ઉપદેશ રૂક્મિણીના આચારદ્વારા આપે છે: પ્રાતઃકાળે ઈ૦- ૨૫૪ છે.

રેવતી રોહિણી એણીપેર જાણે, રૂક્મિણી તન મન વા'લે જી;
વહુઆ વહુઆ કહીને બોલાવે, જી જી કહીને ઉત્તર વાળે જી. ૧૯
ઘરડાંની મર્યાદાએ રહેવું, સરખાં સાથે કરવો વિનોદ જી;
હસ્તે મુખે સહુને બોલાવે, કરવો નહિ કોઇને ક્રોધ જી. ૨૦
સાસરિયાંનો સ્નેહજ વાધ્યો, મહિયર મે'લ્યું વિસારીજી;
એકાંત ઓરડે પિયુજી પોઢે, ત્યાં આવી તે શૃંગાર સારીજી. ૨૧
રત્ન જડિત હીંડોળો બાંધ્યો, અતલસની તળાઈ જી;
અતલસનાં ઉશીકાં ભરિયાં, પોઢ્યા તે શ્રીજદુરાઈ જી. ૨૨
મળવાને મલપતાં આવ્યાં, રૂક્મિણી રામા ત્યાંય જી;
તેનું વર્ણન કેઇ પેર થાયે, શેષ સમા મુંઝાય જી. ૨૩
સતીએ અંગ આભૂષણ સજિયાં, (ઓઢી) ચુંદડી કસબી ઝમકે જી;
ઝાંઝરિયાંને ઠમકે ચાલે, ઘૂઘરીઓને ઘમકે જી. ૨૪
બોલાવતાં બેબાકળી દિસે, ચોદિશ જોતી ચતુરા જી;
રંગ વિલાસમાં રમવા રામા, કરે ભોગ ભરપૂરા જી. ૨૫
સન્મુખ બેસી જુએ શશિવદની, મહારૂપે મૃગનેણી જી;
નેનબાણ ચલવે ચતુરાઈએ, વાસુકિ સરખી વેણી જી. ૨૬
શિશફૂલ કર્ણકુંડળ દીસે, સેંથે સિંદૂર વેસર વાળી જી;
પોંચી વીંટી જડાવ ચૂડલો, બાજુબંધ બાંધ્યા બાળી જી. ૨૭
હેમહાર ગળુગંધ ગોફણો, ઉર ઝળકતી રત્નનો માળ જી;
અધર પ્રવાળી કીર નિહાળી, લઢતા જોઇ મરાળ જી. ૨૮

---

૨૫ નવોઢાનો અલંકાર વર્ણ્યો છેઃ બોલાવતાં ઇ૦—સ્પષ્ટ છે. ૨૮ અધર ઇ૦—અધરરૂપી પ્રવાળ (લેવાને) કીર (નાસારૂપી) આવ્યો છે તે જોઇને, અને તેને અર્થે મરાળ (ગાલ ઉપરના બે હંસ) લઢતા જોઇને, તથા એવી સર્વે શોભાયુક્ત સજ્જન સતીને જોઇને કૃષ્ણનું મન રંજન થયું, એવો ૨૯ મી કડી સાથે અન્વય. રૂપક અને ઉત્પ્રેક્ષા.

જોઇ સતી સજ્જન થયું મન રંજન, સામાસામી તે મીટ માંડી જી;
મોહ વાધ્યો મોહનને અંગે, કરી પુષ્પબાણે મનસા ગાંડી જી. ૨૯
ચાર પોહોર ચતુરાઇએ કેળવ્યા, કોઇ પલક પાછું નવ વાળે જી;
નખ ચક્ષુ રૂપ જુવે એક એકનું, જેમ ખંજન પડિયાં જાળે જી. ૩૦
મન વિના કેમ પેસે મંદિરમાં, ઉમરે રહી તે અટકી જી;
ભક્તવત્સળ ભામિનીના ભોગી, ઉઠયા માધવ માનને પટકી જી. ૩૧
નેહે નમતા સતીને મન ગમતા, ઘણું ઘણું માન દીધું જી;
આવો આવો ભીષ્મકની તનયા, હશી આલિંગન કીધું જી. ૩૨
બાંહ્ય સાહી બેસાડી ઉચ્છંગે, ઉપજ્યો મન આનંદ જી;
માધવજીને માયા ગમતાં, કે'તા ધન્ય ધન્ય ગોવિંદ જી. ૩૩
સ્વામી ઉચ્છંગે સતીએ શુભ વાંછયું, મારી માંસ રૂધિર ભરી કાયજી;
જે ચરણ સુરીનર મુનિ વંદે, મારે ભારે તે પગ દુઃખાય જી. ૩૪
ચરણે નિવાસ કરે જાન્હવી, જે વિશ્વ પાવન કા'વે જી;
એવું વિચારી નારી હેઠે ઉતરી, પ્રભુની કે'ડેથી બાંય છોડાવે જી. ૩૫

---

૨૯ મીટ—નજર. મોહ ઇ૦—"તેવો મોહ માનુની અંગે પ્રેમ બાણે બાંધી જી" (પાઠાંતર પ્ર૦ ૧ લી). પુષ્પબાણ—કામદેવ.

૩૦ પલક—(નેત્રની). અર્થાત્ એક બીજાની સામે જોતાં બેમાંથી એકે તૃપ્ત થતું નહોતું. નખ ઇ૦—એક બીજાનું ચક્ષુ પોતાના નખ પરસ્પરનું રૂપ જુએ છે. એટલે એક જ્યારે બીજાની સામે જુએ ત્યારે તે પોતાના પગના નખ સામી નજર કરે અને વળી તેના રૂપ સામું જુએ.

૩૧ મન વિના—કૃષ્ણનું મન પોતાના તરફ છે કે નહિ તે જોયાવિના. "માનવિના" એમ હોય તો અર્થ સ્પષ્ટ છે. પટકી ઇ૦—પ્રથમ હું કેમ બોલાવું, એવા માનને તજીને. "ઉઠયા સ્યામ સોહંગી જી" (એવો પ્ર૦ ૧ લીનો પાઠ લેખકપ્રમાદજન્ય છે).

૩૩ નવોઢાની લજ્જાને શુભ વાંચ્છનારૂપે કવિ ઉત્પ્રેક્ષે છે: સ્વામી ઇ૦—સ્પષ્ટ છે. કૃષ્ણના ઉત્સંગમાંથી લજ્જાવાળી નવોઢા રૂકિમણી પ્રિયના હાથ છોડાવીને ખશી જાય છે. એ વ્યંગ્ય છે. (જુઓ કડી ૩૫ મી સુધી).
૩૫ જાન્હવી—જન્હુરાજાની પુત્રી—ગંગા. બાંય—હાથ.

સ્વામી સેવા કરવા અમો ઊભાં રહીશું, વિનતિ કરી કર જોડી જી;
હરિ કે' ભાર ન લાગે મુજને, જોઉં તારા જેવી ક્યાં જોડી જી. ૩૬
તવ રત્ન જટિત વીજણો લીધો, પ્રભુજીને ઢોળે વાય જી;
કૃષ્ણજીએ વીજણો લેઇ લીધો, સતી તારા હાથ દુખાય જી. ૩૭
કમળ સરખી હથેળી સુંવાળી, કુંકુમ સરખી દેહ જી;
રાજકુંવરી રહોની બેઠાં, ધરો નયને નેહ જી. ૩૮
એવી ઓછી વાત તમો મન ન આણો, હસી ઉચ્છંગે પધારો જી;
વેદ વચન કેરી વિધિએ પરણ્યાં, તું મારી ને હું તારો જી. ૩૯
બાવના ચંદન બે'ક વછૂટે, કેસરના તે રંગ જી;
બારી જાળી ઝરૂખાંએ વાસ્યાં, વાય મધુર પવન ઉમંગ જી. ૪૦
હરિ કે' સતી શ્રમ શાને કીજે, ક્ષણ એક કીજે વિરામ જી;
ત્યારે રૂક્મિણી કે' અમને આયુધ આપ્યાં, કરીએ તે રણ સંગ્રામ જી? ૪૧
અમો અબળા બ્રહ્માએ સરજ્યાં, કવણ ઉપાયે તરીએ જી;
જો પ્રતિવ્રતા તો પિયુની સેવા, વાયુને વીજણે કરીએ જી. ૪૨
(એવાં) મધુરાં વચન સુણી હરિ હરખ્યા, રૂક્મિણી તને ધન્ય જી.
પછે રસ રમ્ય જે રામા લાવી, પ્રભુજીએ કીધું અશન જી. ૪૩

---

૩૭ સ્ત્રીપુરૂષનો પરસ્પર અનુરાગ વર્ણે છે: તવ ઇ૦—સ્પષ્ટ છે. ૪૦ એકાંત વર્ણે છે: બારી ઇ૦—બારી, જાળી અને ઝરૂખાં એ વાસ્યાં છે, તથાપિ તેમાંથી મધુર પવન ઉમંગથી વાય છે. અથવા બારી ઇત્યાદિ વસાવેલાં છે તેમાંથી મધુર પવન વાય છે; અને એમ સહજ પવન વાય છે તો તું શામાટે શ્રમ કરે છે. (એમ ૪૧ મી કડી સાથે અન્વય).

૪૧ રૂક્મિણીના પતિપ્રેમને મોક્ષવાંચ્છનાજન્ય પતિસેવારૂપે ઉત્પ્રેક્ષે છે: ત્યારે ઇ૦—ત્યારે રૂક્મિણી કહે છે કે અમને તે શું આયુધ આપ્યાં છે, કે તે વડે રણમાં સંગ્રામ કરિયે? અર્થાત્ પતિસેવા એજ અમારૂં કર્તવ્ય છે તે અમે કરિયે છીએ.

૪૨ રણસંગ્રામ અમારૂં કર્તવ્ય નથી તે વર્ણે છે: અબળા ઇ૦—સ્પષ્ટ છે. ૪૩ પતિપત્નીના નિરતિશય પ્રેમાનંદનો અનુભવ વર્ણે છે: પછે ઇ૦—વ્યંગ્યાર્થ સ્પષ્ટ છે. " એ રસ રમતાં મીઠી આવી " (એવો પ્ર૦ ૧ લીનો

હરિકંઠે વૈજયંતી માળ, મકરાકૃત કુંડળ કાન જી;
સર્વે અંગે આભૂષણ સજિયાં, દીસે અધિક અતનુથી ભગવાન જી. ૪૪
વયણ નયણમૃગ મોહકારી, અંબર ઓપિતાં ધરિયાં જી;
સતીએ વાળ વાળ મોતી પરોવ્યાં, જેણે મોહનનાં મન હરિયાં જી. ૪૫
મૃગમદ મૃગનેણીએ ધાર્યું, બોલે મધુરૂં મધુરૂં બાળા જી;
નયનકટાક્ષે નારાયણ રીઝવે, શકે સતી હોય મોહની શાળા જી. ૪૬
પિયુ પદ્મિની કે' પ્રિયા પ્રભુ કે'તા, કરે પપૈયાવત્ પોકાર જી;
વૈદર્ભી વૈદર્ભી વિઠ્ઠલ ભાખે, તું ધન્ય ધન્ય રૂક્મિણી નાર જી. ૪૭
વૈરી જાગે ને મોહ ઉપજાવે, દિન પૂઠે દિન જાય જી;
ગુરૂ પ્રતાપે ને સાધુને સંગે, પ્રેમાનંદ ગુણ ગાય જી. ૪૮
આઠે પો'ર મારે એની કથની, બીજું નથી કંઈ સા'વું જી;
અહોરાત્ર નિજપદમાં લોટી, પ્રકૃતિ પુરૂષને ધ્યાવું જી. ૪૯
જે જે રૂપ ધરે રાધાવર, તે તે લીલા ગાવું જી;
ઉદ્યમમાં ઉદ્યમ એ મારો, સમજ્યો એ પીવું એ ખાવું જી. ૫૦
સરસ કથા શ્રીરાધાવરની, શિવશક્તિ એ જુક્તિ જી;
વિશ્વપિતાએ કહ્યું નારદને, એ અમૃત ને એ મુક્તિ જી. ૫૧

પાઠ લેખકોની ગેરસમજથી ઉત્પન્ન થયેલા લાગે છે). અશન—ભોજન. અર્થાત્ અનુભવ.

૪૪ અતનુ—કામદેવ. ૪૫ વયણ-વચન. નયણમૃગ-મૃગસમાન નેત્ર. અંબર-વસ્ત્ર. ૪૬ મૃગમદ—કસ્તુરી.

૪૮ વૈરી-શત્રુ-કામ. (છ શત્રુઓમાં કામની ગણના કરેલી છે માટે). સંભોગશૃંગાર વર્ણનનો ઉપસંહાર કરે છેઃ દિન ઈ૦—સ્પષ્ટ છે. આખ્યાનનો ઉપસંહાર કરે છેઃ ગુરૂપ્રતાપે ઈ૦—સ્પષ્ટ છે.

૪૯ બીજું ઇ૦—" બાજો નથી ઉપાયજી " (પાઠાંતર પ્રં૦ ૧ લી). અહોરાત્ર ઈ૦—" અહોરાત્ર નિજપદનો સ્વામી " (પાઠાંતર પ્રં૦ ૧ લી).

૫૦ ગાવું—ગાઉં. ૫૧ શિવશક્તિ ઇ૦—અર્થાત્ રાધા કૃષ્ણ એજ શિવશક્તિ છે, એવી જુક્તિ હું જાણું છું. વિશ્વપિતા—બ્રહ્મા.

શ્રીકૃષ્ણખંડ હરિવંશમાં જોયું, વળી શુકદેવ મુખની વાણી જી;
ત્રણ ગ્રંથનો સાર લેઇને, ગાયું રૂકિમણીહર્ણ પ્રમાણી જી. ૫૨
શ્રોતાજનનો સંશય ટળશે, એ સંસારનું સુખ આપે જી;
વક્તાને વૈકુંઠ ઢુંકડું, ભવના બંધન કાપે જી. ૫૩
ભાવે અભાવે જે કોઇ સાંભળે, રૂકિમણી કેરો વિવાય જી;
જમકિંકર તેને નહિ લેપે, ભક્ત હરિનો થાય જી. ૫૪
એ વિનતિ વિષ્ણુને વા'લી, જે જક્તજનેતા કા'વે જી;
ભાવે કરી કો ગાય સાંભળે, તે પુનરપિ ગર્ભ ન આવે જી. ૫૫
વિશ્વતારણ મોહ ધારણ, ઉમયાએ ઉચ્છેદ્યા પાશ જી;
કે' પ્રેમાનંદ પ્રકૃતિ પુરૂષ રૂપી, હરિએ હેતે પૂરી આશ જી. ૫૬

વલણ.

આશ પૂરી પાશ કાપી, પ્રભુએ કૃપા પ્રેમે કરી રે;
ભાવ ધરી એક વાર સર્વે, શ્રોતાજન બોલો શ્રીહરિ રે. ૫૭

---

૫૨ આખ્યાન કલ્પિત નથી પણ પુરાણોક્ત છે એમ વર્ણ્યું છે: શ્રીકૃષ્ણખંડ ૭૦—સ્પષ્ટ છે. કૃષ્ણખંડ—કૃષ્ણજન્મખંડ. શુકદેવ મુખની વાણી—ભાગવત.

૫૪ વિવાય—વિવાહ. લેપે—સ્પર્શ કરે. ૫૫ જક્તજનેતા—જગતને ઉત્પન્ન કરનાર. " જગતનાથ કેવાયજી " (પાઠાંતર પ્ર૦ ૧ લી). પુનરપિ—ફરીને.

૫૬ ઉમયાને માયા રૂપે વર્ણે છે: મોહ ધારણ ૭૦—સ્પષ્ટ છે. ઉચ્છેદ્યા—કાપી નાખ્યા. પાશ—જન્મમરણ રૂપી બંધનના ફાંસા " ઉમયાની ઉપાસનાજી " (પાઠાંતર પ્ર. ૧ લી.)

સમાપ્ત.